तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥

ISBN 81-8440-031-4

तव कथामृतम्

યોગેશ શાસ્ત્રી

तव कथामृतम्

યોગેશ શાસ્ત્રી

તવ કથામૃતમ્

યોગેશ શાસ્ત્રી

નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલિકન હાઉસ, નટરાજ ટૉકીઝ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૯
Visit us at : www.navbharatonline.com
E-mail : info@navbharatonline.com

Tav Kathamrutam
Written by Yogesh Shastri
Published by Navbharat Sahitya Mandir,
Ahmedabad-1 & Mumbai-2
Visit us at : www.navbharatonline.com
E-mail : info@navbharatonline.com

© યોગેશ શાસ્ત્રી

પ્રથમ પુનઃમુદ્રણ : ૨૦૦૭

આવરણ ચિત્ર : અજય ગજ્જર

કિંમત : રૂ. ૧૨૫.૦૦

પ્રકાશક :
અશોક ધનજીભાઈ શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

ટાઇપસેટિંગ :
દેવરાજ ગ્રાફિક્સ
૪૦૬, આનંદમંગલ – II
સી. જી. રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૯

મુદ્રક :
યશ પ્રિન્ટર્સ
૩૮, ફરીયાવાલા એસ્ટેટ,
અવતાર હોટલ સામે,
નારોલ-ઈસનપુર હાઈવે રોડ,
અમદાવાદ–૩૮૨ ૪૪૩

સમર્પણ

'વિરાગ' ચરણે અનુરાગપૂર્વક....

પ્રસ્તાવના

એક કથાકાર હોવાના કારણે વર્ષોથી કથાની હૂંફ, કથાનું વાત્સલ્ય શું છે અને શ્રીહરિ ગુણગાનનો આનંદ કેવો છે તે વારંવાર અનુભવાયું છે. સુખની અનુભૂતિ તો સુખરૂપ હોય છે; પરંતુ તેની અભિવ્યક્તિ વધુ સુખરૂપ હોય છે. **'तव कथामृतम्'**ના નિમિત્તે ભગવત્કથા વિષે વિચારવાનો, લખવાનો ઘણો આનંદ આવ્યો, પરંતુ સાથે સાથે 'लघु मति मोरी चरित अवगाहा'નો ય અનુભવ થયો.

જ્યારે કથા સ્વયં 'અનંતા' છે તો પછી તેના નિરૂપણનો તો અંત હોય જ ક્યાંથી ? હજી આ અંગે ઘણું ઘણું લખી શકાય. પરંતુ જેટલું સંભવ થઈ શક્યું તેટલું નિરૂપણ કરવાનો પ્રયાસ કર્યો છે. 'अवमानं च दौरात्म्यात् मानप्राप्तिं च माधवात्'ની જેમ આમાં જે કાંઈ ઉત્તમ છે તે ઋષિઓ, આચાર્યોનું છે, મહાત્માઓનું છે અને જે ક્ષતિપૂર્ણ, દોષપૂર્ણ છે તે બધું મારું છે.

આ પુસ્તકના પ્રકાશન માટે પ.પૂ. શ્રી વિરાગ મુનિનો અત્યંત આભારી છું.

— યોગેશ શાસ્ત્રી

પુનઃમુદ્રણની વેળાએ

'તવ કથામૃતમ્'નું પુનઃમુદ્રણ પ્રકાશિત થઈ રહ્યું છે તે પ્રસંગે આ પુસ્તક માટેનું શ્રી વિરાગ મુનિનું યોગદાન પુનઃપુનઃ સ્મૃતિપટ પર છવાઈ જાય છે. 'ત્રિવેણી-કથાકાર મિલન' પ્રસંગે 'કથા તત્ત્વ'ના વિષયનું નિરૂપણ કરતું પુસ્તક તૈયાર થાય એ માટે એમણે મને ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રેર્યો હતો. આ પુનઃમુદ્રણનું એમને કરાયેલું સમર્પણ એ મારો ઋણસ્વીકાર માત્ર છે.

સંત શિરોમણિ પ.પૂ. શ્રી મોરારી બાપુએ આ પ્રસંગે આશીર્વચન પાઠવ્યા છે એ માટે હું એમનો ઋણી છું.

પુનઃમુદ્રણના સંપાદનમાં મુખપૃષ્ઠ, સંશોધન જેવી ઘણી બધી બાબતોમાં મને માર્ગદર્શન આપનાર મારા નાના ભાઈ શ્રી દેવેશ મહેતાનો, પુનઃમુદ્રણ માટે સર્વ રીતે સહકાર આપનાર 'દેવરાજ ગ્રાફિક્સ'ના શ્રી જયેશભાઈ શાહનો તથા પુનઃમુદ્રણના પ્રકાશન માટે 'નવભારત સાહિત્ય મંદિર'ના શ્રી મહેન્દ્રભાઈ શાહનો આભાર માનું છું.

પૂર્વેની પ્રાયઃ બધી જ સંસ્કૃત ધારાઓ આત્મ-કલ્યાણ માટે 'કથા-સત્સંગ'ના અમોઘ મહિમાને સ્વીકારે છે. આ મહિમાને સંક્ષેપમાં પ્રસ્તુત કરવાનો આ નમ્ર પ્રયાસ છે. આશા છે કે તત્ત્વ જિજ્ઞાસુઓને 'તવ કથામૃત' ઉપયોગી નીવડશે.

૨૧-૧૧-૨૦૦૬

– *યોગેશ શાસ્ત્રી*
'કૃષ્ણાશ્રય'
૧૨, અક્ષરધામ બંગ્લોઝ વિભાગ-૧,
સરકારી ટ્યુબવેલ બસ સ્ટેન્ડ પાસે,
બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
ફોન : ૦૨૭૧૭-૨૩૪૦૦૨

પ. પૂ. શ્રી મોરારી બાપુના આશીર્વચન

॥ રામ ॥

પૂજ્ય ભાગવતાચાર્ય યોગેશભાઈ શાસ્ત્રીજી
ના "તવ કથામૃતમ્" ની બીજી આવૃત્તિ પ્રગટ થઈ રહી
[illegible] આનંદ થઈ રહ્યો

શાસ્ત્ર ચિંતન બાબતે ચિંતક પુરુષ હોય
ત્યારે - વિવિધ વક્તા એ તે મહાનુભાવ [illegible]
[illegible] અનુમતિ પ્રાપ્ત કરેલ

પૂ. શાસ્ત્રીજી નું ચિંતન કરીને કંઈક આપું
[illegible]
વિષે - ચિંતન અને અનુભવના
ઊંડાણ માંથી પ્રગટ્યું કથન - સૌ માટે
પ્રેરક બની રહે એવી પ્રાર્થના!
પુનઃ એક વાર મારી પ્રસન્નતા
રામ સ્મરણ સહ,

તા. 6-11-2006 [illegible]

અનુક્રમણિકા

૧. કથા	૧
૨. કથા મહિમા	૨૭
૩. કથા હેતુ	૬૪
૪. કથા નિયમ	૮૮
૫. કથા અંગ	૧૦૬
૬. કથા ભાવ	૧૭૨
૭. કથારસ	૧૮૨

લેખકનાં અન્ય પુસ્તકો

૧.	મુક્તિનું ખુલ્લું દ્વાર	રૂ. ૧૦૦.૦૦
૨.	વિશ્વ-વિમોહિની વેણુ	રૂ. ૮૦.૦૦
૩.	અખિલં મધુરમ્	રૂ. ૮૦.૦૦
૪.	ન સુખં ન દુઃખમ્	રૂ. ૧૭૫.૦૦

૧

કથા

કથા દેવદુર્લભ છે.

શ્રી ગંગાજીનો તટ હતો. ભારતવર્ષનો ઋષિમુનિ સંતસમાજ એક પરમ પ્રસંગને માણવા એકત્ર થયો હતો. અભિમન્યુસુત મહારાજ પરીક્ષિત અનશનવ્રત ધારણ કરીને બિરાજમાન હતા. શ્રી ભાગવતજીને પ્રવર્તવવા જેમણે અવતાર લીધો હતો એવા, ભગવાન શંકરના અવતાર શ્રી શુકદેવજી અનુગ્રહપૂર્ણ થઈને કથાનો આરંભ કરે એટલામાં સ્વકાર્યકુશલ એવા દેવો ત્યાં આવ્યા. તેમના હાથમાં અમૃતકલશ હતો.

શ્રી શુકદેવજીને નમસ્કાર કરીને દેવોએ પ્રાર્થના કરી, 'મહારાજ! અમો એક 'વિનિમય' માટે આવ્યા છીએ. આપ આ સ્વર્ગામૃત સ્વીકારો અને બદલામાં અમને કથામૃતનું દાન કરો. અમારા અમૃતનું પાન કરવાથી પરીક્ષિત મૃત્યુના અભિશાપથી બચી જશે, અમર થઈ જશે. એક માનવીને બીજું શું જોઈએ ? અમારા અમૃતના બદલામાં આપ અમોને શ્રી ભાગવત કથામૃતનું દાન કરો.' રાજા પરીક્ષિતના અધિકારને જાણવા માટે શ્રી શુકદેવજીએ રાજાને પૂછ્યું કે, 'રાજા ! તમો આ બેમાંથી એક અમૃતને સ્વીકારી શકો છો. બોલો, સ્વર્ગનું અમૃત જોઈએ છે કે કથાનું અમૃત ? પરીક્ષિત ધીરપુરુષ હતા. એમણે વિનંતી કરી, 'ગુરુદેવ! આ બંને અમૃતના પાનથી શું શું થાય એ જણાવશો ?'

શ્રી શુકદેવજી બોલ્યા, 'રાજન્ ! સ્વર્ગના અમૃતનું પાન કરવાથી કાયા અમર થઈ જશે. રાહુનો ભગવાને શિરચ્છેદ કર્યો છતાં તે ન મર્યો કેમકે તેણે અમૃત પીધું હતું. તેવી જ રીતે તમને તક્ષક દંશ દેશે તો ય તમારું મૃત્યુ નહીં થાય. સ્વર્ગીય અમૃતથી આટલો જ લાભ છે, તો કથામૃતની વાત જ ન્યારી છે. અમૃત પીને અમર થનારા દેવોના સ્વભાવમાં અમૃતપાન માત્રથી કોઈ પરિવર્તન આવતું નથી. કામ, ક્રોધ અને લોભ જેવા વિકારો દેવોને ય, ઇન્દ્ર સુધ્ધાંને ય સતાવે છે. જ્યારે ભગવત્કથા શ્રોતાના શરીરને ભલે અમર ન બનાવે પરંતુ તેને તેના અમર્ત્ય સ્વરૂપનું ભાન અવશ્ય કરાવે

છે. તેને કામક્રોધાદિ દોષોમાંથી મુક્ત કરે છે. સ્વર્ગનું અમૃત મૃત્યુથી બચાવશે તો કથામૃત જન્મમૃત્યુની પરંપરાને નષ્ટ કરી દેશે. રાજન્ ! એક તરફ કાચનો ટુકડો છે, તો બીજી તરફ હીરો છે. તને શું પસંદ છે ?'

પરીક્ષિતે કથામૃતનું પાન કરવું જ સ્વીકાર્યું. જેમને કાચ અને મણિ વચ્ચેના ભેદનો સહેજ પણ ખ્યાલ નથી એવા વિવેકહીન અને ભક્તિહીન દેવોને અનધિકારી જાણીને શ્રી શુકદેવજીએ પણ કથામૃતનું પાન ન કરાવ્યું. **શ્રીમદ્ ભાગવતી વાર્તા સુરાણામપિ દુર્લભા**/ભગવત્કથા દેવોને ય દુર્લભ છે.

મહાનુભાવો દુ:સંગને વિષ કરતાં ય વધુ ઘાતક અને સત્સંગને અમૃતથી યે ઉત્તમ માને છે, એ સર્વથા ઉચિત છે, એમાં અતિશયોક્તિ નથી જ. પ્રભુના લાડીલા ભક્તો મોક્ષની કામના ય છોડીને જો સત્સંગ અને સત્કથાનું વરદાન માંગતા હોય તો સ્વર્ગના અમૃતની તો વાત જ શી કરવી ?

તારા દાસના દાસની નિત્ય સંગત વિના, ભ્રષ્ટ થાય ભૂધરા ! મન મારું;
દુષ્ટની સંગતે દુષ્ટ મતિ ઊપજે, શ્રવણ કીર્તન નવ થાય તારું.....
પૂર્ણવિષપાનથી દુરિજન દોહ્યલા, વિષ પીધે તન તે જ મરશે;
તુજ થકી વેગળા તેહની સંગતે, જન્મ કોટિ તણાં સુકૃત હરશે....
અમૃતની ઉપમા સાધુને નવ ઘટે, રાહુની દુષ્ટતા ન ટાળી તેણે;
પ્રહ્‌લાદનારદે ગર્ભસંગત કરી. વશ કર્યા વૈકુંઠનાથ જેણે....
ચતુરધા મુક્તિ છે જૂજવી જુક્તિની, તાહરા તેહને નવ રાચે;
બેઉ કર જોડીને 'નરસૈયો' વીનવે, જનમોજન્મ તારી ભક્તિ જાચે....

ભક્તો માંગે છે, પ્રભુ ! તારા દાસના દાસનો સંગ, નિત્ય સત્સંગ આપ. જેવો સંગ તેવો રંગ. સંસારનો પ્રભાવ એટલો બધો પ્રેમાળ છે કે, સત્સંગના અભાવમાં પણ મનને મલિન થતાં વાર લાગતી નથી. (દુ:સંગ તો મનને મલિન કરશે જ પણ સત્સંગનો અભાવ પણ અનર્થ કરશે, એ નોંધપાત્ર છે.) દુ:સંગ થાય છે તો તો તારું શ્રવણકીર્તન બધું જ છૂટી જાય.

દુર્જનોના સંગ કરતાં વિષપાન કરવું વધુ સારું. કેમ કે ઝેર તો માનવીના વર્તમાન શરીરનો જ નાશ કરે છે, દુ:સંગ તો જન્મોજન્મનાં પુણ્ય અને સદ્‌ગુણોનો નાશ કરી દે છે. ઝેરથી શારીરિક હાનિ છે, જ્યારે દુ:સંગ તો આધ્યાત્મિક આત્મહત્યા જ છે.

સત્ તત્ત્વનો સંગ, સત્ શાસ્ત્રોનો સંગ, સજ્જનોનો સંગ તો અમૃતપાન કરતાં ય ઉત્તમ છે. રાહુએ અમૃત પીધું તો તેના દેહના બે કટકા થઈ જવા છતાં ન મર્યો. પણ એ કોઈ આધ્યાત્મિક લાભ નથી. રાહુના સ્વભાવમાં રહેલું અસુરત્વ તો રહ્યું જ! સ્વભાવગત દોષો ન ટળે અને ઉત્તમ ગુણો ન પ્રકટે તો શું લાભ ? સત્સંગ માનવીના સ્વભાવને દૈવી બનાવે છે, અસુર સંબંધી જીવને ય દૈવી બનાવે છે. પરોક્ષ રીતે સાંપડે તો ય સત્સંગ કલ્યાણકારી છે. શ્રી પ્રહ્‌લાદજી માતાના ગર્ભમાં હતા ત્યારે તેમને શ્રી નારજીનો ઉપદેશ શ્રવણ કરવા મળ્યો હતો. અને એ પરમ ભક્ત થયા એ સૌ જાણે છે.

હે હરિ ! તારા ભક્તોને, જુદા જુદા ઉપાયો વડે સિદ્ધ થતી મુક્તિ, ચારેય પ્રકારની (સાલોક્ય, સામીપ્ય, સારુપ્ય અને સાયુજ્ય) મુક્તિની કામના-યાચના હોતી નથી. ભક્તો તો જનમોજનમ ભક્તિની જ અભિલાષા કરતા હોય છે. મુક્તિ તો જ્ઞાન, ભક્તિ જેવાં સાધનોથી સુલભ છે. પરંતુ સંતદર્શન, સંતમિલન, સંતવાણી અને સંતસમાગમ તો કેવળ કૃપાથી જ સુલભ છે. **बिनु हरिकृपा मिलहि नहि संता/**

પરમાત્મા અકથ્ય છે.

પરમ તત્ત્વનું સ્વરૂપ અને તેનો અનુભવ, આ બંને અકથ્ય છે. **यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह/** પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપ એવા આનંદ સુધી મન, વાણી વગેરે સમસ્ત ઇન્દ્રિયોના સમુદાયરૂપ મનોમય શરીરની પણ ગતિ શક્ય નથી.

વિશ્વનાં સર્વ સ્થૂલ અને સૂક્ષ્મ તત્ત્વો માટે પરમાત્મા અગમ્ય છે. **अनेजदेकं मनसो जवीयो नैनद्देवा आप्नुवन् पूर्वमर्षत्/** ઈશાવાસ્ય ઉપનિષદ્ કહે છે કે પરમાત્મા પરમ સૂક્ષ્મરૂપ અને પરમ ગતિવાન છે. તે મનથી ય અધિક તીવ્ર વેગવાળા છે. તે એટલા બધા ગતિમાન છે કે તીવ્ર વેગયુક્ત બુદ્ધિ, મન અથવા ઇન્દ્રિયો કે પછી વાયુ વગેરે દેવતાઓ પોતપોતાની સમગ્ર શક્તિ પ્રમાણે પરમાત્માના અનુસંધાન માટે સદા દોડતા રહે છે છતાં તે એમને પામી શકતા નથી. પ્રભુ અચલ હોવા છતાં એટલા વેગથી ગતિ કરે છે કે પેલાં મન, બુદ્ધિને ઓળંગીને આગળ નીકળી જાય છે. આપણાં મન, બુદ્ધિ, વાણી વિ. જ્યાં સુધી ગતિ કરી શકે છે ત્યાં ય એ પરમાત્મા છે જ, તેથી પર મનોતીત પ્રદેશમાં, નિર્વિચાર અને નિરુચ્ચાર પ્રદેશમાં ય એ છે જ. પહેલેથી જ છે કેમ કે એ સર્વત્ર છે, સર્વવ્યાપ્ત છે.

राम अतकर्य बुद्धि मन बानी । मत हमार अस सुनहि सयानी ।।

માનસમાં શિવજી પણ ભવાનીને ઉપદેશ કરતાં વર્ણન કરે છે કે, 'શ્રી રામ બુદ્ધિ, મન અને વાણી - આ ત્રણેથી અતર્ક્ય છે, અગમ્ય છે. આ મારો મત છે.' વિચારકનું મન ગમે તેટલું બળવાન હોય, બુદ્ધિમાનની બુદ્ધિ ગમે તેટલી પ્રખર હોય, વિશ્વનો મહાનથી ય મહાન વક્તા પણ પોતાની વાણી દ્વારા જો પ્રભુને પકડવા ઇચ્છતો હોય તો તે સંભવ નથી. ભગવાનનું સ્વરૂપ મન-બુદ્ધિની સીમાની પાર છે એટલે કે અતર્ક્ય છે, વાણીની સીમાની પાર છે એટલે કે તે અકથ્ય છે. વળી સ્વયં ભગવાન અતર્ક્ય અને અકથ્ય છે એટલું જ નહીં પરંતુ એમનાં નામ, ગુણો અને અવતાર-લીલા વગેરે તત્ત્વો પણ અતર્ક્ય અને અકથ્ય છે.

આ સિદ્ધાંતમાં સહેજ પણ અતિશયોક્તિ નથી. મન, બુદ્ધિ અને વાણીની સીમા કેટલી ? મનનું કાર્ય સંકલ્પ-વિકલ્પ છે, બુદ્ધિ નિશ્ચય કરે છે અને વાણી શબ્દોનો આશ્રય લઈને વક્તવ્ય પ્રકટ કરે છે. વિચાર, સંકલ્પ અને શબ્દ આ ત્રણે અતિઅલ્પ મર્યાદામાં પોતાનો પ્રભાવ બતાવી શકે છે. અનાદિ, અનંત તેમજ સર્વવ્યાપક તત્ત્વને પૂર્ણતયા કોઈ અનુભવી શકવા ય સમર્થ નથી. સીમિતથી અસીમનો અનુભવ કેવી રીતે થઈ શકે ? અલ્પ અનંતને શું જાણી શકે ?

नैव वाचा न मनसा प्राप्तुं शक्यो न चक्षुषा । કઠ ઉપનિષદ્ પણ આ મતનું સમર્થન કરે છે. એ પરબ્રહ્મ પરમાત્મા વાણી વગેરે કર્મેન્દ્રિયોથી, નેત્ર વગેરે જ્ઞાનેન્દ્રિયોથી તેમજ મનબુદ્ધિરૂપ અંતઃકરણથી ય અપ્રાપ્ય છે, અગ્રાહ્ય છે. કેમ કે તે આ બધાની પહોંચની બહાર છે. વિચાર અને શબ્દનો પ્રભાવ તો પરમાત્મા સુધી પહોંચતો જ નથી. હા ! શ્રદ્ધાનું કિરણ, આસ્થાનું આંદોલન તેમના સુધી અવશ્ય પહોંચે છે. **अस्तीति ब्रुवतोऽन्यत्र कथं तदुपलभ्यते** પ્રભુ અવશ્ય છે અને એમને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા જન્મી હોય એવા સાધકને, ભક્તને એ અવશ્ય મળે છે.

આનંદસિંધુ, સુખરાશિ, સુખધામ એવા પરબ્રહ્મનો અનુભવ જ અતિદુર્લભ છે, કોટિ કોટિ જીવપુંજમાંથી કોઈ વિરલ જીવને ભગવાનની અનુભૂતિ શક્ય થાય છે. આ અનુભૂતિને અભિવ્યક્તિનું રૂપ આપવાની ઇચ્છા તો સૌ કોઈને થાય, પણ માનવી પ્રાકૃત સુખની અનુભૂતિને ય પૂર્ણતઃ ક્યાં અભિવ્યક્ત કરી શકે છે ?

अनिर्वचनीयं प्रेमस्वरूपम्, मूकास्वादनवत् ।

ભક્તિસૂત્રમાં ભગવાન નારદે ઘોષણા કરી છે કે પ્રભુ પરમ પ્રેમસ્વરૂપ છે અને આ સ્વરૂપની અનુભૂતિને વાણીમાં ઉતારી શકાતી નથી. મૂંગો માનવી સ્વાદને માણી શકે છે ખરો પણ વાણીમાં ઉતારી શકતો નથી જ. તેની પાસે અનુભૂતિ છે,

અભિવ્યક્તિ નથી. કદાચ કોઈ માનવી અભિવ્યક્ત કરે તોયે તેને શબ્દ સિવાય બીજું કશું માધ્યમ પણ ક્યાં છે ?

શબ્દ શું માનવીની હૃદયગત પરમ સંવેદનાઓને પૂર્ણ રૂપમાં વ્યક્ત કરી શકે ? એની પાસે અભિવ્યક્તિનાં ઉપકરણોય કેટલાં બધાં મર્યાદિત છે ! વર્ણન કરનાર વર્ણન કરવા બેસે ત્યારે તેને આ મર્યાદાઓ સમજાય છે. **स्याम गौर किमि कहउ बखानी । गिरा अनयन नयन बिनु बानी ।।** શ્રી રામલક્ષ્મણનાં દર્શન કર્યા બાદ વર્ણન કરી રહેલી સીતાસહચરીને ય લાગ્યું કે જે એણે જોયું છે, અનુભવ્યું છે તેનું વર્ણન કરવા માટે એની પાસે સામર્થ્ય નથી. જે વર્ણન કરી શકે છે તે વાણી પાસે, જોવા માટે નેત્ર ક્યાં છે ? જે દર્શન કરે છે તેની પાસે, વર્ણન કરવા માટે વાણી ક્યાં છે ? આ 'કિમિ કહઉ બખાની' એ સમસ્યા જો સરસ્વતી, શેષ કે શિવબ્રહ્માદિકને પણ નડતી હોય તો પછી સીતાસહચરીને માટે કહેવું જ શું ?

હરિનો મહિમા અનંત છે, અપાર છે, માટે વિરાટ પણ અપર્યાપ્ત છે. તેના ગુણગાન માટે વિશાળ વ્યાપ પણ સંકીર્ણ સાબિત થાય છે.

सात समंदर मसि करौं, लेखनी सब बनराई ।
धरती सब कागद करौ, हरिगुन लिख्यो न जाई ।।

સાતેય સાગરની શાહી કરી હોય, સમગ્ર વનરાજીની કલમ બનાવી હોય, આખી ય ધરતીનો કાગળ કર્યો હોય તોય શ્રીહરિના ગુણ લખી શકાય ખરા ? આ વિશાળ સાધનો પૂરતાં છે ખરાં ? આમ સાધક, સાધન અને સાધ્ય આ ત્રણે દૃષ્ટિએ વિચારતાં શ્રીહરિના મહિમાનું વર્ણન કરવું કાયમ કઠિન, અપર્યાપ્ત અને ક્યારેક તો અશક્ય રહ્યું છે. તો પછી વર્ણનો મળી આવે છે એનું શું ?

અકથ્યના કથનની વિવશતા

પરમાત્માના ગુણો, મહિમા અકથ્ય છે, અનિર્વચનીય છે છતાં ભક્તોને, અનુરાગીઓને તેનું વર્ણન કરવું પડ્યું છે. જેણે જેણે હરિરસ માણ્યો તેણે તેણે ગાયો છે. હરિ ગુણગાન એ ગાયકની વિવશતા છે. જ્યારે સુખ કે કોઈ પણ અન્ય સંવેદના ચરમ સીમાએ પહોંચે ત્યારે તેને વાણી દ્વારા વ્યક્ત કર્યા વિના રહેવાતું નથી. વર્ણન કરનાર એ સારી રીતે જાણે છે કે એનાથી એ અવર્ણનીય તત્ત્વનું યથાર્થ વર્ણન થઈ શકવાનું નથી જ, આમ છતાં જ્યાં સુધી એ વાણી દ્વારા વ્યક્ત નહીં કરે ત્યાં સુધી એને સંતોષ નહીં થાય.

अतीतः पंथानं तव च महिमा वाङ्मनसयो-
रतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि ।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ।।

પરમ શિવભક્ત પુષ્પદંતે ગાયું છે કે, આપનો મહિમા વાણી અને મનની સામે પાર છે. એટલે કે અવર્ણનીય અને અચિંત્ય છે. સ્વયં શ્રુતિ ભગવતી પણ જેનું વર્ણન ચકિત થઈને, મુગ્ધ થઈને કરે છે તેવા પ્રભુના મહિમાની સ્તુતિ કોણ કરી શકે ? તે કેટલા ગુણવાળો છે તે પણ કોણ કહી શકે ? તે કોનાથી જાણી શકાય એવો છે ? કોણ જાણે છે કે તે કેટલા ગુણવાળો છે ? આમ છતાં એના (ભક્તજનો પર અનુગ્રહ કરવા માટે ધારણ કરેલા લીલાસ્વરૂપ, સાકાર સ્વરૂપમાં ભક્તોનાં મન અને વાણી આકર્ષાઈને સંલગ્ન થઈ જ જાય છે.

એ અચિંત્ય છે એમ જાણવા છતાં મન એના ચિંતનમાં જ રમ્યા કરશે, એ અકથ્ય છે એમ સૌ જાણે છે છતાં એના વિષે બોલ્યા કરવું ગમશે.

सब जानत प्रभु प्रभुता सोई । तदपि कहें बिनु रहा न कोई ।।

સરસ્વતી, શેષ, બ્રહ્માજી તેમજ વેદશાસ્ત્રો, પુરાણો જેમનાં ચરિત્રો અને ગુણો વિશે 'નેતિ નેતિ' કહે છે એવી પ્રભુની પ્રભુતા છે. સૌ જાણે છે કે પ્રભુની પ્રભુતા અવર્ણનીય છે, અકથ્ય છે છતાં ય કોઈ કહ્યા વિના રહી શક્યા નથી !

વાસ્તવમાં, ભક્તો ભગવદ્યશનું ગાન અપાર મહિમાસાગરની પાર જવા માટે નથી કરતા, એ શક્ય પણ નથી અને એમનું પ્રયોજન પણ નથી. એ તો ગાયા વિના રહી શકાતું નથી માટે ગાય છે, **'कहे बिन रहा न कोई'** એમ કહેવું દર્શાવે છે કે ભક્ત સ્વયં લીલાગાન કરતા નથી, પરંતુ એ લીલાગાન ભક્તના હૃદયમાં ઉદ્ભવે છે અને રોક્યું રોકાતું નથી. વિવેક રોકે છે, ભગવાનનાં ચરિત્રો અકથ્ય છે, અચિંત્ય છે, કોઈ પાર પામ્યું નથી. ગાન કરવામાં ક્યાંક ભૂલ ન થઈ જાય. **'समुझत अमित राम प्रभुताई । करत कथा मन अति कदराई ।।'** પ્રભુના મહિમાનું નિરૂપણ કરવામાં ક્યાંક ભાષા, છંદ, અલંકાર, વસ્તુવિધાન, સ્વભાવદોષ, અલ્પજ્ઞાન વગેરે કારણે અપરાધ ન થઈ જાય ! એમ વિવેક રોકે છે પરંતુ ભાવનો એ જ સ્વભાવ છે કે જો એ ઉભરાવા લાગે, ઉચ્છલિત થવા લાગે તો વિવેક, તર્ક, વગેરેની મર્યાદા એને કાબૂમાં રાખી શકવા અસમર્થ બને છે.

મહાત્માઓએ ગાયું નથી; કોઈકે તેમને ગાવા માટે, ગાઈ લેવા માટે પરમ વિવશ બનાવી દીધા છે !

શબ્દબ્રહ્મ વડે પરબ્રહ્મ

પરમાત્માના સ્વરૂપને સમજવા માટે, મહિમાને મનોગત કરવાને માટે શાસ્ત્રોએ સર્વોપરી, સચોટ અને સર્વમાન્ય સાધન તરીકે 'શબ્દબ્રહ્મ'ને સ્વીકારેલ છે.

'शब्दब्रह्मव्यतिरेकेण परब्रह्मणः प्रकाशनं न भवति, शब्द-ब्रह्मणैव परब्रह्म प्रकाश्यते, स्वप्रकाशमपि' એટલે કે, શબ્દબ્રહ્મની સહાય વિના પરબ્રહ્મનો પ્રકાશ (જ્ઞાન) સંભવ નથી. પરબ્રહ્મની પ્રતીતિ, ભલે પરબ્રહ્મને સ્વપ્રકાશ કહ્યું હોય, શબ્દબ્રહ્મ વિના થતી જ નથી.

પરબ્રહ્મને યત્કિંચિત્ સમજવા માટે શબ્દબ્રહ્મ કેવી રીતે ઉપયોગી થાય છે તેનું નિરૂપણ કાઠક બ્રાહ્મણમાં સુંદર રીતે કરાયેલું છે. ચારે ય વેદો વડે મનુષ્યને જ્ઞાન, કર્મ, ઉપાસના તેમજ વિજ્ઞાનનો પ્રકાશ સાંપડે છે. મનુષ્ય કદી કર્મ કર્યા વિના રહી શકતો નથી. માટે કર્મજ્ઞાન પણ આવશ્યક છે. મનુષ્યનાં કર્મને દિશાસૂચન, પ્રવૃત્તિનિવૃત્તિનો બોધ વિવેક વિના શક્ય નથી. જ્ઞાનના ગરણે ગાળી કર્મ કરવાં જોઈએ. માટે જ્ઞાન પણ આવશ્યક છે. પરમ તત્ત્વને પામવા માટે તેની સાથે સ્નેહ, તેના માટે અપાર શ્રદ્ધા આવશ્યક છે માટે ઉપાસનાનું માર્ગદર્શન પણ આવશ્યક છે. વળી આસપાસના વિશ્વનો, બનતી સઘળી આંતર્બાહ્ય ઘટનાઓ પણ માનવીને પ્રભાવિત કરે છે, માટે વિજ્ઞાનની માહિતી પણ આવશ્યક છે. **यदेनं ऋग्भिः शंसन्ति, यजुभिर्यजन्ति, सामभिरसतुवन्ति, अर्थवभिर्जपन्ति/** ઋગ્વેદ જ્ઞાનનું નિરૂપણ કરે છે. જ્ઞાન વિના સંસ્કાર અને પ્રવૃત્તિનો આરંભ ન થઈ શકે. યજુર્વેદ યજ્ઞપ્રધાન છે. 'યજ્ઞો વૈ શ્રેષ્ઠતમં કર્મ' - માનવજીવનમાં ઉપયોગી એવાં સમસ્ત ઉત્તમ કર્મો એ યજ્ઞ છે. જ્ઞાન અને કર્મ ભક્તિમાં પરિણમે છે. જ્ઞાનથી પરમાત્મા માટે અહોભાવ જન્મે છે અને તેને પ્રસન્ન કરવા માટે કાંઈક પણ કરી જવાની ભાવના જન્મે છે. ચિત્તની વૃત્તિઓને અંતર્મુખ બનાવીને ઉપાસના યોગ્ય બનાવવાની સામવેદમાં પ્રક્રિયા દેખાય છે. ત્રણે વેદોમાં જે વિદ્યાઓ છે તેના શેષભાગની પૂર્તિ તેમજ સર્વ વિદ્યાઓની રક્ષાના ઉપાયો, સંશયોની નિવૃત્તિ વિ. અથર્વવેદનો વિષય છે.

વેદ પરબ્રહ્મનું નિત્ય જ્ઞાન કરાવે છે. **'नितरां गमयति ब्रह्म बोधयति'** જે પરમાત્માના જ્ઞાનમાં નિત્ય ઉપયોગી છે માટે તેને નિગમ કહે છે. શાસ્ત્રકારો માને છે કે પરમાત્માનું જ્ઞાન બે પ્રકારે સંભવ છે. ઉપદેશથી અથવા પૂર્વ(જન્મ)ના

સંસ્કારોના ઉદયથી. આ બંને પ્રકારોમાં શબ્દબ્રહ્મ ઉપયોગી છે જ. ઉપદેશ દ્વારા સદ્ગુરુ કે વેદાદિ શાસ્ત્રો, પુરાણો જે જ્ઞાન આપે છે તે શબ્દબ્રહ્મ છે, તેમજ પૂર્વના સંસ્કારો જાગૃત થવામાં પણ શબ્દબ્રહ્મ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. કુશળ વક્તા કે કવિ જેમ સુયોગ્ય શબ્દો દ્વારા હાસ્ય કે કરુણ જેવા રસોને સરળતાપૂર્વક જાગૃત કરી શકે છે તેમ અલૌકિક શબ્દોના શ્રવણથી વ્યક્તિના પૂર્વસંસ્કારો જાગી ઊઠે છે એ અનેક પ્રસંગોએ સિદ્ધ થયેલું છે.

શબ્દબ્રહ્મનો સર્વોત્તમ ઉપયોગ વાણી કે ભાષા દ્વારા સામાન્ય જીવનવ્યવહાર માટે નથી કે બ્રહ્માનંદ સહોદર કહેવાતા કાવ્ય, સાહિત્યના શૃંગાર, કરુણ વિ. રસના અનુભવ માટે જ મર્યાદિત નથી જ. માત્ર વ્યવહાર કે મનોરંજનના સાધન તરીકે 'શબ્દસાધન' હોત તો તેને શબ્દ જ કહેવાત, શબ્દબ્રહ્મ નહીં. ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ માટે જ શબ્દબ્રહ્મ છે; એ જ એનો શ્રેષ્ઠ ઉપયોગ છે. માનવજીવનની પરિપૂર્ણતા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થોની સિદ્ધિ રૂપે વર્ણવાઈ છે. અર્થ અને કામ પુરુષાર્થમાં શબ્દના સ્થૂળ, પ્રાકૃત રૂપથી કામ ચાલી જશે પરંતુ માનવીને ધર્મનું જ્ઞાન ક્યાંથી થશે ? 'ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ' ધર્મજ્ઞાન નહીં હોય તો અર્થકામની પૂર્તિમાં તત્પર માનવીને પશુ થઈ જતાં જરાય વાર નહીં લાગે. માટે ધર્મ પુરુષાર્થની સિદ્ધિ માટે શબ્દબ્રહ્મની આવશ્યકતા છે જ. મોક્ષ પુરુષાર્થમાં તો શબ્દબ્રહ્મની સાર્થકતા છે. મહાનુભાવો માને છે કે પરમાત્માએ મનુષ્યને મોહમાં નાખે તેવા સંસારનું નિર્માણ કર્યું છે તો એ સંસારમાંથી મુક્ત થવા માટે વેદપુરાણો જેવા સરળ અને સચોટ સાધનોનું પણ નિર્માણ કર્યું છે.

શબ્દબ્રહ્મનું મધુરતમ સ્વરૂપ

ભગવત્કથા શબ્દબ્રહ્મનું મધુરતમ સ્વરૂપ છે.

वेदः पुराणं काव्यं च प्रभुमित्रं प्रियव च ।
बोधयन्तीति हि प्राहुस्त्रिवृद् भागवतं पुनः ।।

પંડિત બોપદેવ કહે છે કે, વેદની ભાષા સ્વામીની ભાષા છે, સ્વામીની આજ્ઞા, અધિકારપૂર્ણ વિધાન છે. પુરાણોની ભાષા સ્વામી જેવી નહીં પરંતુ મિત્ર જેવી છે. એક મિત્ર જેવી રીતે બીજા મિત્રને સમજાવે છે તેમ પુરાણ મૈત્રીપૂર્ણ ભાષામાં બોધ આપે છે. કાવ્યની ભાષા નિતાંત રસપૂર્ણ હોય છે. કાવ્યની ભાષા પ્રેમની ભાષા છે. અત્યંત સ્નિગ્ધ અને ઉષ્માભરી રસમયી ભાષા છે.

વળી, વેદમાં શબ્દનું પ્રાધાન્ય છે. પુરાણમાં અર્થનું પ્રાધાન્ય છે અને કાવ્યમાં

રસનું પ્રાધાન્ય છે. ભગવદ્લીલા નિરૂપણ કરનારાં શાસ્ત્રોમાં આ બધા જ ગુણો છે. જેમ કે શ્રીમદ્ ભાગવતજીમાં વેદવત્ આજ્ઞા પણ છે, વિધિનિષેધોનું નિરૂપણ પણ છે, તો તે મહાપુરાણ હોવાથી તેની બોધશૈલી મૈત્રીપૂર્ણ છે. શ્રવણ કરનારને શ્રવણ કરવામાં જરાય કઠોર લાગે તેવી નથી. વળી એક મહાન કાવ્યરચનામાં જેમ કુશળતાપૂર્વક રસનિર્વાહ થાય છે, કવિ જ્યાં જે રસ(શાંત, કરુણ, શૃંગાર વિ.)ની નિષ્પત્તિ ઇચ્છતો હોય છે તે સફળતાપૂર્વક થાય છે તેમ અહીં પણ વિવિધ રસનું નિરૂપણ થાય છે.

કથા રામકથા હોય, શિવકથા હોય કે કૃષ્ણકથા હોય - હરિકથામાં શબ્દબ્રહ્મ એના પૂર્ણાવતારે પ્રકટે છે. તેમાં વેદવત્ (સ્વામીવત્) આજ્ઞા પણ હોય છે, પુરાણવત્ (મિત્રવત્) હિતોપદેશ પણ હોય છે અને કાવ્યવત્ (પ્રિયાવત્) રસિકતા, માધુર્ય પણ હોય છે.

ભગવચ્ચરિત્રોનાં ગાન પ્રસંગે દિવ્ય શબ્દ, દિવ્ય અર્થ અને દિવ્ય રસનો ત્રિવેણી સંગમ રચાય છે. માટે જ તે વક્તા તેમજ શ્રોતા ઉભયને અતિ સુખકર થઈ જાય છે.

શબ્દ પ્રમાણ :

વેદ :- પરમાત્માનો સ્વલ્પ પણ પરિચય કરવા, તેમનાં સ્વરૂપ, ગુણો વિ. કાંઈક પણ જાણવા, સમજવા માટે આપણી પાસે સાધન કયું ? જેના વડે આદિકાળના મંત્રદ્રષ્ટાઓ, ઋષિઓ પરમાત્માના અચિંત્ય મહિમાને વર્ણવી શક્યા એ તત્ત્વ છે પ્રમાણ. જેના આધારે સત્ય જાણી શકાય એ પ્રમાણ નૈયાયિકો પ્રમાણે, 'પ્રમાનું કરણ' એટલે પ્રમાણ. 'પ્રમા' એટલે યથાર્થ અનુભવ, યથાર્થ જ્ઞાન. આ યથાર્થ જ્ઞાન જેના વડે થાય તે પ્રમાણ કહેવાય.

પ્રમાણની સંખ્યા મુખ્યત્વે સાત છે : પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન અર્થાનુપપત્તિ, અનુપલબ્ધિ અને ઐતિહ્ય. માનવી માટે સંભવ છે ત્યાં સુધી આ બધાં પ્રમાણો વડે જ્ઞાનપ્રાપ્તિ થઈ શકે છે. પણ જ્ઞાતવ્ય વિષય જ્યારે અલૌકિક હોય, પારલૌકિક હોય ત્યારે પ્રત્યક્ષ વગેરે પ્રમાણો બહુ વિશ્વાસપાત્ર ન ગણાય. માટે સૌથી ઉત્તમ પ્રમાણ 'અલૌકિક શબ્દ' પ્રમાણ એટલે કે પરમાત્મા દ્વારા જ પરમાત્માનું નિરૂપણ કરનારાં દિવ્ય શાસ્ત્રો. વેદ, ગીતાજી વગેરે પ્રમાણભૂત ગણી શકાય.

પ્રત્યક્ષ પ્રમાણ સ્થૂળને સિદ્ધ કરી શકે છે જ્યારે ભગવાન સ્થૂળ અને સૂક્ષ્મ - બધું જ છે. અનુમાન પણ પ્રત્યક્ષ ઉપર જ આધાર રાખે છે માટે જો પ્રત્યક્ષમાં દોષ

હોય તો અનુમાનજનિત જ્ઞાનમાં પણ દોષ આવે જ. ઉપમાનમાં એક વસ્તુના બીજી વસ્તુ સાથે સાદૃશ્યથી જ્ઞાન થાય છે. જેમ કે કોઈએ 'ગવય' નામનું પ્રાણી જોયું હોય પણ તેને જ્ઞાન હોય કે 'ગાયના જેવું તે ગવય' તો તે જ્યારે ગવયને જુએ તો ગાયના સાદૃશ્યને કારણે ઓળખી લે. અર્થાનુપપત્તિમાં શબ્દથી કે પ્રત્યક્ષથી એક પદાર્થનું અન્ય રીતે જ્ઞાન મેળવાય છે. અનુપલબ્ધિમાં વસ્તુના અભાવ પરથી તેનું જ્ઞાન મેળવાય છે અને ઐતિહ્ય એ ઇતિહાસ છે.

બ્રહ્મતત્ત્વના જ્ઞાનમાં શ્રુતિ-વેદ જ ઉપયોગી છે. વેદ વગેરે સાહિત્ય અલૌકિક શબ્દ પ્રમાણ છે. તેમાં લૌકિક આપ્તોનાં વચનો નથી. લૌકિક આપ્તોનાં વચનો તો દેશકાળ પ્રમાણે બદલાય છે. નિરૂપણ કરનાર બુદ્ધિગત, સ્વભાવગત દોષના કારણે તેમાંય દોષો આવે છે. નિરૂપણમાં સંદિગ્ધતા પણ આવી શકે છે અને વિપરીતતા પણ આવી શકે છે.

શબ્દપ્રમાણમાં તો, જે જ્ઞાન ધરાવે છે અને આપણને તેનામાં શ્રદ્ધા છે તેનાં વાક્ય પ્રમાણરૂપ બને છે. આ વિષયમાં ભગવાનથી વધુ અધિકૃત કોણ હોઈ શકે ? ભગવાન સર્વજ્ઞ છે તેમજ પરમ શ્રદ્ધેય છે માટે તેમના 'શબ્દ' કે જે દિવ્ય શબ્દો રૂપે વેદાદિ શાસ્ત્રોમાં પ્રકટ થયેલા છે તે આપણા માટે જ્ઞાનનું પરમ સાધન અને દિવ્ય ઉપાય છે. વેદો ભગવાનથી પ્રકટ થયેલા છે, માટે પણ પરમ પ્રમાણ છે. ભગવાનના અનંત અપાર સ્વરૂપનું વર્ણન કરવામાં ગમે તેવો મેધાવી જીવ ભૂલ કરી શકે એમ છે. પરંતુ સ્વયં ભગવાન જ પોતાનું વર્ણન કરે તો તેમાં યથાર્થતા હોય જ. ભગવાન સ્વયં પ્રણેતા હોવાથી તે જ્ઞાનમાં ભ્રમ, પ્રમાદ, વૃદ્ધિક્ષય, અપૂર્ણતા કે સંદિગ્ધતા ન હોઈ શકે. પ્રભુની રચનાને દેશકાલનો પરિચ્છેદ પણ ન નડે અને એને પ્રમાણિત કરવા માટે કશી જરૂર ન પડે. જેમ સૂર્યને જોવા માટે અન્યના પ્રકાશની અપેક્ષા હોતી નથી તેમ આ દિવ્ય શાસ્ત્રો ઈશ્વરોક્ત હોવાથી સ્વતઃ પ્રમાણ છે.

પુરાણ :

यस्मिन् वेदार्थमाहृत्य हरिणा व्यासरूपिणा ।
पुराणं निर्मितं विप्र तस्मात् तत्परमो भव ।।

વ્યાસરૂપ ભગવાન શ્રીહરિએ વેદના જ અર્થનો સંગ્રહ કરીને પુરાણોની રચના કરી છે. માટે (વેદની જેમ જ) તેના શ્રવણ અને અધ્યયનમાં તત્પર રહેવું જોઈએ.

વેદના ગંભીર, પરિશ્રમસાધ્ય, કઠિન તેમજ કંઈક અંશે શુષ્કપ્રાપ્ય નિરૂપણને પુરાણોએ, રામાયણ ભાગવતાદિ શાસ્ત્રોએ અનેક ગાથાઓ, અલંકારો, ભાષાલાલિત્ય તેમજ વિવિધ ભાવનિરૂપણ વડે રસમય બનાવ્યું છે. મહાનુભાવોના મત પ્રમાણે પુરાણો વેદના જ વ્યાખ્યાન ગ્રંથો છે. પુરાણો વેદતત્ત્વને જ પુષ્ટ કરે છે. એક પણ પુરાણ કે શાસ્ત્ર વેદથી વિરુદ્ધ મતને રજૂ નહીં કરે. ઉપરાંત વેદોમાંય કર્મ, જ્ઞાન કે ભક્તિ સંબંધી જે જે વિશેષતાઓ પ્રકટ થઈ શકી નથી તે ગીતા, રામાયણ કે ભાગવત જેવા શાસ્ત્રવિશેષમાં ખાસ ધ્યાનપૂર્વક પ્રકટ થઈ છે. વેદતત્ત્વને આ શાસ્ત્રો વધુ સુસ્પષ્ટ કરે છે.

पुराणे निश्चितो धर्मो धर्मश्च केशवः स्वयम् ।
तस्मात् कृती पुराणे हि श्रुते विष्णुर्भवेदिति ।।

જેમ ધર્મનો નિર્ણય વેદ દ્વારા થાય છે તેમ પુરાણમાં ધર્મના સ્વરૂપનો નિશ્ચય કરેલો છે. ધર્મ તો સાક્ષાત્ ભગવાન શ્રીહરિનું સ્વરૂપ છે. માટે વિવેકપૂર્વક માનવી પુરાણનું શ્રવણ કરે તો શ્રવણ કરતાં કરતાં તે સ્વયં વિષ્ણુસ્વરૂપ બની જાય છે. એટલે કે તેની અને ભગવાનની વચ્ચે ભેદ, દ્વૈત રહેતું નથી.

વિષયની દૃષ્ટિએ પણ પુરાણનો એ જ વિષય છે જે વેદ અને વેદનાં અંગોનો વિષય છે. જેમ કે -

वेदे रामायणे चैव पुराणे भारते तथा ।
आदौ मध्ये तथा चांते हरिः सर्वत्र गीयते ।।

મહાભારતના સ્વર્ગારોહણ પર્વમાં કહેવાયું છે કે, વેદ, રામાયણ, સર્વે પુરાણો તથા મહાભારત જેવા ઇતિહાસગ્રંથોના આરંભમાં, મધ્યમાં અને અંતમાં શ્રીહરિના ગુણગાન જ ગવાય છે. સર્વત્ર ભગવાન જ વિષય છે.

પુરાણો પણ વેદાર્થના બોધક છે. પુરાણોના જ્ઞાન વગર વેદના તાત્પર્યને સમજવું અસંભવ છે. **'वेदाः प्रतिष्ठिताः सर्वे पुराणेष्वेव सर्वदा'** (નારદ પુરાણ). વેદો પુરાણોમાં જ પ્રતિષ્ઠિત છે એમાં જરાય સંશય નથી. જે વિદ્વાન ચારે ય વેદોને અંગ સહિત જાણે છે પરંતુ પુરાણોને જાણતો નથી તેને વિદ્યાવાન કહી ન શકાય. ઇતિહાસગ્રંથો અને પુરાણો પાંચમો વેદ છે. **'इतिहासं पुराणं च पंचमो वेद उच्चते'**. પુરાણોને વેદતુલ્ય કહ્યા નથી, વેદ કહ્યા છે. વેદોમાં શાશ્વત સત્ય સ્વરૂપ પરમતત્ત્વ પરમાત્માનું નિરૂપણ છે જ્યારે મનુસ્મૃતિ વગેરેમાં ધર્માચરણ, શિષ્ટ આચાર વિ. દ્વારા જીવનપદ્ધતિનું માર્ગદર્શન છે. આપણાં રામાયણ, ભાગવત,

મહાભારત જેવાં શાસ્ત્રો, પુરાણો, ઇતિહાસ ગ્રંથોમાં ઉપરોક્ત શ્રુતિ તમજ સ્મૃતિનો સમાવેશ ખૂબ જ કુશળતાપૂર્વક થયા છે. માટે પુરાણ શ્રવણ, અધ્યયન અત્યંત આવશ્યક છે.

શબ્દબ્રહ્મનો આવિર્ભાવ

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां,
संजीवयत्यखिलशक्तिघरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरण श्रवणत्वगादीन्,
प्राणन्नमो भगवते पुरूषाय तुभ्यम् ।।

હે પ્રભો ! આપ સર્વશક્તિમાન્ છો. આપ જ મારા અંતઃકરણમાં પ્રવેશ કરીને પોતાના તેજથી મારી આ સુતેલી વાણીને સજીવ કરો છો. મારાં હાથ, પગ, કાન, ત્વચા વિ. અન્ય ઇન્દ્રિયો તથા પ્રાણોને સચેત કરો છો. ધ્રુવજીએ કરેલી આ ભગવત્સ્તુતિમાં વાણીના આવિર્ભાવમાં ભગવાનનું પ્રેરકત્વ વર્ણવાયું છે.

શબ્દબ્રહ્મ-વાક્બ્રહ્મના સ્વરૂપને તથા તેના આવિર્ભાવને સહેજ સમજવાનો પ્રયાસ કરીએ.

ओमित्येकाक्षरं ब्रह्म/ અક્ષર બ્રહ્મનું સ્વરૂપ છે. વિનાશશીલ આ સંસારમાં એ અવિનાશી તત્ત્વ છે માટે જ અ-ક્ષર કહેવાય છે. અક્ષરબ્રહ્મ સૃષ્ટિના આદિ, મધ્ય અને અંતમાંય પોતાના અધિકારી અને અવિનાશી રૂપે પ્રવર્તમાન રહે છે.

શબ્દ મૂળ છે અને વિવિધરૂપાત્મક સૃષ્ટિ વૃક્ષ છે. જગતમાં જે કાંઈ સ્થૂળ છે, પ્રત્યક્ષ છે તે વૃક્ષરૂપ છે પણ તેના મૂળમાં સૂક્ષ્મ, અવ્યક્ત રૂપ અક્ષરબ્રહ્મ જ છે.

શબ્દનું અપાર સામર્થ્ય છે. તેનો ધ્વનિરૂપે અને અર્થરૂપે એમ બે પ્રકારે આવિર્ભાવ થાય છે. ધ્વનિરૂપ આવિર્ભાવ ભૌતિક છે, અર્થરૂપે આવિર્ભાવ અભૌતિક છે, માનસિક અને આધ્યાત્મિક છે. શબ્દના ભૌતિક આવિર્ભાવ 'ધ્વનિ'માંય ઘણી શક્તિ છે. ધ્વનિના ઉચ્ચારણમાંથી પણ અદ્‌ભુત પરિણામો નીપજે છે. તેના વિશ્લેષણ અને સંશ્લેષણ વડે શક્તિનો આવિર્ભાવ થાય છે. મહાસર્જન પણ થાય છે અને મહાવિનાશ પણ સર્જાય છે.

न क्षीयते न क्षरतीति वाऽक्षरम् જે ક્ષીણ થતો નથી, જે પોતાના સ્વરૂપથી ચ્યુત ન થાય તે અક્ષર છે. (પતંજલિ) પ્રત્યેક અક્ષર બ્રહ્મરૂપ છે. ઉચ્ચાર તેની અભિવ્યક્તિ છે, સાકારરૂપ છે અને અર્થ તેનો આત્મા છે. અક્ષરથી શબ્દ બને છે

માટે શબ્દ પણ બ્રહ્મ છે. આ શબ્દબ્રહ્મ વેદ છે. શબ્દ એટલે વાક્ ઇન્દ્રિયથી થતા ઉચ્ચારણ વડે જેની અભિવ્યક્તિ થાય છે, જેનું આશ્રયસ્થાન આકાશ છે, શ્રોતેન્દ્રિય દ્વારા જેનું શ્રવણ થાય છે તેમજ બુદ્ધિ વડે જેનું જ્ઞાન થાય છે તે શબ્દ છે.

ઉચ્ચારણ અને શ્રવણ તો અલ્પકાલીન ક્રિયા છે, ક્ષણિક છે, તો શબ્દ નિત્ય કેવી રીતે ? આવી શંકા કરવાની જરૂર નથી કેમ કે શ્રવણ-ઉચ્ચારણ તો અભિવ્યક્તિ છે, અસ્તિત્વસૂચક નથી. શબ્દ આકાશનો ગુણ છે અને આકાશ નિત્ય વ્યાપક છે. ગુણ અને ગુણીનો સંબંધ નિત્ય હોય છે, માટે શબ્દબ્રહ્મની અભિવ્યક્તિ ભલે અલ્પકાલીન લાગતી હોય, તેનું અસ્તિત્વ નિત્ય જ છે.

શબ્દના વ્યક્ત રૂપને વાણી કહે છે. કંઠ, જિહ્વા વિ. અવયવો અને પ્રાણના સંચરણ વડે શબ્દ જ વાક્ રૂપ ધારણ કરે છે. અવ્યક્ત શબ્દ વ્યક્ત રૂપ ધારણ કરે છે.

વાક્બ્રહ્મ :

वाग्वै ब्रह्म । वाचो वा इदं सर्व प्रभवति ।।

શતપથ બ્રાહ્મણ કહે છે કે, વાણી નિશ્ચયરૂપે બ્રહ્મ છે. વાણી વડે જ આ બધું ઉત્પન્ન થયેલું છે. જો કે વાણીના અલૌકિકી (દૈવી) અને લૌકિકી એમ બે પ્રકાર છે. વાણીનું પ્રથમ રૂપ (એટલે કે શબ્દનો સર્વ પ્રથમ ધ્વન્યાત્મક સ્ફોટ 'ૐ' છે. ઓમ્ મૂળ ધ્વનિ છે. તે ઉપાસ્ય પણ છે.

ओमित्येतदक्षरमुद्‌गीथमुपासीत 'ઓમ્' આ અક્ષર ઉદ્‌ગીથ છે, તેની ઉપાસના કરવી જોઈએ. (છાંદોગ્ય ઉપનિષદ)

उत त्वः पश्यन् न ददर्श वाचम्, उत त्वः शृण्वन् न शृणोत्येनाम् ।
उतो त्वस्मै तन्वं विसस्रे, जाय पत्य उशती सुवासाः ।।

આપણે વાગ્દેવીનું શ્રવણ કરવાનું છે, તેનાં દર્શન કરવાનાં છે. આમ તો ઘણા તેને જુએ છે, છતાં જોઈ નથી શકતા અને સાંભળે છે, છતાં સાંભળી નથી શકતા. વાણી પ્રકટ થાય છતાં તેનાં રૂપ, આકાર ઢંકાયેલાં છે. વાણીનું પ્રચ્છન્ન રૂપ વિચાર છે, વિચારનું પ્રકટ રૂપ વાણી છે, ઋષિઓની સામે, શબ્દબ્રહ્મના આરાધકોની સામે વાક્દેવી પોતાનું સ્વરૂપ પ્રકટ કરે છે.

પ્રથમ સ્ફોટ 'ઓમ્કાર'માંથી ધ્વનિનું ત્રિમાત્રાત્મક રૂપ ભૂઃ ભુવઃ અને સ્વઃ રૂપે પ્રકટ થાય છે. એ જ ઋક્, યજુ અને સામ એમ વેદત્રયા રૂપે તથા પશ્યંતી, મધ્યમા અને વૈખરી રૂપ ધારણ કરે છે. વાણીનાં કુલ ચાર રૂપ : પરા, પશ્યંતી,

મધ્યમા અને વૈખરી, એમાં પરાવાણી સાક્ષાત્ બ્રહ્મરૂપા છે. બ્રહ્મની જેમ પરાવાણી પણ એક અને અદ્વિતીય છે. તે પણ બ્રહ્મની જેમ અનિર્વચનીય છે. 'એકોઽહં બહુસ્યામ્'ની જેમ પરાવાણી જ અનુગ્રહ પરાયણ થઈને પશ્યંતી, મધ્યમા અને વૈખરી ત્રિવિધ રૂપ ધારણ કરે છે. પરાવાણીને 'અદિતિ' કહે છે. અદિતિ એટલે અખંડ, અવિભક્તરૂપા. તેનું સ્થાન નાભિ છે. આ વાણીનું સૂત્ર નિગુર્ણરૂપ બ્રહ્મ છે. આ વાણી પણ નિર્ગુણરૂપા છે.

પાશ્યંતીનું ક્ષેત્ર મહત્ત્વ છે. તે દર્શનાત્મિકા છે. માટે પશ્યન્તી કહેવાય છે. પશ્યંતીમાં પણ શબ્દ અને અર્થમાં ભેદ નથી, એકત્વ છે. વાગ્દેવી પશ્યંતી રૂપે 'ભારતી' કહેવાય છે. ભા + રતી એટલે પ્રકાશમાં રમણ કરનારી. અહીં પ્રકાશનું મહત્ત્વ છે. આ વાણી સત્ત્વરૂપા છે. તેનું સ્થાન હૃદય છે.

મધ્યમા 'સરસ્વતી' છે. '**वाक् वै मतिः**' આ વાણી મનોગ્રાહ્ય થાય છે. શબ્દ અને અર્થ વચ્ચે ભેદ સ્પષ્ટ થાય છે. ગુણ રજોગુણ અને સ્થાન કંઠ છે.

વાણીનું અંતિમ રૂપ વૈખરી છે. તેનું નામ 'ઈડા' છે. સ્થાન જિહ્વા છે. વાણી સ્થૂળ રૂપ ધારણ કરે છે, ઉચ્ચારિત થાય છે અને શ્રાવ્ય બને છે.

यस्माद्दृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन् । सामानि यस्य लोमानि अथर्वा गिरसो मुखं स्कंभं तं ब्रूहि कतमः स्विदेव सः । જેમાં જ્ઞાનવિજ્ઞાનની સાથે કર્મની પ્રેરણા હોય, રોમાંચમય સંગીતમય માધુર્ય હોય અને શબ્દોના સજીવ પ્રભાવો પ્રકટ થતા હોય એવી વાણી બોલવી જોઈએ. દૈવી વાણીનાં પ્રત્યેક રૂપ, વૈખરી પણ કલ્યાણકારી છે. **सब गुनरहित कुकविकृत बानी । रामनाम जस अंकित जानी ।।** કુકવિએ રચેલી, સર્વગુણરહિત કવિતા પણ ભગવન્નામથી દૈવી રચના બની જાય છે.

વેદાદિની અપૌરુષેયતા :

સમગ્ર વૈદિક સાહિત્યને અપૌરુષેય માનવામાં આવ્યું છે. અપૌરુષેય એટલે એ કોઈ પુરુષની, ઋષિની કૃતિ નથી. સ્વયં વેદોમાં ય આ ઉલ્લેખ છે :

तस्मात्यज्ञात् सर्वहुत ऋचः सामानि जज्ञिरे ।
छंदांसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत ।।

ઋગ્વેદ અને યજુર્વેદ પણ નિરૂપણ કરે છે કે યજ્ઞરૂપ વિષ્ણુમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ પ્રકટ થયા. તેમ **'અગ્નેર્ઋગ્વેદ, વાયોર્યજુર્વેદઃ સૂર્યાત્ સામવેદઃ'** અગ્નિદેવ ઋગ્વેદ થયા, વાયુદેવ યજુર્વેદ થયા અને સૂર્યદેવ સામવેદ થયા.

(શતપથ) ગીતાજીમાં ભગવાન સ્વયં કહે છે કે **कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षर समुद्भवम्** વેદની ઉત્પત્તિ અક્ષર, અવિનાશી પરમાત્મા દ્વારા થઈ છે. જેમ જગન્નિયંતા જગદીશે સમગ્ર જગતનું નિર્માણ કર્યું તેમ તેમણે વેદોને પ્રકટ કરીને જગતને સુશિક્ષિત પણ કર્યું છે.

વેદાદિ વાઙ્મય સાથે સંકળાયેલા ઋષિઓનાં નામ એ ઋષિઓનું સર્જકપણું સૂચવતાં નથી પરંતુ '**ऋषे मंत्रकृतां स्तोमैः (ऋग्वेद)**' મંત્રકર્તા કે મંત્રદ્રષ્ટા હોવાનું સૂચવે છે. ઋષિઓ મંત્રકૃત, મંત્રવાન્ કે મંત્રપતિ છે. ઋષિઓનાં નામો પણ તે ભગવાનનાં જ વિભૂતિરૂપ સ્વરૂપો હોવાનું સૂચવે છે. ઋષિનામોમાં તેમની વૈયક્તિકતા કરતાં ગુણનિરૂપણનું વિશેષ સૂચન જણાય છે. શતપથ બ્રાહ્મણના આઠમા કાંડમાં ઋષિનામોના વિશેષ અર્થો પ્રકટ કરાયા છે જેમ કે **चक्षुर्वै जमदग्निः प्राणो वै वसिष्ठः, मनो वै भरद्वाजः, श्रोत्रं वै विश्वामित्रः** વિગેરે. યૌગિક રીતે વ્યુત્પત્તિ વિચારતાં ય ઋષિનામોમાં ભગવાનના મહાન ગુણોનું નિરૂપણ દેખાય છે. જેમ કે વિશ્વામિત્ર એટલે સર્વની સાથે મિત્રતા રાખનારા, અત્રિ એટલે ત્રણ ગુણોથી પર નિર્ગુણ, ભરદ્વાજ એટલે જ્ઞાન તેમજ બળને ધારણ કરનારા, વસિષ્ઠ એટલે પ્રાણવિદ્યાને જાણનાર વિગેરે.

ભગવાન પ્રણેતા હોવાથી વેદનો એક અક્ષર પણ વ્યર્થ નથી. વૈદિક ભાષાની આ એક વિલક્ષણતા છે જે જગતની કોઈ પણ ભાષામાં નથી. વેદના મંત્રો, પદો અને અક્ષરો પણ અર્થવાન્ છે. તાત્પર્ય જાણવા ઇચ્છતાએ વર્ણજ્ઞાન મેળવવું પણ આવશ્યક છે.

वर्णज्ञानं वाग्विषयो यत्र च ब्रह्म वर्तते ।
तदर्थमिष्टबुद्ध्यर्थं लघ्वर्थंचोपदिश्यते ।।

જેમાં સમગ્ર જ્ઞાન વસે છે તે અક્ષરનું જ્ઞાન પણ મેળવવું જોઈએ. પ્રત્યેક વર્ણમાં છુપાયેલા અર્થને જાણવા, તેનો બોધ પ્રાપ્ત કરવા, સંક્ષિપ્ત જ્ઞાન માટે પણ 'વર્ણજ્ઞાન' આવશ્યક છે.

જેમ કે હૃદયમાં 'હૃ' એટલે હરતિ (રક્તના દોષોને હરનાર) 'દ' એટલે દદાતિ (રક્ત શુદ્ધ કરવા માટે ફેફસાંને આપનાર) તથા 'ય' એટલે યાતિ (આખા શરીરમાં રક્તને ગતિ આપનાર.) જેમકે 'જગત્' માં 'જ' એટલે જાયતે, 'ગ' એટલે ગચ્છતિ (લય પામે છે.) અને 'ત' એટલે તિષ્ઠતિ (સ્થિતિ કરે છે.) આમ સમગ્ર

વેદના પ્રત્યેક વર્ણાક્ષર બીજરૂપ છે. સર્વના બીજરૂપ પરબ્રહ્મ હોવાથી વેદના સર્જક ભગવાન સ્વયં છે.

પુરાણોની અપૌરુષેયતા :

વેદની જેમ પુરાણો પણ અનાદિ માનવામાં આવેલાં છે. તેમના રચયિતા પણ કોઈ મનુષ્ય નથી. **पुराणं सर्वशास्त्राणां प्रथमं ब्रह्मणा स्मृतम् ।।** સૃષ્ટિકર્તા બ્રહ્માજી પણ તેના સ્મરણકર્તા છે, રચયિતા નહીં. વેદવ્યાસનો અવતાર પણ પુરાણોના સંક્ષેપ માટે થયો છે એમ મનાય છે.

व्याससरूपस्तदा ब्रह्मा संग्रहार्थं युगे युगे ।
चतर्लक्षप्रमाणेन द्वापरे द्वापरे जगौ ।।

तदाष्टादशधा कृत्वा भूलोकेऽस्मिन् प्रकाशितम् ।।
अद्यापि देवलोकेषु शतकोटिप्रविस्तरम् ।।

પદ્મપુરાણના મત પ્રમાણે પુરાણનો વિસ્તાર સો કરોડ (એક અબજ) શ્લોકોનો છે. સમય પરિવર્તન અનુસાર મનુષ્યના આયુષ્યમાં ઘટાડો થવા લાગ્યો પરિણામે આવાં મોટાં પુરાણોનું શ્રવણ, પઠન એક જ જિંદગીમાં સંભવ ન રહ્યું માટે તેનો સંક્ષેપ કરવા માટે સ્વયં ભગવાન પ્રત્યેક દ્વાપરયુગમાં વ્યાસરૂપે અવતરે છે અને એના અઢાર ભાગમાં વહેંચાતાં વહેંચાતાં ચાર લાખ શ્લોકોમાં સીમિત કરી દે છે. આમ વેદવ્યાસ પણ સર્જક નથી, સંગ્રાહક કે સંક્ષેપક છે.

ભગવાનનાં ચરિત્રો તેમજ અન્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષસિદ્ધિ માટે સર્વ પ્રકારે ઉપયોગી ઉપાયોનું નિરૂપણ કરનારાં ભગવત્શાસ્ત્રો, જેને 'પુરાણ' સંજ્ઞાથી ઓળખીએ છીએ તે મૂલરૂપ છે કે ભાષ્યરૂપ છે એ ચર્ચામાં ન પડીએ. પરંતુ 'પુરાણ' સંજ્ઞા ઘણું કહી જાય છે.

पुरा भवम् पुराणम् પ્રાચીનકાળમાં થયેલું માટે પુરાણ(પાણિનિ). **पुरा अपि नवं भवति, पुराणम्** પ્રાચીન હોવા છતાં નવું (યાસ્ક/નિરુક્ત), **यस्मात् पुरा ह्यनतीदं पुराणं तेन तत् स्मृतम्** પ્રાચીનકાળમાં પણ એ અસ્તિત્વમાં હતું એથી પુરાણ કહેવાય છે (વાયુપુરાણ). **पुरा परंपरां वष्टि पुराणं तेन तत् स्मृतम्** જે પ્રાચીનતાની પરંપરાની અપેક્ષા રાખે છે તે પુરાણ છે (પદ્મપુરાણ). **यस्मात् पुरा ह्यभूत् चैतत् पुराणं तेन तत् स्मृतम्** પ્રાચીનકાળમાં આમ બન્યું હતું તે નિરૂપણ કરે છે માટે પુરાણ(બ્રહ્માંડ પુરાણ). આમ પુરાણની પ્રાચીનતા સર્વસંમત છે જ.

સમન્વયાત્મક દૃષ્ટિબિંદુ અપનાવીએ તો એમ વિચારી શકાય કે, પુરાણો શબ્દતઃ ભલે પાછળથી રચાયાં હોય પરંતુ અર્થતઃ તો અનાદિ જ છે. કેમ કે પુરાણો પણ અપૌરુષેય છે. **रचि महेस निज मानस राखा। पाइ सुसमउ सिवा सन भाषा।।**

ભગવાન શંકરે રામકથા(માનસ)ની રચના કરીને નિજ મનમાં રાખી માટે રામચરિત્ર પણ અપૌરુષેય છે. શ્રીમદ્ ભાગવતજીના આદ્ય વક્તા ભગવાન સ્વયં છે જે તેમણે ચતુઃશ્લોકી ભાગવતજીના રૂપમાં શ્રી બ્રહ્માજીને સંભળાવ્યું. શ્રી વેદવ્યાસ પણ ભગવાનની જ્ઞાનકલાનો અવતાર છે, માટે અઢારે પુરાણ અને મહાભારતના રચયિતા પણ ભગવાન જ સિદ્ધ થાય છે.

ताते रामचरितमानस बर । धरेउ नाम हिअं हेरि हरषि हर ।।

આ દિવ્ય શાસ્ત્રોના ભગવાન સર્જકમાત્ર નથી, ચિરકાલ સુધી ધારક, સંરક્ષક પણ છે. તેના નામકરણ સંસ્કાર પણ તે કરી આપે છે, તેમજ સુયોગ્ય, અધિકારીને પ્રદાન પણ તે જ કરે છે.

શાસ્ત્રો ભગવત્સ્વરૂપ છે.

વેદોનું ભગવત્ સ્વરૂપત્વ :

બૃહદારણ્યક ઉપનિષદ્ કહે છે, '**अरेऽस्य महतोभूतस्य निःश्वसितमेतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वांगिरस इतिहास पुराणाम्**' આ મહાન પરમતત્ત્વના નિઃશ્વાસરૂપ (ઉચ્છ્વાસરૂપ) ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે.

'વેદ' શબ્દનો વાચ્યાર્થ પણ વેદ સચ્ચિદાનંદ બ્રહ્મ છે એમ સિદ્ધ કરે છે. **विद् (ज्ञाने)** ધાતુ પરથી વેદ શબ્દ બન્યો છે. પાણિનિએ વિદ્ ધાતુના ત્રણ બીજા પણ અર્થ માન્યા છે. (**विद् सत्तायां, विद् लृ लाभे, विद् विचारणे**) વિદ્ ધાતુના અર્થ છે સત્તા, લાભ અને વિચારણા (લાભ આનંદરૂપ છે માટે). વિદ્-વેદ્નો અર્થ થાય છે સત્તારૂપ, જ્ઞાનરૂપ અને આનંદરૂપ, તેથી વેદોને સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ અવશ્ય કહી શકાય છે.

જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનનું સાધન આ ત્રણે વેદ છે. પરમાત્મા જ જ્ઞેય છે, જ્ઞેયને (યથાકિંચિત્) જાણવાનું સાધન પણ '**वेदैश्च सर्वैरहमेव वेद्यो**' પ્રભુ છે અને જ્ઞાનનો પ્રકાશ પણ પ્રભુ જ છે.

પુરાણોનું ભગવત્સ્વરૂપત્વ :

ઇતિહાસગ્રંથો તેમજ પુરાણો પણ ભગવાનનું જ સ્વરૂપ છે. વેદો અને પુરાણોની એકતા પણ નિઃસંશય રીતે શાસ્ત્રસિદ્ધ છે. છાંદોગ્ય ઉપનિષદ કહે છે, **इतिहास पुराणं, पंचमं वेदानां वेदम्** કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર, સૌને પરમાત્માના ગુહ્ય સ્વરૂપનું જ્ઞાન કરાવતાં પુરાણો તો વેદોના ય વેદ છે !

ब्राह्मं मूर्धा हरेरेव हृदयं पद्मसंज्ञकम् ।।

वैष्णवं दक्षिणो बाहुः शैवं वामो महेशितुः । उरू भागवतं प्रोक्तं नाभिः स्यान्नारदीयकम् ।। मार्कडेयं च दक्षांघ्रिर्वामो हयाग्नेयमुच्यते । भविष्यं दक्षिणो जानु विष्णोरेव महात्मनः ।। ब्रह्मवैवर्तसंज्ञं तु वामजानूरुदाकृतः । लैंग तु गुल्फकं दक्षं वाराहं वामगुल्फकम् ।। स्कांदं पुराणं लोमानि त्वगस्य वामनं स्मृतम् ।। कौर्मं पृष्ठं समाख्यातं मात्स्यं मेदः प्रकीर्त्यते ।। मज्जा तु गारूडं प्रोक्तं ब्रह्मांडमस्थि गीयते । एवमेवाभवद्विष्णुः पुराणावयवो हरिः ।।

બ્રહ્મપુરાણ શ્રીહરિનું મસ્તક છે, પદ્મપુરાણ તેમનું હૃદય છે. વિષ્ણુપુરાણ જમણો બાહુ અને શિવપુરાણ ડાબો બાહુ છે. શ્રીમદ્ ભાગવત તેમની બે સાથળો છે, તો નારદપુરાણ તેમની નાભિ છે. માર્કંડેયપુરાણ તેમનો જમણો ચરણ છે અને અગ્નિપુરાણ એમનો ડાબો ચરણ છે. ભવિષ્ય પુરાણ એમનો જમણો ઘૂંટણ છે તો બ્રહ્મવૈવર્ત પુરાણ ડાબો ઘૂંટણ છે. લિંગ પુરાણ જમણી ઘૂંટી છે તો વરાહપુરાણ એ ડાબી ઘૂંટી છે. સ્કંદપુરાણ પ્રભુનાં રૂંવાટાં છે, વામનપુરાણ ત્વચા છે, કૂર્મપુરાણ એમની પીઠ છે, મત્સ્યપુરાણ મેદ છે, ગરુડપુરાણ એમની મજ્જા છે અને બ્રહ્માંડપુરાણ એમનાં અસ્થિ છે. આ પ્રમાણે શ્રીહરિ પુરાણવિગ્રહના સ્વરૂપે પણ પ્રગટ થયેલા છે.

શ્રીમદ્ ભાગવતજીની ટીકામાં શ્રી વલ્લભાચાર્યજી એ દ્વાદશાંગ પુરુષનું નિરૂપણ ગ્રંથના સ્કંધભેદ (અથવા લીલાભેદ) અનુસાર કર્યું છે. 'દ્વાદશો વૈ પુરુષઃ' એ શ્રુતિ અનુસાર ભાગવતજીના બાર સ્કંધો, બાર લીલાઓ પ્રભુનાં બાર અંગો છે. જેમકે –

પ્રથમ સ્કંધ 'અધિકાર' લીલા છે તે શ્રીકૃષ્ણનો જમણો ચરણકમલ છે.

દ્વિતીય સ્કંધ 'સાધન/જ્ઞાન' લીલા, તે તેમનો ડાબો ચરણકમલ છે.

તૃતીય સ્કંધ 'સર્ગલીલા' પ્રભુનો જમણો બાહુ છે.

ચતુર્થ સ્કંધ 'વિસર્ગલીલા' તેમનો ડાબો બાહુ છે.

પંચમ સ્કંધ 'સ્થાન' લીલા છે તે પ્રભુનો જમણો સાથળ છે.

ષષ્ઠ સ્કંધ 'પુષ્ટિ' લીલા ભગવાનનો ડાબો સાથળ છે.

સપ્તમ સ્કંધ 'ઊતિ' લીલા પ્રભુએ કટિ પર પધરાવેલ જમણો શ્રીહસ્ત છે.

અષ્ટમ સ્કંધ 'મન્વન્તર' લીલા તેમનો જમણો સ્તન છે.

નવમ સ્કંધ 'ઈશાનુકથા' લીલા તેમનો ડાબો સ્તન છે.

દશમ સ્કંધ 'નિરોધ' લીલા પ્રભુનું હૃદય છે.

એકાદશ સ્કંધ 'મુક્તિ' લીલા એમનું મુખારવિંદ છે અને

દ્વાદશ સ્કંધ 'આશ્રય' લીલા શ્રીનાથજીનો ઊર્ધ્વ વામ હસ્ત છે.

રામાયણ પણ રામતનુ છે.

बालकांड प्रभु पायं, अयोध्या कटि मन मोहै ।
उदर बन्यो आरण्य, हृदय किष्किंधा सोहै ।।
सुंदर ग्रीव मुखारविंद लंका कहि गाये ।
जेहि मंहं रावन आदि निशाचर सर्व समाये ।।
उत्तर मस्तक मान हरि, यहि विधि तुलसीदास भनु ।
आदि अंत लौं देखिये रामायण श्री रामतनु ।।

પ્રથમ કાંડ-બાલકાંડ એ પ્રભુનાં ચરણ છે, અયોધ્યાકાંડ તેમની કટિ છે. અરણ્યકાંડ ભગવાનનું ઉદર છે અને કિષ્કિંધાકાંડ એમનું હૃદય છે. સુંદરકાંડ ભગવાન શ્રી રામની ગ્રીવા (ગરદન) અને જેણે રાવણ આદિ અનેક રાક્ષસોનું ભક્ષણ કરી લીધું તે, લંકાકાંડ તે એમનું મુખ છે. ઉત્તરકાંડ શ્રી રામનું મસ્તક છે. શ્રી તુલસીદાસજી સમજાવે છે કે આદિથી અંત સુધી રામાયણ શ્રી રામજી જ છે.

સ્તોત્રાણિ સર્વા ગિર :

આપણાં પુરાણો જ્ઞાનના મહાસાગરો છે, માનવીના ઐહિક તેમજ પારલૌકિક જીવનને સુખમય બનાવવા માટે ઉપયોગી એવા બધા જ વિષયોનો પુરાણોમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

सर्गश्च प्रति सर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं चैव पुराणं पंचलक्षणम् ।।

મુખ્ય વિષયો પાંચ છે. જગત તેમજ અનેક પદાર્થોની ઉત્પત્તિને 'સર્ગ' કહે છે. પ્રલયને 'પ્રતિસર્ગ' કહે છે. દેવ, ઋષિ તથા માનવોની સંતાનરૂપી પરંપરાને 'વંશ' કહે છે. સૃષ્ટિક્રમની કાળગણનાને 'મન્વન્તર' કહે છે તથા મહર્ષિઓ અને રાજાઓનાં ચરિત્રોના વર્ણનને 'વંશાનુચરિત' કહે છે. શ્રીમદ્ ભાગવત(તથા બ્રહ્મવૈવર્ત પુરાણ)માં દશ લક્ષણોનું વર્ણન કરવામાં આવ્યું હોવાથી તે મહાપુરાણ કહેવાય છે.

પ્રથમ લક્ષણ 'સર્ગ' છે. સર્ગ એટલે ઉત્પત્તિ, પરમાત્માની પ્રેરણાથી ગુણોમાં લોભ થઈને રૂપાંતર થવાથી જે આકાશાદિ પંચભૂત, શબ્દાદિ પંચતન્માત્રાઓ, ઇન્દ્રિયો, અહંકાર અને મહત્તત્ત્વની ઉત્પત્તિ થાય છે.

એ વિરાટ પુરુષથી ઉત્પન્ન થયેલ, બ્રહ્માજી દ્વારા જે વિભિન્ન ચરાચર સૃષ્ટિ થઈ તે 'વિસર્ગ' છે. પ્રતિપલ નાશની તરફ ગતિ કરતી સૃષ્ટિને એક મર્યાદામાં રાખવાથી ભગવાનની જે શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે તે 'સ્થાન' છે. પોતાના દ્વારા સુરક્ષિત સૃષ્ટિમાં ભક્તોના ઉપર ભગવાનની જે કૃપા થાય છે તે 'પુષ્ટિ' છે. મન્વન્તરોના અધિપતિઓ જે ભગવદ્ભક્તિ અને પ્રજાપાલનરૂપ ધર્મનું સદ્ધર્મનું પરિપાલન કરે છે તેને 'મન્વન્તર' કહે છે. જીવોની એ વાસનાઓ, કે જે કર્મ દ્વારા એને બંધનમાં નાખી દે છે તે 'ઊતિ' કહેવાય છે. ભગવાનના વિભિન્ન અવતારો અને ભગવદ્ભક્તોનાં વિવિધ આખ્યાનો તે 'ઈશાનુકથા' છે. ભગવાન જ્યારે યોગનિદ્રા સ્વીકારીને શયન કરે છે ત્યારે આ જીવતત્ત્વનું સર્વ ઉપાધિઓ સહિત ભગવાનમાં લીન થઈ જવું અથવા તો ભગવાન પોતાની અગમ્ય શક્તિઓ સાથે શયન કરે છે અથવા તો જીવની ભગવાનમાં એટલી તીવ્ર આસક્તિ થઈ જાય કે તે સર્વત્ર પ્રવર્તી રહેલી સૃષ્ટિને, પ્રપંચને વીસરી જાય તે 'નિરોધ' છે. પોતાના સંબંધી કર્તા પણ - ભોક્તાપણા જેવા અન્યથા જ્ઞાનને ત્યજીને પોતાના સાચા સ્વરૂપને જાણવું, તેમાં સ્થિર થવું એ 'મુક્તિ' છે અને જે પરમતત્ત્વમાં આ બધું ઉત્પન્ન થાય છે, સ્થિતિ કરે છે અને લય પામે છે તે પરમતત્ત્વ પરમાત્મા છે, એ અંતિમ 'આશ્રય' નામનું લક્ષણ છે.

ભક્તિનાં બે અંગો, માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ; આ બંનેનું પોષણ કરવા પુરાણકથાઓનું શ્રવણ કરવું જોઈએ. સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ અને ઊતિ આ પાંચ કથાઓ 'અન્વયાત્મક' લીલાઓ છે. તેના શ્રવણથી ભગવાનનું માહાત્મ્યજ્ઞાન થાય છે. મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય આ પાંચ 'વ્યતિરેકાત્મક લીલાઓ' છે. તેના શ્રવણથી પ્રભુમાં સુદૃઢ અને સર્વાધિક સ્નેહ

જાગે છે. પ્રત્યેક પુરાણોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શ્રીહરિનાં મહિમા, ગુણો અને લીલાઓનું રસાત્મક વર્ણન કરવામાં આવ્યું છે.

પુષ્પદંતે અત્યંત વિનમ્રતાથી ગાયું છે કે,

महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः ।
अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन् ।
ममाप्येषः स्त्रोत्रे हर निरपवादः परिकरः ।।

કોઈ પણ જીવ પરમાત્માના મહિમાની સીમા જાણવા સમર્થ નથી. એક તો જીવની બુદ્ધિ અલ્પ છે અને વળી પ્રભુનો મહિમા અપાર છે. અપારની પાર કોણ જઈ શકશે? બ્રહ્મા અને વેદથી માંડીને જે કોઈએ ભગવાન વિશે જે કાંઈ ગાયું છે તે અપૂર્ણ હોવાથી (અધૂરાપણાના કારણે) અયોગ્ય જ છે. અનંત મહિમાવાન પ્રભુના મહિમાનું ગાન કરવામાં બ્રહ્મા જેવાઓની વાણી ય જો થાકી જાય તો સાધારણ ભક્તે મુંઝાવાની જરૂર નથી.

આમ છતાં, સ્વમતિ અનુસાર જેણે જેણે ગુણગાન કર્યાં છે તે આદરને પાત્ર તો છે જ.

પ્રભુના મહિમાના વિષયમાં જેમણે જે કાંઈ કહ્યું છે, ગાયું છે તે–

जों बालक कह तोतरि बाता । सुनहिं मुदित मन पितु अरू माता ।।

બાળકના જેવી કાલીઘેલી ભાષામાં જ કહેવાયું, ગવાયું છે. ગમે તેવી ઉત્તમ રચના હોય, સર્વગુણસંપન્ન હોય. અક્ષર, અર્થ, અલંકારો, છંદરચનાઓ, વિભાવ અનુભાવ આદિ ભાવ, શૃંગાર હાસ્ય જેવા રસ, બાહ્ય અભ્યંતર અને વૈશેષિક જેવા ગુણોથી યુક્ત હોય તો પણ અનંત અપાર મહિમાવાન પ્રભુની સામે તો એ 'તોતરિ બાતા' જ છે.

ભગવાનના મહિમાનું ગાન કરવા બેસે તેને તેની અગેયતા, અનિર્વચનીયતાનું ભાન થાય છે. ચિંતન કરવા બેસે તેને તત્કાળ તેના અચિંત્ય હોવાનું ભાન થાય છે. સ્તુતિ કરનારને તત્કાળ પોતાની અલ્પતાનો ખ્યાલ આવી જાય છે. કુરુક્ષેત્રમાં ભગવાન શ્રી કૃષ્ણના વિશ્વસ્વરૂપનું દર્શન કરતાં અર્જુનની ભૂમિકા જ બદલાઈ જાય છે. વિભુની વિરાટતાને અનુભવ્યા બાદ ચકિત અને ભયભીત થયેલો અર્જુન

સ્વલ્પ વર્ણન કર્યા પછી પૂછે છે કે,

आख्याहि मे को भवानुग्ररूपो नमोस्तु ते देव वर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम्।।

'મને કહો, આવા ઉગ્ર રૂપવાળા આપ કોણ છો ? હે દેવાધિદેવ ! આપને નમસ્કાર હો, આપ પ્રસન્ન થાવ. આપ આદિ પુરુષને હું જાણવા ઇચ્છું છું. કેમકે આપની પ્રવૃત્તિ હું સમજી શકતો નથી.'

ગોવિંદની ગુણસમૃદ્ધિ પણ આવી વિરાટ છે. લીલાસાગર પણ અગાધ છે. જ્યારે કોઈ મહાનુભાવ શ્રીહરિના સ્વરૂપમહિમા, ગુણવિસ્તાર અને લીલામાહાત્મ્યનું વર્ણન કરવા બેસે છે ત્યારે એની મતિની ગતિ અર્જુન જેવી જ થઈ જાય છે. શ્રી બાલકૃષ્ણના મુખમાં બ્રહ્માંડનાં દર્શન કરતી યશોદા, બાલરામના દર્શનમાં **रोम रोम प्रति लागे कोटिकोटि ब्रह्मांड** મધુર મુસ્કાનમાં, જેના એક એક રોમમાં કોટિ કોટિ બ્રહ્માંડો વસેલાં છે એવા બ્રહ્માંડ અખંડ અપરિચ્છિન્ન સ્વરૂપનાં દર્શન કરતી મા કૌશલ્યા, સૃષ્ટિના પ્રલય બાદ, સર્વ નષ્ટ થઈ ગયા બાદ '**वटस्य पत्रस्य पुटे शयानम्**' વટવૃક્ષના પાન પર પોઢેલા બાલમુકુંદનાં દર્શન કરતા માર્કંડેય ઋષિ, દંડકવનમાં પરીક્ષા કરવા ગયેલી સતીને **अवलोके रघुपति बहुतेरे । सीता सहित न बेष घनेरे ।।** થયેલાં અદ્દ્ભુત દર્શન - આવાં અનેકવિધ ઉદાહરણો શ્રદ્ધાવાન થવા સંશયી મતિની ચકિત અવસ્થાનાં નિરૂપણો છે.

ઓમ્ એવા એકાક્ષર સર્વમૂલમંત્રથી લઈને વેદમાતા ગાયત્રી, ચાર વેદો, ગીતાજી, રામાયણ ભાગવત્, બ્રહ્મસૂત્ર જેવા મહત્ શાસ્ત્રોપુરાણો પર્યંત પ્રભુની અચિંત્ય અમોઘ ક્રિયાશક્તિના તેમ જ અનંત અપાર જ્ઞાનશક્તિનાં ગુણગાન જોવા મળે છે.

પ્રથમ ઓમકારમાં **अकारः प्रथमाक्षरो भवति, उकारो द्वितीयाक्षरो भवति/ मकारस्तृतीयाक्षरो भवति । अर्धमात्रश्चतुर्थाक्षरो भवति ।। बिंदुः पंचमाक्षरो भवति नादः षष्ठाक्षरो भवति ।।** શ્રી રામોત્તરતાપિની ઉપનિષદ્ અનુસાર પ્રણવના છ અક્ષરભેદ છે. અકાર, ઉકાર, મકાર, અર્ધમાત્રા, બિંદુ અને નાદ. આ છએ વર્ણ ષડ્ ઐશ્વર્યવાન્ ભગવાનના મહિમાનું ગાન જ છે જે બીજરૂપે ગવાયું છે. અકાર દ્વારા તેમના ઐશ્વર્યનું, ઉકાર દ્વારા વીર્યનું, મકાર દ્વારા યશનું, અર્ધમાત્રા દ્વારા શ્રીનું, બિંદુ દ્વારા જ્ઞાનનું અને નાદ દ્વારા વૈરાગ્યનું નિરૂપણ છે. સમગ્ર વિશ્વમાં પરમાત્માનું સૌથી સંક્ષિપ્ત ગુણગાન ઓમ્કાર છે. અકાર એ ઋગ્વેદનું બીજ છે.

પ્રભુના આધિભૌતિક સ્વરૂપનું પ્રતિનિધિ છે. માટે 'ભૂ:' વ્યાહૃતિ રૂપ છે. જાપકને તે સંસારનાં ઐહિક સુખોનું દાન કરે છે. પ્રણવનો મકાર યજુર્વેદના રૂપે પ્રકટ થયો છે. મકારનું ગાન યજુર્વેદનું ગાન થઈ જાય છે. તેનો જાપક અંતરિક્ષનાં બધાં સુખો મેળવે છે. કેમ કે તેની વ્યાહૃતિ 'ભુવઃ' છે. મકારમાં સામવેદ સમાયેલો છે. સામગાનની શ્રુતિઓ દ્વારા સાધક બ્રહ્મલોક સુધી પહોંચે છે. 'સ્વઃ' વ્યાહૃતિ તેને પારલૌકિક સુખોનું દાન કરે છે.

ऋग्भिरेतं यजुर्भिरन्तरीक्षं सामभिर्यत् तत्कवयो वेदयन्ते ।
तमोंकारेणैवायतनेनान्वेति विद्वान् यत्तच्छान्तमजरममृतमभयं परं चेति ।।

પ્રશ્નોપનિષદ્ના આ મંત્ર અનુસાર ઓમ્ની ઉપાસના ત્રિલોકીનું સુખ ફલિત કરે છે કેમકે એમાં ત્રણે વેદ ગવાયા છે. એમાં અકારરૂપે બ્રહ્માજી, ઉકાર રૂપે વિષ્ણુ અને મકારરૂપે શિવતત્ત્વ બિરાજે છે તેથી પરમાત્માની સંપૂર્ણ ક્રિયાશક્તિનું નિરૂપણ ઓમ્કારમાં થઈ જાય છે.

પ્રણવમાં જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ (ઉપરાંત તુરીય) અવસ્થાઓ, વિશ્વ, તૈજસ્ અને પ્રાજ્ઞ નામક ત્રિવિધ સત્તા પણ છે. વિશ્વસત્તામાં પાર્થિવ તેજ છે, તૈજસમાં અંતરિક્ષીય વિદ્યુતનું તેજ છે. આંખો આંજી દેનાર પણ અલ્પસ્થાયી અને પ્રાજ્ઞ સત્તામાં સૂર્યની સ્થિર પ્રભા છે. ક્રમશઃ આ ત્રણ જ્ઞાનભેદ પણ છે. સાધારણ જ્ઞાન, તેજસ્વી પણ તત્કાલીન જ્ઞાન અને અખંડ, સ્થિર સનાતન પરમજ્ઞાન. માટે '**यः प्रणवमधीते स सर्वमधीते**' જે પ્રણવનું અધ્યયન કરે છે તે સર્વનું અધ્યયન કરે છે.

વેદમાતા ગાયત્રીમાં પણ શ્રીહરિના ગુણગાન ગવાયા છે. 'તત્' પદ વડે ભગવાનની સ્વતઃસિદ્ધિ નિરૂપણ કરવામાં આવી છે. 'સવિતા' દ્વારા ભગવાનને આ સંપૂર્ણ સૃષ્ટિના જન્મદાતા, પોષક અને સંહારક તરીકે વર્ણવાયા છે. સર્વ દૈવીગુણો વડે સંપન્ન હોવાથી તેમનું જ વરણ કરવું જોઈએ માટે તે 'વરેણ્ય' છે. સ્વપ્રકાશ અને સર્વપ્રકાશ હોવાથી તે 'ભર્ગ' છે. દિવ્યાતિદિવ્ય છે માટે 'દેવ' છે. તેમના ધ્યાનથી જીવનું સમસ્ત દુઃખ ટળી જાય છે. તેઓ જ બુદ્ધિ પ્રેરક થઈને સૌને ઘોર તમસમાંથી પરમ તેજમાં, સ્વચરણે લઈ જાય એ પ્રાર્થનીય છે.

પરબ્રહ્મ સ્વયં જેમાં વક્તા છે તે ગીતાજીમાં ય ભગવાનના મહિમાનું અપૂર્વ ગુણગાન છે. 'મારામાં મન લગાડીને, મારો આશ્રય લઈને યોગ સાધ. હું તને જે જણાવું છું તે જાણ્યા પછી તારે કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. હું જ સમગ્ર જગતનો ઉત્પાદક (નિર્વાહક) અને સંહારક છું. મારાથી અધિક શ્રેષ્ઠ બીજું કાંઈ

પણ નથી. હું સર્વમાં રહેલો છું. આકાશ, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જલ વિગેરેમાં બુદ્ધિમાનોમાં, તેજસ્વીઓમાં, બળવાનોમાં હું જ બુદ્ધિ, તેજ અને બળરૂપે રહેલો છું. મારા શરણે આવ્યા સિવાય મારી આ દૈવી માયાને પાર કરવી મુશ્કેલ છે. સર્વનાં ભૂત, વર્તમાન અને ભવિષ્યને હું જાણું છું. મારા અનન્ય ભક્તના યોગક્ષેમનો હું નિર્વાહ કરું છું. ઐશ્વર્યવાળી, શોભાવાળી બળપ્રાણવાળી જે જે વસ્તુઓ છે તે મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલી છે. હું ક્ષરથીય પર છું ને અક્ષરથી ય પર છું તેથી મને સૌ 'પુરુષોત્તમ' કહે છે. તું મારામાં મનવાળો, મારો ભક્ત થા, તેથી તું મને જ પામીશ. આ મારી પ્રતિજ્ઞા છે. સર્વ ધર્મોને છોડીને તું મને એકને શરણે આવ, હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક ન કર.' આમ સ્વયં ભગવાન જ ભક્ત આગળ પોતાના મહિમાનું ગાન કરે તો એમાં કહેવું જ શું ?

બ્રહ્મસૂત્ર અને ભાગવતાદિ પુરાણો પણ પ્રભુના મહિમાનું ગાન કરે છે. આરંભથી જ **जन्माद्यस्य यतः** દ્વારા આ સમગ્ર જગતના અભિન્નનિમિત્ત અને ઉપાદાન કારણ તરીકે પરબ્રહ્મનું નિરૂપણ કરે છે. પ્રભુને વિચાર થયો કે અનેક નામ, રૂપ ધારણ કરીને પ્રકટ થાઉં **सोऽकामयत । बहुं स्यां प्रजायेयेति । स तपोऽ तप्यत । स तपस्तप्तवा इदं सर्वमसृजत यदिदं किं च । तत्सृष्ट्वा तदेवानुप्राविशत्** ..... અને તેમણે આ સર્વ જડચેતનમય સૃષ્ટિની રચના કરી. વળી તેઓ સ્વયં પોતાની રચનામાં પોતે પ્રવેશ્યા (જેમ કરોળિયો પોતે રચેલા જાળામાં રહે છે તેમ.) **यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभि संविशन्ति ।** તૈત્તિરીય ઉપનિષદ્‌માં વરુણ પોતાના પુત્ર ભૃગુને ઉપદેશ આપતાં કહે છે કે, 'આ પ્રત્યક્ષ દેખાતા બધાં જ પ્રાણીઓ જેનાથી ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈને જેના સહયોગથી, તેના આશ્રયે બધા જીવી રહ્યા છે અને અંતે જેની અંદર વિલીન થઈ જાય છે તેને વાસ્તવમાં જાણવાની ઇચ્છા કર, તે જ બ્રહ્મ છે.

वंदेऽहं तमशेष कारणपरं रामाख्यमीशं हरिम् સર્વ કારણોના કારણ રૂપ, સ્વચરણાશ્રિત જીવને સંસારથી પાર કરી દેનારા શ્રી રામરૂપ હરિને વંદન. માનસના આરંભે, મધ્યે અને વિરામે શ્રીહરિના મહિમાનું ગાન જ મુખ્ય છે. આમ, એકાક્ષર બ્રહ્મ ઓમકારથી માંડીને ગાયત્રી, ચાર વેદ, છ વેદાંગો, ષડ્દર્શનો, અષ્ટાદશ પુરાણો, ઇતિહાસ અને સ્મૃતિગ્રંથો : આ બધા યમાં પ્રભુમહિમાનું જ ગાન કરે છે.

એક વક્તાની સામે વિષયના રૂપમાં અસ્તિત્વ અસીમ રૂપે ફેલાયેલું પડ્યું છે. મતિ મર્યાદિત છે, આયુષ્ય અલ્પ છે અને વિષય વિરાટ છે. એક તો ભગવાનનાં અનંત

સ્વરૂપ, અપાર લીલા **हरि अनंत हरि कथा अनंता** છે. ઉપરાંત આપણાં શાસ્ત્રો ઐહિક અને પારલૌકિક વિષયોની દૃષ્ટિએ પણ રત્નાકર રૂપ છે. માનવજીવનના એક પણ પાસાનું નિરૂપણ કરવાનું આ શાસ્ત્રોએ બાકી રાખ્યું નથી.

સંસારનાં સ્વરૂપ, માયાનાં પ્રભાવ, જ્ઞાન, ભક્તિ અને કર્મમાર્ગ, યોગમાર્ગ, શિલ્પ, સ્થાપત્ય, શસ્ત્રવિદ્યા, સંગીતકલા, આયુર્વેદ, જ્યોતિષ, વ્યાકરણ, સાહિત્ય, છંદશાસ્ત્ર, યજ્ઞવિધિ, ષોડશસંસ્કાર, વાસ્તુશાસ્ત્ર, પૂજાકર્મ, તપસ્યા, ઉપાસના જેવા વિષયો...

ધર્મનાં વિવિધ પાસાં જેમ કે સત્ય, તપ, દયા, પવિત્રતા, ક્ષમા, ત્યાગ, સંતોષ, સરળતા, શમ, દમ, સામ્ય, તિતિક્ષા, ઉપરતિ, શાસ્ત્રાધ્યયન, જ્ઞાન, વિરક્તિ, ધૈર્ય, મૃદુતા, વિનયશીલતા, શીલ, ગંભીરતા, સ્થિરતા, દૃઢતા, નિરહંકારિતા જેવા સદ્‌ગુણોનું નિરૂપણ...

માનવીય જીવન, માનવીની દેહ સંબંધી અને સ્વભાવ સંબંધી મર્યાદા, મોટાઓની ય ક્ષતિઓ, જીવનમાં અનુભવાતાં સુખદુઃખ, હર્ષશોક, લાભહાનિ, જેવા અનુભવો, માનવીનાં પારિવારિક, સામાજિક વલણો. મિત્રો, તટસ્થો અને શત્રુઓ પ્રત્યેના વ્યવહાર, અન્યના સુખને માટે સ્વસુખ પરિત્યાગ, કર્તવ્યપાલન, માનવીય જીવનનાં હેતુ....

માનવજીવનનું તાત્ત્વિક પાસું. આ જગત શા માટે છે ? મારું અસ્તિત્વ શું છે ? શા માટે છે ? આપણે ક્યાંથી આવ્યા ? ક્યાં જવાના ? આ બધું જે છે તે સાર્થક છે કે વ્યર્થ છે ? બંધન અને મુક્તિ શું ?

માનવી પાપથી કેવી રીતે બચી શકે ? કામક્રોધલોભ જેવા નરકના દ્વારથી દૂર રહેવા શું કરવું જોઈએ ? માનવીને મનની સાચી શાંતિ કેમ મળતી નથી ? એ ક્યારે અને શું કરવાથી સાંપડે ? માનવીની સાચી સંપદા કઈ ?...

દેવત્વ એટલે શું અને અસુરત્વ એટલે શું ? સ્વર્ગ એટલે શું અને નરક એટલે શું ? માનવી સંપૂર્ણ સ્વતંત્ર છે કે પરાધીન ? પ્રારબ્ધ અને પુરુષાર્થનાં મૂલ્યો કેટલાં ?.....

આપણાં પુરાણોએ સૌને પ્રતિનિધિત્વ આપ્યું છે. દેવ, પિતૃઓ, ઋષિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, શુદ્રો, પશુપક્ષી, અસુરો, પ્રેતરાક્ષસો, વૃક્ષો, પર્વતો, [illegible], સાધુજનો અને દુર્જનો, જ્ઞાનીઓ અને મહામૂર્ખજનો, માતાપત્ની

ભગિનીપુત્રી રૂપે સ્ત્રીઓ, સંસારીઓ અને સંન્યાસીઓ, રાજા અને રંક સૌનું જીવનદર્શન પુરાણોમાં જોવા મળે છે. આમ છતાં, આવું બધું જ વર્ણવાતું હોવા છતાં તેના કેન્દ્રમાં 'શ્રીહરિ' છે.

वेदे रामायणे चैव पुराणेषु च भारते ।
आदिमध्यावसानेषु हरिरेकोऽत्र नापरः ।।

સર્વસત્શાસ્ત્રોના આરંભમાં, મધ્યમાં અને અંતમાં શ્રીહરિ જ બિરાજે છે. શબ્દ રૂપે, અર્થ રૂપે, કથા રૂપે, સાધન રૂપે તેમજ સાધ્ય રૂપે શ્રીહરિ જ બિરાજે છે.

૨

કથા મહિમા

ભગવાનના કરતાં ભગવાનની કથાનું ઉત્તરદાયિત્વ મોટું છે. પ્રભુ તો કેટલાક સમય માટે ભૂતળ પર બિરાજીને અવતારકાર્ય સંપન્ન થતાં નિજ ધામ પધારે છે પરંતુ ભગવાનની કથાએ અનંત કાળ સુધી માનવસમાજની વચ્ચે રહીને સંસારમાંથી મુક્તિ જેવાં કાર્યો કરવાનાં છે. પ્રભુના અવતાર વપુની આવિર્ભાવ તિરોધાન લીલાઓ વર્ણવાઈ છે. પરંતુ કથાનો આવિર્ભાવ અવશ્ય છે, તિરોભાવ ક્યારે ય નથી કેમકે ભગવાનની કથાએ ભગવાનનાં જ કાર્યો કરવાનાં છે. ભગવત્પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભગવત્કથા જ ભક્તોની ભક્તિનો નિર્વાહ કરે છે. અથવા કહો કે ભગવત્કથા રૂપે, ભગવન્નામ રૂપે અને ભગવદ્ધામ રૂપે ભગવાન સ્વયં કરુણા વરસાવી રહ્યા છે.

સર્વત્ર જ્ઞાન :

ભગવાનના મહત્તમ અને પાવન યશનું સર્વત્ર ગાન થાય છે. ભગવત્કથા ચૌદે ભુવનમાં વ્યાપી રહેલી છે. સર્વોપરી એવા સત્યલોક વિ.માં બ્રહ્માજી તેમજ સનકાદિ નિત્ય કથાગાન કરે છે, ધ્રુવલોક સુધી બૃહસ્પતિ ગાય છે, ભૂમિ પર વ્યાસ, વાલ્મીકિ વિ. છે તો પાતાળમાં સંકર્ષણ વિ. હરિકથાના ગાનમાં નિરત છે.

बुध विश्राम सकल जनरंजनी । रामकथा कलिकलुष विभंजनी ।।

હરિકથા પંડિતોને વિશ્રામ આપનારી, સર્વપ્રાણીઓને આનંદ આપનારી અને કલિનાં પાપોનો નાશ કરનારી છે. સામાન્ય રીતે એવું બને છે કે પંડિતોને વિશ્રામ આપનારી વાત હોય છે તે સર્વસાધારણ માનવીને સુખદાયક નથી હોતી અને સામાન્ય માનવીને જ્યાં સુખ પડે એ વાત 'બુધ વિશ્રામ' નથી હોતી. પંડિતો અનેક શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરે છે. જેટલાં વધુ શાસ્ત્રો વાંચશે તેટલી ગૂંચ વધશે. અનેક શાસ્ત્રો ભણીને શ્રમિત થયેલા પંડિતોને હરિકથામાં વિશ્રામ સાંપડે છે.

શાસ્ત્રો પરિશ્રમને વધારનારાં જ હોય છે કેમકે **नैको मुनिर्यस्य वचः प्रमाणम्** ઋષિમુનિઓના વાક્યમાં સિદ્ધાંતભેદ હોવાથી મતિ વધુ ગૂંચવાય છે. વળી, પંડિતોને પ્રમાણમાં વધુ નિષ્ઠા હોય છે. શું પ્રમાણ અને શું અપ્રમાણ એમાં જ અનિર્ણિત સ્થિતિ રહ્યા કરે. હરિકથાની નિષ્ઠા પ્રમાણ કરતાં પ્રમેયમાં જ હોય છે. માટે હરિકથા સાચે જ બુધજનોને વિશ્રામરૂપ થઈ જાય છે.

गुणगाने सुखावाप्ति गोंविंदस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः

ગોવિંદના ગુણગાનમાં શ્રી શુકદેવજી જેવા મહાયોગીઓને અતિસુખ સાંપડે છે. જેવું સુખ એમને ગુણગાનમાં સાંપડે છે તેવું તો એમને સમાધિમાં, આત્મસુખ રૂપે ય સાંપડતું નથી. જો સમાધિમાં ય ન સાંપડે તો બીજે તો કેવી રીતે સાંપડે ? શ્રી શુકદેવજીમાં જ્ઞાન પણ છે. જો એમને (એમના જેવા જ્ઞાનીભક્તને) સૌથી વધુ સુખ હરિગુણગાનમાં જ સાંપડતું હોય તો પછી અન્ય કોઈએ સુખી થવા માટે અન્ય ઉપાયો (જ્ઞાન અને ભક્તિમાં પણ) કરવાની આવશ્યકતા જ નથી. (શ્રીમદ્ વલ્લભાચાર્યજીકૃત નિરોધ લક્ષણ.)

સંસારમાં ત્રણ પ્રકારના જીવ છે : મુક્ત, મુમુક્ષુ અને વિષયી. આ ત્રણેના અધિકારમાં, કથામાં ભારે ભેદ છે. આ ત્રણેને પ્રિય હોય, સુખકર હોય એવી કોઈ એક વસ્તુ આ સંસારમાં હોય એ પ્રાયઃ અસંભવ છે. પરંતુ 'કથા', રામકથા, ગોવિંદના ગુણગાન ત્રણે ય ને સુખ આપનારી છે.

શ્રી ભાગવતજીના દશમસ્કંધના પ્રારંભમાં પરીક્ષિતે કહ્યું છે કે,

निवृत्ततर्षैरुपगीयमानाद् भवौषधाच्छोत्रमनोभि रामात् ।
क उत्तम श्लोक गुणानुवादात् पुमान् विरजयेत विना पशुघ्नात् ।।

ભગવાનનાં ચરિત્રો સ્વરૂપથી ઉત્તમ છે, ફલથી ય ઉત્તમ છે, ઇષ્ટ સંબંધની દૃષ્ટિએ પણ ઉત્તમ છે અને વિષયની ઉત્તમતાના કારણે ય ઉત્તમ છે. સંસારની સમગ્ર તૃષ્ણાઓથી પર થઈ ગયેલા મુક્ત પુરુષો ભગવત્કથાનું ગાન કરે છે, કથા સંસારરૂપી રોગની ઔષધિ છે અને કાન અને મનને આનંદ આપનારી છે. આવી, ભગવાનના ગુણગાનરૂપ કથાથી કોણ વિરક્ત થાય ? કોણ કથા છોડે, જેને પોતાનો પોતે જ વિનાશ કરવો હોય એ કથા છોડે ! ભગવાનનાં ચરિત્રો ફલરૂપ

છે માટે બ્રહ્માનંદ (મુક્તિના સુખ) કરતાંય અધિક રસરૂપ છે માટે સ્વરૂપથી ઉત્તમ છે. આનું ગાન મુક્ત પુરુષો રસપૂર્વક કરે છે. સહજ સ્વભાવથી કરે છે, સાધનબુદ્ધિથી નહીં પરંતુ ફલના રસાસ્વાદના અનુભવ રૂપે કરે છે. સાધનમાં શ્રમ હોય છે, ફલમાં વિશ્રામ, માટે કથા 'બુધ વિશ્રામ' રૂપ છે.

જે બુધજનો નથી, મુક્ત નથી પરંતુ મુમુક્ષુ અવશ્ય છે એમને ય ભગવત્કથા સુખદાયી છે, જ્યારે કોઈ સાધન સાધનદશામાં ય ક્લિષ્ટ ન થતું હોય ત્યારે તે સુખરૂપ જ થાય છે. દુઃખમાંથી, સંસાર ક્લેશમાંથી તો સૌને મુક્ત થવું છે. માટે એ અર્થમાં પ્રત્યેક મુમુક્ષુને સાધનરૂપ હોવા છતાં ય હરિગુણગાનમાં સુખ થશે જ. (જેમ શ્રીહરિ દુઃખહર્તા છે તેમ હરિકથા પણ સાધના સાધનશ્રમનું દુઃખ દૂર કરનારી છે.) કથા સંસારના જન્મમરણાદિ રોગનો નાશ કરવા માટે ઔષધિ રૂપા છે. જે શ્રોતાઓ કથા અમારી ઉપર ઉપકાર કરનારી છે એમ સમજીને શ્રવણ કરે છે, ગુણગાન કરે છે તેઓને માટે તો કથા કર્મ, જ્ઞાન, અરે ભક્તિથી ય વિશેષ ઉત્તમ સાધન છે, મોક્ષ માટે.

औषधं हि रोगनिवृत्तौ न पुरूषव्यापारमपेक्षतेऽन्तः प्रवेशनातिरिक्तम् ।

अत्र च अंतः प्रवेशः श्रवण द्वार । શ્રી મહાપ્રભુજી સુંદર રીતે સમજાવે છે, રોગનો નાશ કરવા માટે રોગીએ માત્ર એટલો જ પ્રયત્ન કરવાનો હોય છે કે તે દવા પીવી ! શરીરમાં જતાં જ દવા પોતે જ રોગના નાશનું કામ કરી લેશે, એ માટે રોગીએ કોઈ પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી. બસ, એ જ પ્રકારે ભગવત્કથા કર્ણ દ્વારા અંદર ઉતારવામાં આવે તો ભવરોગનો નાશ કરી જ દે છે.

વળી, એક બીજી મહત્ત્વની વાત એ કે, પ્રાયઃ વૈદ્યની દવા સ્વાદમાં કટુ હોય છે તેથી તે પીવી પડે છે, પીવામાં કોઈ આનંદ આવતો નથી. પરંતુ આ ભવૌષધિ સ્વાદમાં એવી મધુર છે કે પીતાં તૃપ્તિ ન થાય.

वयं तु न वितृप्याम उत्तमश्लोक विक्रमे ।
यच्छृण्वतां रसज्ञानां स्वादु स्वादु पदे पदे ।।

શૌનક શ્રી સૂતજીને કહે છે, ભગવત્કથાના સ્વરૂપને જે નથી જાણતા તે થોડાક સમય કથાશ્રવણ કરીને નિવૃત્ત થઈ જાય છે. પરંતુ જે રસજ્ઞ છે, તે કથામાં પ્રવૃત્ત જ રહે છે. કથામાંથી નિવૃત્તિ ત્રણ પ્રકારે સંભવ છે : (૧) જો બીજા કશામાં

કથા કરતાં ય ઉત્તમ રસ હોય. (૨) કથા શ્રવણ કરવા જ ન મળે અથવા (૩) જીવ રસજ્ઞ, રસિક ન હોય.

અમને ઉપરોક્ત પ્રથમ કારણની સંભાવના નથી. કેમકે બ્રહ્માનંદનો અનુભવ કરનારા મુક્ત પુરુષોય ભગવત્ ચરિત્રનું ગાન કરે છે. એટલે એનાથી ઉત્તમ સુખ બીજું કશું જ નથી. બીજા કારણની સંભાવના નથી કેમકે ભગવાનનાં દિવ્ય ચરિત્રો, પરાક્રમો સર્વત્ર પ્રકટે છે. જ્યાં જ્યાં ભગવાનની લીલાઓ થાય છે ત્યાં ત્યાં તે લીલાનું ગાન પણ થાય છે જ. માટે કથા ચૌદે ભુવનમાં ક્યાં ય દુર્લભ નથી (એટલે જ શ્રી ગોપીજનોએ કથામૃત ને આતતં - સર્વવ્યાપી કહ્યું.) વળી રસજ્ઞ ન હોવાની સંભાવના પણ નથી. જેમ ભોજન બનાવવાની કલાથી ભૂખનું દુઃખ શાંત થતું નથી, ભોજનની ઇચ્છાથી ય દુઃખ શાંત થતું નથી. ક્ષુધાનું દુઃખ તો શાંત થાય છે માત્ર ભોજન કરવાથી. એમ કથારસનું જ્ઞાન શ્રવણ કરવાથી જ થઈ જાય છે. એક વાર કોઈને રસાસ્વાદ મળી જાય તો એ પછી કદી વિરક્ત થતો નથી. માટે જ કથા ઔષધિ હોવા છતાં રંજની (આનંદ આપનારી) છે. કલિના પ્રભાવથી મનુષ્યના જીવનમાં જે પાપોનો પ્રવેશ થાય છે તેનો નાશ કરવામાં કથા ઔષધિરૂપા છે. કથા તો પાપના મૂળ કારણરૂપ અવિદ્યાનો ય નાશ કરી દે છે. પાપ કરાવનાર કારણ જ નષ્ટ થઈ જાય તો પાપ સંભવે જ નહીં. નિર્બીજ ભૂમિમાં જેમ વૃષ્ટિ કાંઈ પણ ઉત્પન્ન કરી શકતી નથી એમ કથાથી નિષ્પાપ થયેલી ચિત્ત ભૂમિ પર કલિની વર્ષા કાંઈ ઉત્પન્ન નહીં કરી શકે. મુમુક્ષુ જીવને માટે કથા કલિકલ્મષનો નાશ કરીને તેની મુક્તિના ઉપાયને સરળ કરી દે છે.

ભગવત્કથા વિષયી જીવને પણ સુખ દેનારી છે. તે 'શ્રોત્રમનોભિરામા' છે. શ્રવણ કરનારા કાન અને મનને આનંદ આપનારી છે. કલિકલ્મષનો નાશ કરનારી શક્તિ ક્લેશ જન્માવનારી નથી પણ સકલજનનું રંજન કરનારી છે. માટે સૌને એમાં સુખ પડશે જ. અહીં સકલજનમાં આસુરી જીવોને બાકાત ગણવા જોઈએ કેમકે આસુરી જીવોના કર્ણમાં કથાનો પ્રવેશ થતો નથી. રસ પિવાય જ નહીં તો આસ્વાદ ક્યાંથી સાંપડે ? ઔષધિ શરીરમાં પ્રવેશે જ નહીં તો રોગ ક્યાંથી મટે ? આસુરી બુદ્ધિના, અનધિકારી જીવો માટે, ભગવત્કૃપાથી વંચિત જીવો માટે કથા નથી સાધનરૂપી કે નથી ફલરૂપી.

કથા જ્ઞાનયજ્ઞ છે.

ભાગવત માહાત્મ્યમાં, જ્ઞાન-વૈરાગ્યને પ્રબુદ્ધ કરવાના પ્રયાસોમાં જ્યારે શ્રી

નારદજીને સફળતા સાંપડતી ન હતી ત્યારે આકાશવાણીએ 'સત્કર્મ' રૂપી ઉપાય કરવાનું કહ્યું. આ 'સત્કર્મ' ત્રિકાલજ્ઞાની મુનિજનોએ આ લોકમાં કલ્યાણ સાધનારા ઘણા માર્ગો પ્રકટ કર્યા છે. પરંતુ આ બધા જ માર્ગો શ્રમસાધ્ય છે. ભારે પરિશ્રમ કરવા છતાં આ માર્ગોમાં ફલ તો સ્વર્ગપ્રાપ્તિ જ છે ! શ્રીહરિની પ્રાપ્તિ કરાવી આપે એવો સરલ માર્ગ છે જ પરંતુ તે પ્રકટ નથી. આ સરલ માર્ગ દેખાડી શકે એવા ઉપદેશક, ગુરુજનો સદ્‌ભાગ્ય હોય તો જ પ્રાપ્ત થાય છે. હું તમને સમજાવું છું કે આકાશવાણીએ જે 'સત્કર્મ' કરવાનું કહ્યું છે તે કયું સત્કર્મ. આપ પ્રસન્ન થઈને ચિત્ત એકાગ્ર કરીને શ્રવણ કરો. હુતદ્રવ્યોથી થતા દ્રવ્યયજ્ઞો, તપશ્ચર્યારૂપી યજ્ઞ, યોગરૂપી યજ્ઞ, સ્વાધ્યાય યજ્ઞ કે સોમયાગાદિ યજ્ઞો, તે બધા વૈદિક કર્મને જ સૂચવનારા યજ્ઞો છે. તે યજ્ઞો 'કર્મ' સૂચક છે, સત્કર્મસૂચક નથી જ. **सत्कर्म सूचको नूनं ज्ञानयज्ञः स्मृतो बुधैः** વિદ્વજ્જનોએ તો 'જ્ઞાનયજ્ઞ'ને જ નિશ્ચયપૂર્વક સત્કર્મ રૂપે સૂચવેલો છે માટે તો શ્રી શુકદેવજી જેવા મુનિવર્યો પણ ભગવત્કથાના આલાપ-વાર્તાલાપ સતત કર્યા કરે છે. આમ શ્રી સનકાદિ મુનિજનોએ જ્ઞાનયજ્ઞને સત્કર્મ તરીકે માન્યતા આપીને અન્ય ઉપાયો કરતાં કથાનો આશ્રય કર્યો છે.

શ્રી ભાગવતજીના અંતમાં પણ **यस्मिन् पारमहंस्यमेकममलं ज्ञानं पर गीयते** કહીને શ્રી ભાગવતજીને **ज्ञानप्रदीपः** કહ્યું છે, આ ભાગવતજીમાં પરમહંસોને પ્રિય, પરમહંસોને ય ઉપયોગી એવું નિર્મલ જ્ઞાન, સર્વોચ્ચ જ્ઞાન ગાવામાં આવ્યું છે. (જ્ઞાનમાં સ્નેહ મળે છે માટે કહેવામાં નહીં પરંતુ ગાવામાં આવ્યું છે.) વળી, શ્રી બ્રહ્માજીને માટે ભગવાન નારાયણે પ્રકટાવેલા અનુપમ જ્ઞાનદીપ તે આ જ ભાગવત.

હરિકથા જ્ઞાનનું દાન કરે છે પરંતુ મુક્તિ નિરપેક્ષ ભક્તોને મુક્તિના સાધનરૂપ જ્ઞાનની કશી આવશ્યકતા નથી. ભગવત્કથાથી જે જ્ઞાન સાંપડે છે તે ભક્તિના કારણરૂપ છે. રસને ધારણ કરી રાખવામાં જ્ઞાનની કલાત્મકતા છે. **सम जम नियम कूल फल ग्याना । हरि पद रति रस बेद बखाना ।।** યમ નિયમ પુષ્પો છે, જ્ઞાન ફલ છે. ફલ અંતિમ તત્ત્વ નથી. ફલનું સેવન તેની અંદર છુપાયેલા રસ માટે કરવામાં આવે છે. એ વાત નક્કી કે કથાનું ફલ જ્ઞાન છે પરંતુ એ જ્ઞાનફલમાં હરિપદરતિ નામનો એક મધુરાતિમધુર રસ છુપાયેલો હોય છે. ફલ પ્રકટ વસ્તુ છે, સૌ કોઈ જોઈ શકે છે પરંતુ રસની અનુભૂતિ તો એને જ થાય છે કે જેના હાથમાં ફૂલ સુલભ થયું હોય. સાર એ કે સત્કર્મના ફલરૂપે જ્ઞાન છે અને જ્ઞાનના

ફલરૂપે ભક્તિ છે ભક્તિ ફલનું ય ફલ છે. કથા વક્તાશ્રોતાને ભક્તિમય બનાવે જ છે. ભગવચ્ચરણકમલની રતિ માંગ્યા બાદ ભક્તે કાંઈ જ માંગવાનું રહેતું નથી માટે ભક્તિ પરમપુરુષાર્થ છે.

ભક્તિ અને ભગવત્કથા

ચાર વેદથી લઈને આજ પર્યંત જે શાસ્ત્રો, સિદ્ધાંતો નિરૂપણ થયાં છે તેમાં લૌકિક, પારલૌકિક ફલપ્રાપ્તિ માટે મુખ્યતઃ ત્રણ માર્ગો વિચારાય છે. તે કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ.

કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગથી ભગવાનની પ્રાપ્તિરૂપે ફલ સાંપડે છે એમાં કોઈ શંકા નથી પરંતુ ભગવાનનો પ્રેમ સંપાદન કરનારું કોઈ સાધન હોય તો તે ભક્તિ જ છે. મહાત્માઓએ ભાવભક્તિ સિવાયનાં અન્ય સાધનોને અપર્યાપ્ત પણ ગણાવ્યાં છે. યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞ, પ્રવચન, વેદાભ્યાસ અને સંન્યાસથીય, પ્રયત્ન કરવા છતાં ભગવાનનાં દર્શન દુર્લભ છે. આવા પ્રભુ ગોપીઓ, ગાયો, હરણાંઓ, વૃક્ષો કે કેટલાય મૂઢ બુદ્ધિના જીવોને, ક્વચિત્ અસુર જાતિમાં જન્મેલાને ય ભાવભક્તિ વડે સરળતાથી મળ્યા છે. વેદની વિધિરૂપ અને નિષેધરૂપ આજ્ઞાઓ, પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગની દુવિધા, શ્રુત અને શ્રોતવ્ય : આ બધાનો ત્યાગ કરીને એકમાત્ર ભગવાનનાં ચરણોમાં નિઃસાધનાપૂર્વક, ભાવપૂર્વક શરણે જવાની સ્વયં ભગવાન આજ્ઞા કરે છે, એ દર્શાવે છે કે બધા માર્ગોમાં ભક્તિમાર્ગ ઉત્તમ છે અને ભક્તિમાર્ગ જ ભગવાનને પ્રિય છે.

सहनं खननं गंगातीरस्थितिवदेव तत् ।

सांख्यो योगस्तथा भक्तिस्तत्र प्रेमाति सौख्यदम् ।। (તત્ત્વદીપ નિબંધ)

તૃષાદુઃખ નિવારણના ઉદાહરણથી સમજીએ. માનવીને તૃષાનું દુઃખ રહે એ સ્વાભાવિક છે. આ દુઃખને દૂર કરવાના ત્રણ ઉપાય છે. ૧. **'सहनम्'** મનુષ્ય ધૈર્ય ધારણ કરીને સહન કરે. હું દેહ નથી, તૃષા તો દેહનો ધર્મ છે, મારો નહીં, દેહધર્મનો તિતિક્ષાપૂર્વક નિર્વાહ કરવો જોઈએ વિ. ૨ : બીજો ઉપાય છે, તૃષાના દુઃખનું નિવારણ કરવા માટે **'खननम्'** કૂવો ખોદવો અને પાણી કાઢીને પીવું અને ત્રીજો ઉપાય છે **'गंगातीर स्थिति'** જેમાં જળનો કદી અભાવ વર્તાતો નથી એવી ગંગાજીના કિનારે જ નિવાસ કરવો કે જેથી જ્યારે તૃષા લાગે ત્યારે જળ સુલભ બની રહે અને તે ય પરમ પુણ્યકારી એવું ગંગાજલ !

આમ, સંસારના દુઃખનિવારણ માટે પણ ઉપાયો છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ જ્ઞાનમાર્ગ એ **'सहनम्'** પ્રકાર છે. જ્ઞાની મનને મનાવે છે કે સંસારનાં દુઃખો અજ્ઞાનજનિત છે, અવાસ્તવિક છે. સુખ અને દુઃખ બંને મનના ખેલ છે માટે તેને સહન કરી લેવાં. કર્મમાર્ગ એ **'खननम्'** પ્રકાર છે. કર્મમાર્ગ એમ માને છે કે પ્રત્યેક દુઃખના નિવારણ માટે કૂવો ખોદીને જલ કાઢવા માટે પુરુષાર્થવાન બનવું જોઈએ. પરંતુ આ બંને સાધનો ઉત્તમ નથી, જ્ઞાની દુઃખ સહન કરે છે પરંતુ સહન કરવામાં ય કષ્ટ તો છે જ, કર્મમાર્ગીને ય કૂવો ખોદવામાં કષ્ટ તો છે જ, બધામાં સહન કરવાની કે ખનન કરવાની શક્તિ હોતી નથી, જ્યારે ભક્તિમાર્ગ અતિસરળ માર્ગ છે. અહીં તો દુઃખનિવૃત્તિ સરળ છે અને કાયમને માટે છે. જેણે ગંગાકિનારે નિવાસ કર્યો છે તેને જળ ક્યારે ય દુર્લભ થતું નથી એમ સંસારદુઃખોની સદાયને માટે નિવૃત્તિ કરવી હોય, વિના શ્રમે સુખ નિશ્ચિત રીતે સંપાદન કરવું હોય તો ભક્તિમાર્ગ જ અપનાવવો જોઈએ.

ભક્તિમાં ય ઉત્તમ તત્ત્વ 'પ્રેમ'નું છે. ગંગાતીરે વસતો જીવ કદાચ ક્યારેક અતિદુર્બલતાના કારણે, અસ્વસ્થતાના કારણે નદી સુધી જઈ ન શકે અને એને ગંગાજી પર અતિસ્નેહ હોય તો સ્વયં ગંગાજી ઝારી ભરીને તેને જલ પિવરાવી આવે એવાં કૃપાળુ છે. એમ ભક્તને ભગવાન પર ઉત્કટ શુદ્ધ પ્રેમ હોય તો ભગવાન સ્વયં શ્રમ લઈને ભક્ત પાસે પધારે છે અને તેને દર્શન આપે છે. આમ, પ્રેમતત્ત્વ સૌથી મહાન છે.

આ 'પ્રેમતત્ત્વ' પ્રકટ કરવામાં સૌથી વધુ સહાયક થાય છે, હરિકથા. એ સાર્વત્રિક નિયમ છે કે, જેના ગુણ વિશે, સુખદાયક હોવા વિશે, સુંદરતા, મહત્તા અને પ્રભુતા વિશે જાણવામાં આવે તેનામાં અનુરાગ થાય છે(ગુણજ્ઞાનથી રાગ જન્મે છે. દોષજ્ઞાનથી દ્વેષ.).

જેમાં ભગવાનની અવતારલીલાઓનું વર્ણન છે એવાં રામાયણ, ભાગવત આદિ શાસ્ત્રો 'ભાગવત શાસ્ત્ર' કહેવાય છે. 'ભાગવત્પ્રેમજનકં શાસ્ત્રં ભાગવતમ્' આવાં પૂર્ણપુરુષોત્તમ પ્રભુની અવતારલીલા, સાકાર સ્વરૂપના સ્વભાવ-પ્રભાવના નિરૂપણનું સ્વઅધિકારપૂર્વક તે શાસ્ત્રના હાર્દને, તત્ત્વાર્થને સમજતાં સમજતાં, કોઈ ભગવદીયના મુખેથી શ્રવણ કરવામાં આવે તો માત્ર એક જ વાર શ્રવણ કરવાથી નિશ્ચિતરૂપે પ્રભુમાં સ્નેહ જાગે છે.

એમાંય શ્રોતા સંસારથી વિરક્ત હોય, શ્રદ્ધાવાન હોય એટલે કે એ અસંભાવના કે અન્યથાભાવ જેવા સંશયદોષોથી મુક્ત હોય, તીર્થવાસ, વ્રત આદિ સાધનો વડે એનું અંતઃકરણ શુદ્ધ થયેલ હોય તો આ ભાગવતશાસ્ત્રોમાંથી ભગવાનની એકાદ લીલાનું શ્રવણ કરે તો ય તેને પ્રભુમાં પ્રેમ જાગી જાય છે.

વક્તા અને શ્રોતા વચ્ચેનો કથાપ્રસંગ માત્ર ભગવત્પ્રેમ સંપાદન કરવાના હેતુથી જ થતો હોય, બંને નિષ્કામ અને સત્સંગના મહત્ત્વના જાણનારા વિવેકવાન હોય તો કથાનો આવિર્ભાવ થતાં જ પ્રેમનો આવિર્ભાવ થઈ જાય છે.

પદ્મપુરાણાન્તર્ગત શ્રી ભાગવત માહાત્મ્યનો આ પ્રસંગ સર્વવિદિત છે જ કે અકાળ વૃદ્ધત્વ પામેલા જ્ઞાન અને વૈરાગ્ય તેમજ વિષાદમાં ડૂબેલી વ્યક્તિ ભગવતીના દુઃખનું નિવારણ ભાગવતકથાના ઉપાય વડે જ થયું છે. જે કાર્ય વેદવેદાંતના ઘોષ દ્વારા ન થઈ શક્યું, ગીતાપાઠ દ્વારા ન થઈ શક્યું તે ભગવાનના અવતારપ્રસંગોની કથા વડે થઈ શક્યું.

જે હરિકથા સ્વયં ભક્તિદેવીને પોષણ આપે તે ભક્તોને કેમ ન આપે ? ભગવાન જો ભક્તિને આધીન છે તો ભક્તિ ભગવત્કથાને આધીન છે. ભક્તિનું પ્રાકટ્ય, સંવર્ધન અને સંરક્ષણ કથા દ્વારા, હરિ ગુણગાન દ્વારા થાય છે એમાં સંશય રાખવાની જરૂર નથી.

કથાતીર્થ

કથાતીર્થની જેને પ્રાપ્તિ થઈ હોય તેને અન્ય તીર્થની આવશ્યકતા રહેતી નથી કેમ કે આ મહાતીર્થ છે. સર્વ તીર્થો કથાતીર્થમાં સમાય છે.

हरि हरि हरि हरि सुमिरन करो । हरि चरणारविंद उर धरो ।।
हरि की कथा होई जब जहाँ । गंगाहू चलि आवै तहाँ ।।
यमुना सिंधु सरस्वती आवै । गोदावरी विलंब न लावै ।।
सर्व तीर्थको वासा तहाँ । 'सूर' हरिकथा होवै जहाँ ।।

સૂત ઉવાચ....

तत्रैव गंगा यमुना च वेणी, गोदावरी सिंधु सरस्वती च ।
सर्वाणि तीर्थानि वसंति तत्र, यत्राच्युतोदार कथा प्रसंगः ।।

જ્યાં હરિકથાનો પ્રસંગ ચાલી રહ્યો છે ત્યાં સર્વ તીર્થો સામે ચાલીને આવે છે. ગંગા, યમુના, સરસ્વતી, સિંધુ, ગોદાવરી, વેણી જેવી પાવન સરિતાઓ તેમજ કાશી, મથુરા, પ્રયાગ જેવાં સકલ તીર્થો જ્યાં હરિકથા થાય છે ત્યાં પધારે છે. માત્ર પધારે જ છે એમ નહીં પરંતુ ત્યાં વસે છે.

જ્યાં શ્રીહરિ વસે છે ત્યાં તીર્થ કહેવાય છે, જ્યાં ભક્તો હરિગુણગાન કરે છે ત્યાં સ્વયં ભગવાનની ઉપસ્થિતિ હોય છે.

नाहं वसामि वैकुंठे योगिनां हृदये न च ।
मद्भक्ता यत्र गायंति तत्र तिष्ठामि नारद ।।

ભગવાન સ્વયં કહે છે કે 'હું વૈકુંઠમાં મળું પણ ખરો અને કદાચ ન પણ મળું. યોગીઓના ચિત્તમાં ક્વચિત્ ક્વચિત્ ન પણ હોઉં પરંતુ મારું સૌથી સુનિશ્ચિત સ્થાન છે કથાતીર્થ, મારા ભક્તો જ્યાં એકત્ર થઈને મારાં ગુણગાન કરે છે ત્યાં હું અવશ્ય હોઉં છું.' ભગવાનના ગુણગાનનો આરંભ થતાં જ ભગવાન ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યરૂપ નિજ પરિવારને લઈને પ્રકટ થઈ જાય છે.

બેસીને ગાય ત્યાં ઊભો ઊભો સાંભળું, ઊભો ઊભો ગાય ત્યાં નાચું રે;
વૈષ્ણવજનથી હું પળ નથી અળગો, ભણે નરસૈંયો સાચું રે....

નરસૈંયાનો સ્વામી તો ત્યાં સુધી ગાય છે કે મારો ભક્ત આસન પર બિરાજીને મારાં ગુણગાન કરે છે તો હું ખડે પગે, ઊભો રહીને કથાશ્રવણ કરું છું. તેમજ જો મારો ભક્ત ઊભો ઊભો નૃત્ય સંકીર્તન કરતો મારાં ગુણગાન કરે છે તો હું ય એની સાથે નાચવા લાગું છું.

कथा भागवतस्यापि नित्यं भवति यद्गृहे ।
तद गृहं तीर्थरूपं हि वसतां पापनाशनम् ।।

સનકાદિ મુનિજનો કહે છે કે જેના ઘરમાં નિત્ય ભાગવત કથા થાય છે તેનું ઘર તીર્થસ્વરૂપ (ધ્યાન રાખવા જેવું છે, તીર્થ સમાન નથી કહ્યું પણ તીર્થરૂપ કહ્યું છે !) છે. તે ઘરમાં વસનારાઓનો નિત્ય તીર્થવાસ છે અને તેથી તેમનાં પાતકોનો સહજમાં જ નાશ થઈ જાય છે.

કથાને તીર્થ કહેવી એ પણ એના મહિમાને સહેજ ઓછો ન્યાય આપવા જેવું

છે કેમ કે તીર્થમાં ય જે નથી તે કથામાં છે. સ્વયં તીર્થો અને જે તીર્થોને ય પાવન કરનારા છે એવા મહાનુભાવો ય કથામાં પધારે છે.

ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યના સુખ માટે જ્યારે ભાગવતી કથા થઈ છે ત્યારે ભૃગુ, વસિષ્ઠ, ચ્યવન, ગૌતમ, મેધાતિથિ, દેવલ, યાજ્ઞવલ્ક્ય, પરશુરામ, વિશ્વામિત્ર, શાકલ, માર્કંડેય, દત્તાત્રેય, સોમ, દુર્વાસા, વામદેવ, વ્યાસ સ્વયં પણ, પરાશર, છાયાશુક, જાજલિ, જહ્નુ જેવા ઋષિમુનિઓ ત્યાં દોડી આવ્યા છે. પરંતુ ત્યાં માત્ર ઋષિસમાજ જ એકત્ર નથી થયો.

મૂર્તિમાન સ્વરૂપે વેદો પધાર્યા છે. મંત્રદેવતાઓ, વેદાંત-ઉપનિષદો સપ્તદશ પુરાણો, ષડ્દર્શનો પણ શ્રવણ કરવા દોડી આવ્યા છે. સાકાર આધિદૈવિક સ્વરૂપે શ્રી ગંગા, યમુના, સરસ્વતી જેવી સરિતાઓ, પુષ્કરરાજ, બિંદુ સરોવર જેવાં સરોવરો, કુરુક્ષેત્ર- પરશુરામ ક્ષેત્ર જેવાં ક્ષેત્રો, દિશાના દેવતાઓ ઇન્દ્ર, અગ્નિ, યમ, નિઋતિ, વરુણ, વાયુ, કુબેર, રુદ્ર, બ્રહ્મા અને અનંત ભગવાન પણ પધાર્યા છે, હિમાલય, મેરુ, કૈલાસ જેવા પર્વતો પણ પધાર્યા છે. દંડક, નૈમિષ જેવાં અરણ્યો પણ પધાર્યા છે. દેવો, ગંધર્વો, કિન્નરો ય પધાર્યા છે.

संसार कर्दमालेप प्रक्षालनपटीयसी ।
कथातीर्थे स्थिति चित्ते मुक्तिरेव बुधैः स्मृता ।।

બુધજનો માને છે કે, સંસારરૂપી કાદવ કોઈનેય ખરડ્યા વગર રહેતો નથી. જે આ સંસારમાં આવ્યા તે સૌને ખરડાવાનો ભય રહેશે જ. **'मूरख मैली कीनी चदरिया'** હવે આ કાદવકિચ્ચડને ધોવું શેનાથી ? એ ધોવાશે કથાથી. કથાના તીર્થમાં સંસારના બધા કાદવને ધોઈ નાખવાનું અને જીવને નિર્મળ બનાવવાનું માહાત્મ્ય છે. ઉત્તમ તીર્થનો વાસ ઇચ્છનારાએ દૂરસુદૂરનાં તીર્થોમાં સ્થૂળ રીતે વાસ કરવાની અપેક્ષા રાખવા કરતાં તેણે નિત્ય કથાતીર્થમાં વાસ કરવો. જે અહીં વસ્યો તેને મુક્તિ મળી જ ગઈ એમ જાણવું. અયોધ્યા, મથુરા, માયા (હરદ્વાર), કાશી, કાંચી, અવંતિકા (ઉજ્જૈન) અને દ્વારિકા જેવી મોક્ષદાત્રી નગરીઓમાં વાસ કરવાનું સૌને સાંપડે પણ નહીં અને એ સંભવિત પણ નથી. પરંતુ કથાધામમાં વસનારો વિના ક્લેશે તીર્થવાસી પામે એના કરતાં ઘણું વધુ પામે છે.

पुराणं सर्वतीर्थेषु तीर्थं चाधिकमुच्यते ।
यस्यैकपादश्रवणाद् हरिरेव प्रसीदति ।।

પુરાણકથાઓના ચતુર્થાંશનું ય સેવન કરવામાં આવે તો, તેના શ્રવણમાત્રથી શ્રીહરિ પ્રસન્ન થઈ જાય છે. પ્રતિદિન શ્રવણ કરવું જોઈએ. આ જ પુરાણો, કથાપ્રસંગો સમસ્ત તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ કહેવાય છે.

અનુપમ કથાને કેટલીક ઉપમાઓ

હરિકથાનો આસ્વાદ જેમ માણ્યો છે, કથામહિમાની જેને પ્રતીતિ થયેલ છે એવા મહાનુભાવોને કથા એટલી પ્રિય છે કે તેને અનેકાનેક ઉપમાઓ દ્વારા અલંકૃત કરી છે. આ ઉપમાઓ દ્વારા ભગવત્કથાનું માહાત્મ્ય પણ પ્રકટ થાય છે અને કથાના અનેકવિધ પાસાંઓ પણ પ્રકટ થાય છે.

શ્રી ગોસ્વામીજીએ માનસમાં 'રામકથા' અને 'માનસ'ના ગુણગાનમાં જાણે હૃદય નિચોવી નાખ્યું છે.

हरिहर कथा बिराजति बेनी । सुनत सकल मुद मंगल देनी ।।

જંગમ તીર્થરાજ પ્રયાગ રૂપ મુદ મંગલમય સંતસમાજમાં હરિહર કથા ત્રિવેણીરૂપે બિરાજમાન છે. ત્રિવેણીના કારણે જ પ્રયાગ તીર્થરૂપ છે. આ તીર્થરાજ પ્રયાગની કથાત્રિવેણીનું સેવન (શ્રવણ) કરનારને પણ સર્વ સુખ અને કલ્યાણની પ્રાપ્તિ થાય છે. જેમ પ્રયાગસ્નાન ઐહિક અને પારલૌકિક બંને ફળ આપે છે તેમ કથા મુદ (પ્રેમ) અને મંગલ(શ્રેય)નું ફલ આપે છે. પ્રાયઃ એમ જોવા મળે છે કે જે પ્રેય હોય છે એમાં માનવીનું શ્રેય હોતું નથી અને જેમાં શ્રેય હોય છે તે તેને પ્રેય હોતું નથી. કથા આ બંનેનું દાન કરે છે.

रामकथा कलिपंनग भरनी ।

કલિયુગ સર્પ જેવો છે. કરડે તો રોમરોમમાં વિષ વ્યાપી જાય. પરંતુ કથા ભરણી જેમ સર્પનો નાશ કરે છે તેમ કલિનો નાશ કરે છે. કલિ વૈર રાખીને કથાનો નાશ કરી નહીં શકે પરંતુ કથા કલિને નષ્ટ કરી દેશે.

पुनि विवेक पावक कहुं अरनी ।।

વિવેક રૂપી અગ્નિને પ્રકટ કરનારી અરણી છે. યજ્ઞ પ્રસંગે અરણીમંથન કરીને અગ્નિ પ્રકટ કરવામાં આવે છે. અરણીના બે ભાગ છે. અધરારણિ અને ઉત્તરારણિ નીચેની અરણી અધરારણિ છે તેમાં એક ખાડો અથવા છેદ હોય છે.

તેના ઉપર ઉત્તરારણિને ઊભી રાખીને દોરડા વડે વલોણાની જેમ મંથન કરવામાં આવે છે. ખાડામાં દર્ભ કે કપાસ (રૂ) રાખેલ હોય છે. ઘર્ષણથી અગ્નિ પ્રકટ થઈ જાય છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં આ પ્રતીકનો સુંદર ઉપયોગ થયો છે. વિદ્યા વિષયક સંહિતામાં....**अथाधिविद्यम् । आचार्यः पूर्वरूपम् । अन्तेवास्युत्तररूपम् । विद्या संधि : । प्रवचनं संधानम् ।** આ મંત્રમાં વિદ્યાના પ્રાકટ્યની પ્રક્રિયા બતાવાઈ છે. જેમ વર્ણની સંધિમાં એક પૂર્વવર્ણ અને એક પર વર્ણ હોય છે એમ વિદ્યારૂપ સંહિતામાં આચાર્ય પૂર્વવર્ણ છે અને શ્રદ્ધાપૂર્વક ગુરુની સેવા કરતા વિદ્યાભિલાષી શિષ્ય પરવર્ણ છે. વર્ણ સંધિમાં જેમ બે વર્ણ મળતાં ત્રીજો વર્ણ પ્રકટે છે (અ+ઉ=ઓ) તેમ આચાર્ય અને શિષ્યનું મિલન થતાં 'જ્ઞાન' પ્રકટે છે અથવા ગુરુશિષ્યરૂપ બે અરણી દ્વારા જ્ઞાનાગ્નિ પ્રકટ થાય છે. આ અગ્નિ જ વિવેક છે. પ્રકાશ અને દહન આ બે અગ્નિના અનિવાર્ય ગુણો છે. જ્ઞાનાગ્નિ પાપનો દાહ કરી દે છે. અજ્ઞાનને રાખ બનાવી દે છે અને સત્ત્વરૂપ તેજ પ્રકટ કરે છે. કથા પ્રસંગ પણ આવું જ અરણીમંથન છે.

रामकथा कलि कामद गाइ ।

કલિકાલમાં જ્યારે '**कलिदावानलेनाद्य साधनं भस्मतां गतम्**' દાવાનળમાં જેમ બધું જ બળી જાય તેમ કલિકાલમાં પ્રાણીના અલૌકિક, પરમાર્થ સંબંધી મનોરથો પૂર્ણ કરવા માટે કંઈ જ ઉપાય રહ્યો નથી ત્યારે કથા બહુ મોટો આશ્રય બની રહે છે. કેમ કે, કલિકાલ જેવા કરાલ કાલમાં પણ કથા કામધેનુ સમી સુખદાત્રી છે તો સત્ય, ત્રેતા વિગેરેમાં તો કહેવું જ શું ?

અનાયાસે સંકલ્પો પૂરા કરે છે માટે કામધેનુ છે. દુર્લભ છે. (કામધેનુ ઘેરઘેર હોતી નથી.) માટે કામધેનુ સમાન છે.

सो बसुधा तल सुधातरंगिनि ।

આમ તો પૃથ્વી પર અમૃતનું એક બિંદુય દુર્લભ છે તો આ તો અમૃતની સરિતા છે. શ્રવણ અને કીર્તન (શ્રોતા અને વક્તા) એ બે તેના તટ છે. આ બે કિનારાઓ વચ્ચે આ ધારા વહે છે. પૂર આવતાં કિનારે રહેલાં વૃક્ષોને જડમૂળથી ઉખાડી નાખે છે તેમ આ સુધાસરિતા કિનારે રહેલા વક્તાશ્રોતાઓનાં કામ, ક્રોધાદિ કંટકદ્રુમોને ઉખાડી નાખીને તટને રમણીય બનાવે છે.

भयभंजनि भ्रमभेक भुअंगिनि ।।

કથા ભયભંજની છે અને ભ્રમરૂપી દેડકાને ગળી જનારી સર્પિણી છે. સાપણ જેમ વિના શ્રમે દેડકાને ગળી જાય છે તેમ કથા વિના શ્રમે સંશયનો નાશ કરી દે છે. જીવ પોતાના સ્વરૂપને નથી જાણતો તે તેનો સૌથી મોટો ભ્રમ છે. 'સંશયાત્મા વિનશ્યતિ' સંદેહવાનને અથવા ભ્રમપૂર્ણ જ્ઞાન ધરાવનારને આલોક કે પરલોકમાં ય સુખ મળતું નથી.

असुरसेन सम नर निकंदिनि ।

કથા અસુરસેનની જેમ નરકનો નાશ કરી દેનારી છે. દેવી દુર્ગાએ દેવોના સુખને માટે જેમ અસુરોની સેનાનો નાશ કરી દીધો હતો તેમ કથાદેવી, કથાકાલિકા સાધુજનોના સુખને માટે નરકનો નાશ કરી દે છે. માનવીની અંદર રહેલા ચંડ, મુંડ, મહિષાસુર જેવા આસુરી દોષોનો નાશ કરવા માટે જ કથાકાલીનો પ્રાદુર્ભાવ થાય છે. અથવા ગયાજી, તીર્થરાજ જેમ તેના સેવન કરનારના સર્વ પાપસમૂહનો લીલામાત્રમાં નાશ કરી દે છે તેમ કથા પણ શ્રવણપઠન કરનારના સકલ પાપપુંજનો નાશ કરી દે છે.

साधु विबुधकुल हित गिरिनंदिनी ।।

સાધુરૂપી દેવ સમાજને માટે કથા ગિરિજા પાર્વતી રૂપા છે. સજ્જનો, સાધુજનોનું હિત કરવા માટે તે કાલી દુર્ગારૂપ પણ છે.

શિવજી જેમ દેવહિત માટે કે સાધુજનોના સુખને માટે અસુરસંહાર વિગેરે લીલા કરે છે તેમ તેમની અર્ધાંગિની પણ શુંભનિશુંભ, રક્તબીજ, ચંડમુંડ વિગેરેનો સંહાર કરે છે. જેમ ભગવાન 'સાધુપરિત્રાણ' માટે અવતરે છે એમ ભગવત્કથા પણ સાધુ પરિત્રાણ માટે અવતરી છે. સ્વામીને તેમના મહત્કાર્યમાં સહાયતા કરવી એ એમની અર્ધાંગિનીનો ધર્મ છે. માટે ભગવાનના કાર્યમાં ભગવત્કથા પણ સહાયભૂત થાય છે.

संत समाज पयोधि रमासी ।

સંતસમાજ ક્ષીરસાગર છે અને હરિકથા લક્ષ્મીજી છે. શ્રી રમાનું પ્રાકટ્ય ક્ષીરસાગરમાં થયું અને તે તેમાં જ વસે છે એમ કથા સંતસમાજમાંથી પ્રકટે છે અને તેમાં જ વસે છે. શ્રી લક્ષ્મીજીના પ્રકટ થવાનાં કારણો ભગવાને પણ ક્ષીર સાગરને

નિજ ધામ બનાવી દીધો એમ સંતસમાજમાંથી હરિકથા પ્રકટ થવાથી શ્રીહરિ પણ તે સમાજમાં જ નિત્ય વાસ કરવા લાગ્યા.

बिस्व भार भर अचल छमा सी ।।

ભગવત્કથા જગતનો ભાર ધારણ કરવામાં અચલ પૃથ્વી સમાન છે. ભાર જેમ પૃથ્વીને ચલાયમાન કરી શકતો નથી તેમ કથા પણ અચલ બનીને, નિજ ધર્મ બજાવે છે. જો કે પૃથ્વીની અચલતા કરતાં ય કથાની અચલતા વિશેષ છે કેમ કે પૃથ્વીનો તો પ્રલય કાળે પણ અંત આવે છે જ્યારે રામકથા, કૃષ્ણકથા તો શિવ સનકાદિ, શેષ વિગેરેના હૃદયમાં બિરાજતી હોવાથી પ્રલયકાળે પણ અચલ, અવિનાશી રહે છે. લક્ષ્મીજીની જેમ પૃથ્વી પણ પ્રભુની અર્ધાંગિની છે. પ્રભુનું કાર્ય તે પણ નિષ્ઠાથી કરશે જ. 'ધૃ ધારયતે ધર્મ.' જેમ ભગવાન ધર્મથી બધાને ધારણ કરે છે તેમ ધરતી પણ સૌને ધારણ કરે છે. માટે ધરા, ધરતી, ધરણી વિગેરે નામે ઓળખાય છે. ધર્મ અને ધરા બંને ધારણ કરે છે. કથા પણ જીવને માટે આધારરૂપા છે.

जमगन मुँह मसि जग जमुना सी ।

યમ અને યમુના સહોદર છે. બંને સૂર્ય- સંજ્ઞાનાં સંતાનો છે. ભાઈબીજના દિવસે શ્રી યમુનાજીમાં સ્નાન કરે અને ધર્મરાજાની પૂજા કરે તો તેને યમલોકમાં જવું પડતું નથી, એવું શ્રી યમરાજનું વરદાન છે.

વૈષ્ણવે શ્રી યમુનાજીની ભક્તિ માતૃભાવે કરવી જોઈએ. યમ તેના મામા થાય. ભાણેજ ગમે તેવો દુષ્ટ હોય તો ય (સૌથી ક્રૂર સ્વભાવ હોવા છતાં પણ) યમરાજ તેને દંડ દેતા નથી. (**न जातु यमयातना भवति ते पयः पानतः, यमोऽपि भगिनी सुतान् कथमु हंति दुष्टानपि ?**) જેમ અજામિલના મુખેથી પુત્રનિમિત્તે પણ શ્રી નારાયણનું નામ નીકળી જતાં ભગવાનના દૂતોએ યમદૂતોને ભગાડી દીધા તેમ કથાકાલિંદીના કૃપાપાત્ર જીવો પાસેથી યમદૂતો નિરાશ થઈને પાછા જાય છે. કલિના પ્રભાવમાં આવે તેને યમનો માર પડે પરંતુ શ્રી યમુનાજી રક્ષા કરે છે. કલિનો નાશ કરે છે માટે તો તેને કાલિંદી કહે છે.

जीवन मुकुति हेतु जनु कासी ।।

જીવોને મુક્તિનું દાન કરવામાં કાશી સમાન છે, કાશીથી ય અધિક છે. કેમ કે કાશીમાં તો મૃત્યુ બાદ મુક્તિ મળે છે જ્યારે કથા તો જીવન્મુક્તિનું દાન કરે છે.

મનુષ્યે દેહ ધારણ કરેલો હોય એ સ્થિતિમાં પણ એ કર્તાપણું. ભોક્તાપણું સુખ અને દુઃખ જેવા ચિત્તના ધર્મોથી મુક્ત થઈ જાય તે જીવન્મુક્તિ છે. સંસારમાં રહીને જેણે અહંતા મમતાનો નાશ કરી દીધો છે તે જીવનમુક્ત છે.

કાલ, કર્મ અને સ્વભાવ જીવનના બાધક છે, બંધનકર્તા છે. આ ત્રણેમાંથી મુક્ત થાય એ જ સાચા અર્થમાં મુક્ત થાય છે. કથાને ક્ષમા(પૃથ્વી)ની ઉપમા આપીને સ્વભાવ વિજય બતાવ્યો. ક્ષમા એ સ્વભાવની ઉત્તમતા છે. પૃથ્વી સૌના પાદસ્પર્શાદિ અપરાધો ક્ષમા કરતી રહે છે. કથા પણ દુષ્ટ સ્વભાવમાંથી મુક્ત કરે છે. કથાને યમુનાની ઉપમા આપીને કર્મક્ષય બતાવ્યો. કર્મમાંથી મુક્તિ મળે તો જ યમ દૂર જાય. (યમ તો કર્મોનું ફલ આપવા માટે આવે છે.) '**क्षीयन्ते चास्य कर्माणि**' કથા દ્વારા ભગવન્નામવત્ સહજમાં જ કર્મનાશ થઈ જાય છે. આ પણ મુક્તિનું અંગ છે અને અંતે કથાને કાલ(મૃત્યુ)નાં બંધનોમાંથી મુક્ત કરનારી કાશીરૂપ કહી. કાલના બંધનમાંથી છૂટ્યો એ સર્વ બંધનમાંથી છૂટ્યો. માટે કથા જીવન્મુક્તિ પ્રદાન કરે છે એમાં અતિશયોક્તિ નથી જ.

रामहि प्रिय पावनि तुलसी सी ।

તુલસી પવિત્ર છે અને રામજીને પ્રિય છે. પદ્મપુરાણ કહે છે કે, '**पत्रं पुष्पं फलं मूलं शाखा त्वक् स्कंधसंज्ञितम् ।। तुलसीसंभवं सर्वं पावनं मृत्तिकादिकम् ।।** તુલસીનાં પાન, ફૂલ, ફળ, મૂળ, શાખા, છાલ, થડ અને તેની માટી સુધ્ધાં, સર્વ પવિત્ર છે. તુલસીના મૂળમાં બ્રહ્મા, મધ્યમાં વિષ્ણુ અને મંજરીમાં શિવજીનો વાસ છે. તુલસી શ્રીહરિની અર્ધાંગિની લક્ષ્મી જ છે માટે અતિપ્રિય છે.

કંઠમાં તુલસી ધારણ કરવી પ્રભુનેય પ્રિય છે. કથા પણ કંઠ અને હૃદયમાં વસે છે. કથા પણ તેનાં સર્વ અંગો વર્ણ, શબ્દ, વાક્ય, શ્લોક, અધ્યાય વિગેરે અંગોમાં પવિત્ર જ છે. તુલસી વિના પૂજા નૈવેધ વિ. સફળ નથી એમ હરિકથા વિના જીવન સફળ નથી.

'**रसप्रवाहसंस्थेन श्रीशुकेनेरिता कथा । कंठे संबंध्यते येन स वैकुंठ प्रभुर्भवेत् ।।** ભક્તિરસના પ્રવાહમાં સદાય વહેતા શ્રી શુકદેવજી મહારાજે ગાયેલી શ્રી ભાગવતજીની કથાને (તુલસી માલાની જેમ) કંઠમાં નિત્ય ધારણ કરે તે ભક્તના નાથ વૈકુંઠાધિપતિ ભગવાન સ્વયં બને છે. તુલસીનો નાથ તુલસી ધારકનોય સ્વામી બને છે.'

तुलसी दास हित हिय हुलसी सी ।।

જીવ ભગવાનનું સંતાન છે અને કથા જીવની જનની છે. હરખ હુલાસ રૂપ આનંદની લહેરી રૂપ જનેતા છે. ભક્તના હૃદયમાં કથાનો ઉલ્લાસ નિરંતર પ્રવર્તવો જોઈએ. સંતાનનું હિત માતાથી વધુ કોણ વિચારશે ? જેમ માતા નિરંતર સંતાનનું હિત વિચારતી રહે છે તેમ કથા સર્વથા જીવના હિતનો જ વિચાર કરશે. કથાને માતાની ઉપમા સર્વથા ઉચિત છે. માતા જીવને ગર્ભમાં ધારણ કરે છે. જન્મ આપે છે. પોષણ આપીને ઉછેર કરે છે. બાળકને બોલતાંચાલતાં બધું મા શીખવે છે. બાળકના પ્રત્યેક કાર્ય ઉલ્લાસથી કરે છે. એમ કથામાતા જીવના જન્મથી લઈને ભગવાનનાં ચરણની પ્રાપ્તિ સુધી બધી રીતે તેના યોગક્ષેત્રને વિચારે છે. **'कुपुत्रो जायेत कवचिदपि कुमाता न भवति'** પુત્ર કદીક કુપુત્ર થાય પરંતુ માતા કદી કુમાતા ન થાય. એનો તો એક રસ પ્રેમ, અખંડ વાત્સલ્ય વહેતું રહે છે. કથાદેવી પણ એવી જ ભક્તવત્સલા છે. જીવકથામાં પ્રમાદ, અરુચિ, સંશય વિગેરે અપરાધ કરે, કુપુત્રપણું બતાવે તોય કથામાતા કદી કુમાતા થતી નથી. જીવને દંડ દેતી નથી. તેનું મંગલ જ કરે છે. સંતાન મલિન થાય તો માતા એના મળમૂત્રને સાફ કરે છે એમ જીવના સર્વ દોષોને કથામાતા હરખહુલ્લાસથી દૂર કરે છે.

सिव प्रिय मेकल सैल सुता सी ।

શ્રી શિવજીને જેટલી નર્મદાજી પ્રિય છે એટલી જ કથા પ્રિય છે. શિવજીને નર્મદાજી એટલાં પ્રિય છે કે તેઓ અનેકાનેક રૂપ ધારણ કરીને નર્મદાજલમાં વિવિધ ક્રીડા કરે છે. કહે છે કે 'જીતને કંકર ઇતને શંકર !' નર્મદાજીની જેમ શિવજી કથામાં ય તેના શબ્દે શબ્દે અનેકાનેક ઉત્તમ ભાવાર્થરૂપે નિમગ્ન રહે છે. બંનેનો પરસ્પર અંતર્ભાવ છે. શિવજીએ નિજ માનસમાં કથા જ ધારણ કરેલ છે અને કથામાં પણ નિજ માનસ પધરાવેલ છે.

सकल सिद्धि सुख संपति रासी ।।

ભક્તજનોને માટે કથા પરમ સંપદા છે. નવનિધિરૂપા છે. પદ્મ અને મહાપદ્મ સાત્ત્વિક નિધિઓ છે, મકર અને કચ્છપ તામસ સુખ આપનારા નિધિ છે. મુકુંદ નિધિ રાજસ સંપદા છે, તો નંદ, કુંદ રાજસતામસ નિધિ છે, નીલ નિધિ સાત્ત્વિકરાજસ છે અને શંખનિધિ રાજસતામસ છે.

હરિકથા વૈષ્ણવોનું સર્વસ્વ છે. **'यद् वैष्णवानां धनम्'** ખરચતાં ખૂટે નહિ બલ્કે દિન દિન સવાઈ વધે એવી આ દિવ્ય સંપદા છે. જેની પાસે આ નથી તે પરમ દરિદ્ર છે, રાય હોવા છતાં રંક છે.

सद गुन सुर गन अंब अदिति सी ।

કથા અદિતિ માતા, દેવમાતા સમી છે. જેમ અદિતિ વડે દેવો જન્મ્યા છે તેમ દૈવી સંપત્તિ રૂપ સદ્ગુણો કથામાતા દ્વારા જન્મે છે, પ્રકટે છે.

'गुणाः पूजास्थानम्' માનવીની જાતિ, વય વિ. જોવાતું નથી પણ એના ગુણો જોવાય છે. ગુણો પૂજાય છે. આ સદ્ગુણોને ગીતાજી દૈવી સંપત્ કહે છે. અભય, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાનનિષ્ઠા, યોગનિષ્ઠા, દાન, સંયમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, દયા, અલોલુપતા, મૃદુતા, લજ્જા, અચંચળતા, તેજ, ક્ષમા, ધૈર્ય, પવિત્રતા, અદ્રોહ અને અભિમાનનો ત્યાગ આવા ગુણો, દૈવી ગુણો ધરાવનારો જીવ પણ ભગવાનને પ્રિય છે. દેવો અમર છે એમ સદ્ગુણો **'दैवी संपद विमोक्षाय निबंधायासुरी मता'** મુક્તિના સહાયક થાય છે. માનવીના સાચા અર્થમાં **'सुख संपतिरासी'** આ સદ્ગુણો છે માટે એને દૈવી સંપત્ કહે છે. આવા સદ્ગુણોનો સમુચ્ચય જ નવનિધિ છે.

रघुपति भगति प्रेम परमिति सी ।।

કથાદેવી ભગવાનનાં ચરણમાં પ્રેમને જન્મ પણ આપે છે અને તેનું વિવર્ધન પણ કરે છે. આ પ્રેમરૂપ ભક્તિની પરાકાષ્ઠા કથા છે. આગળ વર્ણવેલા દૈવીગુણો સાધન છે અને એ ગુણોનું ફલ, પરિણામ પ્રેમભક્તિ છે. ભગવચ્ચરિત્રોનું શ્રવણ કીર્તન પ્રેમભક્તિની પ્રાપ્તિ માટે કરવું જોઈએ. કથા-શ્રવણ પ્રેમને પ્રકટાવે છે અને પ્રેમીઓને કથારસ વિના જરાય ચાલતું નથી. પ્રેમરસ ધ્યાન, સમાધિ વિ. છોડીને ય કથારસનું પાન કરવા લાગે છે. સામાન્યતઃ પુરુષાર્થની સીમા, પ્રાણીમાત્રની અભિલાષાની સીમા-મર્યાદા મોક્ષ છે. પણ ભક્તો તો પ્રેમભગતિ માટે મોક્ષની કામના ય છોડી દે છે.

'अरथ न धरम न काम रूचि, गति न चहौं निरवान ।
जनम जनम रति रामपद, यह बरदानु न आन ।।

શ્રી ભરતજી કહે છે કે, મારે અર્થની, ધર્મની, કામની ઇચ્છા તો નથી જ;

મોક્ષની ઇચ્છા પણ નથી. મને 'જન્મ જન્મ સુધી શ્રી રામનાં ચરણોમાં પ્રેમ હો' બસ આ જ વરદાન માગું છે.

ભગવત્કથા ભક્તને પ્રેમની સીમા સુધી, ચરમ સીમા સુધી પહોંચાડે છે કેમ કે એ સ્વયં પ્રેમની સીમા છે.

रामकथा मंदाकिनी चित्रकूट चित चारू ।

तुलसी सुभग सस्नेह जन सिय-रघुवीर-विहारू ।।

કથા ગંગા છે, યમુના છે, મંદાકિની છે. સતી અનસૂયા તપોબલથી મંદાકિનીને લઈ આવ્યાં એમ કથા ભક્તોના સ્નેહના કારણે, ભક્તોના સુખ માટે અવતરે છે. ભક્તોનું સુંદર ચિત્ત (સુંદર એટલે પાવન, નિર્મળ) ચિત્રકૂટ છે. ભક્તોની સુભગ ભક્તિ પ્રભુની વિહારસ્થલી છે. સર્વ ઋતુઓમાં મંદાકિનીનો પ્રવાહ વહેતો રહે છે એમ નિર્મળ અંતઃકરણવાળા સંતો, સાધુઓ, વક્તાઓના ચિત્તમાં કથામંદાકિનીનો પ્રવાહ અવિરત વહ્યા કરે છે.

रामचरित चिंतामनि चारू ।

જેમ મણિમાં શ્રેષ્ઠ મણિ ચિંતામણિ છે એમ આત્મકલ્યાણના ઉપાયોમાં શ્રેષ્ઠ ઉપાય ભગવત્કથા છે. **'साधनानि तिरस्कृत कलौ धर्मोऽयमीरितः'** આ કલિકાલમાં અનાયાસે ભગવત્પ્રાપ્તિ માત્ર કથાશ્રવણથી જ થાય છે, એમ મહાનુભાવોના અનુભવનું તારણ છે. માટે સર્વ સાધનોના અનુષ્ઠાનને છોડીને કથાશ્રવણને ઉત્તમ ધર્મ કહ્યો છે.

ચિંતામણિ જે પદાર્થનું ચિંતન કરો તે આપે છે. દુઃખોની નિવૃત્તિ પણ કરે છે. અને સકલ સુખનું પ્રદાન પણ કરે છે. કથા પણ કેટલું બધું આપે છે ?

दुःख दारिद्यदौर्भाग्य पाप प्रक्षालनाय च ।

कामक्रोधजयार्थ हि कलौ धर्मोऽयमीरितः ।। (ભાગવત. માહાત્મ્ય)

દુઃખ દરિદ્રતા અને દુર્ભાગ્યના નાશ માટે તેમજ પાપોના પ્રક્ષાલન માટે, કામક્રોધાદિના ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે કથા શ્રવણ રૂપ ધર્મને ઉત્તમ ધર્મ કહ્યો છે. ચિત્તને સર્વપ્રકારની ચિંતાઓમાંથી મુક્ત કરે છે, નિશ્ચિંત બનાવે છે માટે તે 'ચિંતામણિ' છે.

संत सुमति तिअ सुभग सिंगारू ।।

કથા શૃંગાર છે સંતોની સુમતિરૂપ સ્ત્રીનો એ સુંદર શૃંગાર છે. શૃંગાર સ્ત્રીના સુખને વધારે છે અને સુંદરતાને વધારે છે એમ કથા ગુણગાન, ભગવાનના લીલાપ્રસંગો વક્તાની મતિને અતિસુખ આપે છે, પ્રસન્ન બનાવે છે. ભક્તિમાતાનો શૃંગાર પણ પ્રાકૃત પદાર્થોના શૃંગાર નથી. રત્ન, માણેક કે સુવર્ણમય શૃંગાર ભક્તિને શું સુખ આપે ? જ્ઞાન અને વૈરાગ્યની જનેતાને શું સુખ આપે ? ભાગવત માહાત્મ્યમાં શ્રી સૂતજીએ ગાયું છે કે, શ્રી ભાગવત પારાયણ પ્રસંગે ભક્તિમાતા જ્ઞાનવૈરાગ્યને લઈને સંતસમાજમાં પધાર્યા ત્યારે તેમણે **'तां चागतां भागवतार्थ भूषां सुचारूवेषां ददृशुः सदस्याः'** સાત્ત્વિક મનોહર વેષ અને શ્રી ભાગવતજીના અર્થરૂપ ઉત્તમ આભૂષણો ધારણ કર્યાં હતાં.

ભક્તિમાતા અને ભક્તિમતિનો આ સુભગ શૃંગાર છે. જેનાં દર્શન કરીને પ્રભુ અતિપ્રસન્ન થાય છે.

सद्गुरू ज्ञान विराग जोग के ।

કથા જ્ઞાનવૈરાગ્ય અને યોગની સદ્ગુરૂકૃપા છે. સદ્ગુરુની પ્રાપ્તિ થતાં જ સર્વ સંશયો નિવૃત્ત થાય છે અને પરમાર્થતત્ત્વનું જ્ઞાન થાય છે તેમ, શ્રોતાને ભાગવત રામાયણ આદિ કથાશ્રવણ દ્વારા તત્ત્વનું જ્ઞાન પણ થાય છે. વિષયો પ્રત્યે વૈરાગ્ય પણ થાય છે અને પ્રભુમાં ચિત્ત લાગવા રૂપ, ચિત્ત નિરોધરૂપ, યોગ પણ સિદ્ધ થાય છે.

સદ્ગુરુની કૃપાથી ફળ અવશ્ય અને અનાયાસ સિદ્ધ થાય છે એમ ભગવચ્ચરિત્રોના અનુગ્રહથી કથા દ્વારા પણ જ્ઞાન વિગેરે અનાયાસે મળે છે.

विबुध बैद भवभीम रोग के ।।

દેવોમાં વૈદ્ય અશ્વિનીકુમારો છે, એમ ભવરોગનો નાશ કરવામાં ભગવત્કથા વૈદ્ય છે. દેહ, ઇન્દ્રિય અને મન સંબંધી રોગો કરતાં વધુ ભયંકર રોગ, આધ્યાત્મિક રોગ છે. જન્મજન્માંતર સુધી આ જન્મમરણરૂપ રોગ લાગુ રહે છે. એના પ્રભાવમાંથી ભાગ્યે જ કોઈ મુક્ત થઈ શકે છે. આવા ભારે રોગને માટે ભારે વૈદ્ય જોઈએ.

'બિબુધ બૈદ'નો અર્થ ધન્વન્તરિ પણ થઈ શકે છે. જેમ ધન્વન્તરિરૂપે

ભગવાનનો અવતાર આયુર્વેદને પ્રવર્તાવવા માટે થયો (પ્રત્યેક જ્ઞાનશાખાના આદિ પ્રણેતા ભગવાનના, તેમના અંશ કલાવતારો પ્રાયઃ હોય છે.) તેમ ભગવાન જ કથારૂપે જીવના કલ્યાણ માટે અવતરેલ છે.

जननि जनक सिअ राम प्रेम के ।

'रतिर्देवादि विषया' કાવ્યપ્રકાશ અનુસાર દૈવીતત્ત્વમાં સ્નેહ થવો એ ભાવ છે. આ ભાવ જ ભક્તિ કહેવાય છે. પોતાના ઇષ્ટમાં સ્નેહ વધે, સ્નેહમય આચારવિચાર થઈ જાય માટે તે તે ઇષ્ટના માહાત્મ્ય નિરૂપક શાસ્ત્રોના શ્રવણપઠન્ માટે આગ્રહ રાખવો જોઈએ. આ ઉપમામાં એક એવું સૂચન પણ છે કે હરિકથાનું શ્રવણ સેવન કર્યા બાદ જો આપણા હૃદયમાં શ્રી હરિ માટે ભાવભક્તિ ન પ્રકટે તો નિશ્ચિતરૂપે સમજી લેવું જોઈએ કે આપણે તેનું સાચા અર્થમાં શ્રવણસેવન કર્યું જ નથી.

बीज सकल ब्रत धरमनेमके ।।

સર્વ વ્રતો, ધર્મ અને નિયમોના બીજરૂપ હરિકથા છે. કથાપુરાણ વિગેરે દ્વારા સાધકને સ્વજીવનઘડતર માટે ઉત્તમ પ્રેરણા સાંપડે છે. ગીતા, રામાયણ, ભાગવત પુરાણ જેવાં શાસ્ત્રોના ઉપદેશ દ્વારા ધર્મસિંચન થાય છે. જેમ બીજ વિના વૃક્ષનું ઉત્પન્ન થવું સંભવ નથી તેમ આ સત્શાસ્ત્રો વિના વ્રત, નિયમ, ધર્માચરણમાં પ્રવૃત્ત થવું અને સાચી રીતે પ્રવૃત્ત થવું સંભવ નથી.

કર્મમાર્ગે ચાલનારનેય હરિકથા કેટલી ઉપયોગી છે તે આ સૂત્ર દ્વારા સિદ્ધ થાય છે.

सचिव सुभट भूपति-बिचार के ।

ભગવાનનાં દિવ્ય ચરિત્રો, વિચારરૂપી રાજાના મંત્રી છે, ઉત્તમ યોદ્ધા પણ છે. રાજાનાં આઠ અંગ કહ્યાં છે. રાજા, મંત્રી, મિત્રો, કોષ, ભૂમિ, દુર્ગ, સેના અને પ્રજા-સેવકો વિગેરે આ આઠ અંગમાં સૌથી વધુ મહત્ત્વના મંત્રી અને સેના છે. રાજાની સ્થિરતા આ બે અંગો પર આધારિત છે. બીજાં અંગો ગુમાવ્યાં હોય તોય આ બે અંગો હોય તો બધું પાછું મળે છે.

સુવિચારો-સાત્ત્વિક માનસ એ રાજા છે. આ રાજાને સાચી અને યોગ્ય સલાહ

આપવાનું કામ કથારૂપ મંત્રી કરે છે. મોહ, અજ્ઞાન, પાપ જેવા શત્રુઓની સામે ઝઝૂમવામાં આ સુભટ કથાયોદ્ધા ખૂબ જ કામ આવે છે.

कुंभज लोभ उदधि अपारके ।

લોભના અપાર સમુદ્રનું શોષણ કરી જવામાં કથાપ્રસંગો, ચરિત્રો અગત્સ્ય સમાન છે. દેવોની પ્રાર્થના-શ્રવણ કરીને જેમ કુંભજ ઋષિઃ અગત્સ્ય સમુદ્રનું પાન કરી ગયા તેમ અંતઃકરણમાં રહેલા લોભનું કથા શોષણ કરી જાય છે.

લોભ અપાર ઉદધિ છે. કામ અને ક્રોધ આવેશરૂપ છે. એમનો પ્રભાવ ચિરકાળ સુધી નથી હોતો. લોભનો તો અંત જ નથી. ઇચ્છાની પૂર્તિ ન થાય તો ક્રોધ જન્મે છે, ઇચ્છાની પૂર્તિ થતાં કામ ક્રોધ બંને શાંત થાય છે પરંતુ લોભ ઇચ્છાની પૂર્તિ થતાં ય શાંત થતો નથી. કામનાં બે રૂપ રાવણ અને કુંભકર્ણ (રાજસ, તામસ કામ)નો, ભગવાને એક જ રૂપ 'રામરૂપ' ધારણ કરીને નાશ કર્યો, ક્રોધનાં બે રૂપ (માત્સર્ય અને દ્વેષ) શિશુપાલ અને દંતવક્રનો ભગવાને એક જ અવતારમાં શ્રી કૃષ્ણ અવતારમાં નાશ કર્યો. પરંતુ લોભનાં બે રૂપ (ભોગ અને મોહ) હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપુનો વધ કરવા ભગવાને પણ શ્રી વરાહ તેમજ શ્રી નરસિંહ એ બે રૂપ ધારણ કરવા પડ્યાં ! પ્રભુ એ દ્વારા સૂચવે છે કે લોભ-વિજય કઠિન છે. આ લોભના અપાર પારવારને કથારૂપ અગત્સ્ય અંજલિભરમાં પી જાય છે.

काम क्रोध कलिमल करिगनके । के हरि सावक जन मन बन के ।।

ભગવાનનાં ચરિત્રો, ભક્તજનોના મનરૂપી વનમાં વસતા કલિવિકારરૂપ કામ, ક્રોધરૂપ મદોન્મત્ત હાથીઓના સમૂહનો નાશ કરનાર સિંહશિશુ સમાન છે. લોભ જેવા સાગરનું જે શોષણ કરી શકે તે, કામક્રોધને હણે એમાં શું આશ્ચર્ય ? સિંહનું બચ્ચું પણ હાથીઓને ભગાડી શકે છે. એનો અર્થ એ કે અલ્પ સત્સંગ પણ **श्लोकार्धं श्लोकपादं वा यः पठेत् भागवतं च यः ।** અડધો શ્લોક અથવા અડધાનો ય અડધો શ્લોક ફલદાયી થઈ જાય છે.

પ્રાયઃ એમ જોવામાં આવે છે કે જ્યાં સિંહ વસતા હોય છે ત્યાં હાથીઓ જવાનું સાહસ જ કરતા નથી. એમ પ્રથમથી જ કથાપ્રસંગમાં પ્રવૃત્તિ હશે તેને તો આ કામક્રોધાદિનો સંબંધ જ થવાનો નથી.

अतिथि पूज्य प्रियतम पुरारि के ।

શિવજીને રામકથા અને કૃષ્ણકથા અતિપ્રિય છે તેમજ અતિઆદરણીય પણ છે. અતિથિ દેવો ભવ. આપણે ત્યાં અતિથિને પૂજ્ય માન્યો છે. અતિથિ વિમુખ થઈને પાછો જાય તો મોટી હાનિ છે. '**अतिथिर्यस्य भग्नाशो गेहात्प्रति निवर्तते । स दत्वा दुष्कृतं तस्मै पुण्यमादाय गच्छति ।।** જેના આંગણેથી અતિથિ નિરાશ થઈને પાછો ફરે છે તેને એ પોતાનું પાપ આપીને તેનું પુણ્ય લઈને ચાલ્યો જાય છે. ભગવાનનાં ચરિત્રો એકાદ દિવસ કે પ્રસંગ માટે હૃદયમાં બિરાજતા નથી. એ તો નિત્ય બિરાજે છે માટે એ અતિથિ કહેવાય છે.

कामद धन दारिद ध्वांरि के ।।

ભગવાનનાં મંગલમય ચરિત્રો જીવના દારિદ્ર્યરૂપી દાવાનળને ઠારી નાખનારા અને સૌની મનોકામના પૂરી કરનારા મેઘ સમાન છે. ભગવાનની કથા સાંપડે પછી કોઈ જીવ કોઈ પણ પ્રકારે દરિદ્ર રહેતો નથી. કેમ કે કથા ઐહિક અને પારલૌકિક બંને ફળ આપનારી છે. સુકૃતરૂપે મેઘ સુખરૂપ જલ વરસાવે છે અને દુઃખ દાવાગ્નિને બુઝાવી નાખે છે. દરિદ્ર અનેક કામનાઓથી પીડિત હોય છે જ્યારે કામદ કથા પ્રકટ થતાં એની કોઈ ઇચ્છા બાકી રહેતી નથી. કાં તો એની મનોકામના (કામં દદાતિ ઇતિ કામદમ્) પૂરી થઈ જાય છે. કાં તો એની કામના (કામં દ્યતિ, ખંડયતિ ઇતિ કામદમ્) વિલીન થઈ જાય છે. એટલે કે કથા એને નિષ્કામ બનાવી દે છે.

मंत्र महामनि विषय ब्याल के । मेटत कठिन कुअंक दवां के ।।

કથા વિષયરૂપી વિષધર સર્પના વિષને ઉતારવા માટે મંત્રરૂપી છે અને મહામણિરૂપા છે. માનવીના લલાટ પર લખાયેલા કઠિન, કુત્સિત અને અંકોને એટલે કે દુર્ભાગ્યના લેખને મિટાવી દે છે. મંત્ર શ્રવણભક્તિનો સૂચક છે. મણિ કીર્તન સ્મરણભક્તિનો સૂચક છે. મંત્રનું શ્રવણ કરવાથી વિષ નિવૃત્ત થઈ જાય છે એમ કથાશ્રવણથી વિષયવિષ ઊતરે છે. વળી મણિ ધારણ કરે તેને વિષનો પ્રભાવ નડતો નથી તેમ કીર્તન સ્મરણ કરનારને પણ વિષય-વિષથી રક્ષણ મળે છે. કથા વક્તાઓની રક્ષા મણિવત્ કરે છે અને શ્રોતાઓની રક્ષા કરવામાં મંત્રવત્ કાર્ય કરે છે.

ઝેરી સર્પનું ઝેર ઉતારે તે મણિ. કથા તો સંસારના સર્વ વિષયોનું વિષ ઉતારે છે. માટે મહામણિ છે. ઉત્તમ અધિકારીને તો વિષ ચડતું જ નથી અને સાધારણ અધિકારીને ચઢે છે તો ઊતરી જાય છે. વિધાતાના કઠિન લેખ, જેને ભૂંસવા મુશ્કેલ છે તે કઠિન લેખ કહેવાય. કથા દુષ્ટ પ્રારબ્ધનો પણ નાશ કરી દે છે.

हरन मोह-तम दिनकर कर से ।

મોહ અંધકારનો નાશ કરવામાં સૂર્યકિરણ સમાન છે. અંધકારનો નાશ કરવા માટે વિશ્વમાં પ્રકાશ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી. સૌથી મોટો અંધકાર મોહ છે. વિદ્વાનો જે જોઈ શકે છે તે સાધારણ માનવી જોઈ શકતો નથી. પરંતુ સાધારણ માનવી પણ જે જોઈ શકે છે તે ય મોહના અંધકારમાં અંધ બનેલો જોઈ શકતો નથી. ધૃતરાષ્ટ્રનું અંધત્વ માત્ર શારીરિક અંધતાનું પ્રતીક નથી. રાષ્ટ્ર(દેહ)ને ધારણ કરનારો જીવ જો અંધ હોય તો મહાભારત જ સર્જાય. ઘેરા મોહમાં અંધ થયેલાઓને તો ધર્મનિષ્ઠ મહાત્માઓનો સંગ પણ સફળ થતો નથી. જો ભગવત્ કથાનું સેવન કરવામાં આવે તો મોહનાશ અવશ્ય થાય.

सेवक-सालि पाल जलधर से ।।

સેવકરૂપી ધાનનું પાલન કરવામાં મેઘ સમાન છે. ક્ષેત્ર(કર્મક્ષેત્ર)માં અંકુરિત થઈ ગયેલા ધાન્યના પાલન માટે મેઘ જીવન લઈને આવે છે. પક્ષીઓ, તળાવ સુકાતાં બીજે ઊડી જઈ શકે છે. માછલાં ક્યાં જશે ? અને એમાંય ધાન્ય તો સ્થાવર છે. સર્વથા તદાશ્રિત છે. એમ ભક્તો ભગવત્કથાના આશ્રયે જીવી રહ્યા છે, ટકી રહ્યા છે એમ માનવામાં કાંઈ અજુગતું નથી.

હરિકથા રસવૃષ્ટિ છે, મેઘ સ્વયમેવ ઊમટી આવે છે અને સ્વયમેવ વરસે છે. કથા પણ પ્રભુની વરસતી કૃપાનું જ રૂપ છે.

अभिमत दानि देव तरू बरसे ।

વાંછિત ફલ આપવામાં, અભીષ્ટનું દાન કરવામાં કલ્પતરુ સમાન છે. માગ્યું આપે, ઇષ્ટનું દાન કરે તે કલ્પવૃક્ષ પરંતુ તે વિવેકસહિત ન આપે. માંગનારને માંગતાં ન આવડે અને અજુગતું કાંઈક માંગી લે તો ય કલ્પવૃક્ષ એને આપે. પરંતુ કથા માત્ર દેવતરુ નથી દેવતરુવર છે. માંગનારનું ઇષ્ટ (મનોવાંછિત) હોય તે આપે અને માંગનારનું ઇષ્ટ (હિત) હોય તે જ આપે. વળી, કલ્પવૃક્ષ ધર્મ, અર્થ અને

કામની કામના પરિપૂર્ણ કરી શકશે. પરંતુ મુક્તિદાન કરવાનું સામાર્થ્ય તો આ કલ્પતરુવરમાં જ છે. માટે સૌએ કથા સેવવી.

सेवत सुलभ सुखद हरिहर से ।।

સેવા કરવાથી હરિહરના સમાન સુલભ અને સુખદાયી છે. શ્રીહરિ અને શ્રી હર આ બંને હરણ કરનારા છે માટે હરિ અને હર છે. સ્મરણ કરતાં જ આર્તનાં દુઃખ હરવાં એ એમનો સ્વભાવ છે.

સ્નેહવાનને માટે એમની સેવા પણ સુલભ છે અને એ સ્વયં પણ સુલભ છે. એમ મુમુક્ષુને માટે કે ભક્તને માટે ભગવાનનાં ચરિત્રો સુલભ થઈ રહે છે. સંતસમાજ અને સંતસંગ **'सबहि सुलभ सब दिन सब देसा'** સર્વને સર્વકાળે અને સર્વ સ્થળે સુલભ છે. એ જ રીતે જેને હરિકથા મળી એને શ્રીહરિ પણ સર્વ કાળે અને સર્વ સ્થળે સુલભ થાય છે. વસ્તુ સુલભ હોય એ પૂરતું નથી, સુખદાયક પણ હોવી જોઈએ. કથા સુલભ હોવા ઉપરાંત સુખદ પણ છે. શ્રીહરિ સુખદ અવશ્ય છે, પણ સુલભ ક્યાં છે ? માયા સુલભ છે પણ સુખદ ક્યાં છે ? ભગવત્કથામાં તો બંને ગુણ છે માટે એનું સેવન અપ્રમત્ત થઈને કરતા રહેવું જોઈએ.

सुकबि सरद नभ मन उडगन से ।।

સુકવિરૂપ શરદઋતુના મનરૂપી આકાશ(ને શોભાયામાન કરવાને) માટે તારાગણો, નક્ષત્રસમૂહો સમાન છે. શરદ નિર્મળતાનો સંકેત છે. વર્ષામાં આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી પાંચે તત્ત્વો રજ અને તમના સંબંધથી મલિન થાય છે, શરદમાં પાછું બધું નિર્મલ થઈ જાય છે. શરદની રાત્રી રમણીય હોય છે. એ રાસરાત્રીઓ છે. આ શરદના નિર્મળ આકાશમાં જેમ નાનામોટા સૌ તારા, તારાગણો દેખાવા લાગે છે અને એથી આકાશની શોભા વધી જાય છે, એમ સુકવિઓના (જેનાં ચિત્ત નિર્મળ છે એ સુકવિઓ) ચિત્તાકાશમાં અગણિત હરિલીલા-ચરિત્રો ઉદયમાન થઈને શોભવા લાગે છે. ભગવાનના સુયશનું, લીલાઓનું ગાન કરે તે સુકવિ.

राम भगत जन जीवनधन से ।।

ભગવાનની કથા ભક્તો માટે તો જીવનધન અથવા જીવન અને ધનની સમાન

છે. કથા **'सकल सिद्धिसुखसंपत्ति रासी'** તો છે જ, પરંતુ એથી વિશેષ ભક્તોની જીવનમૂડી છે. ભક્તોનો જીવનનિર્વાહ જ ભગવાનના યશનું ગાન કરવામાં થતો રહે છે. વ્યક્તિનું સૌથી વધુ પ્રિય ધન તો એનું જીવન છે. જીવન ખાતર એ બીજાં બધાં ધન છોડવાં રાજી થાય; એમ કથા ભક્તોના જીવન સમાન છે. કથા વિના એ જીવી ન શકે, જીવે તો ય મૃતપ્રાય જીવે.

सकल सुकृत फल भूरि भोग से ।।

સર્વ પુણ્યોના ફલના ભોગસમૂહ સમાન છે. સત્સંગ અને સત્કથાના કારણમાં સાધારણ પુણ્યને કારણ માન્યું નથી. **'बहुजन्मसमर्जितेन' 'पुण्यपूंज बिनु'** જેવા પ્રયોગો દ્વારા સૂચિત કરવામાં આવ્યું છે. વારંવાર માહાત્મ્ય ગાવામાં આવ્યું છે કે કથાપ્રાપ્તિ, ભગવાનના ગુણગાનમાં રુચિ અને શ્રદ્ધા સર્વ કોઈને સુલભ નથી. સુકૃતનું ફલ સ્વર્ગરૂપે અપેક્ષિત ન હોય, (સ્વર્ગસુખ પણ અસ્થાયી છે એમ સમજીને) રાજ્ય, સ્વર્ગાદિ કામના તજી હોય એને જ આ ભૂરિ ભોગ-અવિનાશી, સર્વોત્કૃષ્ટ મહાસુખની પ્રાપ્તિ થાય છે.

जग हित निरूपधि साधु लोग से ।।

કથા જગતનું નિરપેક્ષ રીતે, નિરપવાદ રીતે કલ્યાણ કરવામાં સાધુજનો, સંતો સમી છે.

ભગવચ્ચરિત્રોમાં પણ સાધુતા છે. એ જગતનું હિત કરવા માટે જ અવતરેલા છે. **'साध्नोति परकार्याणि'** પરઉપકાર કરવો એ જ સાધુલક્ષણ. જગતની નિંદા કે સ્તુતિની પરવા કર્યા વિના લાભ કે હાનિ તેમજ માન કે અપમાનનો વિચાર કર્યા વિના જેમ સાધુસંતો કલ્યાણાર્થે વિચરણ કરે છે તેમ ભગવત્કથા પણ નિરપેક્ષ બનીને જગહિત આચરે છે. સાધુ અને સત્કથા બંનેની પાસે **'बहुधा तव वाक्येन दुःखशांतिर्भविष्यति'** એકાદ વાક્યમાત્રથી અનેક પ્રકારે દુઃખશાંતિ અને કલ્યાણપ્રાપ્તિ થાય એવી અપેક્ષા સૌ કોઈ રાખી શકે છે.

સંતસમાગમ દુર્લભ છે, સંતસમાગમ પછી કાંઈ દુર્લભ નથી.

कुपथ कुतरक कुचालि कलि, कपट दंभ पाषंड
दहन रामगुनग्राम जिमि इंधन अनल प्रचंड ।।

શ્રી રામના ગુણસમહ(નું ગાન) પ્રચંડ અગ્નિ સમાન છે. એ અગ્નિ

કુમાર્ગ, કુતર્ક, દુરાચાર અને કલિજન્ય કપટ, દંભ, પાખંડરૂપી કાષ્ટને બાળી નાખે છે.

જેમ ભગવાનના શાંત, ઘોર એવાં અનેક રૂપો છે એમ ભગવત્કથાનાં ય અમૃતવત્ આનંદરૂપ છે તો પ્રચંડ અગ્નિરૂપ રૌદ્ર રૂપ પણ છે. અસત્ તત્ત્વોનો નાશ કરવા માટે ઉગ્ર થવું પડે તો એ ઉગ્રતામાં અનુગ્રહ છે. અગ્નિનો સંબંધ થયા બાદ કાષ્ઠ બળીને રાખ થઈ જાય છે એમ હરિગુણગાનરૂપી અગ્નિ માનવીની કુમાર્ગે લઈ જતી વાસનાઓને, લોકવેદનિષિદ્ધ વ્યવહારો એટલે કે દુરાચાર તરફની રુચિને, ભગવાનના અસ્તિત્વ, સર્વશક્તિમાનપણા, સર્વજ્ઞપણા વિ. માટે વારંવાર શંકાશીલ થતી મતિના કુતર્કોને કથા બાળીને રાખ કરી નાખે છે. આ બધાંને એ બાળી નહીં નાખે તો એ માનવજીવનની સાર્થકતા અને ધન્યતાને જલાવીને રાખ કરી નાખશે. કલિના પ્રભાવે અધર્મ બહુ બળવાન થતો જાય છે ત્યારે 'પાખંડ પ્રચુરે લોકે' સર્વ માર્ગોને એણે નષ્ટ કરી નાખ્યા છે ત્યારે 'કલૌ કેશવકીર્તનાત્' એ જ એક ઉપાય કર્તવ્ય છે. પ્રચંડ જ્વાળા છે તો કથા પરમશીતલ ચંદ્રિકા પણ છે.

रामचरित राकेसकर, सरिस सुखद सब काहु ।।

सज्जन कुमुद चकोर चित, हित बिसेषि बड लाहु ।। તેમ જ...

रामकथा ससिकिरन समाना ।

संत चकोर करहिं जेहि पाना ।।

ભગવાનનાં મંગલમય ચરિત્રો પૂર્ણિમાના ચંદ્રનાં કિરણો સમાન છે. એ સર્વને એકસમાન સુખ આપનારાં છે. એમાંય સજ્જનરૂપી કુમુદિની અને ચકોરના ચિત્તને તો વિશેષ હિતકારી છે, પરમ લાભદાયક છે.

ચંદ્રકિરણો શીતલતાની વૃષ્ટિ પણ કરે છે અને અમૃતવર્ષા પણ કરે છે. ચંદ્ર વડે સર્વ ઔષિધિઓને પોષણ મળે છે એમ ભગવત્પ્રાપ્તિ માટેનાં માનવીનાં કર્મ, યોગ, જ્ઞાન અને ભક્તિ જેવા અનેક સાધનોને કથા-શ્રવણ દ્વારા પોષણ મળે છે. કથા સાધકને બળવાન બનાવે છે તો કથા સાધનને ય વધુ સમર્થ બનાવે છે.

કુમુદરૂપ સજ્જનો સાધનભક્તિ કરનારા ભક્તો છે અને ચકોરરૂપ મહાત્માઓ નિઃસાધન ભક્તિ કરનારા અથવા ફલરૂપ ભક્તિ કરનારા છે. નાનામોટા બધા પ્રકારના ભક્તોને પ્રફુલ્લિત અને પ્રસન્ન કરવા માટે કથાકિરણો

સર્વથા સફળ રહે છે. એક ચંદ્રનાં અનેક, અનંત કિરણો છેક સંતપ્તનાં તન, મન સુધી પહોંચીને એને સુખ આપે છે; એમ કથાના અનંત ભાવો જગતના ત્રિવિધ કે બહુવિધ તાપથી સંતપ્ત જીવોને ઠારે છે, પરમ શીતળતા આપે છે.

વેદાંતીઓ કહે છે કે બ્રહ્મમાં એકમેકથી વિરુદ્ધ ધર્મો એકસાથે, એકત્ર રહી શકે છે. બ્રહ્મનિરૂપણમાં, ભગવત્કથામાં પણ અગ્નિની પ્રચંડ દાહકતા છે તો ચંદ્રકિરણોની પરમ શીતલતા છે. મરણશીલને અમર કરવાનું અમૃત પણ છે, તો કાલિકાની વિકરાલતા પણ છે.

महामोह महिषेसु बिसाला । रामकथा कालिका कराला ।।

મહામોહરૂપી બહુ જ ભારે મહિષાસુરને મારવા માટે કથા અતિભયંકર કાલિકા દેવી છે.

મહિષાસુર દેવોથી મરતો ન હતો. એણે વરદાન માંગ્યું હતું કે મારું સ્ત્રીથી જ મૃત્યુ થાય. સર્વ દેવોના તેજમાંથી મહાદેવી કાલિકાનું પ્રાકટ્ય થયું અને તે મહાદૈત્ય મર્યો. માનવીમાં મહિષાસુર મોહનું રૂપ લઈને બેઠો છે. એના જ કારણે અસત્યમાં સત્યનો ભ્રમ થાય છે, એના જ કારણે જીવને સ્વરૂપ વિસ્મૃતિ થઈ જાય છે. આ બધાં મોહનાં સ્વરૂપો છે. પરંતુ ભગવાનના સ્વરૂપને ન જાણવું, તેમના વિષે સંશયી થવું એ બધાનો મહામોહ છે. કથાકાલિકા લીલામાત્ર વડે આવા મહામોહનું મર્દન કરી દેશે.

रामकथा सुंदर करतारी ।। संसय बिहग उडावनिहारी ।।

શ્રી રામકથા હાથની સુંદર તાલી છે કે જે સંશયરૂપી પક્ષીઓને ઉડાડી મૂકનારી છે. બે હાથ વિના તાળી ન પડે એમ વક્તા અને શ્રોતા બંને મળે તો કથા પ્રકટે છે. બંને વચ્ચે જે સંવાદ થાય છે એ તાલીધ્વનિ છે. ખેતરનાં રખેવાળ અનાજની રક્ષા કરવા માટે પક્ષી ઉડાડતો રહે છે. એમ માનવીના જીવનક્ષેત્રમાં જે સદ્ગુણોરૂપી અન્ન છે, ફલ છે તેનો સંદેહરૂપી પક્ષીઓ નાશ ન કરી નાખે માટે કથારૂપી તાળી વાગતી રહેવી જોઈએ.

તાલીનો ધ્વનિ માત્ર ધ્વનિ છે જ્યારે કથા તો શબ્દબ્રહ્મનો રસરૂપ આવિર્ભાવ છે. માટે એ સુંદર કરતારી છે.

ભગવત્કથાની સફળતા એમાં જ છે કે વક્તા, શ્રોતા સૌના હૃદયમાં પ્રભુ માટે

નિ:સંદેહ ભક્તિ જાગે. નિ:શંક શ્રદ્ધા જન્મે અને ભક્ત કહી ઊઠે કે, 'स्थितोऽस्मि गतसंदेहः'.

रामकथा कलि बिटप कुठारी । सादर सुनु गिरिराज कुमारी ।।

તે કલિરૂપી વૃક્ષને છેદી નાખનારી કુહાડીરૂપ છે.

સંશયરૂપી પક્ષીઓને બેસવાનો આશ્રય 'કલિવૃક્ષ' છે, વૃક્ષ હશે તો પક્ષીઓ ફરી ફરી આવીને બેસશે. સંશયના આધારને જ નષ્ટ કરી નાખવો જોઈએ. મલિન મન કલિ છે. મનમાં મલિનતા હશે તો સંશયો આવી આવીને બેસશે જ.

કલિવૃક્ષનું મૂળ દુઃસંગ છે. દુઃસંગ બીજ છે. તેમાંથી કુમતિરૂપ અંકુરો ફૂટે છે, પાપની વિવિધ કૃતિઓ શાખા અને પ્રશાખારૂપે પ્રસરે છે, પાખંડ તેનાં પાંદડાં છે અને તેની ડાળે ડાળે દુઃખરૂપી ફળો પ્રકટે છે. આવા પૂર્ણ દુઃખરૂપ વૃક્ષને કાપી નાખવું જોઈએ. આ વૃક્ષનો છાંયડો ય સંતાપ રૂપ છે. જે છાંયડે બેસે છે તે પણ બળે છે. આ કલિવૃક્ષને આમૂલ છેદી નાખવા માટે કુહાડી જોઈએ. આ દિવ્ય કુહાડીમાં ગુરુદેવ લુહાર છે, ભગવાનનાં નામ, ચરિત્રો એ પોલાદી ધાતુ છે. સદ્‌ગુણો ધાર છે, તર્ક એ કુહાડીનો હાથો છે અને વક્તા કઠિયારાં છે. વક્તાના મુખેથી પ્રકટ થતાં વચનો એ કુઠારાઘાત છે, પ્રહાર છે. લુહાર, ધાર, હાથો, પ્રહાર કરનારનાં બાવડાંનું બળ આ બધું જેટલું સમર્થ તેટલું પરિણામ વધુ શુભ આવશે.

करौ कथा भवसरिता तरनी ।।

સંસારસરિતાને પાર કરી જવા માટે કથા નાવરૂપ છે. ક્યાંક સંસાર સમુદ્રરૂપ લાગે છે, ક્યાંક સંસાર સરિતારૂપ લાગે છે. માનવી જો સ્વપુરુષાર્થથી, કોઈ પણ દૈવીશક્તિના આધાર વિના સંસારને તરવાનો પ્રયાસ કરશે તો તેણે સંસારને સાગર સમજવો જોઈએ અને કોઈ પણ વ્યક્તિ પોતાના બાહુબળથી સાગર તરી ન શકે. જ્યાં તરણસાધન અલ્પ છે ત્યાં સંસાર સાગર છે અને જ્યાં તરણસાધન અમોઘ અને અસાધારણ શક્તિમાન છે ત્યાં આ સાગર પણ સરિતા જેવો અલ્પ છે. સામાન્ય શ્રમથી પણ તેને પાર કરી શકાય છે. આ નાવના નાવિક સદ્‌ગુરુ છે. ગમે તેવી તોફાની નદીની સામે પાર સલામત રીતે પહોંચાડનારા છે. સાગર પાર કરાવી દે તો સરિતાની શી વિસાત ? મીરાંએ ગાયું કે 'सतकी नाव खेवटिया सतगुरू, भवसागर तर आयो'

હરિ અવતાર

જ્યારે મગરે પગ પકડ્યો ત્યારે પોતાની રક્ષા કરવા માટે ન સ્વયં ગજેન્દ્ર સમર્થ થઈ શક્યો અને ન કોઈ સ્વજનો કે સામાન્ય દેવો તેની સહાયે આવ્યા. જ્યારે તેણે આર્ત બનીને પોકાર કર્યો તો પ્રભુ પધાર્યા અને એમણે ગજેન્દ્રના દુઃખને હરી લીધું. આ અવતાર હરિઅવતાર છે. આ જ પ્રકારે જીવ કલિનાં જડબાંમાં જકડાઈને પરવશ બન્યો છે.

ग्रंथोऽष्टादशसाहस्त्रो योऽसौ भागवतभिधः ।
कलिग्राहगृहीतानां स एव परमाश्रयः ।।

સ્કંદપુરાણે, શ્રી સૂતજી કહે છે કે, આ ભાગવતજી, કલિયુગે ગ્રાસ કરેલા જીવોના મોક્ષ માટે એક જ ઉત્તમ આશ્રયરૂપ છે. અન્ય સાધનો ન કરતાં મુમુક્ષ જીવે ભગવત્કથાનો આશ્રય લેવો કેમ કે શ્રીહરિ એનાં દુઃખ અવશ્ય દૂર કરે છે.

અધ્યાત્મદીપ

'अध्यात्मदीपमतितितीर्ष तान्तमोऽन्धम्' શ્રી સૂતજી કહે છે કે, શ્રી શુકદેવજીએ સંસારીજનો પર કરુણા કરીને શ્રી ભાગવતરૂપ અધ્યાત્મદીપ પ્રકટાવ્યો છે. બહારના પદાર્થોનો બોધ દીપક દ્વારા અથવા અન્ય વ્યક્તિ દ્વારા કરાવી શકાય. પરંતુ આત્માની અંદર વાણીથી બોધ કરાવી શકે એવા દુર્લભ હોય છે. શ્રી ભાગવતજી (ભગવત્કથા) સિવાય એવો કોઈ ઉપાય નથી કે જે સર્વેને તપ વિ. ઉપાયો વિના જ આત્મ-સાક્ષાત્કાર કરાવી શકે.

ઓરડામાં દીપ પ્રકટેલો હોય તો ત્યાં રહેલી સઘળી વસ્તુઓ કેવી છે, ક્યાં છે તેનું જ્ઞાન સરળતાપૂર્વક થઈ જાય છે. આવા પ્રત્યક્ષજ્ઞાનમાં કોઈ જ્ઞાનદાતા કે ઉપદેશકની પણ આવશ્યકતા રહેતી નથી. (જોનારને પ્રકાશને લીધે સ્વયમેવ બધું દેખાય છે) એ જ પ્રકારે આ શાસ્ત્ર પ્રાપ્ત થતાં જ, આત્મસાક્ષાત્કારને માટે અને અહંતામમતાત્મક અવિદ્યાના ઘોર અંધકારને તરી જવા, પાર કરી જવા માટે, અન્ય આવશ્યકતા રહેતી નથી.

હૃદયં સ્મૃતમ્

પુરાણો ધર્મ, મોક્ષ જેવા વિષયોનું નિરૂપણ કરે છે તેમ ભક્તો અને ભગવાનના ગુણો અને ચરિત્રોનું નિરૂપણ કરે છે માટે તે 'હૃદય' રૂપ કહેવાય છે.

श्रुतिस्मृती तु नेत्रे द्वे पुराणं हृदयं स्मृतम् ।
श्रुतिस्मृतिभ्यां हीनोऽन्धः काणः स्यादेकया विना ।।
पुराणहीनाद्धृच्छून्यात् काणन्धावपि तौ वरौ ।

સ્કંદ પુરાણ કહે છે કે, શ્રુતિ અને સ્મૃતિ આ બે શાસ્ત્રો બે નેત્રો સમાન છે. માનવીને નેત્રો જેટલાં ઉપયોગી તેટલાં જ આ બે ઉપયોગી. એક નેત્ર (શ્રુતિ-વેદજ્ઞાન) ન હોય તે કાણો કહેવાય અને બંને નેત્ર (શ્રુતિ-સ્મૃતિ જ્ઞાન) ન હોય તે અંધ કહેવાય. પરંતુ પુરાણો તો હૃદય સમાન છે. જે વિદ્વાન પુરાણવિદ્યાથી હીન છે તે તો હૃદયહીન છે. ચક્ષુશૂન્ય હોવું એના કરતાં ય વધુ ખરાબ હૃદયશૂન્ય હોવું એ છે.

કથા અને યોગ

ભગવાનના ગુણગાન સિવાય વાણીનો અન્ય વિષય હોય તો ચિત્તવૃત્તિમાં તન્મયતા આવવી મુશ્કેલ છે. શ્રી નારદે વેદવ્યાસજીને કથાનો મહિમા અનેક પ્રકારે સમજાવ્યો છે તેમાં ચિત્તની સ્થિરતા પણ વિચારણીય છે.

ततोऽन्यथा किंचन यद्विवक्षतः पृथग्दृशस्तत्कृतरूपनामभिः ।
न कर्हिचित् कवापि च दुःस्थितामतिर्लभेत वाताहतनौरिवाऽऽस्पदम् ।।

ભગવાનની લીલાઓ સિવાય કાંઈ ગાવું ન જોઈએ. ભગવાનના લીલાગાન સિવાયના બીજા તપ, વ્રત જેવા ધર્મો તો વિચારદશામાં ક્લેશદાયક છે. ભગવચ્ચરિત્રો માનવબુદ્ધિ વડે પરિકલ્પિત નથી, દિવ્ય છે એટલે અન્ય યમ, નિયમ જેવા સાધનોની જેમ એની શક્તિમાં મર્યાદા નથી.

યોગીએ યોગસાધનામાં સત્વરે, સરળતાથી સફળતા પ્રગટ કરવી હોય તો તેણે ભગવાનના અવતારપ્રસંગોનું શ્રવણકીર્તન કરવું જોઈએ. અન્ય વાર્તામાં તો એની સ્વલ્પ સ્થિર થયેલી પ્રજ્ઞા પણ વાવાઝોડાથી ડગમગતી નાવની જેમ અસ્થિર થઈ જાય છે.

ऊधोजी, हमहिं न योग सिखैये ।
जेहि उपदेश मिलैं हरि हमको, सो ब्रतनैम बतैये....।।
मुक्ति रहौ घर बैठी आपने निर्गुण सुनि दुख पैऐ ।
जिहि शिर केस कुसुम भरि गूंदे, तेहि कैसे भसम चढैये ।।

जानि जानि सब मगन भये है, आपुन आपुन लखैये ।
'सूरदास' प्रभु सुनहु नवौनिधि बहुरि किया ब्रज अइए ।।

વ્રજવનિતાઓ પ્રભુનાં દર્શનથી જ 'મુરારિપાદાર્પિત ચિત્તવૃત્તિ'ની કક્ષાએ પહોંચી ચૂકેલી હતી. એમણે ઉદ્ધવજીને ઠપકો આપ્યો કે, 'ઉદ્ધવ ! અમને યોગની વાતો શીખવવાનો પ્રયાસ ન કરો ! અમને આત્મસુખ કે બ્રહ્માનંદની કોઈ આવશ્યકતા નથી. અમને તો એવા ઉપાય બતાવો કે જેથી મથુરા ચાલ્યો ગયેલો અમારો પ્રીતમ અમારી પાસે પાછો આવી જાય. મુક્તિ એના ઘેર જ ઠીક છે. અમને નિરાકારની વાતો કરી કરીને દુઃખી ન કરો. અમારે એની સાથે શી લેવાદેવા ?

'શ્રી કૃષ્ણની પ્રસન્નતા માટે અમે જે કેશમાં રોજ પુષ્પગૂંથન કરતાં એમાં હવે રાખ ચોળવાનો બોધ શા માટે આપો છો ? અમને બીજી કોઈ વાત કે બીજા કશા લાભમાં રસ નથી, અમને બસ એ કહો કે અમારા સર્વસ્વ શ્રી કૃષ્ણ પાછા વ્રજમાં ક્યારે આવશે ?'

अकर्णमकरोच्छेषं विधिर्ब्रह्मांड भंगधीः ।
गुणानाकर्ण्य रामस्य शिरः संचालयेदिति ।।

સૃષ્ટિસર્જક વિધાતાએ શેષનાગને કાન નથી આપ્યા. (સર્પ જાતિ ચક્ષુશ્રવા કહેવાય છે.) એમને ડર હતો કે ક્યાંક રામગુણગાન રામકથા સાંભળતાં એ મસ્તક ડોલાવવા લાગે તો બ્રહ્માંડનો ભંગ થઈ જશે !

ભગવદીયો કથારસરસિકો હોય છે. હરિગુણ શ્રવણ કરતાં એમને સ્વદેહનું અનુસંધાન પણ રહેતું નથી. એમને કથાસમાધિ લાગી જાય છે. ભક્તિભાવના રસઆવિર્ભાવ સમયે કશું ય અનુસંધાન ન રહે એ સ્વાભાવિક છે. માટે જ ધરાને ધારણ કરનારા શેષજીને અનંતમુખ હોવા છતાં કર્ણ નથી !

वडे भाग पाइव सतसंगा

સંતદર્શન અને સત્કથા બહુ ભાગ્યનું ફલ છે. બડે ભાગ પાઈબ સતસંગા. સત્સંગની પ્રાપ્તિ જીવનો ભાગ્યોદય છે. સ્વપ્નમાં ય સત્સંગ મળી જાય તો જીવ ધન્ય થઈ જાય. પચાસ હજાર વર્ષના ઉગ્ર તપના ફળથી ય વિશ્વામિત્ર પોતાના મસ્તકે પૃથ્વી ધારણ કરી ન શક્યા. પરંતુ વસિષ્ઠજીએ સ્વપ્નમાં કરેલા બે ઘડીના સત્સંગના ફલથી આખી પૃથ્વીને પોતાના મસ્તકે ધારણ કરી શક્યા હતા !

क्षणार्धेनापि तुलये न स्वर्गं नापुनर्भवम् ।
भगवत्संगिसंगस्य मर्त्यानां किमुताशिषः ।।

શ્રી રુદ્રે સત્સંગનો મહિમા ગાયો છે. ભગવાનના લાડીલા ભાગવત પુરુષોના સંગમાં જે સુખ છે તે અડધી ક્ષણના સુખની તોલે પણ સ્વર્ગનું સુખ કે મોક્ષનું સુખ ન આવી શકે. જો સ્વર્ગનું (પારલૌકિક) સુખ અને મોક્ષનું (અલૌકિક) સુખ પણ સત્સંગ સુખની બરાબરી ન કરી શકે તો લૌકિક, ક્ષણજીવી સુખોની વાત જ શી કરવી ?

સત્સંગ દુર્લભ છે તે એટલા માટે કે તે અમૃતરૂપ છે.

अमृतस्य प्रकारोऽयं दुर्लभः साधुसंगमः (વાલ્મીકિ રામાયણ) સ્થૂળ પ્રાકૃત અમૃત મેળવવા માટે ય દેવોને પરિશ્રમ કરવો પડ્યો હતો. દાનવો સાથે સંધિ, મંદરાચલનું ડૂબી જવું, હળાહળ વિષ પ્રકટ થવું. દાનવોનું અમૃતકુંભ હરી જવું જેવી મુશ્કેલીઓ પણ આવી. તો સત્સંગ તો અલૌકિક અમૃત છે, પરમાત્મારૂપ છે. તે દુર્લભ તો હોય જ.

तात स्वर्ग अपवर्ग सुख, धरिय तुला एक अंग ।
तूल न ताहि सकल मिलि, जो सुख लव सतसंग ।।

સકામ સુકૃત્યોથી સ્વર્ગ સાંપડે છે પરંતુ પુણ્ય ક્ષીણ થતાં જ ફરીથી આ મર્ત્યલોકમાં, સંસારમાં પડવું પડે છે. સ્વર્ગ સુખ બહુ ઉત્તમ સુખ નથી **'ऊंच निवास नीच करतूती । देखि न सकळ पटाई विभूति ।।** સ્વર્ગના દેવો ઉચ્ચ સ્થાને રહેતા હોવા છતાં, અન્યના સુખને જોઈને ઈર્ષ્યામાં બળી જવાનો સ્વભાવ તો એમનામાં ય છે.

સ્વર્ગ કરતાં મોક્ષસુખ ઉત્તમ; પરંતુ 'હરિના જન તો મુક્તિ ન માંગે' ભક્તોને તો ભક્તિરસ જ પ્રિય છે. ભક્તિ મળે છે સત્સંગથી. સત્સંગ ભક્તિનું સાધન પણ છે અને ભક્તિની પ્રથમ અવસ્થા પણ છે. સ્વયં પ્રભુએ **'प्रथम भगति संतन्ह कर संगा'** કહીને ભક્તિના મૂળમાં સત્સંગને મૂક્યો છે.

सतसंग मुदमंगल मूला । सोई फलसिधि सब साधन फूला ।।

માનવજીવન પ્રાપ્ત કર્યા બાદ તેને ધન્ય બનાવનાર સત્સંગ છે. આનંદ-મંગલનું મૂળ સત્સંગ છે. સર્વ સાધન પુષ્પો છે પણ સત્સંગ ફલ છે, સિદ્ધિ છે.

મુદમંગલરૂપી વૃક્ષનું મૂળ સત્સંગ છે. મૂળ વિના વૃક્ષ ન સંભવે, ન ટકે એમ માનવજીવનમાં સાચા સુખનો આધાર સત્સંગ છે.

સત્સંગ સાધન પણ છે અને ફલ પણ છે. સાધનદશામાં સાધકો સત્સંગ કરતાં કરતાં ફલને પામે છે. ફલ પણ સત્સંગ જ છે. સંત ભગવાનની વિભૂતિ છે માટે સંત સ્વયં મુદમંગલમય છે (મુદમંગલમય સંતસમાજૂ) એમની સેવા કરનારને જ નહીં ક્ષણાર્ધ માટે સંગ કરનારને ય મુદમંગલ પ્રાપ્ત થાય છે. જેની પાસે જે હોય તે આપી શકે. સંત પ્રભુની પ્યારી અભિવ્યક્તિ છે. જગત ભગવાનની 'ભૂતિ' છે (સાતવઁ સમ મોહિ મય જગ દેખા) તો સંત ભગવાનની 'વિભૂતિ' છે (મોતે સંત અધિક કર લેખા). માટે સત્સંગ જેને સાંપડે છે તે જીવ કૃતાર્થ છે, તેના ઉપર ભગવાનની કૃપા ઊતરી છે એનું લક્ષણ જ એ કે એ સત્સંગ પામ્યો છે. બાકી તો સત્સંગ દેવોને ય દુર્લભ છે.

સત્સંગ જ સ્વર્ગ. સત્સંગ જ વૈકુંઠ.

न यत्र वैकुंठकथासुधापगा, न साधवो भागवतास्तदाश्रयाः ।
न यत्र यज्ञेशमखा महोत्सवाः सुरेशलोकोऽपि न वै स सेव्यताम् ।।

જ્યાં સત્સંગ છે ત્યાં સ્વર્ગ છે. બાકી તો સ્વર્ગના દેવો ય સ્વર્ગીય ભોગો ભોગવીને ઉપરામ પામીને આખરે એ નિર્ણય પર આવે છે કે અમારાં થોડાં પુણ્ય પણ જો બાકી રહ્યાં હોય તો અમારે એ જ ફળ જોઈએ કે, અમને ભારતવર્ષમાં જન્મ મળે.

એ સ્વર્ગ શા ખપનું કે જ્યાં હરિકથારૂપી ભાગીરથી પ્રવાહમાન ન થતી હોય, અમારે આ સ્વર્ગનો આશ્રય કરવો નથી કે જ્યાં ભગવચ્ચરણના અનન્ય આશ્રય કરનારા ભાગવતજનો ન બિરાજતા હોય. જ્યાં યજ્ઞપતિ નારાયણની પ્રસન્નતા અર્થે યજ્ઞો, મહોત્સવો ન થતા હોય એ સ્વર્ગમાં શું સુખ છે ? ભારતભૂમિના એ બડભાગીજનોની ઈર્ષ્યા સ્વર્ગના દેવોને આવે છે કે જે સાધુસમાગમ કરીને જીવનને કૃતકૃત્ય બનાવે છે. સત્સંગ કરીને સ્વયંને બ્રહ્માનંદથી વિશેષ સુખના અધિકારી બનાવે છે.

न वै जनो जातु कथंचनाऽऽव्रजेन्मुकुंदसेव्यन्यवदंग संसृतिम् ।
स्मरन्मुकुंदांध्युपगूहनं पुनर्विहातुमिच्छेन्न रसग्रहो यतः ।।

શ્રી નારદજી કહે છે, 'વૈકુંઠમાં ગયેલા જયવિજય વિ.ને પણ શાપવશ ભૂતળ

પર પુનઃઆગમન કરવું પડ્યું છે. એટલે વૈકુંઠ પ્રાપ્તિ પણ ભક્તિનું પરમ ફલ નથી. ભક્તિનું પરમ ફલ વૈકુંઠ હોય તો જયવિજયને શાપ ન લાગે. ભગવદ્ ભક્તને તો સંસાર નિવૃત્ત જ થઈ જાય છે. જેઓ કાળને આધીન છે તેમની બુદ્ધિ પણ કાલવશાત્ વિપરીત થઈ જાય અને તેઓ અપરાધ કરી બેસે એવી સંભાવના રહે. ભક્તિ કરનારને એવો ભય રહેતો નથી.

ભક્ત કદાચ વાણી વડે કે કાયા વડે સેવા ન કરી શકે તો પણ 'કામુકસ્ય કામિનીસ્મરણમિવ' કામી જેવી કામિનીના સ્મરણમાં ય સુખ અનુભવે છે તેમ, પૂર્વજન્મમાં થયેલા પ્રભુચરણના આલિંગનનું સ્મરણ તેને સુખી બનાવી દે છે. ભક્તિનું સુખ કદી છૂટતું નથી. ભરતજી બીજા જન્મમાં હરણ થયા તો ય ત્યાં તેમણે પૂર્વજન્મના સ્મરણભજનાદિમાં જ ચિત્ત પરોવી રાખ્યું છે, પોતાની મૃગજનેતા કે અન્યમાં નહીં.

શ્રીહરિનાં ભજનમાં રસ છે, આનંદ છે. ભક્તો તે રસપૂર્વક સ્વીકારે છે. ભક્તિમાર્ગ વિવશતાથી સ્વીકારેલો માર્ગ નથી પરંતુ ભક્તોએ રસપૂર્વક, આનંદપૂર્વક સ્વીકારેલો માર્ગ છે. ભગવાનની કૃપા થવામાં વિલંભ થાય, પ્રભુ ધૈર્યની કસોટી કરે તો ય ભક્તો સ્મરણભજન છોડતા નથી કેમ કે આ રસગ્રહ માર્ગ છે. 'રસેન ગ્રહણં યસ્ય' રસપૂર્વક, સ્વરુચિથી, પૂર્વનાં સુખદ સ્મરણોથી પ્રેરાઈને જે માર્ગ સ્વીકાર્યો હોય તે કદી ન છૂટે.

देवो देवेभिरागमत्

પરમાત્મા મહાપુરુષોના સંગ વડે પ્રાપ્ત થાય છે(ઋગ્વેદ). સંતજનો ભગવાનને ધારણ કરનારા છે. પ્રભુ એમના હૃદયમાં નિત્ય નિવાસ કરે છે. અંતર્યામી રૂપે તો પ્રભુ સૌના અંતરમાં વસે છે, પરંતુ સંતહૃદયમાં તો સચ્ચિદાનંદરૂપે વસે છે.

सदिति ब्रह्मणः शब्दस्तद्वन्तो ये भवन्त्युत ।
सायुज्यं ब्रह्मणोऽत्यन्तं तेन संतः प्रचक्ष्यते ॥

વાયુપુરાણે 'સંત' શબ્દની વ્યુત્પત્તિ સમજાવીને સિદ્ધ કર્યું છે કે સંત એ જ કે જેને બ્રહ્મસાયુજ્ય સિદ્ધ થઈ ચૂક્યું હોય. 'સત્' શબ્દ બ્રહ્મવાચક છે, પ્રભુનાં અનેક નામોમાંનું એક નામ છે. આ 'સત્' તત્ત્વથી જે યુક્ત છે, જેને આ સત્ તત્ત્વ સાંપડી

ચૂક્યું છે તે સંત છે. સત્પુરુષોમાં ભગવાન વસે છે માટે તો જ્યાં જ્યાં તેઓ જાય છે ત્યાં નિર્જન સ્થાન પણ આબાદીવાળું થઈ જાય છે, આપત્તિ પણ સંપત્તિ થઈ જાય છે. અરે, સાધુસંતો, ભગવદીયોની ઉપસ્થિતિમાં તો **'मृत्युरप्युत्सवायते'** મૃત્યુ પણ ઉત્સવ થઈ જાય છે. તક્ષકના દંશથી અપમૃત્યુ થવાનું હતું તોય સાધુજનોની ઉપસ્થિતિને કારણ પરીક્ષિતનું મૃત્યુ પણ ઉત્સવ થઈ ગયું હતું. સત્સંગે જીવન પણ સુધાર્યું હોય અને મૃત્યુ પણ ઉત્સવરૂપ બનાવ્યું હોય એવા અનેક પ્રસંગો છે. સાચે જ, સત્સંગતિ જીવનને ય મુદમંગલમય બનાવે છે અને મરણને ય મુદમંગલ બનાવી દે છે. **'सत्संगजानि निधनान्यपि तारयन्ति'** ઉત્તર રામચરિતમાં ભવભૂતિ કહે છે કે સત્સંગથી ઉત્પન થતું મૃત્યુ પણ મનુષ્યનો ઉદ્ધાર કરી દે છે.

સતસંગથી સત્ તત્ત્વોનું પોષણ.

માનવીની ધાર્મિક ચેતનાને પોષવામાં અને વિસ્તારવામાં સત્સંગની ભૂમિકા ખૂબ જ મોટી છે. માનવી અનેક શુભ સંસ્કારો અને સંકલ્પોનું મનમાં બીજારોપણ કરે પરંતુ જો તેને સત્સંગ મળતો ન રહે તો બધા જ શુભસંકલ્પો, સંસ્કારો, શિથિલ થઈ જાય છે, ફીકા પડી જાય છે. 'પોષકાભાવે તુ શિથિલમ્' પોષકનો અભાવ થાય તો મન શિથિલ થઈ જાય છે. શ્રદ્ધા, ભક્તિ, ઉત્સાહ વિ.માં ઓટ આવવા લાગે છે. આવી શિથિલતા ન આવે તે માટે નિત્ય સત્સંગ-પરાયણ રહેવું જોઈએ.

આ જ કારણે જ્ઞાનમાર્ગમાં, ઉપાસનામાર્ગમાં, ભક્તિમાર્ગમાં કે યોગ, વૈરાગ્ય વિ. સાધનામાં દુઃસંગ પરિત્યાગપૂર્વક સત્સંગસેવન પર સર્વદા ભાર મુકાયો છે. માનવી જે સાધન વડે, જે સાધના વડે, જે સિદ્ધિ પ્રાપ્ત કરવા ઇચ્છતો હશે; ભક્ત. તપસ્વી, યોગી, સંન્યાસી કે જીવન્મુક્ત થવાની દિશાએ તે આગળ ધપતો હશે, તો તે દરેકને સત્સંગની આવશ્યકતા પડવાની જ. તે તે સાધકને જે જે શુભ, મંગલમય સત્ તત્ત્વોની આવશ્યકતા પડશે તે બધું સત્સંગ દ્વારા મળશે અને સુરક્ષિત રહેશે.

પરમ શ્રદ્ધાવાન મહાનુભાવનું પ્રવચન કે સાન્નિધ્ય આપણને આપણી શ્રદ્ધાને સુદૃઢ બનાવવામાં ખૂબ જ સહાય કરે છે. એક પવિત્ર, શીલવાન વ્યક્તિનો સંગ કેટલીય વ્યક્તિઓના જીવનમાં પવિત્રતાનો સંચાર કરે છે. એક ધૈર્યવાન મહાત્માનું ચરિત્ર કેટકેટલા સાધારણ માનવીઓને પણ જીવનની વિષમ વિટંબણાઓને સહન કરવાનું સામર્થ્ય આપે છે.

जाड्यं धियो हरति सिंचति वाचि सत्यं,
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं,
सत्संगति कथय किं न करोति पुंसाम् ?

સત્સંગ બુદ્ધિની જડતાને હરે છે, વાણીમાં સત્યનો સંચાર કરે છે. માનવીને વધુ ને વધુ સમ્માનનીય બનાવે છે. સ્વભાવમાં પડેલા પાપ(સંસ્કાર)ને નષ્ટ કરી દે છે, મનુષ્યના ચિત્તને સાચી, સાત્ત્વિક ચિરસ્થાયી પ્રસન્નતા બક્ષે છે. જેણે સત્સંગ કર્યો એની દશે દિશાઓમાં કીર્તિ પ્રસરે છે. કહો જોઈએ ? સત્સંગતિ મનુષ્યને માટે શું શું નથી કરતી ? (ભર્તૃહરિ : નીતિશતક)

કંચનનો સંગ મળે તો કાચને ય મરકતમણિની શોભા સાંપડે છે. ઉત્તમનો સંગ અધમને પણ ઉચ્ચતા આપે છે. પવનના સંગે સંગે ધૂળ પણ આકાશમાં ચઢી જાય છે અને એ જ ધૂળનો જો જલનો સંગ કરે તો કીચડમાં મળી જાય છે. સાધુપુરુષોના ઘરમાં પોપટ, મેનાઓ પણ 'રામ-રામ' બોલતા હોય છે, તો અસાધુના ઘરમાં તે પણ ગણીગણીને ગાળો આપતા હોય છે. ધુમાડો ય શાહી બને તો પુરાણલેખનમાં 'મંજુમસિ' સુંદર શાહી બની જાય છે. તેને જો જલ, અગ્નિ અને પવન(આ ત્રણે દેવો છે.)નો સંગ મળે તો મેઘ બને છે અને જગતને જીવનદાયક બની જાય છે.

ભીનો ભીંજવે !

ભક્તો, સાધુજનોના સમાગમના વિષયમાં એક સુંદર ભાવ વિચારાયો છે. **आर्द्रार्द्रीकरणत्वम्** એક ભીંજાયેલા, ભીના વસ્ત્રને કોરું, સૂકું વસ્ત્ર સ્પર્શે છે તો કોરું વસ્ત્ર પણ ભીનું થઈ જાય છે, એમ ભક્તિમય જીવન જીવતા કોઈ સંત, મહાત્માના સાન્નિધ્યને કારણે તેમજ ભક્તિભાવથી સભર પ્રવક્તાના મુખેથી ભક્તિરસામૃતથી કથા શ્રવણ કરવામાં આવે તો આપણા હૃદયમાં ય તેનો પ્રભાવ પડે છે. જેવો સંગ તેવો રંગ, વ્યક્તિએ જેવા બનવું હોય તેવાઓના સંગમાં રહેવું. સત્પુરુષોનાં વિચારો, વાણી અને વર્તનમાં સાધુતા નીતરતી હોય છે. ભગવદીય જનો તન, મન અને જીવનમાં ભક્તિરસથી આર્દ્ર હોય છે. તેઓનો સંગ આપણને પણ અલ્પ આયાસે ભાવાર્દ્ર બનાવે છે.

સત્કથામાં નિમગ્ન રહેનારાને સાધુ કહેવાય છે. નારદપુરાણમાં,

सत्कथासु प्रवर्तन्ते सज्जना ये जगद्धियताः ।
निंदायां कलहे वापि ह्यसन्तः पापतत्पराः ।।

સંસારનું હિત કરનારા પરમાર્થી સાધુજનોને જ ભગવાનની ઉત્તમ કથાઓના શ્રવણકીર્તનમાં પ્રવૃત્તિ થાય છે. જેમાં ભગવાનનાં ચારિત્રોનું કે ગુણોનું વર્ણન છે. એ કથા જ સત્કથા છે. પાપી અસાધુપુરુષો સદા પરનિંદા અને કલહમાં જ લાગેલા રહેલ છે. માટે સત્કથાપરાયણ સંતોનો સંગ કરવો.

सब्भिरेव समासेथ, सब्भि कुब्बेथ सन्थवं ।
सतं सद्धम्ममंझाय, पंगा लब्भति नांअतो ।।

સત્પુરુષોની સાથે જ બેસો. સત્પુરુષોની સાથે જ હળોમળો. સત્પુરુષોના સદ્ધર્મોને જાણવાથી, એમના સદાચારને સમજવાથી જ પ્રજ્ઞા પ્રાપ્ત થાય છે. બીજી કોઈ રીતે નહીં(સંયુત્તનિકાય). સત્પુરુષો સદ્ધર્મની જીવંત પાઠશાળા છે. જગતના હિતને માટે જ તેઓ સંસારમાં વિચરણ કરે છે. તેમની વાણી આપણને બોલવાનું શીખવે છે. તેમના વ્યવહારો આપણને સદાચારનું દૃષ્ટાંત પૂરું પાડે છે. એમનું જ્ઞાન પણ આપણને ય પ્રકાશ આપે છે, એમની ભક્તિ આપણને ય ભીંજવે છે.

શાસ્ત્રના અધ્યયન કરતાં ય સત્સંગતિને ઉત્તમ કહી છે.

येषां त्रीण्यवदातानि विधा योनिश्च कर्म च ।
ते सेव्यास्तैः सभास्या हि शास्त्रेभ्योऽपि गरीयसी ।।

જે મહાત્માઓની વિદ્યા, જાતિ અને કર્મ - આ ત્રણે ઉજ્જ્વળ હોય એમને સેવવા જોઈએ, એમનો સંગ કરવો જોઈએ. કારણ કે મહાપુરુષોની સાથે બેસવું એ શાસ્ત્રોના સ્વાધ્યાયથી ય અધિક માનવામાં આવ્યું છે. સત્પુરુષોના જીવનમાં શાસ્ત્રો ઓતપ્રોત થઈ ગયાં હોય છે. એ માત્ર શાસ્ત્રવાચકો કે શાસ્ત્રબોધકો નથી પરંતુ સ્વયં શાસ્ત્ર છે. કૃતિ અચૂક રીતે અનુકૃતિને પ્રકટાવે છે. 'યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ' શ્રેષ્ઠ મનુષ્ય જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે, એ સર્વવિદિત છે જ.

3

કથા હેતુ

હરિકથાનું શ્રવણપઠન અનેક હેતુથી થઈ શકે છે. શ્રીહરિના જેવી જ, હરિકથા સમર્થ હોવાથી સર્વહેતુ સિદ્ધ કરનારી છે.

दुःखदारिद्रयदौर्भाग्यपापप्रक्षालनाय च ।
कामक्रोधजयार्थं हि कलौ धर्मोऽयमीरितः ।।

શ્રી ભાગવતજીના માહાત્મ્યમાં શ્રી સૂતજી વર્ણન કરે છે કે, દુઃખ દરિદ્રતા, દુર્ભાગ્યના નાશ માટે અને આ બધાના કારણરૂપ એવા પાપને ય ધોઈ નાખવા માટે વળી અંતઃકરણના દોષો જેવા કે કામ, ક્રોધ, વિ. પર વિજય મેળવવા માટે કથા શ્રવણધર્મને ઉત્તમ ધર્મ કહેવાયો છે.

દુઃખ, દરિદ્રતા અને દુર્ભાગ્ય એ બધા બહિરંગ ક્લેશો છે, કામ, ક્રોધ અને લોભ જેવા અંતરંગ ક્લેશો છે. કથા સર્વના સર્વ ક્લેશો નિવૃત્ત કરે છે એટલું જ નહીં; પરંતુ અભીષ્ટની પ્રાપ્તિ પણ કરાવે છે.

સ્વ-અધિકાર અનુસાર મનુષ્યો જુદા જુદા હેતુથી શ્રવણ કરે છે. પોતાના ઐહિક અભ્યુદય માટે પણ કથાશ્રવણ ઉત્તમ માન્યું છે અને પારલૌકિક, નિઃશ્રેયસાત્મક હેતુથી ય કથાશ્રવણ ઉત્તમ ફલદાયી છે.

ઐહિક હેતુઓમાં, પોતાની નિર્ધનતા દૂર કરવા ઇચ્છતો હોય, દરિદ્ર હોય, ક્ષય રોગી હોય, અન્ય રોગથી પીડિત હોય, જેનું ભાગ્ય વિપરીત હોય, સુખી થવાના પ્રયાસો કરવા છતાં દુઃખ જ ભોગવવું પડતું હોય, જે પાપને પાપ જાણતો હોય છતાં સ્વભાવવશાત્ પાપને રોકી ન શકતો હોય, સંતાન રહિત હોય, મૃત સંતાન થતાં હોય, સ્ત્રી સ્ત્રીરોગથી પીડાતી હોય, જેને કોઈ આધાર આશ્રય ન મળતો હોય એવાં નરનારીઓએ કથાશ્રવણ કરવું. શ્રી ભાગવત વિ. કથાઓના પાઠશ્રવણ વિ.થી પ્રભુ તેના મનોરથોને પૂર્ણ કરશે.

માનસિક રોગ, દુઃખ, નિરાશા વિ.થી પીડાતા, જીવનમાં કોઈ આઘાતજનક પ્રસંગથી દુઃખી મનુષ્યોએ ભગવત્કથાનું સેવન અવશ્ય કરવું જોઈએ. ભગવદીયોનાં ચરિત્રો અને ભગવાનની આનંદરૂપ લીલાઓ માનવીના જીવન પ્રત્યેના અભિગમને બદલી નાખશે.

મોહ, અજ્ઞાન, ભય, કામ, ક્રોધાદિ સ્વભાવગત દોષોમાંથી મુક્ત થવા માટે ય કથાશ્રવણ કરવું જોઈએ.

પારલૌકિક હેતુઓમાં ઉત્તમલોકની પ્રાપ્તિ માટે, સ્વર્ગ કે વૈકુંઠગમન માટે, પિતૃમોક્ષ માટે કે સ્વમુક્તિ માટે અથવા પરમાત્માને પ્રસન્ન કરવા માટે કથાસેવન કરવું જોઈએ.

આ તમામ હેતુઓ સિદ્ધ કરવા માટે કથા સુગમ અને સુલભ ઉપાય છે.

अज्ञान निवृत्ति

वेदान्तवेद सुस्नाते गीताया अपि कर्तरि ।
परितापवति व्यासे मुह्यत्यज्ञानसागरे ।।
तदा त्वया पुरा प्रोक्तं चतुःश्लोक समन्वितम् ।।
तदीयश्रवणात्सद्यो निर्बाध्यो बादरायणः ।।

વેદ, વેદાંતના સ્નાતક, શ્રીમદ્ ભગવદ્ગીતાના રચયિતા વ્યાસજી જ્યારે, જનસમાજને અજ્ઞાનરૂપી મહાસાગરમાં ડૂબતો ડૂબતો, સંતાપગ્રસ્ત જોઈને એમના અજ્ઞાનને દૂર શી રીતે કરવું અને પોતાના આનંદને કઈ રીતે પરમાનંદરૂપ બનાવવો એ ચિંતામાં ડૂબેલા હતા ત્યારે શ્રી નારદજીએ તેમને 'ચતુઃશ્લોકી ભાગવત'નો બોધ કર્યો હતો. તેનું શ્રવણ કરતાં જ વ્યાસજી ચિંતામુક્ત થયા. આમ સમગ્ર સંસારને અજ્ઞાનસાગરમાંથી ઉગારવા માટે કથા- હરિલીલા ગાન જ ઉપાય છે.

સંશય નિવારણ

नायं लोकोस्ति न परो न सुखं संशयात्मनः ગીતાજી કહે છે કે જેના મનમાં સંશય ભરેલ છે તેને માટે આ લોક પણ (સુખદાયી) નથી અને પરલોક પણ સુખદાયી નથી. સંશયથી પીડાતો માનવી નથી જ્ઞાન માર્ગે ચાલી શકતો, નથી ભક્તિ કરી શકતો. કર્મમાર્ગમાં ય એને સ્થાન નથી. જીવનની પ્રત્યેક ભૂમિકામાં માનવીને શ્રદ્ધાની આવશ્યકતા પડવાની.

કથા શ્રદ્ધા અને વિશ્વાસ વચ્ચેનો સંવાદ છે. વિશ્વાસના વિશ્વ-શ્વાસ સમાં વચનો વડે શ્રદ્ધા શ્રવણમયી બનીને કૃત્યકૃત્ય થઈ જાય છે.

કથા સંશય વિહગને ઉડાડી દેનારી છે તે યથાર્થ જ છે. સંશય વિશે અંગ્રેજ લેખક અને તત્ત્વચિંતક ફ્રાંસિસ બેકન લખે છે કે, 'પક્ષીઓમાં જે સ્થાન ચામાચીડિયાનું છે તે જ સ્થાન વિચારસૃષ્ટિમાં સંદેહનું છે. આ સંદેહરૂપી દુષ્ટ વિહંગો કાયમ અંધકારમાં કે અલ્પ પ્રકાશમાં ઊડવાનું પસંદ કરે છે. આ પક્ષીઓને ભગાડી જ મૂકવાં જોઈએ અથવા કમ સે કમ એનાથી સાવધાન તો રહેવું જ જોઈએ. આ શંકાનાં ચામાચીડિયાં બહુ હાનિ કરે છે. તે મન પર આવરણ નાખી દે છે. મિત્રો છોડાવી દે છે. વ્યવસાય રૂંધી નાખે છે, રાજાઓને અત્યાચારી બનાવે છે, પતિઓને ઈર્ષ્યાળુ બનાવી દે છે, બુદ્ધિમાન લોકોને અનિશ્ચયી બનાવી દે છે, ઉદાસીન કરી મૂકે છે. આ સંદેહો હૃદયના નહીં મસ્તકના દોષો છે.'

શ્રી હજારી પ્રસાદ દ્વિવેદી લખે છે કે, 'દહીંમાં જેટલું દૂધ નાખીએ એ બધું દહીં જ થઈ જાય છે એમ, શંકાશીલ હૃદયમાં સત્ય અને પ્રેમમય વાણી પણ શંકા જ ઉત્પન્ન કરે છે.'

याभ्यां विना न पश्यन्ति सिद्धाः स्वान्तस्थमीश्वरम् ।।

દૂરના પદાર્થો જોવાની વાત તો દૂર રહી પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ વિના સિદ્ધપુરુષો પણ પોતાના અંતઃકરણમાં રહેલા (હોવા છતાં) ઈશ્વરને જોઈ નથી શકતા. આ શ્રદ્ધા અને વિશ્વાસને પ્રકટાવીને સંશયનો નાશ કરવાનું કાર્ય સદ્‌ગુરુ કરશે અથવા સત્કથા કરશે.

સદ્‌ગુરુ સંશય દૂર કરી શકે છે કેમ કે તેમને **'करगत बेदतत्व सब तोरें'** સમગ્ર વેદતત્ત્વનું જ્ઞાન હોય છે. તેમની પાસે પોતાના સંશયો પ્રકટ કરીને શ્રદ્ધા દૃઢ કરી લેવી, અન્યથા મોટી હાનિ છે. સંશયથી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આ બધા જ ગુણોને મોટી હાનિ છે.

સત્કથા પણ સંશય દૂર કરે છે. શ્રી ગિરિજાને સાંપડેલા સદ્‌ગુરુ (શિવજી) અને સત્કથા (રામગુણગાન) વડે તેની **'मिटि गै सब कुतरक कै रचना', दारूण असंभावना बीती'** અને **'भइ रघुपति पद प्रीति प्रतीती.'** કુતર્કી દશા મટી ગઈ, કઠિન અસંભાવના પણ ચાલી ગઈ અને શ્રી રઘુનાથજીનાં ચરણોમાં પ્રેમ અને વિશ્વાસ રૂપી ફલ સિદ્ધ થઈ ગયું.

મોહ ભ્રમ નિવારણ

'मायामोह निरासश्च वैष्णवैः क्रियते कथम् ?' ભગવાનની માયાથી અંતઃકરણનો ઊપજેલો મોહ કયા ઉપાયથી દૂર થાય ?

ભગવત્કથાથી મોહ નિવૃત્તિ થાય છે માટે પ્રશ્નકર્તા કથાનાં હેતુ કહે છે. **जैसे मिटै मोह भ्रम भारी । कहहु सो कथा नाथ विस्तारी ।।**

ભગવાનનાં ચરિત્રો વિ. સંબંધમાં સંશયો થાય, જીવને પોતાના સ્વરૂપ સંબંધમાં મોહ અનુભવાય અને માયા ભ્રમ ઉત્પન્ન કરે. આ ત્રણે ઉપદ્રવનું મૂળ કારણ-સંશય. મોહ અને ભ્રમનું મૂળ કારણ-અજ્ઞાન છે. વક્તાએ કથા એવી રીતે વિસ્તારીને કહેવી જોઈએ કે સૌના અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય. સંક્ષેપ અને સૂક્ષ્મતા તો વિદ્વાનોને માટે છે. સાધારણ શ્રોતાઓ, જિજ્ઞાસુઓ તો વાતને વિસ્તારથી કહેવામાં આવે તો જ સમજી શકે છે.

મોહભ્રમના નિવારણ માટે બે સાધન આવશ્યક છે : સત્સંગ અને હરિકથા, ભક્તિ માટે પણ આ જ બે સાધન આવશ્યક માન્યાં છે.

बिनु सतसंग न हरिकथा, तेहि बिनु मोह न भाग ।
मोह गये बिनु रामपद, होई न दृढ अनुराग ।।

સત્સંગ વિના હરિકથાનું શ્રવણ શક્ય નથી. હરિકથાના શ્રવણકીર્તન વિના મોહની નિવૃત્તિ શક્ય નથી અને મોહનિવૃત્તિ વિના ભગવાનનાં ચરણમાં દૃઢ અનુરાગ શક્ય નથી. સત્સંગ એ જ કે જેમાં હરિકથાનું રસપાન થતું હોય, હરિકથાના રસપાન માટે સત્સંગ કરવો જ પડશે. વક્તા અને શ્રોતા, કમ સે કમ આ બેનો તો સંગ થવો જરૂરી છે જ. આ બે-સદ્‌વક્તા અને સત્ શ્રોતા એકત્ર થાય એટલે શ્રીહરિની કથાનો આવિર્ભાવ થાય છે અને કથા સ્વભાવથી જ મોહભ્રમને નષ્ટ કરનારી છે.

ગરુડજીના મનમાં મહામોહભ્રમને જન્મ્યો કે જે ભગવાનનું નામ લેતાંની સાથે જીવ ભવપાશમાંથી છૂટી જાય છે તે રામને તુચ્છ રાક્ષસે નાગપાશથી બાંધી દીધા ? જેમના પાશ છેદવા માટે મારે જવું પડ્યું એ સાચે જ શું ભગવાન છે ? ગરુડજીના આ ભ્રમનું નિવારણ ન થતાં તે નારદ પાસે ગયા. પણ નારદે તેનને બ્રહ્માજી પાસે મોકલ્યા, બ્રહ્માજીએ તેમને શિવજી પાસે

મોકલ્યા. શિવજીએ એમને કાકભુશંડીજી પાસે મોકલ્યા અને એમના મુખેથી કથા શ્રવણ કરવાથી ગરુડજીનો મોહ નષ્ટ થયો.

ભય નિવારણ

કાળ ભય

પ્રાણીમાત્રને સૌથી મોટો ભય કાળનો છે. બ્રહ્માજીથી માંડીને સૌ કાળથી, મૃત્યુથી ડરે છે. આ ભયનું નિવારણ કરવા માટે પણ ભગવત્કથાનું સેવન કરવું જોઈએ.

कालव्यालमुखग्रासत्रासनिर्णाशहेतवे ।

મૃત્યુ કરતાં મૃત્યુનો ભય વધુ દુ:ખદાયી છે. મૃત્યુ તો જીવનમાં એક જ વાર દુ:ખ આપે છે જ્યારે મૃત્યુના ભયને લીધે જીવ અસંખ્યવાર દુ:ખી થાય છે. સત્સંગ દ્વારા, સત્શાસ્ત્રોના શ્રવણપઠન દ્વારા જીવને પોતાના સ્વરૂપનો બોધ થાય છે. 'હું અમર્ત્ય છું; જન્મવું, હોવું, વૃદ્ધિ પામવું, ક્ષીણ થવું અને નષ્ટ થઈ જવું એવી ષડ્ઊર્મિઓ મારા દેહને છે, મને નથી. એવા વિવેકનો, ભાગવતાદિ શાસ્ત્રોના સેવનથી અવશ્ય ઉદય થાય છે.

કથા શ્રવણના ફલ સ્વરૂપે આવો વિવેક પરીક્ષિતમાં ય ઉદય પામેલ છે એમ ફલિત થાય છે. અંતે રાજા પરીક્ષિત બોલ્યા છે કે,

भगवंस्तक्षकादिभ्यो मृत्युभ्यो न बिभेम्यहम् ।
प्रविष्टो ब्रह्म निर्वाणमभयं दर्शित त्वया ।।

'હે ભગવત્સ્વરૂપ ગુરુદેવ ! આપે મને પરમાત્માનાં દર્શન કરાવી દીધાં છે ! મારો અભય રૂપ અને આનંદરૂપ પરમાત્મામાં પ્રવેશ કરાવી દઈને આપે મારા પર મહાન અનુગ્રહ કર્યો છે. મૃત્યુને હવે જે રૂપમાં આવવું હોય તે આવે. તક્ષક જેવા, મૃત્યુના કોઈ પણ સ્વરૂપથી હવે મને ભય નથી !

જ્ઞાન મનુષ્યને નિર્ભય બનાવે છે, ભક્તિ મનુષ્યને પરમ અભયનું દાન કરે છે અને ભગવત્કથા દ્વારા જ્ઞાન તેમજ ભક્તિ બંનેની સહજ પ્રાપ્તિ થઈ જતી હોય છે. જ્યારે અભયત્વ સિદ્ધ કરનારા આ બંને દિવ્ય સાધનો સાંપડે તો માનવીમાં ભય, કાળનો કે અન્ય કોઈનો પણ ભય કેમ રહી શકે ? આમ છતાં જો વિદ્વાન ભયભીત હોય તો તેને સત્સંગ ફલિત નથી જ થયો.

शंकेत विद्वान कुकलेवरात्ययाद्यस्तस्य यत्नः श्रम एव केवलम् ।।

'લૌકિક અને પારલૌકિક વિષયભોગોના લાલચુ એવા મૂઢ પુરુષો જે રીતે પુત્ર, પત્ની, પૈસા વિ.ની ચિંતાના કારણે, મૃત્યુથી ભયભીત રહ્યા કરે છે. જીવનભય મૃત્યુથી થરથરતા રહે છે એમ જો કોઈ જ્ઞાની, વિદ્વાન પણ આ નિંદનીય શરીરના, છૂટી જવાના ભયથી ડરતો રહે તો જ્ઞાનપ્રાપ્તિ માટે તેણે કરેલો બધો જ પરિશ્રમ વ્યર્થ છે. તેના જ્ઞાનના પ્રયાસો માત્ર શ્રમદાયક જ પુરવાર થાય છે.'

દોષ નિવારણ

पावनानां च पावनम्

જીવ અનેક પ્રકારના દોષોથી ભરેલો છે એ વાત સાચી; પરંતુ નિરંતર પોતાના દોષો વિષે વિચારતા રહેવાથી જીવનમાં નકારાત્મક વલણ આવી જશે. ભક્તને માટે દૈન્ય આવશ્યક છે પણ દૈન્યનો અતિરેક પણ ઉચિત નથી.

સૂરદાસજી અને શ્રી વલ્લભાચાર્યજીના મિલનનો પ્રસંગ ઘણો જ સૂચક છે. સૂરદાસજી શ્રી યમુનાજીના કિનારે, મથુરા અને આગ્રાની વચ્ચે આવેલા ગૌઘાટ પર રહેતા. એકવાર શ્રી વલ્લભાચાર્યજી ગૌઘાટ પધાર્યા. સૂરદાસજીને આ જાણ થઈ એટલે એ પોતાનો શિષ્યસમુદાય લઈને ત્યાં આવ્યા. શ્રી મહાપ્રભુને દંડવત્ પ્રણામ કર્યા. શ્રી મહાપ્રભુજીએ સૂરદાસજીને કહ્યું કે, 'સૂર ! કંઈક ભગવદ્ યશ વર્ણન કરો.' પછી સૂરદાસજીએ ગાયું....

'हौं हरि सब पतितनको नायक.
को करि सके बराबरि मेरी, इते मानकी लायक....

સૂરદાસજીએ જેટલાં પદ ગાયાં તેમાં એ જ વર્ણન હતું કે 'પ્રભુ ! હું અધમથી ય અધમ છું. બીજા બધા તો થોડા સમયના પાપીઓ હશે. હું તો જનમજનમનો પાપી છું. આપે પારધી, અજામિલ, ગણિકા એવા અનેક પાપીઓને તાર્યા, પૂતના જેવા અસુરોને તાર્યા. મારા સિવાયના બધા જ દુષ્ટોને ઉદ્ધાર્યા છે તો મારો ઉદ્ધાર ક્યારે કરશો ? મારા હૃદયની વ્યથા ક્યારે દૂર કરશો ? હું એટલો બધો અધમ છું કે આપના સિવાય કોઈની શક્તિ નથી કે મને ઉગારે.'

આ સાંભળીને શ્રી મહાપ્રભુએ કહ્યું કે, 'સૂર થઈને આવો ગળગળો કેમ થઈ

જાય છે ? કંઈક ભગવલ્લીલાનું વર્ણન કર.' જીવ ભગવાનથી વિખૂટો પડ્યો ત્યારથી પતિત થયો જ છે, તેને ઝાઝું શું વર્ણવવું ? ભગવાનની લીલાનું ગાન કરવું જોઈએ કે જેથી શુદ્ધ થવાય.

ભગવદ્ યશનું ગાન મનુષ્યને શુદ્ધ બનાવે છે. નિર્દોષ કરે છે એ સ્પષ્ટ છે.

मम त्वेतां वाणी गुणकथन पुण्येन भवतः ।
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथन ! बुद्धिर्व्यवसिता ।।

ભગવાનના ગુણો અવર્ણનીય હોવા છતાં ભક્તો તેના વર્ણનમાં તત્પર થાય છે. એનું એક કારણ એ છે કે એ ગુણગાન રૂપી પાવક કાર્યથી વાણી પવિત્ર થાય છે. સ્તુતિ, ગુણગાન, લીલાગાનથી ધારો કે કોઈ અર્થ સરતો ન હોય તો ય એટલું તો નિશ્ચિત છે કે જેનો ભગવાન સંબંધી વિનિયોગ થાય છે તે અવશ્ય પાવન થઈ જાય છે.

एतस्मादपरं किंचिन्मनः शुद्धयै न विद्यते ।

અંતઃકરણને શુદ્ધ કરવા માટે શાસ્ત્રોએ અનેક સાધનો દર્શાવ્યાં છે. પરંતુ કલિકાલ હોવાથી એ સાધનો પણ દુષ્કર થયાં છે અને જીવ પણ દુર્બલ થયો છે. આવા પ્રસંગે અંતઃકરણને શુદ્ધ કરવા માટે ભગવત્કથા જેવું ઉત્તમ સાધન કોઈ જ નથી.

કર્મક્ષય

यदनुध्याऽसिना युक्ताः कर्मग्रंथिनिबंधनम् ।
छिन्दन्ति कोविदास्तस्य को न कुर्यात्कथारतिम् ?

ભગવાનની એ કથામાં કોને પ્રીતિ નહીં થાય, કે જેના ધ્યાનથી ધ્યાનરૂપ તલવારથી સુસજ્જ નિપુણ માનવી પોતાના કર્મ અને કર્મગ્રંથિઓનાં બંધનને છેદી નાખે છે. (ભાગવત-૧/૨/૧૫)

જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી જન્મમરણની પરંપરા તોડી શકાતી નથી. વળી **'नाभुक्तं क्षीयते कर्म'** કર્મનો નાશ ભોગવ્યા વિના થતો નથી. હવે જો કોઈ ભોગવતાં ભોગવતાં કર્મનો ક્ષય કરવાનું શરૂ કરે તો પુનઃ બીજાં કર્મ તો ઉત્પન્ન થવાનાં ! આમ કર્મોનો ઉચ્છેદ ઘણો જ મુશ્કેલ છે.

ધ્યાન કરનાર નિપુણ હોવો જોઈએ. જે કર્મગ્રંથિઓના છેદન માટે ભગવાનનું ધ્યાન કરે તે જ નિપુણ છે. અન્ય હેતુથી ધ્યાન કરે તેને યોગની અણિમા વિ. સિદ્ધિઓ ફલરૂપે મળે પણ 'કર્મક્ષય' રૂપી ફળ ના મળે. યોગીની નિપુણતા માત્ર યોગ સાધવામાં જ આવશ્યક છે એમ નહીં પણ યોગનો ધ્યાનનો હેતુ સંસાર નિવૃત્તિ, કર્મક્ષય માટે હોવો જોઈએ એ વિવેકમાં પણ આવશ્યક છે. આ ધ્યાનયોગ કરતાં ય કથા ઉત્તમ છે. ભગવાનનું ધ્યાન કર્મનાશ કરી શકે તો સ્વયં ભગવાન શું ન કરી શકે ? કથા દ્વારા આવા પ્રભુ વક્તા-શ્રોતાના હૃદયસ્થ થઈને તેના સંસારનો, જન્મમરણનો ક્ષય કરી દે છે.

પાપનિવારણ

ભગવાનની લીલા નિરૂપણ કરનાર શાસ્ત્રોનો એક એક અક્ષર મનુષ્યનાં મહાપાપોનો નાશ કરે છે. શ્રી રામરક્ષાસ્તોત્રમાં બુધકૌશિક ઋષિ વર્ણન કરે છે કે

चरितं रघुनाथस्य शतकोटिप्रविस्तरम् ।
एकैकमक्षरं पुसां महापातक नाशनम् ।।

શ્રી રઘુનાથજીનું ચરિત્ર કરોડો શ્લોકોના વિસ્તારવાળું છે, તેમાંથી એક એક અક્ષર પણ ગવાય તો તે મનુષ્યોનાં મહાપાપોનો નાશ કરે છે.

જેને ભગવત્કથા સુલભ થઈ છે તેણે નિષ્પાપ થવા માટે અન્ય કોઈ પણ સાધનનો શ્રમ કરવાની જરૂર નથી, કેમ કે અત્યંત અલ્પ પ્રયાસે કથા મનુષ્યને સમસ્ત પાપોમાંથી મુક્ત કરી દે છે. વેદસ્તુતિમાં વેદોએ ગાયું છે કે...

इति तव सूरयस्त्र्यधिपतेऽखिल लोकमल-
-क्षपणकथामृताब्धिमवगाह्य तपांसि जहुः ।

સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરનારા જ્ઞાનીઓને જગત બ્રહ્મરૂપ અનુભવાય છે. માટે વેદો અને ઋષિઓને મન અને વાણીના આચરણને પ્રભુમાં જ સ્થાપિત કરેલ છે. આપણે પગ ક્યાંય પણ મૂકીએ તો ય ભૂમિ ઉપર જ મૂકેલા છે(સર્વનો આધાર ભૂમિ છે.). આ પ્રમાણે નિશ્ચય કરીને વિદ્વજ્જનોએ, ભક્તો કથામૃત-સાગરમાં ડુબકી લગાવી દીધી છે. ભક્તો અને જ્ઞાનીઓ સારી પેઠે જાણે છે કે સંપૂર્ણ વિશ્વનાં પાપોનું હરણ કથામૃત વડે થઈ જાય છે. જો કથામૃતરૂપી અતિસરળ અને સુખદ સાધન વડે સમસ્ત પાપસમૂહો નષ્ટ થઈ શકતા હોય તો તપ, યોગ જેવા ક્લેશદાયક સાધન કરવાની શી આવશ્યકતા છે ?

સજ્જનોનો સ્વલ્પસંગ અને સત્શાસ્ત્રોનું સ્વલ્પ અધ્યયન પણ માનવીને નિષ્પાપ બનાવે છે એ ચર્પટપંજરિકા સ્તોત્રમાં સિદ્ધ થાય જ છે.

भगवद्गीता किंचिदधीता, गंगाजललवकणिका पीता ।
येनाकारि मुरारि समर्चा, तस्य यमः किं कुरूते चर्चा ?

જેણે દેવકીપુત્રગીત, સર્વોપનિષદ્ સારરૂપ ભગવદ્ગીતાનાનું થોડુંય અધ્યયન કર્યું છે, શ્રીહરિની ચરણપદ્મની ગંગાજીના કિંચિત્ બિંદુઓનું પાન કર્યું છે અને ભગવત્સ્વરૂપ પધરાવીને તેની યથાશક્તિ સેવાપૂજા કરી છે તેનું નામ પણ લેવાની યમને જરૂર પડતી નથી. યમ તો પોતાના દૂતોને સૂચના આપી રાખે છે કે, જેની જીભ ભગવાનનાં મંગલમય નામોનો ઉચ્ચાર ન કરતી હોય, જેનું ચિત્ત પ્રભુના મંગલમય ચરણારવિંદનું ચિંતન ન કરતું હોય અને જેનું મસ્તક પ્રભુની સમક્ષ કદી ઝૂકતું ન હોય તેવા દુષ્ટોને, દુરાચારીઓને મારી પાસે લાવો. જે જાણે, અજાણે હરિનામ કે હરિભજનનો આશ્રય કરતા હોય એમનાથી દૂર રહેજો.

જ્યાં સુધી ભગવાનની કથા કાનમાં ગઈ નથી ત્યાં સુધી જ શરીરમાં પાપો રહી શકે છે. **यश्च भागवतं शास्त्रं वाचयेदर्थतोऽनिशम् । जन्म-कोटिकृतं पापं नश्यते नात्र संशयः ।।** શ્રદ્ધાવાન કોઈ પણ ભક્ત શ્રી ભાગવતજીનો પાઠ કરે તો તેનાં કરોડો જન્મનાં પાપો નષ્ટ થઈ જાય છે. આ મહિમામાં સહેજે સંશય રાખવાની જરૂર નથી. પરંતુ શરત એટલી છે કે, તેણે આ પાઠ દરરોજ કરવો જોઈએ અને માત્ર શાબ્દિક પાઠ ન કરતાં અર્થના અનુસંધાન સહિત પાઠ કરવો જોઈએ. આમ છતાં–

सेवनाच्छ्रवणात्पाठात्दर्शनात्पापनाशिनी ।।

શ્રી ભાગવતજી ભગવાનની વાઙમય મૂર્તિ છે. એની અંદર પૂર્ણપુરુષોત્તમ વિરાજમાન છે. માટે એનો કોઈ પણ પ્રકારે થયેલો સંબંધ પાપનાશક છે. કોઈ એની સેવાપૂજા કરે, કોઈ એનું કથાશ્રવણ કરે, કોઈ પાઠપારાયણ કરે, ભાગવતજીનો મહિમા તો એટલો બધો છે કે કોઈ એનાં ભાવપૂર્વક દર્શન પણ કરે તો તેટલા સાધનમાત્રથી પણ એ પાપોનો નાશ કરી દેશે.

शृण्वतां स्वकथाः कृष्णः पुण्यश्रवणकीर्तनः ।
हृद्यन्तःस्थो ह्यभद्राणि विधुनोति सुहृत्सताम् ।।

જેનાં શ્રવણ અને કીર્તન પુણ્યરૂપ છે તથા જે સત્પુરુષોના સખા છે એવા ભગવાન શ્રી કૃષ્ણ એમની કથાનું શ્રવણ કરનારાઓના હૃદયમાં રહેલાં પાપોને વિદીર્ણ કરી દે છે.

ભગવાન અને ભગવાનની કથામાં ભેદ નથી. દ્વૈત નથી. **'स्वकथा स्वरूपभूताः कथाः'** કથા ભગવાનનું સ્વરૂપ છે. કથા અને કૃષ્ણ જુદાં હોય તો કથા ભક્તહૃદયમાં પ્રવેશે ત્યારે કૃષ્ણ પ્રવેશે ય ખરા અને ન ય પ્રવેશે. પરંતુ એવું નથી. ભગવાનનો પ્રવેશ એ ભગવત્કથાનો ય પ્રવેશ છે અને ભગવત્કથાનો ભક્તહૃદયમાં પ્રવેશ એ ભગવાનનો પ્રવેશ છે. ભક્તના હૃદયમાં રહેલા બધા અભદ્રનો એ નાશ કરી દેશે.

નિરંતર ઉત્પન્ન થતાં જે પાપોની નિવૃત્તિ અન્ય સાધનો વડે થઈ નથી શકતી તે પાપોની નિવૃત્તિ ભગવાનની કથાના માત્ર શ્રવણકીર્તનથી થઈ જશે કેમ કે ભગવાન પુણ્યશ્રવણકીર્તન છે. ભગવાનનાં શ્રવણકીર્તન સર્વથા પુણ્યરૂપ-પવિત્ર જ રહે છે. **'श्रोतृवक्तृदोषैर्न श्रवणकीर्तने सम्बध्येते अपहतपाप्मत्वात्तयोः'** શ્રી મહાપ્રભુજી કહે છે કે, શ્રોતા અને વક્તાના દોષ રૂપ હોવા છતાં પણ (શ્રોતા અને વક્તામાં કદાચ દોષ હોય તો ય) ભગવાનની કથાના શ્રવણકીર્તન કદી દોષયુક્ત થતા નથી.

કથા શ્રવણકીર્તન હોય ત્યાં પાપ તો રહી શકે જ નહીં. જેમ સૂર્યોદયની સંભાવના થતાં જ અંધકાર નિવૃત્ત થઈ જાય છે એમ કીર્તનની સંભાવના માત્રથી પાપની નિવૃત્તિ થઈ જાય છે. અભદ્રનો નાશ થાય છે. તે અભદ્ર એટલે પાપ નહીં પરંતુ કામ, અવિદ્યા અને કર્મ, શ્રોતાના હૃદયમાં રહેલા ભગવાન તેના કામ, અવિદ્યા, કર્મ વિ.ને વિશેષ પ્રકારે મંથન-મર્દન કરીને એવા શિથિલ બનાવી દે છે કે પાછા ભક્તહૃદય પર આક્રમણ કરી જ ન શકે. જેમ સમુદ્રનું મંથન કરીને ભગવાને તેના વિષને બહાર કાઢી નાખ્યું અને કાયમ બહાર જ રાખી દીધું તેમ ભક્તના હૃદયમાંથી કથા દ્વારા ભગવાન તેના અભદ્રને કાયમ માટે દૂર કરી નાખે છે.

ભગવાન ભક્તોના સુહૃત્ છે, સહાયકર્તા છે, સખા છે માટે તે કૃપા કરે એમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી.

કાષ્ઠ અગ્નિમાં પધરાવવામાં આવે ત્યારે અગ્નિ એને બાળી નાખે છે. પછી કાષ્ઠ નાનાં હોય કે મોટાં હોય, લીલાં હોય કે સૂકાં હોય પણ અગ્નિ સામે તેનું જોર ચાલતું નથી. તેમ પાપોનું જોર પણ હરિકથા સામે ચાલતું નથી. જાણી સમજીને

કરવામાં આવેલું પાપ, લીલા કાષ્ઠ સમાન છે. (તેને બળતાં જરા વાર લાગે છે અને ધુમાડો વધુ થાય છે, આંખમાં પણ લાવે છે !) અજાણતાં થયેલ પાપ સૂકા લીલા કાષ્ઠ સમાન છે. તેને રાખ થતાં વાર લાગતી નથી. સામાન્ય પાપ નાના કાષ્ઠ સમાન છે. મોટાં પાપ મોટા કાષ્ઠ સમાન છે. આર્દ્ર, શુષ્ક, લઘુ અને સ્થૂલ એવાં બધાં પાપનો નાશ હરિનામ અને હરિકથા દ્વારા અવશ્ય થઈ જાય છે.

कंपंते सर्वपापानि सप्ताहश्रवणे स्थिते ।
अस्माकं प्रलयं सद्यः कथा चेयं करिष्यति ।।

જ્યારે કોઈ કથાપ્રેમી, કથારસિક ભક્ત શ્રી ભાગવતજીની કથા શ્રવણ કરવા બેસે છે ત્યારે તો સર્વ પાપો કાંપી ઊઠે છે કે આ હરિકથા અમારો તત્કાળ વિનાશ કરી દેશે !

દુર્ગતિ નિવારણ

श्रीमद् भागवतं शास्त्रं नित्यं यैः परिसेवितम् ।
पितृर्मातुश्च भार्यायाः कुलपंक्ति सुतारिता ।।

શ્રી ઉદ્ધવજી કહે છે કે, જે મનુષ્યોએ શ્રી ભાગવતજીનું નિત્ય સેવન કર્યું છે (પઠન, પાઠન, શ્રવણકીર્તન, દર્શન, પૂજન, સ્મરણ એ બધા સેવા પ્રકારો છે.) તેમણે તો પિતાની, માતાની તેમજ પત્નીની કુળપરંપરાને સારી રીતે તારી દીધી છે.

મહાપાપી ધુંધુકારીનું વારાંગનાઓ દ્વારા અપમૃત્યુ થયું. અસંખ્ય પાપો કરેલાં હોવાથી ધુંધુકારી ભયાનક પ્રેત થયો. વંટોળિયાનું રૂપ ધારણ કરીને તે દશે દિશાઓમાં દુઃખી થઈને ભટકતો રહેતો. ઠંડીગરમી, ભૂખતરસ જેવાં ઘણાં દુઃખો તેણે ભોગવ્યાં. તેને ક્યાંય આશ્રય ન મળ્યો. તીર્થયાત્રા કરવા ગયેલા ભ્રાતા ગોકર્ણને પોતાના ભાઈના પ્રેતત્વની જાણ થઈ. ભાઈની પાછળ કોઈ બીજું સ્વજન ન હતું તેથી તેણે તેના ઉદ્ધાર માટે ગયાજીમાં જઈને શ્રાદ્ધ કર્યું. ગોકર્ણ પરમ સંતપુરુષ હતા. તે જે જે તીર્થોમાં ગયા ત્યાં ત્યાં તેમણે ભાઈના ઉદ્ધાર માટે શ્રાદ્ધ કર્યું. અને છેવટે પોતાના નગરમાં આવી પહોંચ્યા. રાત્રે પ્રેત એવા ધુંધુકારીએ એમને પોતાનું ઉગ્ર રૂપ દર્શાવ્યું. વાર્તાલાપ કરતાં ગોકર્ણને જાણ થઈ કે આ પ્રેત એમનો ભાઈ ધુંધુકારી જ છે. ગોકર્ણને આશ્ચર્ય થયું. 'ભાઈ ! તારા ઉદ્ધારને માટે મેં ગયાજીમાં શ્રાદ્ધ પિંડદાન વિ. બધી જ શાસ્ત્રોક્ત વિધિ કરી લીધી છે, તો પછી

તારો ઉદ્ધાર કેમ ન થયો ? જો ગયાશ્રાદ્ધથી પણ ઉદ્ધાર ન થાય તો હવે તો તારી મુક્તિ માટે કોઈ જ ઉપાય નથી !' પ્રેતે જવાબ આપ્યો. 'ભાઈ ! સેંકડો ગયાશ્રાદ્ધ થશે તોય મારી મુક્તિ થવાની નથી. હું તો મહાપાપી છું.'

બીજે દિવસે સવારે, વિદ્વાનોને પૂછતાં તેઓ પણ આ પ્રેતની સદ્ગતિનો ઉપાય ન બતાવી શક્યા ત્યારે ગોકર્ણે શ્રી સૂર્યભગવાનને પ્રાર્થના કરી. સૂર્ય ભગવાને ઉત્તર આપ્યો કે, '**श्रीमद् भागवतान्मुक्तिः सप्ताहं वाचनं कुरू** શ્રી ભાગવતજીના શ્રવણ દ્વારા પ્રેત ધુંધુકારીને મુક્તિ થશે. તમો સપ્તાહવિધિથી કથાવચન કરો.' શ્રી ભાગવતજીના પારાયણ માટે ગોકર્ણ પ્રવૃત્ત થયા.

કથાસભામાં ગોકર્ણે કથારંભ કર્યો ત્યાં જ પ્રેત ધુંધુકારી આવી પહોંચ્યો. વાયુરૂપ દેહ હોવાથી તે પોલા વાંસમાં બેઠો અને કથા શ્રવણ કરવા લાગ્યો. પ્રથમ દિવસે કથા પૂર્ણ થતાં વાંસની પ્રથમ ગાંઠ અવાજ સાથે તૂટી. સૌને પરમ વિસ્મય થયું. પછી તો દરરોજ સાંજે કથા વિરામ થતાં ગાંઠ તૂટતી અને સાથેસાથે વાસનાની ગાંઠ પણ તૂટતી. કર્મગ્રંથિ પણ ભેદાતી થઈ. સાતમા દિવસે ધુંધુકારીનો ઉદ્ધાર થયો. દિવ્ય વિમાનમાં બેસીને તે વૈકુંઠમાં ગયો.

આમ, તીર્થો જેની સદ્ગતિ ન કરી શક્યા એ પ્રેતાત્માની શ્રી ભાગવતજીએ ગતિ કરી દીધી.

धन्या भागवती वार्ता प्रेत पीडाविनाशिनी ।

કલિનિવૃત્તિ

સનકાદિ મુનિઓને શ્રી નારદજીએ શ્રી ભાગવતજીનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું કે **प्रलयं हि गमिष्यंति श्रीमद् भागवतध्वनेः । कलेर्दोषा । इमे सर्वे सिंहशब्दाद् वृका इव ।।** સિંહગર્જનાને સાંભળતાંની સાથે જેમ વરુઓ પલાયન કરી જાય છે તેમ શ્રી ભાગવતજીના ગાન વડે, ઘોષ વડે આ બધા જ કલિદોષો પ્રલય પામી જશે. પલાયન થયેલા વરુ વિ. પ્રાણીઓ કદાચ પાછા ફરે એવો ભય રહે; પરંતુ અહીં તો દોષો પ્રલય પામી જાય છે. તેના પુનર્જીવિત થવાની ભીતિ જ ન રહે.

को वा भगवतस्तस्य पुण्यश्लोकेऽयकर्मणः ।
शुद्धिकामो न श्रृणुयाद् यशः कलिमलापहम् ।।

જગતમાં એવું કોણ છે કે જેને શુદ્ધ થવાની કામના હોય અને એ યશસ્વીઓ વડે ગવાતા ભગવાનના યશને સાંભળવા ન ઇચ્છે ? સન્માર્ગ પર ચાલનારને શુદ્ધિ વિના ચાલવાનું નથી અને શુદ્ધિ પ્રાપ્ત કરવી અતિકઠિન છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ આ બધાંને તો કલિએ અશુદ્ધ કરી નાખ્યાં છે. આવા જીવોની શુદ્ધિ ભગવાનનાં યશોગાન વડે થશે. ભગવાન સર્વથી શ્રેષ્ઠ છે. તેમના સામર્થ્ય પર કોઈનો પ્રભાવ નથી. સ્વયં કાળનો પ્રભાવ નથી તો કલિનો ક્યાંથી હોય ? માટે ભગવાનનું કીર્તન, યશોગાન સર્વને પાવન કરી દે છે. ભગવાન જેમ કાલાતીત છે એમ ભગવાનની કીર્તિ પણ કાલાતીત છે. માટે ભગવાનની કીર્તિ જ પોતાના કૃપાબલથી શુદ્ધ કરી દેશે, કલિના દોષોથી મુક્ત કરી દેશે.

કલિના અનેક દોષોમાં એક દોષ એ છે કે, ભગવાનની ગુણકથાના શ્રવણમાં તે વિઘ્ન કરે છે. અરુચિ, પ્રમાદ વિ. ઊભાં કરીને કથામાં પ્રવૃત્ત થવા દેતો નથી. કલિનો આ દોષ કથા જ નષ્ટ કરે છે. કથાપ્રતિબંધકોનો નાશ અન્ય સાધનો દ્વારા, કલિકાલ હોવાથી શક્ય નથી અને કથા વડે એ નષ્ટ થશે. જો ભગવાનનાં ચરિત્રો ય પ્રતિબંધકોનો નાશ ન કરી શકે તો તો પછી આ યુગમાં ધર્મ માટે પ્રવૃત્તિ અને મોક્ષની પ્રાપ્તિ શક્ય જ ન રહે. કથા કલિકલ્મષઘ્ની છે. કલિના સર્વમલનો નાશ કરનાર છે.

દુ:ખ નિવારણ

શ્રી હરિકથાએ પ્રતિજ્ઞા કરેલી છે કે સંસારના દુઃખી જીવોનાં દુઃખોને દૂર કરવાં.

दारिद्र दुःख ज्वर दाहितानां मायापिशाची परिमर्दितानाम् ।
संसार सिंधौपरिपातितानां क्षेमाय वै भागवतं प्रगर्जति ।।

દરિદ્રતા(નિર્ધનતા)ના દુઃખથી દુઃખી, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક દુઃખોથી દુઃખી, આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવા ત્રિવિધ તાપથી સંતપ્ત જીવોના તથા માયા નામની પિશાચિણીએ સર્વ રીતે ચૂર્ણ કરી નાખેલા અને સંસારસાગરમાં પટકી દીધેલા જીવોના સર્વ પ્રકારે રક્ષણ કરવા માટે શ્રીમદ્ ભાગવત ગર્જના કરે છે.

સંસારી જીવને દુઃખો ઘણાં છે પરંતુ તેનાં દુઃખોનું નિવારણ કરનાર કથાશક્તિ એટલી બળવાન છે કે તેનાં સર્વ દુઃખોને નામશેષ કરી નાખે છે.

ભગવાનનાં ચરિત્રો ભગવાનની જેમ જ **तापत्रयोन्मूलनम्** છે. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં જે અર્થ સરતો નથી તે કથા દ્વારા સરે છે. યજ્ઞ, તપ વિ. કર્મ કરવાથી શાંતિ અને પરમાનંદ પ્રાપ્ત થતા નથી કેમ કે યજ્ઞાદિથી પ્રાપ્ત થતું ફલ 'પારલૌકિક' છે. ઐહિક નથી. પરલોકમાં સુખ મળે પરંતુ આ લોકમાં મળવાની ખાતરી નહીં. જ્ઞાનમાર્ગમાં આત્મજ્ઞાનથી શાંતિ મળે છે પણ પરમાનંદની પ્રાપ્તિ સંભવ નથી.

શાંતિ અને પરમાનંદની પ્રાપ્તિ તો ભગવાનના સાક્ષાત્કાર અથવા સાયુજ્યમાં જ સંભવે છે. આ દશામાં ત્રિવિધ તાપનું ઉન્મૂલન થઈ જાય છે. પરંતુ કર્મનાં ફળ જ્ઞાનનાં બધાં જ અને શ્રવણકીર્તનાદિ ભક્તિમાં સુલભ થઈ જાય છે. માટે કથા દ્વારા ત્રિવિધ તાપ, ત્રિવિધ દુઃખની આત્યંતિક નિવૃત્તિ થાય છે.

વિરહતાપ શમન

एवंविद्या भगवतो या वृन्दावन चारिणः ।
वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां यः ।।

ભગવાન વૃંદાવનમાં વિહાર કરતા હતા અને ગોપિકાઓ વ્રજમાં ઘરમાં હતી. સૌના હૃદયમાં શ્રી કૃષ્ણનો વિયોગ હતો. આ વિયોગના તાપને શાંત કરવા માટે કાંઈક સ્વાસ્થ્ય મેળવવા માટે તે ભગવાનની લીલાઓનું ગાન કરવા લાગી. પરસ્પર વર્ણન કરતાં કરતાં ભાવની ઉત્કટ અવસ્થામાં તે સૌ તન્મય થઈ ગઈ. આસક્તિભ્રમ ન્યાયે, ગુણગાન કરતાં કરતાં ગોવિંદમાં જ લીન થઈ ગઈ.

ઉદ્ધવજીએ ગોપિકાઓને કહ્યું કે તમો શ્રી કૃષ્ણ વિષે આટલી બધી ફરિયાદ કરો છો અને એની સાથે કોણ મિત્રતા રાખે એમ કહો છો તો પછી કાયમ એમની જ વાતો કેમ કર્યા કરો છો ? ત્યારે ગોપીઓએ કહ્યું કે, **दुस्त्यजस्तत्कथार्थः** એ કાળિયા કાનુડાની મિત્રતાથી તો અમે ધરાઈ ગયા છીએ પરંતુ તે છતાં એના કથારૂપ અમૃતાર્થને છોડી શકતાં નથી. તેઓના કહેવાનો મર્મ એ છે કે પ્રભુ અમને છોડીને ચાલ્યા ગયા તો અમે એમની કથાના આધારે જીવીશું. કૃષ્ણકથા અમને છોડી દે તો છોડી દે પરંતુ અમે એને છોડી નહીં શકીએ કેમ કે એમ કરીએ તો અમારું જીવન જ ન રહે. અમારો પુરુષાર્થ હવે ધર્મરૂપ અર્થરૂપ કે કામ કે મોક્ષ રૂપ રહ્યો નથી. અમારો પુરુષાર્થ કથાર્થ છે. કથા જ અમારો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुत चेतसः ।
कृष्णलीला प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् ।।

ભગવાન્ શ્રી કૃષ્ણ જ્યારે વનમાં પધારતા ત્યારે જેમનું ચિત્ત ભગવાનમાં લીન થઈ ગયું હતું એવી ગોપીઓ કૃષ્ણલીલાનું ગાન કરતી કરતી દિવસના (વિરહ) દુઃખને પસાર કરતી હતી.

રાત્રે પ્રભુની સાથે મહારાસમાં રમતી ગોપીઓને દિવસે પ્રભુનો વિયોગ થતો. ગોચારણ માટે પ્રભુ નિત્ય વનમાં પધારતા અને ગોપીઓને ગૃહકાર્યમાં પરોવાઈ જવું પડતું. હવે એમનું ચિત્ત તો ભગવાનમાં જ લીન થઈ ગયું હતું. કૃષ્ણ સિવાય અન્ય વસ્તુને તે ગ્રહણ કરી શકે એમ જ ન હતું. ગોપિકાઓનું ચિત્ત એટલી હદે સૂક્ષ્મ થઈ ગયું હતું કે ચારે તરફથી વ્યાપ્ત થઈને ભગવાનની લીલાઓને ગ્રહણ કરવા લાગતું ! તે ભગવાનની લીલાઓનું ગાન કરવા લાગતી તો તેનો વિરહ તાપ કાંઈક શાંત પડતો કેમ કે શ્રી કૃષ્ણ જેમ સદ્ આનંદ રૂપ છે એમ કૃષ્ણકથા પણ સદાનંદરૂપા છે. શ્રી કૃષ્ણના વિયોગમાં આ મહાન પ્રેમીઓના પ્રાણ ટકાવી રાખનારું એક જ સમર્થ સાધન છે અને તે છે કૃષ્ણકથા.

કૃષ્ણકથા પણ શ્રી કૃષ્ણ જેવી સુંદર, મધુર, અમૃતમયી અને કરુણામયી છે. સચ્ચિદાનંદ બ્રહ્મની કથા પણ સચ્ચિદાનંદ સ્વરૂપા હોય છે.

નિષ્કામ

કથા નિષ્કામ અને સકામ બંને સાધકોને માટે ઉપયોગી છે. **श्रीमद् भागवतेनैव भुक्तिमुक्ति करे स्थिते ।** શ્રી ભાગવતજીના શ્રવણથી ભોગની કામના હશે તેને ભોગ પણ હથેળીમાં જ છે અને ભોગ સુખોથી નિષ્કામ કેવળ મુક્તિની અભિલાષાવાળાને મુક્તિ પણ હથેળીમાં જ છે.

આપણાં ભક્તિશાસ્ત્રોમાં સકામ પ્રકારનું વર્ણન ઘણું છે અને આ શ્રવણથી આ ફરી મળશે, આટલા શ્રવણથી આટલું ફરી મળશે એવાં નિરૂપણો છે એ યથાર્થ છે, એમાં અતિશયોક્તિ નથી જ; પરંતુ આ શાસ્ત્રોનો મૂળ સૂર નિષ્કામ બનાવવાનો છે. કલ્પલતારૂપ હોવાથી કથા સકામને ફળ તો આપે છે જ પરંતુ કથાનો મૂળ આશય માનવીને નિષ્કામ બનાવવાનો છે. માટે શાસ્ત્રો નિષ્કામપણાની ચર્ચા પણ વારંવાર કરે છે. **यत्र ज्ञानविरागभक्तिसहितं नैष्कर्म्यमाविष्कृतम्** જેમ કે શ્રીમદ્ ભાગવતજીના અનેક હેતુ અને ફળ દર્શાવવામાં આવ્યાં છે પરંતુ તેનું હાર્દ તો એ

છે કે, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સાથેના નિષ્કામ ફળની કામના વિનાના ધર્મનું નિરૂપણ છે. નિષ્કામ ભક્તોની એક જ કામના હોય છે પોતાના પ્રિય પ્રભુની પ્રસન્નતા. આ પ્રસન્નતાને જન્મ આપે છે પ્રેમ, અને આ પ્રેમ પ્રકટે છે કથા દ્વારા. માટે નિષ્કામ શ્રવણને, પઠનને ઉત્તમ માન્યું છે.

સ્વરૂપ સાર્થકતા :

ભક્તોને મળેલા સ્વરૂપ, દેહ, ઇન્દ્રિયાદિની જ્યાં સુધી તેનો ભગવાન સંબંધી ઉપયોગ ન થાય ત્યાં સુધી તેની સાર્થકતા નથી અને ત્યાં સુધી તેને પરમ સુખ પણ નથી.

પોતાની ઇન્દ્રિયોને ભગવાન સાર્થક કરે એવી પ્રાર્થના વેદના ઋષિઓએ પણ કરી છે. **भद्रं कर्णेभिः श्रृणयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः ।**

स्थिरैरंगैस्तुष्टुवांसस्तनूभि र्व्यशेम देवहितं यदायुः ।। હે દેવો ! અમને વરદાન આપો કે અમે અમારા દિવ્ય કર્ણ વડે કલ્યાણરૂપ(ભગવન્નામ, કથા વિગેરે)ને શ્રવણ કરીએ. અમારાં નેત્રો વડે અમે ભદ્ર એવા ભગવાનના સ્વરૂપને નીરખીએ. અમારા ભજનોપયોગી દિવ્ય દેહ દ્વારા, નિર્મળ ઇન્દ્રિયો દ્વારા અમારા આયુષ્યને ભગવત્કાર્યમાં વાપરીએ.

શ્રી ભાગવતજીમાં અને માનસમાં આ ભાવ એક સૂરે પ્રકટ થયો છે.

बिले बतोरूक्रमविक्रमान् ये न शृण्वतः कर्णपुटे नटस्य

(जिन्ह हरिकथा सुनी नहि काना । श्रवनरंघ्र अहि भवन समाना ।।)

તેમ જ

जिह्वा सती दार्दुरिकेव सूत न चोपगायत्पुरूगाय गाथाः

(जो नहि करै राम गुन गाना । जीह सो दादुर जीह समाना ।।)

વળી

तदश्म सारं हृदयं बतेदं यद् गृह्यमार्णैर्हरिनामधेयैः ।

न विक्रियेताथ यदा विकारो नेत्रे जलं गात्ररूहेषु हर्षः ।।

(कुलिस कठोर निठुर सोई छाती । सुनि हरिचरित न जो हरषाती ।।)

હરિકથા શ્રવણથી જીવનું હિત થાય છે. તેનું શ્રવણ કરવું જોઈએ. જો એ શ્રવણ ન કરવામાં આવે તો કાન વ્યર્થ છે. અવિવેકી જીવો જેનું શ્રવણ કરવું જોઈએ તેનું શ્રવણ કરતા નથી અને જેનું શ્રવણ ન કરવું જોઈએ તેનું શ્રવણ કરે છે. જેના કાનમાં હરિકથાનો સંબંધ નથી તે કાન માત્ર સર્પના રાફડા છે. આવા કાનોમાં લોકનિંદારૂપી સર્પ અથવા કામકથારૂપી સર્પ વાસ કરતા હોય છે. સર્પના દરમાં બીજા પ્રાણીનો પ્રવેશ થતો નથી તેમ વિમુખ જીવોના કાનમાં વિષયના વિષધર જ વસે છે.

ભક્તિ-વિમુખો શ્રવણ જ કરતા નથી તો કીર્તન તો ક્યાંથી કરવાના હતા ? તેમનામાં કીર્તન ભક્તિની પ્રવૃત્તિ પણ નથી જ. ૮૪ લાખ યોનિમાં વાણીનું વરદાન માત્ર માનવીને જ મળ્યું છે. જીભ મળી છે છતાં પ્રભુના ગુણગાન નહીં કરે તો જીભ હોવી જ વ્યર્થ છે. જીભ ગુણગાન ન કરે તો તે અસાધુ છે, અસતી છે. ભગવાન વાક્પતિ છે. વાણી અન્યના ગુણગાન કરે તો તે એનું અસતીપણું જ છે. ભગવાને માનવીની જીભને સર્વપ્રાણીઓ કરતાં વિશિષ્ટ બનાવી છે. દાંત વડે એની રક્ષાની વ્યવસ્થા પણ કરી છે. પણ એ ભગવાનનાં ચારિત્રોનું ગાન ન કરે તો તે દેડકાના જેવી કઠોર અને કીડા ખાનારી ક્રૂર છે.

માનવીની જીભ વિષયોને માટે પણ ભગવાનના ગુણગાન કરતી હોય તો કાંઈક ઠીક હતું; પરંતુ વિમુખની જીભ એ માટે ય ભગવાનના ગુણ ગાતી નથી.

ભગવાનનું નામ લેતાં જેને કાંઈ સ્પંદન થતાં નથી, નથી આંખોમાં આંસુ આવતાં કે નથી રોમાંચ થતાં, હરિચરિત્ર શ્રવણ કરતાં જો એનું હૃદય હરખાતું નથી તો સમજવું કે હૃદય વજ્રસમાન કઠોર છે. પોલાદની જેમ દ્રવીભૂત ન થનારું છે. ધૈર્ય ગુણ છે પરંતુ ભગવત્કથા શ્રવણ કરતાં ધૈર્ય રહે એ ગુણ નથી. દોષ છે. કઠોર હૃદય ભગવાનનું નિવાસસ્થાન કદી બની શકતું નથી. જ્યાં ભગવાનને પધારવાની સંભાવના થાય છે ત્યાં, તે ઘરને વાળીઝૂડી, લીંપી, રંગરોગાન કરીને શણગારવામાં આવે છે. પરંતુ જે હૃદયમાં એમના પધારવાની સંભાવના જ નથી તેમાં આ જાતની ભાવના જ નથી. તે હૃદય રસહીન જ રહે છે.

ભક્તોએ તો ઇન્દ્રિયોને સાર્થક કરવા તેનો ભક્તિમય ઉપયોગ માંગ્યો છે. શ્રી બાલકૃષ્ણ પાસે નલકુબેર, મણિગ્રીવે માંગ્યું કે,

वाणी गुणानुकथने श्रवणौ कथायां, हस्तौ च कर्मसु मनस्तव पादयो र्नः ।
स्मृत्यां शिरस्तव निवास जगत्प्रणामे, दृष्टि सतां दर्शनेस्तु भवत्तनूनाम् ।।

'હે જગન્નિવાસ ! અમારી વાણી આપના ગુણકીર્તનમાં, કર્ણ આપની કથા સાંભળવામાં, હાથ આપની સેવા કરવામાં, મન આપનાં ચરણોના સ્મરણમાં, મસ્તક આપને પ્રણામ કરવામાં અને અમારી દૃષ્ટિ આપના જ સ્વરૂપ એવા ભક્તોનાં દર્શનમાં તત્પર રહે.'

મનુષ્યના દેહમાં આ છ અંગો મુખ્ય છે અને એ છએ ભગવાનના કાર્યમાં, ભગવાનના સંબંધમાં લાગે તો જ એમની સાર્થકતા છે. મહારાજ અંબરીષે મનનો વિનિયોગ ભગવાનનાં ચરણની સેવામાં કર્યો, વાણીનો વિનિયોગ વૈકુંઠનાથના ગુણગાનમાં કર્યો, કાનનો વિનિયોગ શ્રી અચ્યુત ભગવાનની ઉત્તમ કથાના રસપાનમાં કર્યો હતો. પોતાનાં નેત્રોનો ઉપયોગ પ્રભુના સ્વરૂપનાં દર્શનમાં, મંદિરનાં દર્શનમાં કર્યો હતો.

મનુષ્યે પોતાના કાન, કંઠ અને કલેજાને સાર્થક કરવા હોય તો તે માટે પણ તેણે હરિકથાના શ્રવણ, કીર્તન અને સ્મરણમાં તત્પર થવું જોઈએ.

કાનને કથામૃતથી ઉત્તમ રસ, નામામૃતથી વધુ મધુર આસ્વાદ બીજે ક્યાં મળવાનો હતો ? કંઠને કથાકીર્તનમાં જે સાર્થકતા સાંપડે એ બીજે ક્યાં સાંપડવાની હતી ? ભક્તોને જે દિવ્ય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, ભગવાન સંબંધી વિષયો દ્વારા મળે છે તે દેવોને ય દુર્લભ છે.

વિવેક પ્રાપ્તિ

શૌનક મુનિએ સૂતજીને પ્રશ્ન કર્યો છે કે **'भक्ति ज्ञान विरागाप्तो विवेको वर्धते कथम् ?'** ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો સુમેળ હોય એવો વિવેક શેનાથી મળે ? જેનાથી મળે એવો કથાસાર અમને સંભળાવો.'

બિનુ સત્સંગ બિબેક ન હોઈ

સત્સંગ વિના વિવેકનો ઉદય થતો નથી. સત્સંગથી વિવેક મળે છે એ કહ્યું નથી કેમ કે એવું કહેવામાં આવે તો વિવેકનાં અન્ય સાધનોની સંભાવના પણ રહે. જેમ સત્સંગથી વિવેક મળે છે તે બીજા ઉપાયથી પણ વિવેક મળશે એવી સંભાવના નથી એ સૂચિત કરવા માટે સત્સંગ વિના વિવેક થતો નથી એમ કહે છે. એટલે કે અન્ય કોઈ સાધનથી વિવેકપ્રાપ્તિ સંભવ નથી.

શ્રી શંકરાચાર્યજી અપરોક્ષાનુભૂતિમાં વિવેકની વ્યાખ્યા કરે છે કે,

नित्यमात्मस्वरूपं हि दृश्यं तद्विपरीतगम् ।

एवं यो निश्चयः सम्यग्विवेको वस्तुनः स वै ।।

આત્મસ્વરૂપ નિત્ય છે અને દશ્ય અનિત્ય છે. આ પ્રકારે સમ્યક્ નિશ્ચય જ વિવેક છે. નિત્ય અને અનિત્યનો ભેદ સમજાય તે વિવેક છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિવેકનો અર્થ 'ભગવાનનું કર્તૃત્વ' એમ કરે છે.

विवेकस्तु हरिः सर्व निजेच्छातः करिष्यति ।

જીવ પોતાનું કર્તૃત્વ ક્યાંય ન સમજે. પોતે તો નિમિત્તમાત્ર છે. બધું પ્રભુ જ કરી રહ્યા છે. જીવ વિવેકહીન છે. સારાસાર સમજતો નથી. માટે ભગવાન જે કરશે તે નિજ ઇચ્છાથી કરશે. પ્રત્યેક ઘટનામાં ભગવાનની જ ઇચ્છા અને ભગવાનનું જ કર્તૃત્વ જાણે એ વિવેકી.

જ્ઞાન ધારણ કરવું એ વિવેક નથી પરંતુ જ્ઞાનને આત્મસાત્ કરવું, જ્ઞાનનો આસ્વાદ માણવો એ વિવેક છે.

यस्य नास्ति विवेकस्तु केवलं यो बहुश्रुतः ।

स न जानाति शास्त्रार्थान् दर्वी पाकरसानिव ।।

જેણે ખૂબ શાસ્ત્રો વાંચ્યાં છે, ખૂબ જાણકારી મેળવી છે પરંતુ વિવેક નથી તે શાસ્ત્રને જાણતો હોવા છતાં ય જાણતો નથી. કડછી ખીરમાં ડૂબેલી જ રહે છે પરંતુ એને ખીરના સ્વાદની ખબર પડતી નથી એમ વિવેકહીન માનવી જ્ઞાનમગ્ન હોવા છતાં અજ્ઞાની જ છે. આથી એટલું અવશ્ય સિદ્ધ થાય છે કે જ્ઞાન કરતાં ય વિવેકનું સ્થાન ઊંચું છે.

अविवेकः परमापदां पदम् (ભારવિ. કિરાતાર્જુનીયમ્) અવિવેક તો અનેક વિપત્તિઓનું સ્થાન છે. તપસ્વી, યોગી, જ્ઞાની વિ. પણ જો વિવેકરહિત હશે તો તેમનાં તપ યોગ વિ. જ વિપત્તિનાં કારણરૂપ બની જશે. વિવેકભ્રષ્ટોનો તો શતમુખ વિનિપાત થઈ જાય છે.

આવો વિવેકવૈભવ સત્સંગથી જ સાંપડે છે.

सकुच सिंधु बोहित विवेक करि, बुद्वि बल बचन निबाहैं

ગીતાવલીમાં શ્રી ગોંસ્વામીજી વિવેકને મોટી નાવની ઉપમા આપે છે. વિવેકની મહાનૌકામાં પોતાના વચનરૂપી પ્રવાસીને બુદ્ધિરૂપી કેવટ મળે તો સંકોચસાગર પાર થઈ શકે.

ભગવત્કથાનું શ્રવણકીર્તન ભક્તિ માટે કરવું જોઈએ.

यस्यां वै श्रूयमाणायां कृष्णे परमपुरूषे ।

भक्तिरूत्पद्यते पुंसः शोकमोहभयापहा ।।

માયા ઘણા અનર્થો કરે છે. આ અનર્થોને શાંત કરવા માટે ભક્તિ જ ઉત્તમ ઉપાય છે. શ્રી વ્યાસજી આ સિદ્ધાંત જાણતા હતા માટે એમણે ભગવાનની લીલાઓનું વર્ણન કરતી ભાગવતસંહિતાની રચના કરી. આનું શ્રવણ કરતાં જ મનુષ્યના હૃદયમાં ભગવાન શ્રી કૃષ્ણની ભક્તિ પ્રકટ થઈ જાય છે. આ ભક્તિ એ મનુષ્યના શોક, મોહ અને ભયને મિટાવી દે છે.

યજ્ઞ, દાન અને તપ જેવાં સાધનો કરવાથી પુણ્ય ઉત્પન્ન થાય છે અને કોઈક અન્ય કાળે તેનું ફળ સાંપડે છે. પરંતુ ભગવત્કથામાં અલૌકિક શક્તિ રહેલી છે. શ્રવણ કરતાંની સાથે જ તે ભક્તિ ઉત્પન્ન કરી દે છે. શ્રોતાને એનાં પરિણામો સ્પષ્ટ દેખાય છે કેમ કે આ ભક્તિ નિર્ગુણ સ્વરૂપા હોવાથી, શ્રોતાના અંતઃકરણમાં રહેલા રજોગુણજનિત શોકને, તમોગુણજનિત મોહને તેમજ સત્ત્વગુણજનિત ભયને દૂર કરી દે છે.

स्वान्तः सुखाय.....

કથા 'સ્વાન્તઃ સુખ' માટે છે. પોતાના અંતઃકરણના સુખને માટે ભક્તો ભગવાનના ગુણગાન કરે છે. એ જ હેતુ છે, અન્ય હેતુ નથી.

અંતઃકરણને સુખ ક્યારે મળે ? શાંતિ ક્યારે મળે ? જેને સુખદુઃખ, લાભહાનિ, માન-અપમાન જેવા દ્વન્દ્વોથી પર એવી પ્રજ્ઞાની સ્થિરતા સાંપડી હોય, સ્વાધીન અંતઃકરણવાળો, સ્વાધીન ઇન્દ્રિયવાળો 'પ્રસાદમધિગચ્છતિ' અંતઃકરણની પ્રસન્નતા પામે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમજાવતાં પ્રભુ કહે છે કે,

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।

न चाभवयतः शांतिरशान्तस्य कुतः सुखम् ?

અસંયમની બુદ્ધિ (સ્થિર) હોતી નથી અને એને ભાવના પણ હોતી નથી.

ભાવના એટલે શ્રદ્ધામય ભક્તિ. જેના જીવનમાં આવી ભક્તિ નથી તેને સહેજ પણ શાંતિ નથી અને અશાંતને સુખ ક્યાંથી ?

અંતઃકરણના મલ, વિક્ષેપ અને આવરણ હટી જાય ત્યારે જ 'સુખ' અનુભવાય છે. આ સુખ દુર્લભ છે અને એ સુખના અનુભવને માટે હરિગુણગાન કરવાં જોઈએ. ધન માટે, યશ માટે કે માત્ર બોધ માટે કરવામાં આવેલી રચનામાં દિવ્ય માધુર્ય પ્રકટ થવું મુશ્કેલ છે. કથામાં રસાત્મકતા ત્યારે જ આવે છે કે જ્યારે એ સ્વાન્તઃ સુખને માટે પ્રકટે.

શ્રી વેદવ્યાસે વેદવિભાગો કર્યા, પુરાણરચના, મહાભારતરચના જેવા વિશ્વના કલ્યાણમય હેતુઓ અનુસાર કાર્યો કરવા છતાં તેમના અંતઃકરણને સંતોષ ન થયો. તે મૂંઝાવા લાગ્યો કે, આટલી બધી મંગલમય કૃતિઓ કરવા છતાં મને અકૃતાર્થતા કેમ લાગે છે ? આ મૂંઝવણ તેમણે દેવર્ષિ શ્રી નારદજી આગળ પણ વ્યક્ત કરી. શ્રી નારદજીએ વ્યાસજીની જીવનસાધનામાં, અવતારકાર્યમાં રહી ગઈ હતી એ ન્યૂનતા તરફ ધ્યાન દોર્યું.

भवतानुदितप्रायं यशो भगवतोऽमलम् ।

येनैवासौ न तुष्येत मन्ये तत्दर्शनंखिलम् ।।

'આપે ભગવાનના યશનું ગાન કર્યું નથી એ જ ન્યૂનતા છે. ભલે આપે મહાભારત, ગીતા વિ.માં ભગવાનનો યશ ગાયો પરંતુ એમાં મુખ્યતા નથી. મહાભારત કથામાં મુખ્યત્વ પાંડવકૌરવોનું છે તેમાં ભગવાનનો યશ ગૌણરૂપે છે. માટે તે નિર્મલ નથી. અંતઃકરણના દોષ ભગવાનના યશનું મુખ્યત્વે ગાન કરવામાં આવે તો જ નષ્ટ થાય છે અને તો જ અંતઃકરણને પ્રસન્નતાનો અનુભવ થાય છે.'

વેદવ્યાસજીએ સ્વાન્તઃ સુખ માટે ભગવાનનો યશ ગાયો છે. શ્રી શુકદેવજીએ પણ કોઈ પણ અપેક્ષા ન હોવા છતાં સ્વાન્તઃ સુખ માટે ભાગવતજીનો અભ્યાસ કર્યો અને કથા કરી.

સ્વાન્તઃ સુખનો બીજો અર્થ એવો પણ થાય છે કે ભગવાન સૌના અંતર્યામી છે. ભક્ત જ્યારે ભગવાનના ગુણગાન કરે છે ત્યારે તે અંતરમાં બેઠેલા પ્રભુને રીઝવવા માટે કરે છે. કીર્તન ભક્તિના આચાર્ય શ્રી નારદજીનું સંકીર્તન પણ આ જ પ્રકારનું છે. તેઓ કહે છે કે, દેવદત્તા આ સ્વરબ્રહ્મથી શોભતી વીણા વગાડતો

વગાડતો હરિકથાનું સંકીર્તન કરતો કરતો હું સર્વત્ર વિચરણ કરું છું. જ્યારે હું ભગવાનનું યશોગાન કરું છું ત્યારે ભગવાન જાણે મેં નિમંત્રણ આપ્યું હોય એમ માનીને મારા હૃદયમાં પધારીને દર્શન આપે છે.

संकीत्यमानो भगवाननंत श्रुतानुभावो व्यसनं हि पुंसाम् ।

प्रविश्य चित्तं विधुनोत्यशेषं यथा तमोऽर्कोऽभ्रमिवातिवातः ।।

દેશ, કાલ અને વસ્તુભેદથી અપરિચ્છિન્ન અનંત ભગવાન શ્રીહરિનાં નામ, લીલા, ગુણ વિ.નું જો સંકીર્તન કરવામાં આવે અથવા શ્રવણ કરવામાં આવે તો એ સ્વયં હૃદયમાં આવીને બિરાજે છે. ભગવાન સ્વયશોગાનને શ્રવણ કરીને પ્રસન્ન થાય છે, પ્રસન્ન થયેલા તે, વક્તા કે શ્રોતાનાં સર્વ દુઃખોને છિન્નભિન્ન કરી નાખે છે. જેમ સૂર્ય અંધકારને વિલીન કરી નાખે છે અને જેમ આંધી વાદળોને વિખેરી નાખે છે એમ ભગવાન ભક્તનાં દુઃખોને દૂર કરી દે છે.

ભગવત્પ્રાપ્તિ

ભગવાનના ભક્તે ભગવદ્પ્રાપ્તિ માટે ભગવત્કથાનો સર્વથા આશ્રય કરવો જોઈએ.

कृष्णप्राप्तिकरं शश्वत्साधनं तद्वदाधुना અન્ય સાધનો દેશ, કાળ અનુસાર સાધક, અસાધક થઈ શકે છે પરંતુ પરબ્રહ્મ શ્રી કૃષ્ણને પ્રાપ્ત કરવા માટેનું કાયમ માટેનું અમોઘ સાધન કથા છે.

श्रवणं सर्वधर्मेभ्यो वरं मन्ये तपोधनाः ।

वैकुंठस्थो यतः कृष्णः श्रवणाद्यस्य लभ्यते ।।

શ્રી હરિને પામવા કથાશ્રવણ સર્વ ધર્મો કરતાં શ્રેષ્ઠ ધર્મ છે. વૈકુંઠમાં બિરાજતા પ્રભુ સંસારમાં રહીને તેમની કથાનું રસપાન કરતા ભક્તો પર પ્રસન્ન થઈને દર્શન આપે છે. શ્રીહરિની કથાશ્રવણ કરવાથી શ્રીહરિની પ્રાપ્તિ થાય છે એમાં સંશય નથી.

વેદશાસ્ત્રપુરાણ વિ. ભગવાન નામાત્મક રૂપો છે. એ તો સર્વવિદિત છે કે 'દેખિઅહિં રૂપ નામ આધીના' રૂપ નામને આધીન છે. નામ વિના રૂપનું જ્ઞાન અને પ્રાપ્તિ સંભવ નથી. જે બ્રહ્મને જાણે છે તે બ્રહ્મને પામે છે. **ब्रह्मविदाप्नोति परम् । तदेषाभ्युक्ता । सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं गुहायां परमे व्योमन् ।**

सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितेति । તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીમાં શબ્દબ્રહ્મની કૃપાથી પરબ્રહ્મની પ્રાપ્તિ સ્પષ્ટ રૂપે દર્શાવી છે. જે બ્રહ્મના સ્વરૂપને જાણે છે તે પરબ્રહ્મને પામે છે. પરબ્રહ્મ પરમાત્મા સત્ય સ્વરૂપ છે. નિત્ય સત્તારૂપ-સનાતન છે. વળી તે જ્ઞાનસ્વરૂપ પણ છે. એ અનંત છે. દેશ અને કાળની સીમાઓથી પર છે. એ પરમ વિશુદ્ધ આકાશમાં સર્વવ્યાપી રૂપે રહેતા હોવા છતાં અંતર્યામી રૂપે સર્વની હૃદયકંદરામાં પણ બિરાજે છે. પરબ્રહ્મના આ વ્યષ્ટિ-સમષ્ટિ, આણ્વિક અને અનંત સ્વરૂપને જે જાણે છે તે સાધક, ભક્ત સર્વ તત્ત્વને સર્વ સમ્યક્ રીતે જાણી લે છે અને તે આ પરબ્રહ્મની સાથે રહેતાં રહેતાં સર્વ પ્રકારના અલૌકિક દિવ્ય ભોગોને ભોગવે છે. એટલે કે મોક્ષસુખ અથવા ભક્તિના ચરમસુખને અનુભવે છે.

ભાગવતી કથાના શ્રવણ બાદ પરીક્ષિત રાજાને ભગવાનનાં ચરણના બે પ્રકારે દર્શન થયાં છે. અભય આપનારા તરીકે અને ક્ષેમકલ્યાણનું પ્રદાન કરનારા રૂપે. રાજાએ બે વાર 'દર્શિત' શબ્દનો પ્રયોગ કર્યો છે. **'अभयं दर्शित त्वया'** અને **'भवता दर्शित क्षेमं परं भगवतः पदम्'** એટલે કે કથા વડે એમને ભગવાનનાં ચરણાવિંદનાં દર્શન થયાં છે. અભય આપનારા તરીકે અને ક્ષેમકલ્યાણનું પ્રદાન કરનારા રૂપે. રાજાએ બે વાર 'દર્શિત' શબ્દનો પ્રયોગ કર્યો છે. **'अभयं दर्शित त्वया'** અને **'भवता दर्शित क्षेमं परं भगवतः पदम्'** એટલે કે કથા વડે એમને ભગવાનનાં ચરણાવિંદનાં દર્શન થયાં છે. ભગવાન એમને અભય અને ક્ષેમરૂપે સાંપડ્યા છે.

ધનાર્થી અને કૃષ્ણાર્થી

એકવાર શ્રીમદ્ વલ્લભાચાર્યજી કનોજ પધાર્યા. ત્યાં એક વિદ્વાન, કનોજિયા બ્રાહ્મણ પદ્મનાભદાસ રહેતા. તેઓ પોતાના જ ઘરે ઉત્તમ રીતે કથા કરતા અને અનેક શ્રોતાઓ શ્રવણ કરવા આવતા. તેમને ઘેર બેઠાં જ વૃત્તિ ચાલી આવતી, કોઈના ઘેર જવું ન પડતું. સમર્થ કથાકાર હતા, તેથી એમને બીજાઓ પાસેથી ભગવત્કથા સાંભળવી ગમતી.

એક દિવસ તેમણે શ્રી વલ્લભાચાર્યજીના મુખેથી સાંભળ્યું કે,

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।

वृत्त्यर्थं नैव युंजीत प्राणैः कंठगतैरपि ।।

શ્રી ભાગવતજીની કથા કોઈ પણ પ્રકારના સાંસારિક હેતુને વિચારીને ન કરવી. પ્રાણસંકટ આવી પડે તો પણ શ્રી ભાગવતજીનો ઉપયોગ વૃત્તિને માટે ન કરવો. આ સાંભળીને પદ્મનાભદાસજીએ સંકલ્પ કર્યો કે, વૃત્તિને માટે ભાગવત નહીં કહું. તેઓએ વૃત્તિ પણ છોડી, યજમાન પાસેથી દાન-દક્ષિણા સ્વીકારવાનું ય છોડ્યું અને લાકડાં લઈ આવીને, કોડીઓ વેચીને જીવનનિર્વાહ કર્યો છે.

શ્રી કૃષ્ણ જ સાચું ધન છે ધનનું ય ધન છે. પરમાત્મા સિવાયનું બધું જ, પદાર્થરૂપ ધન છે. સાધકોએ વિચારવાનું છે કે પદાર્થ કે પરમાર્થમાંથી શું વરણ કરવું.

कृष्णार्थीति धनार्थीति श्रोता वक्ता द्विधा मतः ।

यथा वक्ता तथा श्रोता तत्र सौख्यं विवर्धते ।।

સ્કંદપુરાણે શ્રી સૂતજીએ કથાના બે હેતુઓ ગણાવ્યા છે. ધન અને ભગવાન. કેટલાક વક્તાશ્રોતા 'ધનાર્થી' કેવળ ધનની કામનાવાળા હોય છે. અને કેટલાક વક્તાશ્રોતા 'કૃષ્ણાર્થી' હોય છે. કેવળ શ્રી કૃષ્ણની કામનાવાળા હોય છે. જેવા વક્તા એવા શ્રોતા હોય તો વધુ સારું. વક્તા અને શ્રોતાના હેતુઓ જુદા હશે તો રસનિષ્પત્તિ બદલે રસાભાસ થશે અને ફલપ્રાપ્તિ પણ નહીં થાય. કૃષ્ણાર્થી વક્તા શ્રોતાઓએ કદી નિરાશ ન થવું. ભલે વિલંબ થાય, પણ પ્રભુ એમના મનોરથને પૂર્ણ કરશે જ.

૪

કથા નિયમ

કથા સત્કર્મ પણ છે, જ્ઞાનયજ્ઞ પણ છે અને શ્રવણકીર્તન ભક્તિ પણ છે. આથી કથાપ્રવૃત્તિમાં કર્મમાર્ગના ય કેટલાક નિયમો, જેવા કે કથાનાં સ્થાન, સમય, વ્રતનિયમ, પવિત્રતા પણ આવશ્યક છે. જ્ઞાનમાર્ગમાં આવશ્યક એવા જિજ્ઞાસા, શ્રદ્ધા, ગુરુભક્તિ જેવા ગુણો પણ આવશ્યક છે અને ભક્તિમાર્ગીય ગુણો ભગવાનનાં ચરિત્રોમાં રતિ, કથાપ્રેમ પણ આવશ્યક છે.

કથાશ્રવણ નિષ્કામ અને સકામ એમ બે પ્રકારે થાય છે. નિષ્કામ ઉપાસકો માટે વિધિનિયમોનો બહુ આગ્રહ હોતો નથી. **श्रवणे नैव पूतास्ते निष्कामा वैष्णवा यतः** નિષ્કામ વૈષ્ણવોને માટે કર્મની પરિપૂર્ણતા માટે કોઈ વિધિ કરવો આવશ્યક માન્યો નથી. તેઓ તો કથાશ્રવણથી જ પાવન થઈ ચૂકેલ છે. સકામ શ્રવણમાં, કથા નિર્ગુણરૂપા હોવા છતાં કામનાના રજોગુણીય પ્રભાવના કારણે ઘણા વ્રતનિયમોની અપેક્ષા રાખે છે. સૂર્યનાં કિરણો પ્રખર હોય છે. પરંતુ જો કાચ મલિન હોય તો પ્રકાશ મંદ પડી જાય છે. આ સૂર્યની અસમર્થતા નથી પરંતુ પ્રકાશની અપેક્ષા રાખનારનો પ્રમાદ છે.

તો નિયોમો સકામી સાધને જ આવશ્યક છે એ સિદ્ધાંત છે. આમ છતાં

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ।

कुर्याद्विद्वांस्तथाऽसक्तश्चिकीर्षु लोंक संग्रहम् ॥ લોકસંગ્રહ દૃષ્ટિથી, ગીતા આજ્ઞાનુસાર કર્મમાં આસક્ત અજ્ઞાની જેમ (વિધિ નિષેધોનું ચીવટતાપૂર્વક પાલન) કરે છે તેમ લોકસંગ્રહ દૃષ્ટિએ વિદ્વાન પુરુષે અનાસક્ત થઈને સ્વકર્મ નિભાવવાં.

માટે નિષ્કામ વક્તા, શ્રોતા પણ યથાસંભવ નિયમોનું પાલન કરે તો તે આવકારદાયક છે.

કથા વિષય

ભગવત્કથા ભગવાનનાં સ્વરૂપ, ગુણો, મહિમા, લીલા વિ.નું નિરૂપણ કરવા માટે થવી જોઈએ.

ભગવત્કથાનો વિષય 'ભગવાન' જ હોઈ શકે.

न यद् वचश्चित्रपदं हरेर्यशो जगत्पवित्रं प्रगृणीत कर्हिचित् ।
तद् वायसं तीर्थमुशन्ति मानसा न यत्र हंसा निरमन्त्युशिक्षया ॥

કીર્તનભક્તિના આચાર્ય શ્રી નારદજીનો અભિપ્રાય છે કે, જે વચનો સુંદર હોય, આકર્ષક અને પ્રભાવકારી અલંકારોથી શોભતા હોય પરંતુ જગતમાત્રને પાવન કરનારા ભગવાનના યશનું વર્ણન હોય, ભગવાનનો મહિમા ગવાતો ન હોય તો પરમહંસો જેવા વિવેકવાન સજ્જનો તે વાણીને વાયસ એટલે કાકતીર્થ કહે છે. આવા ક્ષુદ્ર ખાબોચિયામાં પ્રભુના પ્રેમી પરમહંસો, રાજહંસો વિહાર કરતા નથી. ઊલટું શ્લોકોમાં કે વાણીમાં ભલે છંદ, અલંકાર વિ.નું સૌંદર્ય ન હોય તો પણ તેમાં અનંત શ્રીહરિના અનંત મહિમાનું વર્ણન કરવામાં આવ્યું હોય તો તેને મહાત્માઓ ગાય છે, શ્રવણ કરે છે.

અકબર બાદશાહે એકવાર શ્રી સૂરદાસજીને આગ્રા તેડાવ્યા. તેમનાં અનેક સુંદર હરિ ભક્તિમય કીર્તનને સાંભળ્યા બાદ અકબરે કહ્યું કે, ઈશ્વરે મને બાદશાહ બનાવ્યો છે માટે બધા ગુણીજનો મારો યશ ગાય છે. તો તમો પણ મારો યશ ગાવ અને તમારે જોઈએ તે માંગી લો.

ઉત્તરમાં શ્રી સૂરદાસજીએ આ પદ ગાયું :

नाहिन रह्यो मनमें ठौर ।
नंदनंदन अछत कैसे आनिये उर और ॥
चलत चितवत दिवस जागत सुपन सोवत राति ॥
हृदयतें वह मदनमूरति छिन न ईत उत जाति ॥
कहत कथा अनेक उधो लाख लोभ दिखाय ।
कहा करौं चित प्रेम पूरन घट न सिंधु समाय ॥
स्याम गात सरोज आनन ललित गति मृदु हास ।
'सूर' ऐसे दरसकों ये मरत लोचन प्यास ॥

ગોપી-ઉદ્ધવસંવાદ દ્વારા જ શ્રી સૂરદાસજીએ જણાવી દીધું કે, 'ભક્તના હૃદયમાં ભગવાન સિવાય અન્ય કોઈ વસ્તુ હોવાની સંભાવના જ નથી. પ્રેમગલી એટલી સાંકડી છે કે એમાં બે સમાઈ જ ન શકે. જાગૃતિ, સ્વપ્ન કે સુષુપ્તિ જેવી બધી જ અવસ્થાઓમાં એ જ હૃદયમાં વસતો રહે છે. એક ક્ષણ માટે પણ અમારા પ્રીતમનું સ્વરૂપ હટતું નથી. ઉદ્ધવ ! તું અમને બીજી બધી વાતો કરે છે શા માટે ? જાત જાતના લોભ દેખાડે છે શા માટે ?

'અમારો હૃદયકુંભ એના પ્રેમથી છલોછલ ભરાયેલો છે. અન્ય કોઈ રસનું ટીપું ય ધારણ કરવાની જગ્યા નથી.'

ભગવાન જ વિષય, બાકી બધું વિષ !

વાણીનો વિષય જો ભગવાન ન હોય તો સરસ્વતીને પણ પરિશ્રમ જ થાય છે. એ સરસ્વતીનો દુરુપયોગ જ છે.

कीन्हें प्राकृत जन गुन गाना । सिर धुनि गिरा लगत पछिताना ।।

કવિ, વક્તા, કથાકાર ભગવાનના ગુણગાન કરવાનો વિચાર કરીને ભગવાનનાં ચરિત્રોનું સ્મરણ કરે, ત્યાં તો મા સરસ્વતી તેની સહાય કરવા માટે બ્રહ્મલોક છોડીને દોડી આવે છે. શ્રી બ્રહ્માજીનો આશ્રય છોડીને, યોગીવાંછિત બ્રહ્મલોકનો ત્યાગ કરીને સરસ્વતી દોડી આવે છે. પોતાના ગૌરવનો ત્યાગ કરીને દોડી આવે છે એ એટલા માટે કે તેને પણ શ્રીહરિના યશોગાનમાં નિમિત્ત થવામાં અતિસુખ થાય છે. માટે જ કવિકોવિદજનો કલિ-કલ્મપહારી હરિકથાનું ગાન કરે છે. જો કદાચિત્ એઓ સાધારણ, સંસારી જીવના ગુણ ગાવા લાગે તો વાગ્દેવીને ભારે પસ્તાવો થાય છે કે હું કેવા જીવ પાસે આવી ગઈ ! આ ગાયકને વાગ્દેવીનો શાપ પણ લાગે છે કે આવા તુચ્છ હેતુ માટે તેં મને પરિશ્રમ આપ્યો છે તો તારી રચના ય પરિશ્રમરૂપ જ થશે. તને પણ તારી રચનાનું તુચ્છ જ ફળ મળશે. હેતુ તુચ્છ તો ફળ પણ તુચ્છ.

ભગવાન સિવાય કોઈનાય યશોગાન વાસ્તવમાં મિથ્યાસ્તુતિ છે. પ્રાકૃતજીવનમાં ઈશ્વરની પૂર્ણતા અને ઐશ્વર્યની કલ્પના કરે તે જ સ્તુતિ કરશે અને તેથી તેને અપરાધ થશે જ.

એકવાર તાનસેન વ્રજમાં આવ્યો. ગોવિંદઘાટ પર તેને શ્રી વિઠ્ઠલનાથજી શ્રી

ગુસાંઈજીનાં દર્શન થયાં. આપશ્રીએ તેને કાંઈક સંગીત સંભળાવવાની આજ્ઞા કરી. તાનસેને ઉત્તમ રીતે પોતાની કલા રજૂ કરી. ખૂબ સુંદર શાસ્ત્રીય સંગીત ગાયું અને શ્રી વિઠ્ઠલનાથજીએ એને એની કલાની કદરરૂપે રૂપિયા પાંચસો અને ઉપર એક કોડી ભેટ ધરી !

તાનસેને પૂછ્યું, 'મહારાજ ! આપે સોનામહોરોની બક્ષિસ કરી ને મારી કલાની કદર કરી તે તો સમજાયું પરંતુ આ કોડીની બક્ષિસ શા માટે ? આનું રહસ્ય મને નહીં સમજાવો ?' શ્રી ગુસાંઈજીએ ઉત્તર આપ્યો, 'તાનસેન ! તમો એક મહાન કલાકાર છો. તમારી સંગીતસિદ્ધિ પણ અદ્વિતીય છે. પરંતુ પાંચસો સુવર્ણમુદ્રાઓની સામે એક કોડીનું જે મૂલ્ય છે તે મૂલ્ય અમારી દૃષ્ટિએ તમારી કલાનું કોડીનું મૂલ્ય છે. તમને કંઠ અને કલા બંને આપ્યાં છે પરંતુ તમે એનો ઉપયોગ પ્રભુને રીઝવવાને બદલે એક બાદશાહની પ્રસન્નતા માટે કર્યો છે. જો એક વ્યક્તિને રાજી કરવા માટે તમારો કંઠ અને કલા હોય તો એ કોડીનાં જ છે !'

ઋષિસમાજ નિત્ય સ્વાધ્યાય અને નિત્ય સત્સંગરત રહેતો. તીર્થવાસ, ત્યાગમય જીવન અને ભગવતકથાનું રસપાન એ જ જીવનશૈલી હતી. તેઓ નિરંતર ભગવાનની લીલાઓનું ગાન તો કરતા જ. ઉપરાંત,

ब्रह्मनिरूपन धर्मविधि बर नहिं तत्त्व विभाग ।
कहहिं भगति भगवंत कै संजुत ज्ञान विराग ।।

સત્સંગના વિષયમાં બ્રહ્મનું નિરૂપણ, ધર્મનાં વિધાનો અને તત્ત્વના વિભાગોનું વર્ણન થતું. જ્ઞાનવૈરાગ્યયુક્ત ભગવાનની ભક્તિ પણ કહેવાતી. વેદના ઉત્તરમીમાંસા રૂપ વેદાંતની ચર્ચા થતી. બ્રહ્મનું સ્વરૂપ, ગુણો વિ. બ્રહ્મવિદ્યા એટલે કે શ્રુતિચર્ચા. ધર્મઅધર્મ, પાપપુણ્ય વિ.ની ચર્ચા એટલે સ્મૃતિચર્ચા થતી અને બધાના સાર રૂપે, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભગવદ્ભક્તિનું નિરૂપણ થતું.

વેદના પૂર્વોત્તર મીમાંસા જ્ઞાન વિના ધર્મનો સ્વરૂપ નિર્ણય કરી ન શકાય. કેમ કે ધર્મનું નિરૂપણ, વ્યાખ્યા વ્યક્તિકૃત નથી, વેદકૃત છે.

वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः ।
वेदो नारायणो साक्षात्स्वयंभूरिति शुश्रुम ।।

અજામિલ પ્રસંગે ધર્મ(યમ)ના દૂતોએ કહ્યું કે, વેદભગવાને જે કર્મ કરવાની

આજ્ઞા કરી છે તે ધર્મ અને જે કરવાનો નિષેધ કર્યો છે તે અધર્મ, વેદાજ્ઞા એ ભગવાન નારાયણની જ આજ્ઞા છે. ધર્માનુચરણથી ભગવાન નારાયણ પ્રસન્ન થાય છે. અધિકાર અનુસાર તે જીવને સ્વર્ગ અને મોક્ષ આપે છે. ધર્માચરણથી અંતઃકરણમાં સત્ત્વગુણનો ઉદય અને વૃદ્ધિ થાય છે. અધર્મ પ્રાણીને રાજસી, તામસી પ્રકૃતિનો બનાવીને અંતે તેનો સર્વનાશ કરે છે.

'ધૃ ધારણાત્ ધર્મ' ભગવાનની ઇચ્છાથી જ આ જગત ધારણ કરાયેલું છે. ભગવાનની આ ધારણેચ્છા ધર્મ છે. ધર્મનાં અંગો જેવા કે સત્ય, તપ, દયા અને પવિત્રતાની ચર્ચા થતી. સત્ય, અહિંસા, અસ્તેય, પવિત્રતા અને ઇન્દ્રિય નિગ્રહ જેવા ધર્મલક્ષણોનું વિશદ વિવેચન થતું.

પ્રકૃતિ, મહત્તત્ત્વ, પંચભૂતાદિ, સૃષ્ટિસ્વરૂપ વિ.ની ચર્ચા પણ થતી.

વળી આવી મહાન ધર્મસભાઓમાં કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગની રસમય સરવાણીઓ વહેતી, જાણે કે ત્રિવેણી સંગમ સર્જાતો.

रामभक्ति जहं सुरसरिधारा । सरसइ ब्रह्मविचार प्रचारा ।।
विधि निषेधमय कलिमलहरनी । करम कथा रविनंदिनी बरनी ।।

ભક્તિધારા જ્યાં ત્યાં નથી વહેતી. ભક્તિભાગીરથી તો સંતસમાજમાં વહે છે. ભક્તિરૂપ ગંગાજી, જ્ઞાનરૂપ સરસ્વતી અને કર્મ રૂપ કાલિંદીજીનો અહીં અપૂર્વ સંગમ થાય છે.

ભક્તિ ગંગા છે. ગમે તેટલાં ઝરણાં નાળાં કે નદીઓ ગંગાજીમાં આવી મળે પછી તે ગંગા જ કહેવાય છે. એમ સર્વ સાધનો ભક્તિમાં મળે છે. ભક્તિ મહાધારા છે. અખંડ વહેતી અને જે નિમગ્ન થાય તેને ભગવાન સુધી વહાવી લઈ જનારી, જીવને નિષ્પાપ કરીને પ્રભુચરણે પધરાવનારી આ દેવનદી, દિવ્ય નદી છે. ગંગાજી અને હરિભક્તિ બંનેનું પ્રાકટ્ય શ્રીહરિચરણ છે. ગંગાજી અને ભક્તિ નાનામોટા સૌનો ઉદ્ધાર કરે છે. પાપી અને નિષ્પાપી, સંસારી અને સંન્યાસી સૌને તેમાં અવગાહન ફળે છે.

બ્રહ્મવિદ્યા સરસ્વતી છે. બંને બ્રહ્માજીની દેન છે.

ब्रह्मा देवानां प्रथमः सम्बभूव विश्वस्य कर्ता भुवनस्य गोप्ता ।
स ब्रह्म विद्यां सर्वविद्या प्रतिष्ठामथर्वाय जयेष्ठ पुत्राय प्राह ।।

વિશ્વના રચયિતા, જ્ઞાનખડગના વડે વિશ્વના રક્ષક એવા બ્રહ્માજીએ સર્વવિદ્યાના મૂળ રૂપ બ્રહ્મવિદ્યા પોતાના પુત્ર અથર્વાને ઉપદેશ કરી. બ્રહ્મવિદ્યા અને બ્રહ્મસુતા વાગ્દેવી બંને એકરૂપ છે. સંતસમાજમાં જ આ ધારા વહે છે. આ વિદ્યાના સૌ કોઈ અધિકારી નથી. જેમ સંગમમાં સરસ્વતી ગુપ્તરૂપે વહે છે તેમ સંતસમાજમાં, બ્રહ્મજ્ઞાની મહાત્માઓની સંગતિમાં જ બ્રહ્મવિદ્યા વહે છે.

જીવનને સાર્થક બનાવવા કર્મવિવેક પણ આવશ્યક છે. કર્મ સકામ હોય ત્યારે કર્મકાંડ છે, નિષ્કામ હોય ત્યારે કર્મયોગ છે, જ્ઞાનપૂત હોય ત્યારે 'કેવલ ક્રિયા' છે. પણ ભક્તિ સાથે સમાગમ થતાં કર્મ સેવા બની જાય છે. ઉદાહરણ તરીકે વિચારીએ તો કેવળ પોતાના પેટને ભરવા માટે રસોઈ કરવી એ કર્મકાંડ છે. ભૂખ્યાને ભોજન કરાવવા માટે રસોઈ કરવી એ કર્મયોગ છે. અતિથિ, સંતસાધુ વિ.ને જમાડવા એ કર્મયોગ અથવા કહો તો અન્નયાગ છે અને પોતાના લાડીલા શ્રી ઠાકોરજીને ભોગ ધરાવી, વૈષ્ણવોને પ્રસાદ લેવરાવીને સ્વયં મહાપ્રસાદ લેવો એ સેવા છે.

તો ભગવત્કથારૂપ સત્સંગના આટલાં બધાં સ્વરૂપો છે. વળી આ બધા વિષયોની ચર્ચા વિવાદ રૂપે નહીં, સંવાદરૂપે થાય છે. મહાત્માઓ સ્વમતને સ્નેહપૂર્વક વર્ણવે છે. માટે 'બરનહિં' અને 'કહહિં' શબ્દોનો પ્રયોગ થયો છે.

विद्या विवादाय धनंमदाय शक्तिः परेषां परपीडानाय ।
खलस्य साधोर्विपरीतमेतत् ज्ञानाय दानाय च रक्षणाय ।।

અસાધુઓની, દુર્જનોની સભામાં 'બરનહિં' અને 'કહહિં' સંભવ જ નથી. ત્યાં તો વિદ્યાનો ઉપયોગ વિવાદ માટે થાય છે. ધનનો ઉપયોગ અભિમાનીને પોષવા માટે થાય છે અને બળનો બીજાને પીડા આપવામાં થાય છે. સાધુસભામાં, મહાત્માઓના સત્રમાં તો વિદ્યાનો ઉપયોગ જ્ઞાન, ધનનો દાન અને શક્તિનો બીજાનું રક્ષણ કરવામાં થાય છે.

કથાસ્થાન

શ્રી ભાગવતમાહાત્મ્યે કથા માટે ત્રણ સ્થળ સૂચવ્યાં છે.

तीर्थे वापि वने वापि गृहे वा श्रवणं मतम् ।
विशाला वसुधा यत्र कर्तव्यं तत्वकथास्थलम् ।।

શ્રી ગંગાતટ, શ્રી બદ્રીનાથ, દ્વારિકા, કાશી વિ. તીર્થસ્થાન એ ભગવત્કથા માટે ઉચ્ચ સ્થળ છે. નૈમિષારણ્ય, કુરુક્ષેત્ર જેવા સ્થાન એ મધ્યમ સ્થાન છે અને આ બેમાંથી એકે ન બને તો ઘરે પણ શ્રવણ કરવું. ગૃહમાં રહીને શ્રવણ કરવું સાધારણ છે. જો કે જ્યાં સ્થાન વિશાળ હોય એવું સ્થળ પસંદ કરવું.

જ્યાં પોથીજી પધરાવવાનાં છે ત્યાં પ્રભુજીને જ પધરાવવાના છે એમ તૈયારી કરવી જોઈએ. ભૂમિને ગોમૂત્ર, ગોમય વિ.થી શુદ્ધ કરી. જળસિંચન કરી. લીંપીગૂંપીને સિદ્ધ કરવી. કદલીસ્થંભનો મંડપ કરવો. પંચપલ્લવાદિનાં તોરણો બાંધવાં, ચંદરવા બાંધવા. મંડપના ચારે ખૂણે સ્તંભો પર ધ્વજાપતાકા લગાડવી.

परम रम्य गिरिबर कैलासू । सदा जहां शिव उमा निवासू ।।

કથાસ્થળ પરમ રમ્ય, પરમ પવિત્ર અને મહાત્માઓના નિવાસરૂપ હોવું જોઈએ.

सिद्ध तपोधन जोगिजन सुर किन्नर मुनिवृंद ।
बसहिं तहाँ सुकृती सकल, सेवहि शिव सुखकंद ।।

સિદ્ધપુરુષો, તપસ્વીઓ, યોગીજનો, દેવો, કિન્નરો અને મુનિજનોના સમૂહ જ્યાં વસે છે એવા પરમ તીર્થને કથાસ્થળ બનાવવું જોઈએ. શ્રી તુલસીદાસજીએ (અવધપુરી યહ ચરિત પ્રકાસા) પ્રભુના જન્મ અને નિત્યવાસરૂપ અયોધ્યાતીર્થ પસંદ કર્યું તો યાજ્ઞવલ્ક્ય અને ભારદ્વાજ વચ્ચે કથા પ્રાકટ્ય પણ (ભરદ્વાજ મુનિ બસહિં પ્રયાગા) તીર્થરાજ પ્રયાગમાં થયું છે. શ્રી ગરુડજી અને કાકભશુંડીજીનો સંવાદ પણ (ઉત્તરદિસિ સુંદર ગિરિ નીલા) ઉત્તર દિશામાં એક સુંદર નીલપર્વત પર થયો.

કથાસ્થળનો પણ ચિત્ત પર ઘણો પ્રભાવ પડે છે. ચિત્ત પ્રસન્ન થાય એવું સ્થળ (**देखि सैल प्रसन्न मन भयऊ । माया मोह सोच सब गयऊ ।।**) હોવું જોઈએ કથાસ્થળનાં દર્શન કરતાં જ ગરુડજીના ચિત્તમાં રહેલા માયા, મોહ અને શોક નિવૃત્ત થઈ ગયાં. કથાસ્થળની માત્ર ભૌતિક રમણીયતાની આ વાત નથી. આ આધ્યાત્મિક રમ્યતાનો પ્રભાવ છે.

શ્રી ગોસ્વામીજીએ પોતાના ગુરુજી પાસે વારાહ ક્ષેત્રમાં કથા સાંભળી હતી એમ એ સ્વયં જણાવે છે.

नैमिषेऽनिमिषक्षेत्रे ऋषयः शौनकादयः...

નૈમિષારણ્ય કથાનું ઉત્તમ સ્થળ છે. '**नेमिः शीर्यते इति निमिषम्**' એકવાર ઋષિઓએ શ્રી પ્રજાપતિ-બ્રહ્માજીને પ્રાર્થના કરી કે અમને ભગવદ્‌ભજન માટે સુયોગ્ય સ્થળ દેખાડો. શ્રી બ્રહ્માજીએ એક મનોમય ચક્ર છોડ્યું અને ઋષિઓને આજ્ઞા કરી કે આ ચક્રની પાછળ પાછળ જાવ. જ્યાં આ ચક્રની ધાર જ બૂઠી થઈ જાય, શિથિલતા આવે ત્યાં વસજો. ઋષિઓ પાછળ પાછળ ચાલ્યા. જ્યાં ચક્રની ધાર(નેમિ)ની તીક્ષ્ણતા મટી ગઈ, તેને નૈમિષારણ્ય નામ આપ્યું અને શૌનકાદિ મુનિઓ ત્યાં વસ્યા.

મન ચંચળ છે, સદા ગતિમય છે. તેની તીક્ષ્ણતા અને ચંચળતા જ્યાં ઓછાં થતાં લાગે, જ્યાં મન શાંત અને નિરુદ્ધ થતું લાગે ત્યાં સત્સંગ કરવામાં આવે તો તે ઉત્તમ છે.

કથાસ્થળે વૃક્ષોનો ઉલ્લેખ એમ સૂચવે છે કે ત્યાં વૃક્ષો હોવાં આવશ્યક છે. વૃક્ષોનું સાન્નિધ્ય માનવીની આધ્યાત્મિકતામાં વૃદ્ધિ કરે છે. **ते हि वैष्णवा इति । मूढा अपि वैष्णवा एव हि विष्णुगतिं जानंति, नत्वत्यंतं निपुणा अप्यवैष्णवाः ।। अश्वत्थो हि वैष्णवो वृक्ष....प्राजापत्यो वृक्षः प्रष्टव्य इति प्लक्षं पृच्छन्ति...तर्हि कर्मसंबंधरहितः वैष्णवधर्मोपदेष्टा शिवः प्रष्टव्य इति तद्रूपं न्यग्रोधं पृच्छन्ति** (શ્રી સુબોધિનીજી) રાસલીલામાં વ્રજગોપિકાઓના સૌભાગ્યમદ અને માનનું પ્રશમન કરવા માટે પ્રભુ અંતર્ધાન થયાં ત્યારે ગોપિકાઓ ભગવાનના સ્થાન વિશે વૃક્ષોને પ્રશ્ન કરવા લાગી. તેઓ વૃક્ષોના સ્વરૂપને જાણતી હતી માટે પ્રશ્ન કરતી હતી. વૃક્ષો વૈષ્ણવો છે. મૂર્ખ હોય તો પણ વૈષ્ણવ જ, નિશ્ચયથી, વિષ્ણુગતિને જાણે છે. અવૈષ્ણવ ભલે ને વિદ્વાન હોય તોય એ જાણતા નથી.

વૃક્ષોમાં પીપળો વિષ્ણુનું સ્વરૂપ છે, પ્લક્ષ બ્રહ્માજીનું સ્વરૂપ છે અને નિવૃત્તિ ધર્મના આચાર્યરૂપ, વૈષ્ણવધર્મના પરમ ઉપદેશક શિવજી વડરૂપે છે. વડ એ શિવજીનું જ સ્વરૂપ છે. માટે આવાં વૃક્ષોના સાન્નિધ્ય વસ્તુતઃ એ દેવોનું સાન્નિધ્ય છે.

જ્યાં એકાંત હોય, ખલેલ રહિત સ્થાન હોય, નિર્ભય સ્થાન હોય, સુંદર હોય અને સાત્ત્વિક હોય ત્યાં ભગવત્કથા કરવી જોઈએ.

ભક્તિજ્ઞાનવૈરાગ્યના સુખ માટે શ્રી શનકાદિઓએ શ્રી ગંગાજીના તટે આનંદ

નામના આશ્રમે કરી હતી. આનંદ આપે. આનંદ સુધી લઈ જાય એ સ્થળ ઉત્તમ સ્થળ છે. બાકી તો ભાવપૂર્વક જ્યાં પણ કથા થશે ત્યાં કથાના પોતાના પાવન સ્વરૂપના કારણે સ્થાન ઉત્તમ તીર્થ બની જ જશે.

કથાકાલ

આરંભકાલ

ભગવત્કથા આપણે ત્યાં પધારે એ ભગવાનનું પધારવું છે. માટે શક્ય હોય તો શુભ મુહૂર્ત જોઈને પધારવવા. **दैवज्ञं तु समाहूय मूहूर्त पृच्छययत्नतः** પોતાને ત્યાં જ્યોતિષશાસ્ત્રના જાણકાર વિદ્વાનને તેડાવીને, ભાવપૂર્વક મુહૂર્ત પૂછવું. શ્રી ભાગવતજીના શ્રવણ માટે, મોક્ષકામનાવાળા શ્રોતાઓ માટે ભાદ્રપદ, આસો, કારતક, માગશર, અષાઢ અને શ્રાવણ માસ સૌથી ઉત્તમ માન્યા છે.

વળી, શ્રી ભાગવતજીના શ્રવણમાં શુક્લપક્ષની નવમીથી પૂર્ણિમાના દિવસોનો વધુ આગ્રહ રખાયો હોય એમ લાગે છે. કેમ કે એવો ઉલ્લેખ છે કે, ભગવાન શ્રી કૃષ્ણના સ્વધામગમન બાદ ત્રીસ વર્ષ કરતાં વધુ સમય બાદ શ્રી શુકદેવજીએ પરીક્ષિત રાજાને ભાદ્રપદમાસના શુક્લ પક્ષની નવમીથી પૂર્ણિમા સુધી કથા સંભળાવી. આ પ્રસંગના લગભગ બસો વર્ષ બાદ અષાડ સુદ નવમીથી પૂર્ણિમા પર્યંત શ્રી ગોકર્ણે ધુંધુકારીને કથા સંભળાવી. અન્ય ઋષિઓના ઉદ્ધાર માટે શ્રી ગોકર્ણે ફરીથી કથા કરી ત્યારે શ્રાવણ માસના શુક્લપક્ષની નવમીથી પૂર્ણિમાનો સમય પસંદ કર્યો હતો. ત્યાર બાદ કલિયુગ આરંભ થયે ત્રીસ વર્ષ ગયાં બાદ કાર્તિક માસના શુક્લપક્ષની નવમીથી પૂર્ણિમા પર્યંત શ્રી સનકાદિ મુનિઓએ શ્રી નારદજીને કથા સંભળાવી હતી. દર વખત શુક્લ નવમીથી પૂર્ણિમાનો ક્રમ લેવાયો છે તેથી તેનું મહત્ત્વ સમજી શકાય એમ છે.

સંભવ હોય તો પુણ્યકાળ, પવિત્ર માસતિથિ લેવાં જોઈએ. આમ છતાં ભગવાનનાં ભજન માટે બધા જ દિવસો ઉત્તમ છે.

કથાના નિરૂપણમાં સ્થળની પવિત્રતા સાથે સાથે કાળની પવિત્રતા, મહત્તાનું પણ નિરૂપણ થયું છે.

माघ मकरगत रवि जब होइ । तीरथपति हि आव सब कोइ ।।

સૂર્યનું મકર રાશિમાં જવું એ મકર સંક્રાન્તિ છે. આ અતિપવિત્ર પુણ્યકાળ છે.

ત્યારે શ્રી યાજ્ઞવલ્ક્ય અને ભરદ્વાજનો શ્રી પ્રયાગમાં તીર્થરાજમાં સમાગમ થયો. મકરભર સ્નાન કર્યા બાદ ફાગણ માસમાં આ બંને મહાનુભાવો વચ્ચે રામકથા સંવાદ થયો.

પ્રભુચરણે મસ્તક નમન કરીને સંવત ૧૬૩૧માં

नौमी भौम बार मधुमास । अवधपुरी यह चरित प्रकासा ।।

जेहि दिन राम जनम श्रुति गावहिं । तीरथ सकल तहां चलि आवहिं ।।

ભગવાન રામની પ્રાકટ્ય તિથિ અને ભગવાન રામના પ્રાકટ્યધામનો આશ્રય કરીને શ્રી તુલસીદાસજીએ માનસ રચના કરી.

શ્રી ભાગવતજીની જેમ અહીં પણ આરંભ તો શુક્લ પક્ષની નવમીના દિવસે થયાં છે એ નોંધપાત્ર છે. નવમીનો અંક પૂર્ણ અંક છે માટે એ સર્વને પ્રિય હોય, પ્રભુના પ્રતિનિધિ રૂપે હોય એવું પણ બને.

પારાયણ કાલ

સર્વોત્તમ મત તો એ છે કે કથાશ્રવણનો વિરામ જ ન થવો જોઈએ. કથા કોઈ નૈમિત્તિક કર્મ નથી અને કામ્ય કર્મ ન હોય તે સારું. કથાશ્રવણપઠન તો વૈષ્ણવો, જિજ્ઞાસુઓ, ભક્તો અને મુમુક્ષુઓ માટેનો નિત્ય ધર્મ છે. **दिनानां नियमो नास्ति सर्वदा श्रवणं मतम्** કથા અમુક દિવસે જ સાંભળવી કે આટલા દિવસોમાં સાંભળવી એવો કોઈ જ નિયમ નથી. કથાશ્રવણ તો નિત્ય કરવું જોઈએ.

જેમ કાલદૃષ્ટિએ ક્યારે વિરમવું એ જણાવ્યું નથી એમ ભૂમિકાની દૃષ્ટિએ પણ કથાથી વિરમવાનું નથી. શ્રી વ્યાસજી મહારાજે ગાયું છે કે,

पिबत भागवतं रसमालयम् 'आसमन्नात् लयो यस्मात् आलयम्' જ્યાં સુધી જીવનો ભગવાનમાં લય, ભગવાનમાં ગતિ ન થઈ જાય ત્યાં સુધી તેણે ભાગવત રસનું પાન કરવાનું જ છે. એટલે કે જીવ સાધક ભૂમિકામાં હોય તોય શ્રવણ કરે અને સિદ્ધ ભૂમિકામાં હોય તોય શ્રવણ કરે.

કેટલીકવાર શ્રવણ કરવું એનીય મર્યાદા નથી. વારંવાર રસપાન કરવું જોઈએ. શ્રી મહાપ્રભુજી કહે છે, **'मुहुः पानं वा विधीयते रसज्ञानाय'** એટલે કે રસનું પૂર્ણજ્ઞાન ત્યારે જ થઈ શકે છે જ્યારે એને વારંવાર પીવામાં આવે. સત્સંગની કોઈ સંખ્યા ન હોય.

જેવો મહિમા શ્રી ભાગવતજીનો છે તેવો જ મહિમા તેને સાત દિવસમાં શ્રવણ કરવાનો છે. માઘમાસમાં મકરસ્નાન કરીને શ્રદ્ધાપૂર્વક એક માસ પર્યન્ત નિત્ય શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાથી જે ફલ પ્રાપ્ત થાય તે ફલ શ્રી શુકદેવજીને સપ્તાહવિધિમાં સુલભ થઈ જાય છે. જે ફળ તપ વડે, યોગ વડે કે સમાધિથી સુલભ નથી તે સર્વફળ સપ્તાહવિધિથી ભાગવત શ્રવણ કરવામાં સુલભ છે.

શ્રવણકાળ પણ સૂચવાયો છે. શ્રી ભાગવતજીના અનુરાગી વક્તા મહાનુભાવોએ સૂર્યોદયથી આરંભ કરીને સાડા ત્રણ પ્રહર એટલે કે બંને સભાઓ મળીને સાડા દસ કલાક કથા કરવી. મધ્યાહ્ન માત્ર બે ઘડી (૪૮ મિનિટ) માટે વિશ્રામ લેવો. વિશ્રામ કાળે પણ લૌકિક વાર્તાઓ ન કરતાં, ભગવાન્નામનો જાપ કરવો.

પારાયણના ચાર ભેદ

દિવ્ય ભારતભૂમિમાં ભાગવતકથાસેવનના ૪ ભેદ દર્શાવ્યા છે.

राजसं सात्त्विकं चापि तामसं निर्गुणं तथा । चतुर्विधं तु विज्ञेयं श्रीभागवत सेवनम् ।। સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ એમ ચાર પ્રકારે ભાગવતજીનું સેવન માન્યું છે.

सप्ताहं यज्ञवद् यत्तु सश्रमं सत्वरं मुदा । सेवितं राजसं तत्तु बहुपूजादि शोभनम् ।।

(૧) રાજસ શ્રવણ : સાત દિવસનો સપ્તાહ ક્રમ એ રાજસ ક્રમ છે. સાત દિવસમાં ભાગવતજીનો ક્રમ ગોઠવાય એટલે પાઠ વિ.માં ઉતાવળ રાખવી પડે. પ્રમાદ ન પોષાય. થોડા શ્રમિત પણ થવાય. યજ્ઞની માફક દીક્ષા પણ લેવી પડે. ઉત્સવો થાય, ઉત્સાહ રહે, વિવાહે યાદૃશં ચિત્તં તાદૃશં પરિકલ્પયેત્ । ઘરે લગ્નપ્રસંગ હોય ત્યારે ચિત્તની સ્થિતિ જેવી હોય તેવી કથાપ્રસંગે પણ રાખવી. લગ્નપ્રસંગે ઉત્સાહ, આનંદ પણ ઘણો હોય અને પ્રસંગ અંગે મીઠી ચિંતા, વ્યગ્રતા પણ હોય. માટે આ પ્રકાર રાજસ પ્રકાર છે.

(૨) સાત્ત્વિક શ્રવણ : मासेन ऋतुना वापि श्रवणं स्वाद संयुतम् । सात्त्विकं यदनायासं समस्तानंदवर्धनम् ।। કથાશ્રવણનો પ્રસંગ એક માસ કે બે માસ પર્યંત ચાલવાનો હોય તો તેમાં ઘણો રસ આસ્વાદવા મળે છે. થોડા સમયમાં કાર્ય સંપન્ન

કરવાની વ્યગ્રતા પણ રહેતી નથી. વક્તા અને શ્રોતા બંનેને શ્રમનો અભાવ રહેવાથી અનાયાસપણાનો આનંદ રહે છે, માટે આને સાત્ત્વિક શ્રવણ કહે છે.

(૩) તામસ શ્રવણ : तामसं यत्तु वर्षेण सालसं श्रद्धया युतम् । विस्मृतिस्मृति संयुक्तं सेवनं तरस सौख्यदम् ।। એક વર્ષે ક્રમ પૂરો થાય એ રીતે પણ પારાયણ, કથાપ્રસંગ લઈ શકાય. પણ આ ક્રમ બહુ ઉત્તમ નથી. મધ્યમ પણ નથી. સાધારણ ક્રમ છે. કેમ કે આખા વર્ષનો સમય હોવાથી આલસ્ય આવી જાય (ત્વરા અને તત્પરતા ન રહે) લાંબો સમય હોવાથી ઘણું યાદ રહે. ઘણું વળી ભુલાઈ પણ જાય. આમ છતાં શ્રદ્ધાપૂર્વક જો શ્રવણ કરવામાં આવે તો કથાથી સુખ અવશ્ય સાંપડે છે.

(૪) નિર્ગુણક્રમ : वर्षमासदिनानां तु विमुच्य नियमाग्रहम् । सर्वदा प्रेमभक्त्यैव सेवनं निर्गुणं मतम् ।। શ્રવણકીર્તનનો ઉત્તમ પ્રકાર આ નિર્ગુણ પ્રકાર છે. જ્યાં આટલા દિવસ કે આટલા માસ અથવા આટલાં વર્ષ જેવો કોઈ નિયમાગ્રહ નથી. શ્રાવણ કરવા પાછળ કોઈ ફલેચ્છા નથી. કેવળ પ્રેમલક્ષણા ભક્તિ વડે કથામાં આસક્તિ થાય છે. પ્રવૃત્તિ થાય છે એ સર્વોત્તમ નિર્ગુણ પ્રકાર છે. (સ્કંદ પુરાણે ભાગવત માહાત્મ્ય)

વ્રતાદિ નિયમો

કથાવ્રતી

શ્રીમદ્ ભાગવત માહાત્મ્યે એક સુંદર શબ્દ આપ્યો છે 'કથાવ્રતી'. કથારસપાન કરનારા, કથાનુષ્ઠાન કરનારા વક્તા શ્રોતાઓએ કયા વ્રતનિયમો પાળવા એની ચર્ચા કરતા પહેલાં કથાને જ જીવનવ્રત બનાવીએ.

કથા જ જેનું વ્રત છે તે કથાવ્રતી. કથાવ્રતીના આ વ્રતમાં તો બધાં જ વ્રત સમાઈ જાય છે. જે દિવસે સત્સંગ ન થાય. ભગવત્કથા રસપાન ન થયું હોય તે દિવસે પ્રસાદ જ ન લેવો એવો નિયમ રાખનારને ભગવાન કદી કથાવંચિત રાખી શકે ખરા ?

'કથા કહતમેં શ્રી આચાર્યજી દામોદરદાસસોં કહતે, જો "દમલા ! બડી બાર ભઈ હૈ, શ્રી ઠાકુરજીકી વાર્તા નાહીં કરી !"' શ્રી મહાપ્રભુજીને જો કદીક ભગવાનના ગુણગાનનો સમય ન મળતો, અવસર ન મળતો તો વ્યાકુળ થઈ જતા અને તેમના પ્રથમ સેવક દામોદરદાસજીની આગળ પોતાની અકળામણ ઠાલવતા કે 'દમલા ! પ્રભુની વાર્તા કરે કેટલો સમય વીતી ગયો !'

આ કથાવ્રત છે. એવા કથાવ્રતીઓ થઈ ગયા છે કે જેમને ક્યારેક ભગવત્કથા વર્ણન કરવા માટે સુયોગ્ય શ્રોતા ન મળતા અને કથા વિના ચિત્ત વ્યગ્ર થઈ રહ્યું હોય તો વૃક્ષોને કથા સંભળાવતા !

ભક્તિમાર્ગમાં તો ભગવાનની કથા જીવનવ્રત જ છે. એના પ્રારંભ કે પૂર્ણાહુતિ હોતાં જ નથી.

આમ છતાં વિશેષ હેતુથી અનુષ્ઠાન કરવામાં આવે ત્યારે તેને વધુ ને વધુ સાંગોપાંગ સફળ બનાવવા માટે કેટલાક વ્રતનિયમો સૂચવાયાં છે.

શુભ મુહૂર્ત જોઈને કથાનો આરંભ કરવો. સ્થળે સ્થળે જ્યાં વિરક્ત મહાનુભાવો રહેતા હોય, જેમને ભગવાનનાં નામ, લીલા શ્રવણકીર્તનમાં ઘણી ઉત્સુકતા હોય એવા વૈષ્ણવો ભક્તજનો, સંતસ્વજનોને ખાસ નિમંત્રણ આપીને તેડાવવા. કથાશ્રવણ માટે સ્થાન પસંદ કરવું, પસંદ કરેલા સ્થાનને પણ ગૌમૂત્ર ગોબર અને ગંગાજળ વિગેરેથી પવિત્ર કરવું.

શ્રોતાઓએ સંભવ હોય તો દર્ભાસન પર બેસવું.

વક્તાશ્રોતા સૌએ કથાપ્રસંગના દિવસો દરમિયાન સૂર્યોદય પહેલાં ઊઠી જવું, શૌચ સ્નાન વિ.થી પરવારીને સંધ્યાવંદન કરી લેવા. કથાના દિવસોમાં પોતાનાં સેવાપૂજા જેવાં નિત્ય કર્મો સંક્ષેપમાં પૂર્ણ કરી શકાય. આવા મંગલ પ્રસંગે સંક્ષેપ કરવામાં કોઈ દોષ નથી.

કથા પ્રસંગમાં કોઈ વિઘ્ન ન આવે માટે શ્રી ગણેશજીની સ્થાપના કરવી. નાંદી શ્રાદ્ધ કરવું, પિતૃતર્પણ કરવું દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત પણ કરવું. જેની કથાશ્રવણ કરવાના છીએ તે ભગવત્ સ્વરૂપની જેમ કે શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી સીતારામ વિ.ની સ્થાપના કરવી. વિધિપૂર્વક ષોડષોપચાર, રાજોપચાર જેવા પ્રકારે પૂજન કરવું.

પછી પોથીજીનું તેને પોતાના ઇષ્ટ પ્રભુનું સાક્ષાત્ સ્વરૂપ છે એ ભાવના સહિત પૂજન કરવું.

પોથીજીના પૂજન બાદ વક્તાનું પણ, સાક્ષાત્ શ્રી શુકદેવજી, વ્યાસ, વાલ્મીકિ, જેવા અલૌકિક ભાવ સહિત પૂજન કરવું.

વક્તાશ્રોતાઓએ કથાદિવસો દરમિયાન પ્રમાદ જરાય ન આવે એવી

દિનચર્યા ગોઠવવી. સુખ આપનારો એવો અલ્પાહાર જ લેવો. જેથી આળસ કે અશક્તિ ન આવે. '**नात्यश्नतऽस्तु योगोऽस्ति न चैकांतमनश्नतः । न चाति स्वप्न शीलस्य जाग्रतो नैव चार्जुन ।।** શ્રી ગીતાજીના ધ્યાનયોગમાં ભગવાને 'લઘ્વાહાર: સુખાવહ:'નું નિરૂપણ કર્યું જ છે. અતિરેક હાનિ કરે છે. વધુ પડતો આહાર માનવીને પ્રમાદી બનાવે છે અને વધુ પડતા ઉપવાસ માનવીને પરવશ-અશક્ત બનાવે છે. વધુ પડતી નિદ્રા પણ અનિષ્ટકર્તા છે અને વધુ પડતા ઉજાગરા પણ હાનિ કરે છે.

આહારના વિષયમાં પ્રમાણ અને પવિત્રતા બંનેનું ધ્યાન રાખવું.

यदात्मसंमितमन्नं तदवति न हिनस्ति ।
यद्भूयो हिनस्ति तद्यत्कनीयो न तदवति ।।

આ શતપથ શ્રુતિ એવું સમજાવે છે કે જે અન્ન પોતાને માટે પૂરતું (પથ્ય અને પ્રમાણસર) છે તે રક્ષણ કરે છે, મારતું નથી; જે વધુ પડતું છે તે મારે છે અને જે અલ્પ છે તે રક્ષણ કરતું નથી. પ્રસંગના બધા જ દિવસો સામર્થ્ય હોય તો કેવળ દૂધ કે ઘી પીને વ્રત કરવું. એ ન બની શકે તો માત્ર ફળોનો આહાર કરવો. એ પણ ન બની શકે તો પથ્ય, પવિત્ર અને પ્રમાણસર (અલ્પ) અન્ન એક વાર લઈને વ્રત નિભાવવું.

દેહને બાધક થતો હોય તો ઉપવાસ ન કરવો. પરમાત્માની સમીપ સ્થિતિ કરવી એ પણ ઉપવાસ જ છે. **उप समीपे यो वासो जीवात्मपरमात्मनोः । उपवासः स विज्ञेयो न तु कायस्य शोषणम् ।।** શ્રી વરાહ ઉપનિષદ કહે છે કે, જીવાત્માનો પરમાત્મા સમીપમાં વાસ એ જ ઉપ(સમીપે)વાસ છે. માત્ર કાયાનું શોષણ કરવું ઉપવાસ નથી. શ્રી ભાગવત માહાત્મ્યે ખૂબ જ વિવેકપૂર્ણ દૃષ્ટિ અપનાવી છે. કથા શ્રવણમાં જો ઉપયોગી થતું હોય તો ભોજન પણ ઉત્તમ વ્રત છે અને બાધક થાય તો ઉપવાસ પણ ત્યાજ્ય છે.

અન્ય નિયમોમાં, બ્રહ્મચર્યનું પાલન, ભૂમિ પર શયન કરવું, 'પહેલાં ભજન પછી ભોજન' એ નિયમ અનુસાર કથા પછી પતરાળીમાં (પ્રસાદ ભાવનાથી) ભોજન કરવું. રાજસ-તામસ અન્નનો ત્યાગ કરવો. પચવામાં ભારે, કઠોળ, મધ, તેલ, મીઠું, ભારે પકવાન, તીખાંતમતમતાં, ચટપટાં અન્ન ન ખાવાં, વાસી અન્ન, દોષપૂર્ણ, શાસ્ત્ર નિષિદ્ધ અન્ન પણ ન ખાવાં.

કથાવ્રતીએ વેદ, વૈષ્ણવ, બ્રાહ્મણ, ગુરુદેવ, ગાયો, કોઈ પણ વ્રતધારી, સ્ત્રીજનો, રાજા અને મહાપુરુષોની નિંદા કરવી પણ નહીં અને સાંભળવી પણ નહીં. પતિત અને દુષ્ટજનો સાથે વાર્તાલાપનો ય સંબંધ ન રાખવો. પ્રસંગના વિરામ બાદ દાનપુણ્ય કર્યા બાદ વ્રતો છોડવાં.

ગ્રંથ પૂજન

ઉપવાસના પ્રકારમાં પ્રાયઃ બધા જ સંપ્રદાયોમાં ઇષ્ટનાં બે સ્વરૂપ માનવામાં આવ્યાં છે, અર્ચાસ્વરૂપ અને નામસ્વરૂપ. પ્રતિષ્ઠા કરેલ મૂર્તિ, ભગવત્સ્વરૂપ જેનાં દર્શન કરતાં તે દેવનું સ્મરણ દર્શન જેવા ભાવ થયા તે અર્ચાસ્વરૂપ છે. તેની પૂજા, અર્ચના પંચોપચાર, ષોડષોપચાર વિ. પ્રકારે થાય છે. પરંતુ તે દેવના માહાત્મ્યગાન કરતાં શાસ્ત્રો, લીલાનિરૂપણ કરતાં શાસ્ત્રો તે દેવના નામસ્વરૂપ છે. જેમ કે શ્રી રામનું નામાત્મક સ્વરૂપ 'રામનામ' પણ કહી શકાય અને 'રામાયણ' પણ કહી શકાય. શિવપુરાણ શિવજીનું નામસ્વરૂપ છે તો શ્રીમદ્ ભાગવત શ્રી કૃષ્ણનું નામસ્વરૂપ છે.

શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યમાં ભાગવતને શ્રી કૃષ્ણનું પ્રત્યક્ષ સ્વરૂપ કહ્યું છે.

श्रीमद् भागवताख्योऽयं प्रत्यक्षः कृष्ण एव हि ।
स्वीकृतोऽसि मया नाथ मुक्त्यर्थं भवसागरे ।।

'આપ શ્રી કૃષ્ણ જ શ્રી ભાગવત મહાપુરાણ નામે પ્રત્યક્ષ બિરાજી રહેલ છો. હે નાથ ! આ સંસારસાગરમાંથી મુક્ત થવા માટે મેં આપનો આશ્રય કર્યો છે.' એમ પ્રાર્થના કરીને વાંગ્મય સ્વરૂપ શ્રી કૃષ્ણની પૂજા થાય છે.

વાંગ્મય સ્વરૂપને ધારણ કરવાથી સાક્ષાત્ પ્રભુને ધારણ કર્યાનો અનુભવ થાય છે. **'एतद् धारणमात्रेण कृष्णो भवति वै धृतः । अर्थस्तु परिज्ञाते ज्ञातो भक्तिं प्रयच्छति ।।** વાઙ્મય સ્વરૂપને પાઠપઠન રૂપે ધારણ કરી શકાય. જે તેને માત્ર પાઠ કરવા રૂપે ધારણ કરે છે તે ભગવાનને જ ધારણ કરે છે. **'पुराणं हरेः स्वरूपं शब्दतोऽर्थतश्च'** જેમાં ભગવાનની અવતાર લીલાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે શાસ્ત્ર-પુરાણમાં શબ્દરૂપે પણ ભગવાન રહેલા છે અને અર્થરૂપે પણ ભગવાન જ રહેલા છે. માટે કેવળ શબ્દાત્મક પાઠ કરવામાં આવે કે શ્રવણ કરવામાં આવે તો ય પ્રભુ હૃદયસ્થ થાય છે. એમાં ય જો અર્થપૂર્વક જાણવામાં આવે

તો તો ભક્તિનું પ્રદાન પણ કરે છે. અર્થનું જ્ઞાન ભક્તિનું સાધન બની જાય છે. માટે ગ્રંથપૂજા, ગ્રંથપઠન અને અર્થજ્ઞાન આ ત્રણે ય, અધિકાર અનુસાર ફલ આપે છે.

શ્રી સનકાદિ કુમારોની ઘોષણા છે કે, 'વેદના આદ્યરૂપ ઓમકાર, વેદમાતા ગાયત્રી, પુરુષસૂક્ત, વેદત્રય, શ્રી ભાગવતજી ૐ નમો ભગવતે વાસુદેવાય' એ દ્વાદશાક્ષર મંત્ર ભગવાન સુર્ય, પ્રયાગ, સંવત્સર કાલ, બ્રાહ્મણ, અગ્નિહોત્ર, કામધેનુ, દ્વાદશીતિથિ, તુલસીજી, વસંતઋતુ અને પુરુષોત્તમ માસ - આ ૧૬ તત્ત્વો ભલે જુદાં લાગતાં હોય પરંતુ વાસ્તવમાં એક જ છે. વિદ્વાનોને આમાં ભેદદૃષ્ટિ હોતી નથી.

ભગવાન શ્રી કૃષ્ણ જ્યારે તિરોધાન લીલા કરવાની તૈયારીમાં હતા ત્યારે શ્રી ઉદ્ધવે પ્રાર્થના કરી, 'પ્રભો ! ઘોર કલિયુગ આવશે. આપના વિના ધર્મનું અને ધરાનું રક્ષણ કોણ કરશે ? નિર્ગુણ, નિરાકારની ઉપાસનામાં તો ઘણું કષ્ટ છે અને ભક્તોને તો આપના સ્વરૂપનું જ અવલંબન છે. તો હવે શું ? કાંઈક વિચારો.'

ત્યારે ભગવાન શ્રી કૃષ્ણે, **स्वकीयं यत् भवेत्तेजस्तच्च भागवतेऽदधात्** ભક્તોના સુખનો વિચાર કરીને તિરોધાન થયા ત્યારે પોતાનું તેજ શ્રી ભાગવતજીમાં પધરાવ્યું. માટે ભાગવતજી વાંગ્મયી મૂર્તિ છે. અન્ય પુરાણો, શાસ્ત્રોમાં પણ આમ જ, ઇષ્ટની સ્થિતિ જાણવી.

વ્યાસ આસન

વ્યાસપીઠના ગૌરવનો નિર્વાહ શ્રી વલ્લભાચાર્યજી કેવી રીતે કરતા તેનો એક પ્રસંગ છે. જગતાનંદ નામના એક બ્રાહ્મણ સરસ્વતીને કિનારે થાનેશ્વર નામના ગામે રહે. બાર વર્ષ કાશીમાં જઈને સંસ્કૃત, શાસ્ત્રો અને શ્રી ભાગવત ભણેલા. તે નિત્ય સરસ્વતી નદીના કિનારે ભાગવત કથા કહે.

એક દિવસ શ્રી વલ્લભાચાર્યજી સરસ્વતીના કિનારે પ્રાતઃ સંધ્યા કરીને બિરાજ્યા હતા. ત્યાં આ જગતાનંદે ભાગવત કથાનો આરંભ કર્યો. શ્રી વલ્લભાચાર્યજી શ્રોતા બનીને સન્મુખ જઈને બિરાજ્યા. જગતાનંદે જાણ્યું કે આ કોઈ પંડિત બ્રાહ્મણ છે. પ્રસંગ વેણુગીતનો ચાલતો હતો. જગતાનંદે 'પ્રાયો બતામ્બ વિહગા' શ્લોકનો અર્થ કરી સંભળાવ્યો અને શ્રી વલ્લભાચાર્યજીને પૂછ્યું કે, 'આ

જ પ્રમાણે અર્થ છે કે પછી કંઈ બીજો અર્થ છે ?' ત્યારે શ્રી આચાર્યજી કહે, 'આ શ્લોકમાં અનેક ભાવો છે, અનેક અર્થો છે.' જગતાનંદે કહ્યું 'મહારાજ ! મને જે શ્લોકાર્થ આવડતો હતો તે મેં કહ્યો. હવે આપ બીજું કહો. શ્રી વલ્લભાચાર્યજી બોલ્યા, 'વ્યાસાસને તમે બિરાજ્યા છો. તે વ્યાસાસનનો અતિક્રમ કરીને અમે કેમ કહીએ ?' ત્યારે જગતાનંદ આસન પરથી ઊતરી ગયા અને વિનંતી કરી, 'મારે બીજા અર્થો સાંભળવા છે, માટે આપ બિરાજીને કહો.' પછી શ્રી વલ્લભાચાર્યજીએ સુબોધિનીનો ઉપદેશ કર્યો અને કહ્યું કે 'આ શ્લોકનો અર્થ બેત્રણ મહિના સુધી ચાલશે.' આમ વ્યાસ આસનના ગૌરવને એમણે જાળવી રાખ્યું.

વક્તા તરીકે ગમે તે બિરાજમાન હોય પણ એ આસન વ્યાસાસન છે, વ્યાસપીઠ છે. તેની શોભા અને સન્માન વ્યાસજીનું જ સન્માન છે.

वक्तुश्चापि तदा दिव्यमासनं परिकल्पयेत् વક્તાને માટે દિવ્ય અને ઉચ્ચ આસનની વ્યવસ્થા કરવી જોઈએ.

निज कर डासि नागरिपु छाला । बैठे सहजहिं संभु कृपाला ।।

કૈલાસ પર્વતે, અક્ષયવટની છાયામાં, શ્રી શિવજી સ્વયં, પોતાના હાથે વાઘામ્બર બિછાવીને સહજ રીતે જ બિરાજ્યા, મોક્ષદાયક આસન છે. આસન પરની સ્થિતિ અધિકારભેદ અને હેતુભેદ દર્શાવે છે.

कृशासने भवेदायुः मोक्षः स्वाद्व्याघ्रचर्मणि । अजिने सर्वसिद्वि स्याद् कम्बले सिद्वि उत्तमा ।। वस्त्रासनेषु दारिद्रयं धरण्यां शोक संभवः शिलायां भवेद् व्याधि काष्ठे व्यर्थपरिश्रमः ।। અગત્સ્ય સંહિતાની આ કારિકાઓ હેતુ-ફ્લેચ્છા અને અધિકારની સૂચક છે. આયુષ્યવૃદ્ધિ જોઈતી હોય તેણે કુશાસનનો પ્રયોગ કરવો, વ્યાઘ્રચર્મથી મોક્ષ મળે. કૃષ્ણમૃગચર્મથી સર્વસિદ્ધિ અને ઊનના આસનથી ઉત્તમ સિદ્ધિ સાંપડે છે. સુતરાઉ આસન દરિદ્રતા આપે છે. આસન વિના ખાલી ભૂમિ પર બેસીને જપ, તપ, કથા વિ. ઉત્તમ માન્યાં નથી. કેવળ ભૂમિરૂપ આસન શોક ઉત્પન્ન કરે છે. શિલામય આસનથી રોગ અને કાષ્ઠ આસનથી પૂજા વ્રત વિ.નો પરિશ્રમ વ્યર્થ થઈ જાય છે.

વક્તા જે આસન પર બિરાજીને કથા કરે છે તે આસન વ્યાસાસન છે. શ્રી ભાગવતજીના અધ્યયન બાદ શ્રી શુકદેવજીએ પ્રથમ પારાયણ આ આસન પર બિરાજીને કર્યું. દરેક વક્તા જ્યારે આ આસન પર બિરાજીને હરિગુણગાન કરે

ત્યારે તેણે એ ભાવ રાખવો જોઈએ કે આ પિતાની ગોદ છે. ધર્મની ગાદી તો છે જ પરંતુ પિતાની ગોદ પણ છે.

કથાના ઉત્તમ અધિકારી સાંપડે તો વક્તાએ મન, વચન અને કર્મથી નિરાભિમાની બનીને, સ્વયં પરિશ્રમ વેઠીનેય તેને કથા સંભળાવવી. ભલે પોતાનું આસન પોતે બિછાવવું પડે પણ કથા અવશ્ય સંભળાવવી એ જણાવવા શિવજીએ સ્વયં આસન બિછાવ્યું.

उदङमुखो भवेद्वक्ता श्रोता वै प्राङमुखस्तदा ।
प्राङमुखश्वेत् भवेद्वक्ता श्रोता चोदङमुखस्तदा ।।

કથામંડપમાં જો વક્તાનું આસન ઉત્તરાભિમુખ હોય તો (મુખ્ય) શ્રોતા પૂર્વાભિમુખ બેસે. અને જો વક્તાનું આસન પૂર્વાભિમુખ હોય તો (મુખ્ય) શ્રોતાએ ઉત્તરાભિમુખ થઈને શ્રવણ કરવું. (આમ છતાં અનુકૂળતા ન આવે તો સન્મુખ દિશાને પૂર્વ દિશા કે ઉત્તર દિશા માની લઈને આસન વ્યવસ્થા કરવી.) દિશા નિયમનો દુરાગ્રહ નથી પરંતુ સચવાય તો વધુ સારું છે.

૫

કથા અંગ

ભગવત્કથાનાં મુખ્ય અંગ ત્રણ છે : વક્તા, પ્રશ્નકર્તા અને શ્રોતા. આ ત્રિવેણીમિલન થતાં કથારૂપ પ્રયાગ પ્રકટ થાય છે. આ ત્રણે મહાન છે. આ ત્રણે મહત્ત્વપૂર્ણ છે. આ ત્રણે શ્રેયસ્‌માર્ગના સહપ્રવાસીઓ છે. એકમેકના પૂરક છે અને કથાદેવીના પ્રિય સ્વજન છે.

ગુરુ અને શિષ્ય વક્તા અને શ્રોતા સૌનું લક્ષ્ય પ્રભુ છે. આ બંનેની સંવાદિતા જ્ઞાનરૂપ પ્રકાશને જન્મ આપે છે. શબ્દની સાધનાના આ સૌ સાધકો આરંભમાં જ સમાન ભાવે પ્રભુને પ્રાર્થતા કે...... **ॐ सह नाववतु । सहनौ भुनक्तु । सह वीर्यं करवावहै । तेजस्विना वधीतमस्तु । मा विद्विषावहै ।। ॐ शांतिः । शांतिः । शांतिः ।।**

હે પ્રભુ ! આપ અમારી ગુરુ અને શિષ્યની બંનેની સર્વ પ્રકારે રક્ષા કરો. આપ અમારું બંનેનું સમુચિત રૂપે પાલન કરો. અમો બંને સાથે સાથે શક્તિમાન, વીર્યવાન બનીએ. અમારા બેઉની અધ્યયન કરેલી વિદ્યા તેજસ્વી થાય, ક્યાંક કોઈ પણ અમને વિદ્યામાં પરાજિત ન કરી શકે. અમો બંને પરસ્પર વિદ્યાના સ્નેહસૂત્રે બંધાયેલા રહીએ. અમારામાં પરસ્પર કદી દ્વેષ ન હો. (તૈત્તિરીય ઉપનિષદ)

વક્તા

ભગવત્કથાના આદિ વક્તા તો સ્વયં ભગવાન છે. પ્રભુની લીલાઓ જ્યાં સુધી એ સ્વયં પ્રકટ ન કરે, કૃપા કરીને ભક્તોને ન સમજાવે, ત્યાં સુધી કોઈ સમજી ન શકે. ભગવાનનાં ચરિત્રો અપાર છે. અત્યંત નિગૂઢ અને કેવળ કૃપાગમ્ય છે માટે કરુણાનિધિ પ્રભુ સ્વયં વક્તા બનીને તેને સમજાવે છે.

* **जो लों हरि आपुनपों न जनावै**
तों लों वेदपुराने स्मृति सब, पढे सुने नहिं आवे.....

मुनि विरंचि नारायण मुख सों, नारद सों कही दीनो
नारद कहि वेदव्यास सों, आप सोघ नहीं कीनो.....
वेदव्यास औषध की नांइ, पढि तन ताप नसायो
तिनतें पढे मुनि सुकदेवा, परीक्षित को जु सुनायो.....
जदपि नृपति सुनी व्रजलीला, दसम कही सुकदेवा
तो उ सर्वात्म भाव न उपज्यो, तातें करी न सेवा.....
श्री भागवत अमृतदधि मथिके, श्री वल्लभ सर्वोत्तम
करि आवरन दूरि निज्जनके, हाथ दिये पुरुषोतम.....
सेवा अरू शृंगार विविध रस, श्री वल्लभ प्रकटायो
करि कृपा निज दैवीजीवन पर, 'हरजीवन' स्वाद चखायो.....।।

શ્રીહરિ જ્યાં સુધી જીવના અજ્ઞાનને હરીને સ્વયં સ્વનું જ્ઞાન ન કરાવે ત્યાં સુધી કોઈ વેદ, શાસ્ત્ર, પુરાણ, શ્રુતિસ્મૃતિ.....આ બધું જ વાંચી જાય કે સાંભળી આવે તો ય તેની સમજમાં કાંઈ નહીં આવે.

વેદશાસ્ત્રના વક્તા ભગવાન પોતે છે, કોઈ દેવ કે માનવ નથી, માટે તો વેદોને 'અપૌરુષેય' કહે છે. યાજ્ઞવલ્ક્ય, મૈત્રેય કે વિશ્વામિત્ર જેવા ઋષિઓ તો માત્ર 'મંત્રદ્રષ્ટા' છે. તેઓએ તો સ્વાન્તઃ કરણમાં મંત્રને, ઋચાઓને અવતરિત થતાં અનુભવ્યાં છે. સર્જક, રચયિતા તો ભગવાન છે. એ પ્રમાણે શ્રીમદ્ ભાગવતજીના આદ્યવક્તા તો સ્વયં ભગવાન નારાયણ છે.

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ।

ભારતની આ મંગલાચરણ પ્રણાલિકાનો મર્મ એ જ છે કે, દિવ્યશાસ્ત્રોની આ દેદીપ્યમાન જ્યોતિ નરને શ્રી નારાયણ પાસેથી સાંપડી છે. પરબ્રહ્મ (નારાયણ) પાસેથી દૈવી ચેતનાઓ(સરસ્વતી વિ.)ને તે સાંપડી છે અને તે બાદ નર (ઋષિઓ)ને સાંપડી છે, વેદોની જેમ જ, મહાભારત, ભાગવત, રામાયણ આદિ પુરાણો તેમ જ ઇતિહાસ ગ્રંથો એ પરમાત્માની માનવને મળેલી પ્રસાદી છે.

यदाह साक्षात् भगवान् ऋषिभ्यः ભગવત્કથાની પરંપરા શુદ્ધ પરંપરા છે કેમ કે તેના આદિ વક્તા ભગવાન છે. ભગવાનનું વક્તવ્ય પણ ભગવદ્રૂપ છે, માટે તેનું

નિરૂપણ થતાં વક્તા તેમજ શ્રોતાઓ, સ્વરૂપથી તેમજ અવસ્થાથી વિશુદ્ધ થઈ જાય છે. અન્ય શાસ્ત્રોક્ત કર્મો કરવા માટે આરંભમાં અધિકારસિદ્ધિ માટે શુદ્ધિવિધિ કરવી આવશ્યક છે. પરંતુ ભગવત્કથામાં તો કથા જ ભાગવત્સ્વરૂપ હોવાથી શુદ્ધ કરી દે છે.

ભગવાન સ્વયં જ્ઞાનસ્વરૂપ છે. તે પરંપરાથી (સાંભળીને) કોઈને કહેતા નથી. માટે તેમનાથી પ્રકટ થયેલા જ્ઞાનમાં, સિદ્ધાંતોમાં અને નિરૂપણમાં કોઈ ભ્રાંતિ, અનર્થ, અતિશયોક્તિ કે વિપરીતભાવ જેવા દોષોની જરાય સંભાવના નથી.

अनादि निधना नित्या वागुत्सृष्ट्रा स्वयंभुता ।
आदौ वेदमयी दिव्या यतः सर्वा प्रवृत्तयः ।।

સૃષ્ટિના છેક અનાદિકાળથી જ ભગવાન આચાર્યરૂપે, ગુરુરૂપે જ્ઞાનનો ઉપદેશ કરે છે. સર્વ પ્રવૃત્તિના મૂળમાં જેમ વેદ છે તેમ ભગવાનના ગુણગાનરૂપી કથાપ્રવૃત્તિનું મૂળ પણ વેદમાં જ છે અને તેના વક્તા ભગવાન સ્વયં છે. 'સૃષ્ટિના આદિમાં સ્વયંભૂ પરમાત્માએ એવી દિવ્યવાણી(વેદો)નો પ્રાદુર્ભાવ કર્યો કે જે નિત્ય છે અને જેનાથી સંસારની બધી પ્રવૃત્તિઓનો આરંભ થયો છે.' (મહાભારત, શાંતિપર્વ)

नमस्तस्यै भगवते वासुदेवाय वेधसे ।
पपुर्ज्ञानमयं सौम्या यन्मुखाम्बुरुहासवम् ।।

ભાગવત કથાના આરંભમાં શ્રી શુકદેવજીએ શ્રી વ્યાસજીને વંદન કર્યા. માત્ર પિતા હોવાના કારણે નહીં પરંતુ ગુરુ હોવાથી, ભગવત્સ્વરૂપ હોવાથી વંદન કર્યા.

શબ્દસૃષ્ટિના જનક વ્યાસ છે. (શબ્દરૂપાં સૃષ્ટિં કરોતીતિ વેધસે) શ્રી વ્યાસજીએ શબ્દસૃષ્ટિ ઉત્પન્ન કરીને જગતને મોક્ષનો ઉપાય કહ્યો છે. શ્રી વ્યાસજીનું મુખ કમલ છે અને તેમાં રહેલો મકરંદ પ્રપંચનો વિસ્મારક હોવાથી તે 'આસવ' છે. શરાબીને જેમ શરાબના પ્રભાવથી બાહ્ય સુખ-દુઃખનું બાહ્ય જગતનું ભાન રહેતું નથી તેમ આ આસવનું પાન કરનારને સંસારના અહંતા, મમતા જેવાં બંધનો રહેતાં નથી.

મોક્ષ ફલરૂપ છે અને વક્તા ભગવદ્રૂપ છે. માટે સૌએ કથામૃતનું પાન ગમે તેવા અવરોધો હોય તો ય તે હટાવીને કરવું જોઈએ.

અનય વક્તામાંય ચ ભગવદ્ધર્મોનો આવિર્ભાવ :

વક્તામાં સાક્ષાત્ ભગવદ્ધર્મોનો ય આવિર્ભાવ થાય છે. જો વક્તા માત્ર વક્તા જ ન હોય અને એના જીવનમાં ઋષિત્વ પ્રકટ હોય તો તેના વક્તવ્ય સમયે ભગવાન તેના હૃદયને પાત્ર બનાવીને (જ્ઞાનનિષ્ઠા ઋષયઃ પરમપાત્રત્વેન નિરૂપિતાઃ) કથાને સ્ફુરાયમાન કરે છે. ઋષિ જ્ઞાનનિષ્ઠ હોય છે. માટે તે ભગવાનને બિરાજવાને માટે પરમપાત્ર રૂપ છે. તે ઋષિવક્તાની બુદ્ધિમાં જેમ વેદ વિ. મંત્રો સ્ફુરાયમાન થાય છે તેમ ભગવાનની લીલાઓ પણ સ્ફુરાયમાન થાય છે.

જો ઋષિઓ મંત્રદ્રષ્ટા કહેવાય છે તેમ આ વક્તાઓ પણ લીલાના દ્રષ્ટા અને પ્રસ્તુતકર્તા બની જાય છે. વક્તવ્ય તો, એમના હૃદયમાં, બુદ્ધિમાં અને પ્રાણમાં બિરાજીને ભગવાન જ આપે છે.

वैयासकिः सभगवानथ विष्णुरातम् ।

આમ તો સમગ્ર ભગવત્કથાના વક્તાઓ ભગવાન જ છે છતાં ભાગવતજીમાં દશમ સ્કંધે શ્રી કૃષ્ણકથાના ઉપક્રમમાં શ્રી સૂતજીએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. ભગવાનનાં ચરિત્રો સરળતાથી સમજણમાં આવી શકે તેમ નથી. પરંતુ જેમણે સમાધિમાં ભગવાનનાં ચરિત્રોનો અનુભવ કરેલો છે એવા શ્રી વ્યાસજીના પુત્ર શુકદેવજી કરી રહ્યા છે માટે તું વર્ણન કરી શકશે. વળી **'भगवता सहितः 'सभगवान्' । तदन्तस्थितो भगवानेवोत्तरं प्रयच्छति 'अथ' भिन्नोपक्रमे । एतावत्कालं शुकः स्वयमेवाह । इदं चरित्रं तु तत्र स्थितो भगवान एवाऽहेति भिन्नः प्रकमः** શ્રી મહાપ્રભુજી કહે છે કે, વક્તાસ્થાને શ્રી શુકદેવજીની સાથે ભગવાન પણ છે. ભગવાન જ શુકદેવજીના અંતઃકરણમાં બિરાજીને ઉત્તર આપી રહ્યા છે. 'અથ' શબ્દ હવે ક્રમ બદલાય છે એ સૂચવવા માટે છે. અત્યાર સુધીમાં જે કથા થઈ તે શ્રી શુકદેવજીએ ગુરુ રૂપે કરી, આચાર્ય રૂપે કરી, પરંતુ હવે તો સ્વયં ભગવાન પરીક્ષિતની રક્ષા કરવા વક્તા બની રહ્યા છે. હવે પછીનું વર્ણન એ સ્વયં કરશે.

માટે દરેક વક્તા વક્તવ્યના આરંભમાં પ્રભુપ્રાર્થના કરે જ છે. ઇન્દ્રિયો દ્વારા કોઈ પણ કાર્ય કરવું હોય તો ભગવાનની પ્રાર્થના અવશ્ય કરવી જોઈએ. એમાં ય ખાસ કરીને વાગ્વ્યાપાર સમયે. ભગવાન વિશે કાંઈપણ બોલતા પહેલાં ભગવાનની પ્રાર્થના કરવી જોઈએ. સ્વયં બ્રહ્માજીએ પણ પ્રથમ ભગવાનનું ધ્યાન

કરીને એમને પ્રાર્થના કરી. તે બાદ ભગવાન સ્વયં બ્રહ્માજીના હૃદયમાં પ્રવેશ કરીને પોતાના સ્વરૂપને પ્રકાશિત કરનારી વેદરૂપ વાણીને શ્રી બ્રહ્માજીના મુખ દ્વારા પ્રકટ કરી. જ્યારે પણ, જેને પણ ભગવાનના નિત્યગુણોનું ગાન કરવું હોય છે ત્યારે એ વર્ણન આ 'નિત્યવાણી' દ્વારા જ થાય છે.

ભગવાનની ભાર્યા આ વાગ્દેવી ભગવાનની પ્રેરણાથી જ પ્રકટે છે.

तस्मै श्री गुरवे नमः

योगीन्द्राय नमस्तस्मै शुकाय ब्रह्मरूपिणे ।
संसार सर्पदृष्टं यो विष्णुरात ममू मूचत् ।।

અમો એ યોગીરાજ બ્રહ્મસ્વરૂપ શ્રી શુકદેવજીને નમસ્કાર કરીએ છીએ, જેમણે ભગવલ્લીલાઓનું શ્રવણ કરાવીને, જેને સંસારરૂપી સર્પ દંશ દીધો હતો તેવા પરીક્ષિતને મુક્ત કરી દીધો હતો. ગુરુદેવનું કાર્ય માત્ર તક્ષકથી, મૃત્યુનિમિત્તથી બચાવવાનું નથી. સદ્‌ગુરુ તો સંસારના સર્વે ક્લેશ, બંધન વિ.થી રક્ષા કરે છે. ગુરુ જીવન પણ સુધારે છે, મરણ પણ સુધારે છે.

કેવલ જ્ઞાનમૂર્તિ, સકલ દ્વન્દ્વોથી પર, આકાશના જેવા નિર્લેપ, અદ્વૈતના લક્ષ્યરૂપ, નિત્ય, નિર્મલ, અચલ, સદા સાક્ષીરૂપ સંસારાતીત, ત્રણે ગુણોથી રહિત એવા સદ્‌ગુરુ પરબ્રહ્મનું જ સ્વરૂપ છે. પ્રભુ તેના મૂળ રૂપે આપણી પાસે પધારે તે પહેલાં સદ્‌ગુરુરૂપે પધારે છે. શિષ્યનું ઘડતર કરે છે માટે તે બ્રહ્માવતાર પણ છે. શિષ્યની દૈવી સંપદાનું પરિપાલન કરે છે માટે તે વિષ્ણુ પણ છે અને શિષ્યના અમંગલનો નાશ કરે છે માટે તે મહાકાલરુદ્ર પણ છે.

सत की नाव खेवटिया सतगुरू

विजित हृषीकवायु भिरदान्तमनस्तुरगं
य इह यतन्ति यन्तुमतिलोलमुपायखिदः ।
व्यसनशतान्विताः समवहाय गुरोश्चरणं
वणिज इवाज सन्त्यकृतकर्णधरा जलधौ ।।

સદ્‌ગુરુના આશ્રય વિના સંસાર પાર કરવાનું સાહસ સલાહ ભરેલું નથી. એક તો સંસારતરણ માટેના જે જે ઉપાય સૂચવવામાં આવે છે અનેક કષ્ટોથી

ભરેલા છે ! વળી અતિચંચલ એવા, વશ કરવા દુષ્કર એવા મનરૂપી અશ્વનો ય ત્રાસ ઘણો છે. આ સ્થિતિમાં સદ્‌ગુરુની સહાય વિના કેમ ચાલશે ? જેમ એક મહાસાગરને પાર કરવા કોઈ નાવિક વિનાની નાવમાં યાત્રા કરે તો તે કેટલું જોખમ ભરેલું છે ! એટલું જ સદ્‌ગુરુના ચરણકમલના આશ્રય વિના સંસાર તરવાનો પ્રયત્ન કરે તે જોખમ ભરેલું છે. સંભવ નથી કે તેની નાવ સામે પાર પહોંચે.

જેને સદ્‌ગુરુ સાંપડ્યા છે તે કદી ડૂબશે નહીં. 'સતકી નાવ ખેવટિયા સતગુરુ ભવસાગર તર આયો' મીરાં કહે છે કે, નાવ પણ એવી છે કે જે ડૂબવા ન દે. સતની નાવ કદી ડૂબતી નથી. **'न हि कल्याणकृत कश्चित दुर्गतिं तात गच्छति.'** વળી સદ્‌ગુરુ કુશળ નાવિક છે, સમર્થ સુકાની છે. ગમે તેવા ઝંઝાવાતમાં પણ તે સંભાળશે. આંધી, વરસાદ, સમુદ્રનાં તોફાનો વચ્ચેય એ સત્ શિષ્યને સામે પાર પહોંચાડશે. સદ્‌ગુરુનો આશ્રય કરનાર ડૂબતો ય નથી અને ભૂલો પડતો ય નથી.

એથી આગળ વધીને કહીએ તો સદ્‌ગુરુની કૃપાથી સાગરનું અસ્તિત્વ પણ ન રહે એમ પણ અનુભવાય છે. **'भवसागर सब सूख गयो हे, फिकर नहिं मोहे तरननकी'** ગુરુદેવ સંસાર સમુદ્રને જ સૂકવી નાખે છે. જ્યારે ભવસમુદ્ર જ સુકાઈ જાય ત્યારે તરવા કે ડૂબવાનો પ્રશ્ન જ રહેતો નથી.

કોઈને ચિંતામણિ સાંપડે તો તે કૃતાર્થ નથી જ, કેમ કે ચિંતામણિ માત્ર લૌકિક પદાર્થોનું જ પ્રદાન કરે છે. કલ્પવૃક્ષ મળી જાય તો ય બહુ મોટો લાભ નથી કેમ કે તે પારલૌકિક સુખો, સ્વર્ગ જેવાં સુખો આપી શકશે. પરંતુ જેને સદ્‌ગુરુ સાંપડ્યા તે તો પરમકૃતાર્થ થઈ ગયો કેમ કે સદ્‌ગુરુ તો તેને દુર્લભમાં દુર્લભ સુખ-વૈકુંઠપદ અથવા વૈકુંઠના નાથનાં ચરણ સુધી પહોંચાડી શકે છે.

કથાકાર સદ્‌ગુરુ છે, શ્રોતાઓની પાસે તે દિવ્યતેજોમય પ્રદીપને પ્રકટાવે છે. તે દીક્ષાગુરુ હોય કે ન હોય પરંતુ શિક્ષાગુરુ અવશ્ય છે.

गुशब्दस्त्वन्धकारः स्यात् रुशब्दस्तन्नि रोधकः ।
अंधकार निरोधत्वाद् गुरुरित्यभिधीयते ।। (દ્વયોપનિષદ)

'ગુ' શબ્દનો અર્થ છે અંધકાર અને 'રુ' શબ્દનો અર્થ છે તેને રોકનાર. એ અંધકારને રોકે છે નિવારે છે માટે ગુરુ કહેવાય છે. શિક્ષાગુરુ અનેક હોઈ શકે છે.

પરમહંસાવતાર દત્તાત્રેય પ્રભુએ 'મારા અનેક શિક્ષાગુરુઓ છે. એમની પાસેથી વિવેકબુદ્ધિની પ્રેરણા લઈને હું મુક્તરૂપે આ પૃથ્વી પર વિચરણ કરું છું.' અનેક ગુરુઓમાં એમણે પૃથ્વી, વાયુ, આકાશ, જલ, અગ્નિ, ચંદ્ર એવા ૨૪ ગુરુઓનું નિરૂપણ કર્યું છે.

જે માર્ગને જાણે તે ગુરુ. જે પથિક માર્ગને જાણતો નથી તે માર્ગને જાણનારને જઈને પૂછે છે. ગુરુકૃપાથી ભૂલા પડેલાને પણ સન્માર્ગ સાંપડે છે.

આચરે તે આચાર્ય

જ્ઞાન જીવનમાં કેટલું ચરિતાર્થ થાય છે તે અનુસાર ગુરુની, આચાર્યની ભૂમિકા વિચારાય છે. શ્રી ગોરખનાથની વાણી છે કે

कथणी कथै सों शिष्य बोलिये, वेद पढै सो नाती ।
रहणी रहै सो गुरू हमारा, हम रहता का साथी ।।

જે કેવળ કહે જ છે તે હજી શિષ્ય છે. હજી વેદ વિ.નો પાઠમાત્ર કરતો રહે છે જેને કેવળ શબ્દજ્ઞાન જ છે તે તો હજી પૌત્ર કે દોહિત્ર છે. ગુરુ તો એ છે કે જે આચરણ કરે છે.

જે કર્મનો ક્ષય કરનારી શુદ્ધ દીક્ષા અને શુદ્ધ શિક્ષા આપે તે આચાર્ય છે.

आचिनोति हि शास्त्राणि स्वाचारे स्थापयत्यपि ।
आचारयति तं लोके तमाश्चार्यं प्रचक्षते ।।

જે શાસ્ત્રોનો સમન્વય કરે, પોતાનામાં તેને ચરિતાર્થ કરે અને ત્યાર બાદ લોકને, જનસમાજને ય એવું આચરણ કરાવે છે તે આચાર્ય છે. જ્યારે જ્યારે અધર્મના અભ્યુત્થાનના કારણે ધર્મને ગ્લાનિ થાય છે ત્યારે ભગવાન પોતાના આત્મારૂપ આચાર્યરૂપે અવતાર લે છે. જ્ઞાનવૃદ્ધ નિર્લોભી, આત્મજ્ઞાની, દંભરહિત, અતિવિનમ્ર તથા મૃદુ સ્વભાવશીલ મહાનુભાવોને આચાર્ય કહેવા જોઈએ.

जह दीवा दीवयस, पइप्पए सो य दीप्पए दीवो ।
दीवसमा आयरिया, अप्पं च परं च दीवंति ।।

આચાર્ય ભદ્રબાહુ કહે છે કે, જેમ દીપક સ્વયં પ્રકાશમાન હોતાં પોતાના સ્પર્શથી અન્ય સેંકડો દીપક પ્રકટાવી દે છે, તેમ સદ્‌ગુરુ આચાર્ય સ્વયં

જ્ઞાનજ્યોતિથી પ્રકાશિત હોય છે અને બીજાઓને પ્રકાશમાન કરે છે.

આચાર્યવાન્પુરુષો વેદ

શાસ્ત્ર જ્ઞાનનિધિ છે પરંતુ આ નિધિનું દાન સદ્‌ગુરુ કરે છે. જગતના કારણરૂપ પરબ્રહ્મને આચાર્યવાન, સદ્‌ગુરુનો કૃપાપાત્ર સાધક જ જાણી શકે છે. આચાર્યથી જાણેલી વિદ્યા શ્રેષ્ઠતા સુધી પહોંચાડે છે.

तद्विज्ञानार्थं स गुरूमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् (મુંડક ઉપનિષદ)ની આ કારિકા અનુસાર જ્ઞાન સંપાદન કરવા માટે મુમુક્ષુએ હાથમાં સમિધ લઈને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું શરણ લેવું.

આચાર્ય સદ્‌ગુરુ પરમાત્માનું સાક્ષાત્ પ્રત્યક્ષ જ્ઞાન ધરાવતા હોય છે. પરોક્ષજ્ઞાન ધરાવનારા મનુષ્યને ઉપદેશદાતા થવાનો અધિકાર નથી. સૂર્યના પ્રકાશ વિના ચક્ષુ કોઈ પણ પદાર્થને જોવા સમર્થ નથી તેમ બ્રહ્મજ્ઞાની આચારવાન સદ્‌ગુરુના ઉપદેશ વિના ચિત્ત આત્મદર્શનને યોગ્ય થતું નથી. જેણે આકાશમાં બીજનો ચંદ્ર જોયો હોય એ જ બીજાને બતાવી શકે છે. એમ જેણે જાણ્યું છે તે જ જણાવી શકે છે.

પરમ તત્ત્વ **'निहितं गुहायम्'** ગુહ્ય છે. તેને જાણવાના પ્રયાસમાં સદ્‌ગુરુ સદુપદેશકની આવશ્યકતા છે. શાસ્ત્ર જાણનારો પણ ભૂલ કરી શકે છે. માટે **शास्त्रज्ञोऽपि स्वातंत्र्येण ब्रह्मज्ञानान्वेषणं न कुर्यात्** શાસ્ત્રોના જ્ઞાની પુરુષે પણ સ્વતંત્રાપૂર્વક ગુરુ અવલંબન વિના બ્રહ્મજ્ઞાનનું અન્વેષણ ન કરવું.

दुर्लभो विषयत्यागो दुर्लभं तत्त्व दर्शनम् ।
दुर्लभा सहजावस्था सद्‌गुरोः करूणां विना ।।

વિષયોનો ત્યાગ દુર્લભ છે. તત્ત્વદર્શન દુર્લભ છે. સદ્‌ગુરુની કૃપા વિના સહજાવસ્થા પણ દુર્લભ છે. મહોપનિષદ કહે છે એ પ્રમાણે ગુરુ અવલંબન વિના અસત્‌ની નિવૃત્તિ પણ મુશ્કેલ છે અને સત્‌ની પ્રગતિ પણ મુશ્કેલ છે. જે જીવના એક માત્ર પોતાના પુરુષાર્થથી દુષ્કર છે તે સદ્‌ગુરુની કૃપાથી અતિસરલ બની જાય છે.

સદ્‌ગુરુ તો શ્રીહરિ કરતાં ય વધુ કરુણામય છે.

राम तजूं पै गुरू न विसारूं ।
गुरू के सम हरि कूं न निहारूं ।।

हरिने जन्म दियो जग मांही ।
गुरूने आवागमन छुडाहीं ।।

हरिने पांच चोर दिये साथा ।
गुरूने लइ छुडाय अनाथा ।।

हरिने रोग भोग उरझायो ।
गुरू जोगी करि सबै छुडायौ ।।

हरिने कर्म मर्म भरमायो ।
गुरूने आतमरूप लखायो ।।

फिर हरि बंध मुक्ति गति लाये ।
गुरूने सब ही भर्म मिटाये ।।

चरनदास पर तन मन वारूं ।
गुरू न तजूं हरि को तजूं डारूं ।।

સદ્ગુરૂની સત્કૃપાનું સહજો બાઈએ સુંદર નિરૂપણ કર્યું છે. 'ગુરૂ ને ગોવિંદ બેમાંથી એકને છોડવા પડે તો ગોવિંદને છોડી દઉં. પણ ગુરૂને ન છોડું.' (ગુરૂ હશે તો ગોવિંદ મળશે જ.)

ગુરૂ અને ગોવિંદમાં સમાનતાનો ભાવ ખટકે છે. ગુરૂગોવિંદ સમાન શેના ? શ્રીહરિએ તો આ દુઃખરૂપ સંસારમાં જન્મ આપ્યો. દેહાદિનાં બંધનો આપ્યાં તો શ્રી ગુરૂદેવે જેલ જ તોડી નાખી. આવાગમન છોડાવી દીધું. જીવ અસમર્થ હતો અને પંચવિષયરૂપી ચોર એને લૂંટવા આવ્યા ત્યારે એ અસહાય નિરાધાર જીવને સદ્ગુરૂએ છોડાવ્યો. શ્રીહરિની સૃષ્ટિમાં ભોગ અને પરિણામે રોગ છે. સદ્ગુરૂની સૃષ્ટિમાં યોગ છે. પ્રભુએ કર્મની જટિલતામાં જીવને અટકાવી દીધો ત્યારે શ્રીમદ્ સદ્ગુરૂએ તેને તેના અકર્તા અને અભોક્તા એવા આત્મસ્વરૂપનું ભાન કરાવ્યું. શ્રીહરિ કોઈકને બંધનમાં નાખે છે અને કોઈકને મુક્તિ આપે છે. પરંતુ શ્રી સદ્ગુરૂ

તો બંધન અને મોક્ષના દ્વંદ્વમાંથી મુક્ત કરીને પરમપદ પ્રાપ્ત કરાવે છે. આવા સદ્ગુરૂ પર તનમનધન સર્વસ્વ ન્યોછાવર કરી દઉં.

गुरूवक्त्रे स्थिता विद्या गुरूभक्त्या नु लभ्यते (સ્કંદ પુરાણ-ગુરૂગીતા)

વિદ્યાનું અમૃત ગુરૂમુખેથી પ્રકટ થાય છે. વિદ્યાનો ઉત્તમ પ્રકાર શ્રવણ, મનન અને નિદિધ્યાસન છે. આમાં પ્રથમ સાધન શ્રવણ એટલા માટે જ કે જ્ઞાન કથન અને શ્રુતરૂપમાં પ્રવર્તે છે. સદ્ગુરૂ જ્ઞાન કહે છે અને તે કહેલું જ્ઞાન તેમની ભક્તિથી જ સમજાય છે. ભક્તિભાવ, પ્રભાવ નહીં હોય તો ગુરૂજી, વક્તા કહેશે કાંઈક અને શ્રોતા સમજશે કાંઈક.

ગુરૂજીએ બોધ આપ્યો, 'અહં બ્રહ્માસ્મિ.' શિષ્યે કહ્યું, 'તમે નહીં, અહં બ્રહ્માસ્મિ !'

જિજ્ઞાસુઓને શાસ્ત્ર પ્રત્યે જેટલો આદરભાવ હોય છે તેટલો જ આદરભાવ તેના પ્રસ્તુતકર્તા વક્તા કથાકાર માટે પણ રાખવો જોઈએ. નહીં તો કથા ફલિત નહીં થાય.

વક્તાને લૌકિક દૃષ્ટિથી ન જોવા.

અર્જુને શ્રી કૃષ્ણને પરમકૃપાળુ સદ્ગુરૂ ભાવથી શરણ લીધું અને પોતે શિષ્યત્વ સ્વીકાર્યું તો ગીતાજ્ઞાન મળ્યું છે. ઉમાએ શિવજીમાં પતિભાવ નહીં પરંતુ ગુરૂભાવ રાખ્યો છે. ભગવાન કપિલ આમ તો દેવહૂતિના પુત્ર હતા પરંતુ સ્વયં દેવહૂતિએ એમને ગુરૂભાવે પ્રણામ પૂર્વક સાંખ્યજ્ઞાન માટે પ્રાર્થના કરી છે.

વ્યક્તિ તરીકે તે ગમે તે હોય, પિતા, માતા, પુત્ર, સખા, પતિ કે ભલે ને દાસ હોય, પરંતુ તે જ્યારે જ્ઞાનપ્રદાન કરવા બિરાજે છે ત્યારે તે પૂજ્ય છે. તેમનાં ચરણ 'પૂજામૂલં ગુરોઃ પદમ્' છે. તેમનાં વચનો 'મંગલમૂલં ગુરૂત્વાક્યમ્' મંત્રરૂપ છે.

શ્રી રામ વસિષ્ઠ પાસે અને શ્રી કૃષ્ણ સાંદીપનિ પાસે શિષ્યભાવે જ ગયા છે. એમણે પોતાના ઐશ્વર્યનો વિચાર કર્યો નથી. શિષ્ય બનીને પૂજામૂલં ગુરોઃ પદમ્ને ચરિતાર્થ કર્યું છે. મુનિબર સયમ કીન્હિ તબ જાઈ । લગે ચરન ચાપન દોઉ ભાઈ ।। શ્રી વિશ્વામિત્રજી પોઢ્યા ત્યારે શ્રી રામલક્ષ્મણે એમની ચરણસેવા કરી છે. જાણે એ પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવકના નિયમનું પરિપાલન ન કરી રહ્યા હોય ! શિષ્યે

સદ્‌ગુરુ પાસેથી જ્ઞાન પ્રણામ કરીને, અત્યંત નમ્રતાપૂર્વક પ્રશ્ન કરીને તેમજ પરિચર્યા કરીને પ્રાપ્ત કરવું.

જ્ઞાન કોઈનો અધિકાર નથી. ગુરુદેવનો અનુગ્રહ છે. આપણે જ્ઞાન મેળવતા નથી. ગુરુદેવ આપે છે. જ્ઞાન આપણી સાધના નથી. એ તો ગુરુકૃપાની સિદ્ધિ છે. સાધકે તો માત્ર અંતરને ખાલી કરવાનું છે. ભરવા યોગ્ય જે ભરવાનું છે તે સદ્‌ગુરુ પાસે છે, તે ભરાશે.

विरक्तो वैष्णवो विप्रो वेदशास्त्र विशुद्धिकृत ।
दृष्टांत कुशलो धीरो वक्ता कार्योऽति निःस्पृहः ।।

શ્રી ભાગવત માહાત્મ્યે વક્તાના સ્વરૂપનું નિરૂપણ કરતાં તેનામાં સાત ગુણોની ઉપસ્થિતિ આવશ્યક ગણાવી છે તે જોઈએ. વક્તા વિરક્ત, વૈષ્ણવ, પ્રિય, વેદ અનેક શાસ્ત્રો દ્વારા મનની શંકાઓ દૂર કરનાર (એટલે મનને શુદ્ધ કરી આપનાર) દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંતો સમજાવવામાં કુશળ સ્વભાવથી ધીર અને નિઃસ્પૃહ હોવા જોઈએ. આ સાતે લક્ષણો વિશે વિચારીએ.

(૧) વિરક્ત :

જેને સંસારમાં આસક્તિ નથી અને ભગવાનમાં વિશેષ અનુરક્તિ છે તે વિરક્ત વક્તાનાં સાતેય લક્ષણોમાં સર્વપ્રથમ લક્ષણ વિરક્ત હોવાનું કહેવાયું છે. તેથી સ્પષ્ટ થાય છે કે આ સૌથી વધારે મહત્ત્વનું લક્ષણ છે.

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं, द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तत्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूत हृदयं मुनि मानतोऽस्मि ।।

શ્રી શુકદેવજી ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કર્યા વિના જ દૂર દોડી ગયા. એમને સંસ્કારની જરૂર જ ન હતી. એમનાં તો કર્મમાત્ર નિવૃત્ત થઈ ગયાં હતાં. ઘરમાં, સમાજ વચ્ચે રહેવાથી કદાચ દુઃસંગ લાગે એ ભયે દૂર થઈ રહ્યા હતા. શ્રી શુક પહેલાંથી જ જ્ઞાની તો હતા જ અને વિષ્ણુરૂપ વ્યાસજી દ્વારા સદેહે અવતર્યા પણ ખરા. પરંતુ સંગના પ્રભાવથી જ્ઞાન તિરોહિત ન થઈ જાય એ ભયે બધું જ છોડીને દૂર ચાલ્યા ગયા. વિરહકાતર શ્રી વ્યાસજી પુત્ર પાછળ દોડ્યા પણ ખરા પરંતુ વૃક્ષોએ પ્રતિઉત્તર પાઠવ્યો, શ્રી શુકદેવજીએ નહીં.

વસ્ત્ર મલિન હોય તો એને ધોવું પડે. પરંતુ શ્રી શુક તો કર્મમલથી રહિત જ હતા માટે કોઈ સંસ્કારની આવશ્યકતા ન હતી.

રામકથા વક્તા શ્રી શિવજી પણ વિરક્ત શિરોમણી છે.

जोग ज्ञान वैराग्यनिधि प्रनप कलपतरू नाम ।।

શિવજી યોગ, જ્ઞાન અને વૈરાગ્યના ભંડારરૂપ છે. કામદહન લીલા એનું સૌથી મોટું પ્રમાણ છે. શિવજી વૈરાગ્યમાન નહીં, સ્વયં વૈરાગ્યરૂપ છે. વિરક્ત હોવાના કારણે એ સૌ વિરક્તોના પણ આરાધ્ય છે.

ભગવત્કથાનો મૂળ આશય તો સંસાર નિવૃત્તિ છે. માટે વિરક્તના મુખેથી શ્રવણ કરવી જોઈએ. શ્રી મહાપ્રભુજી પણ આ વિષયમાં વૈરાગ્યને સૌથી વધુ મહત્ત્વ આપે છે. તેઓ કહે છે કે, **अत्र हि यथा यथा विरक्त स्तथा तथाऽधिकारी ।।** એટલે જેનામાં જેટલી વિરક્તિ તેટલો ભગવત્કથામાં તેનો વધુ ને વધુ અધિકાર છે.

(૨) વૈષ્ણવ :

જે વિષ્ણુનો છે તે વૈષ્ણવ. **'यस्यैको विष्णुराराध्यो वैष्णवः समुदाकृतः** (પદ્મપુરાણ) જેના ઇષ્ટદેવ વિષ્ણુ છે તે વૈષ્ણવ.

શ્રી શુકદેવજી પણ વૈષ્ણવ છે. મહાન હરિભક્ત છે. શ્રી કૃષ્ણના અહૈતુક ભક્ત છે. જ્ઞાનવૈરાગ્ય તો એમનામાં પ્રથમથી જ હતાં પરંતુ શ્રી ભાગવતજીના થોડાક અંશને શ્રવણ કરતાં શ્રી કૃષ્ણની ભક્તિ પણ પ્રકટી. અને તેથી સમાધિનું સુખ છોડીને પણ તેઓ ભાગવતના અભ્યાસ માટે તેમજ કથા કરવાને માટે આવી ગયા હતા. પરમ વૈષ્ણવ હોવાથી તો શ્રીનાથજીની પીઠિકામાં તેમનું સ્થાન સર્વોપરી છે.

'वैष्णवानां यथा शंभु' વિશ્વની સમગ્ર વૈષ્ણવી સૃષ્ટિમાં સૌથી મહાન વૈષ્ણવ તો શિવજી છે. તેઓ સ્વયંવર કહે છે કે, **सोइ प्रभु मोर चराचर स्वामी ! रघुवर सब उर अंतरजामी** શ્રી રામચંદ્રજી કે જે સર્વના અંતર્યામી છે તે આ સર્વ ચરાચરના સ્વામી તો છે જ પરંતુ મારા પણ સ્વામી છે.

વળી, શ્રી નારદ, સનકાદિ, શેષ, શારદા, સુત આદિ વક્તાઓ પણ વિષ્ણુભક્ત છે. જેની કથા શ્રવણ કરવી હોય તેના ભક્ત પાસેથી શ્રવણ કરવી. શિવકથા શિવભક્ત પાસેથી શ્રવણ કરવામાં અપાર આનંદ આવશે. કૃષ્ણકથા,

રામકથા વૈષ્ણવ એટલે કે કૃષ્ણભક્ત રામભક્ત પાસેથી શ્રવણ કરવામાં જ સાર્થકતા છે.

(૩) વિપ્ર :

વિપ્રનો અભિધાત્મક અર્થ, સામાન્યતઃ અર્થ તો બ્રાહ્મણ થાય છે પરંતુ શ્રી મહાપ્રભુજીએ વિપ્ર શબ્દનો સુંદર અર્થ કર્યો છે. **'विशेषेण वक्तारमात्मानं वा भक्त्या पूरयन्ति इति विप्राः'** જે સ્વયંને તેમજ બીજાને ભક્તિથી ભરી દે તે વિપ્ર ! ભરવા જેવી વિશિષ્ટમાં વિશિષ્ટ વસ્તુ તો ભક્તિ જ છે. અને એ ભક્તિને ભરપૂર કરવામાં જે તત્પર છે તે વિપ્ર છે. 'બ્રાહ્મણ' શબ્દની વાયુપુરાણે વ્યાખ્યા કરી છે. **'सत्यं ब्रह्म यथाभूतं ब्रुवन्तो ब्राह्मणाश्च ते'** સત્યસ્વરૂપ બ્રહ્મને જે યથાવત્ રજૂ કરે તે બ્રાહ્મણ કહેવાય છે. વિરાટ વર્ણનમાં બ્રાહ્મણની ઉત્પત્તિ ભગવાનના મુખરૂપે કહી છે. **'ब्राह्मणोऽस्य मुखमासीत्'** વાણીનું સ્થાન મુખ છે. પ્રવચન મુખ કરે છે માટે તે વક્તારૂપ છે.

બ્રહ્મના અવતાર વ્યાસના પુત્ર છે માટે પણ શ્રી શુક બ્રાહ્મણ છે. શિવજી બ્રહ્મરૂપ છે. **'यद् ब्रह्म तद् ब्राह्मणः** । જે બ્રહ્મ છે તે બ્રાહ્મણ છે. (મહાભારત) **'वंदे બ્રહ્મકુલં કલંક શમનમ્'** શિવજીનો દેશ, ગોત્ર, સજાતીય વિ. બધું જ બ્રહ્મરૂપ છે. રુદ્રની ઉત્પત્તિ બ્રહ્માજીમાંથી થઈ છે.

(૪) વેદશાસ્ત્ર વિશુદ્ધિકૃત્ :

વક્તાનું કાર્ય જિજ્ઞાસુઓની વેદ, શાસ્ત્ર વિ.ના વિષયોમાં ઉદ્ભવતી શંકાઓ સમસ્યાઓનું નિવારણ કરવાનું છે. શ્રવણ કરતાં કરતાં શ્રોતાઓના મનમાં અનેકવાર સંશયો તો જાગવાના જ. હવે વક્તા સ્વયં શાસ્ત્રજ્ઞાન ધરાવતા હશે તો જ અન્યના સંશયોનું સમાધાન કરી શકશે.

મોટા ભાગની કથાનું બીજ 'સંશય' છે. ભગવાનની લીલાઓના વૈચિત્ર્યને સમજી ન શકનાર પાર્વતીજી, ગરુડજી, પરીક્ષિત વિ.એ અનેક પ્રશ્નો કર્યા છે. અર્જુને પણ ભગવાનની સામે ઘણા પૂર્વપક્ષ મૂક્યા છે.

વક્તાને શાસ્ત્રોના સ્વરૂપનું વિશુદ્ધ જ્ઞાન હોવું જોઈએ. ભ્રાન્ત ગુરુ શિષ્યોને ભ્રાન્ત માર્ગે લઈ જશે. માટે વક્તાએ બહુશ્રુત થવું અતિઆવશ્યક છે. **'प्रभु समरथ सर्वग्य शिव.'** તેમજ શ્રી શુકદેવજીને **'तं व्याससूनुमुपयामि गुरूं मुनीनाम्'**

મુનિઓના પણ ગુરુ કહ્યા છે. વક્તાએ **'बिसद जसु'**ને **'श्रुति सिद्धांत निभोरि'** વેદશાસ્ત્રના સિદ્ધાંતને નિચોવીને પિવરાવવાનો છે. શાસ્ત્ર ફળ છે. કથા રસ છે.

(૫) દૃષ્ટાંત કુશલ :

સિદ્ધાંત નિરૂપણ માટે, સ્પષ્ટીકરણ માટે તેમજ દૃઢીકરણ માટે દૃષ્ટાંત પ્રસ્તુત કરવું એ વક્તાનું પરમ કર્તવ્ય છે. જે વાત લાંબાં લાંબાં પ્રવચનો દ્વારા સમજાવી શકાતી નથી તે સાવ નાનકડા દૃષ્ટાંત દ્વારા સમજી શકાય છે.

વક્તાએ કથા માત્ર વાંચી જવાની નથી. તે કથાનો પાઠક નથી. તેણે તો ગ્રંથને, શાસ્ત્રને શ્રોતાઓના હૃદય સુધી પહોંચાડવાના છે. દૃષ્ટાંત અને ઉદાહરણોનો ઉપયોગ કરીને તેણે શ્રોતાઓને કથાતત્ત્વથી સંપૂર્ણ અવગત કરાવવાના છે.

કથાકારોએ ગ્રંથની બહારનું કશું જ કહેવું ન જોઈએ. એ ટીકા યોગ્ય નથી. જો એણે ગ્રંથ માત્રને જ રજૂ કરવાનો છે તો તેણે બહુશ્રુત થવાની, સકલ શાસ્ત્ર અભ્યાસની જરૂર જ શી ? 'કથા' શબ્દનો અર્થ પણ વાર્તા, કહાની એવો જ થાય છે ને ? હા દૃષ્ટાંતોના પ્રસ્તુતીકરણમાં પ્રમાણભાન અવશ્ય સચવાવું જોઈએ. વક્તામાં દૃષ્ટાંતનું કૌશલ્ય હોવું જોઈએ. અહીં 'કૌશલ્ય'ની આવશ્યકતા જ એટલા માટે કે સંપૂર્ણ રીતે હેતુ સરે.

સ્વયં કથા પણ (શ્રી ભાગવત્ રામાયણ, મહાભારત વિ.) પોતાનો મત દૃષ્ટાંતો દ્વારા જ સમજાવે છે ને ! આપણાં પુરાણો તો દૃષ્ટાંતના સાગર સમાં છે. અને એટલે જ ઉપનિષદ્ વિ. કરતાં વધુ રસપ્રદ થઈ રહ્યાં છે.

(૬) ધીર :

વક્તામાં ધૈર્ય-સહનશીલતા હોવી જોઈએ. વક્તાનો, ઉપદેશકનો ધર્મ છે કે શ્રોતાનાં, શિષ્યના સંશયવિપર્યયોને શાંત કરવા. જ્ઞાનનો પ્રકાશ ન પ્રકટે ત્યાં સુધી તેણે ધૈર્યપૂર્વક પોતાનો મત સમજાવવાનું કર્તવ્ય કરવાનું છે. શિષ્યને તત્ત્વ સમજાયું છે કે નહીં તે વિચારવું. શ્રોતાએ શિષ્યે સમ્યક્ અર્થ ગ્રહણ ન કર્યો હોય, ન થઈ શક્યો હોય તો તેને પુનઃ પુનઃ ઉપદેશ આપીને તેના મનને નિઃસંશય કરવું.

ક્યારેક શિષ્ય બાલિશ સવાલ કરી બેસે. ક્યારેક પ્રશ્ન કરવામાં જાણે-અજાણે

અપરાધ કે અવજ્ઞા કરી બેસે તો પિતૃવત્ વાત્સલ્ય રાખીને તેને સમજાવવો. શિષ્યની ઉપેક્ષા ન કરવી. સર્વકાળે, સર્વત્ર પ્રસન્ન રહીને ક્ષોભ પામ્યા વિના ઉપદેશ આપવો. અર્જુનના પ્રશ્નોના ઉત્તર પ્રભુએ ખેદ પામીને નહીં પરંતુ 'પ્રહસન્નિવ' જાણે હસતા હોય તેમ આપ્યો છે. ભગવાનની રાસલીલાની કથા સાંભળીને પરીક્ષિતે ભગવાન પર શંકા કરીને પ્રશ્ન કર્યો. કહો કે, વિરોધ કર્યો તોય શ્રી શુકદેવજીએ ધૈર્ય ધારણ કરીને રાજાનું સમાધાન કર્યું છે. મહર્ષિ લોમશ મુનિએ કાકભુશંડીજીના સગુણ ઉપાસના સંબંધી દુરાગ્રહ ભરેલા વલણથી ક્રુદ્ધ થઈને તેમને કાગડાના દેહનો શાપ આપ્યો તે જગતને બોધ આપવા માટે જ. બાકી તો મુનિઓ સમુદ્ર જેવા અક્ષોભ અને અવિચલ પ્રકૃતિના જ હોય છે.

(૭) અતિનિ:સ્પૃહ :

વક્તામાં નિ:સ્પૃહીપણું હોવું જ જોઈએ. રાજા અને રંકનો ભેદ વિચાર્યા વિના, કોઈને પ્રિય ન પણ લાગે છતાં તેણે શાસ્ત્ર મત નિ:સ્પૃહ બનીને રજૂ કરવો જોઈએ.

बैठे सोह कामरिपु कैसें । घरें सरीस सांतरसु जैसें ।।

કામદેવના શત્રુ શિવજી જાણે સાક્ષાત્ શાંતરસ બિરાજમાન હોય એમ શોભતા હતા. શાંતરસની ઉત્પત્તિ નિ:સ્પૃહીપણાથી જ થાય છે. સ્પૃહા ઉત્પન્ન થતાં શાંતિ નષ્ટ થઈ જાય છે. સમ્યક્ જ્ઞાન હોય, વ્યક્તિ નિ:સ્પૃહ હોય, રાગદ્વેષ નિવૃત્તિ પામ્યા હોય ત્યારે ધર્મમય રસ, શાંતરસ પ્રકટે છે. ભગવાનના ગુણગાન કરનારા મહાનુભાવોએ નિ:સ્પૃહ થઈને ગુણગાન કર્યા છે. તેથી તો એમના ગુણગાનનો યશ વિશ્વભરમાં વ્યાપ્યો છે.

જલભેદ

શ્રી મહાપ્રભુજીએ ષોડશગ્રંથમાં ભગવાનના ગુણગાન કરનારાઓના જેમ જલના ૨૦ ભેદ છે તેમ અધિકાર અનુસાર ૨૦ ભેદ દર્શાવ્યા છે. આનું નિરૂપણ મૂળ શ્લોકો તેમજ પૂ. પ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના ભાવભાષ્યને (એમની સ્નેહાળ અનુમતિ સહ) અક્ષરશ: રજૂ કરું છું.

नमस्कृत्य हरिं वक्ष्ये - तद्गुणानां विभेदकान् ।
भावान् विंशतिधा-भिन्नान् सर्वसन्देहवारकान् ।।१।।

ભગવાન શ્રીહરિને નમન કરીને વક્તાના ગુણોના ભેદ દર્શાવનારા, સર્વ સંદેહોને દૂર કરનારા, વીસ પ્રકારના જુદા જુદા ભાવોને હું કહું છું.

નમસ્કૃત્ય પદથી ગ્રન્થનો પ્રારંભ નમસ્કારથી કરે છે. જલભેદ દ્વારા વક્તાના ગુણભેદનું નિરૂપણ કરતાં કોઈને અન્યાય ન થાય, તેની કાળજી માટે શ્રીહરિને નમસ્કાર કરીને નિરૂપણ કરે છે.

તદ્-ગુણાનાં વિભેદકાન્ ભાવાન્ વક્ષ્યે ભગવદ્ગુણો તો એક જ ભક્તિરસવાળા છે. તોપણ તેમાં જુદા જુદા પ્રકારોને જણાવનારા ભાવોનું નિરૂપણ કરવાથી સર્વસંદેહની નિવૃત્તિ થશે, કેવા ભાવવાળા વક્તા પાસેથી ભગવદ્ગુણાનુવાદ શ્રવણ કરવા, એનું જ્ઞાન આ ગ્રંથથી થતાં સર્વ સંદેહો દૂર થઈ જશે.

गुणभेदास्तु तावन्तो-यावन्तो हि जले मताः ।

જેટલા જલના ગુણોમાં ભેદ છે, તેટલા જ વક્તાઓના ગુણભેદ માન્યા છે.

વક્તાઓના પ્રકાર શી રીતે સમજવા ? સાત્ત્વિક, રાજસ, તામસ એવા ગુણભેદથી તો ત્રણ પ્રકાર થાય. ભક્ત, જ્ઞાની અને ઉપાસકના ભેદથી ત્રણ પ્રકારના થાય. પરંતુ જલના સ્વભાવભેદ પ્રમાણે વીસ ભેદો જ આ સ્થાને વર્ણવ્યા છે, જે 'મતા:' એટલે શ્રુતિસંમત છે.

गायकाः कूपसंकाशा-गन्धर्वा इति विश्रुताः ।।२।।

कूपाभेदास्तु यावन्त - स्तावन्तस्तेऽपि संमताः ।

સંગીતથી ભગવદ્યશ ગાનારા ગન્ધર્વોના નામથી પ્રસિદ્ધ છે. તે કૂવાના જલ જેવા છે. જેટલા કૂવાના ભેદ છે, તેટલા ભેદવાળા ગન્ધર્વો પણ માનેલા છે.

પ્રથમ પ્રકારના વક્તા - **कूप्याम्यः स्वाहा'** આ શ્રુતિનું વાક્ય છે, ગાયક: કૂપસંકાશા: ગાયકો એટલે ગન્ધર્વો કૂપના જલ જેવા છે, વીસ પ્રકારના વક્તાઓમાંથી, પ્રથમ સ્વર-સંગીતથી ભગવદ્યશ જે ગાય છે તેઓનું નિરૂપણ કરે છે. ભગવાનના યશમાં પ્રથમ પ્રીતિ ન હોય તેમની સંગીત દ્વારા પ્રીતિ થાય છે. સંગીતમાં કર્ણપ્રિયતા હોય છે. જ્યારે ભક્તિમાં ભગવાનના ગુણોમાં પ્રેમ હોય છે, તે ભૂમિકા ભક્તિમાં શ્રેષ્ઠ મનાય છે. સંગીતના શ્રવણ દ્વારા એક દિવસ ભગવાનના ગુણોમાં પ્રેમ થઈ જશે. માટે ગન્ધર્વથી શરૂઆત કરી.

કૂવાઓ પણ કેટલાક સદા શ્રેષ્ઠ માન્યા છે. કેટલાક પ્રસંગોએ ઉત્તમ માન્યા છે. વડની ઉત્તર દિશામાં જે કૂપ હોય છે તે સર્વ તીર્થમય કૂપ છે. દ્વારિકામાં અને ઉજ્જયિનીમાં દામોદર કૂપ છે. તે સદાય સર્વતીર્થમય કૂપ છે. વ્રજમાં ગોકૂપ છે, તેને સોમવતી અમાવસ્યાએ સર્વતીર્થમય માનેલ છે. આવા કૂપ મધ્યમ છે. બીજા સર્વ સામાન્ય કૂવાઓ છે. જેમનાં જલ મીઠાં, ખારાં, ફિક્કાં, કડવાં, ભારે હલકાં, ગરમ હોય છે.

સંગીતથી ભગવદ્ગુણ ગાનારા પણ મુખ્ય ત્રણ પ્રકારના છે. કેટલાક ભક્ત સંગીતકારો છે, કેવલ ઠાકોરજીને કીર્તન સંભળાવે છે. અષ્ટસખા વગેરેનો તેમાં સમાવેશ થાય છે. તેઓનું કીર્તન સર્વતીર્થમય કૂપના જલ જેવું છે.

કેટલાક ભાવાવેશમાં આવે છે ત્યારે મધુર લાગે છે. તેઓનું ગાયન ક્વચિત્ મધુર હોય છે. તેની બીજી કક્ષા છે. કેટલાક સ્વર, તાલ, આલાપપ્રધાન હોય છે. તેઓમાં ભગવદ્ગુણ-પ્રેમ સાથે સંબંધ ઓછો હોય છે. તેમની સાધારણ કક્ષા છે. પરંતુ કૂવાનાં જલ ઉનાળામાં શીત હોય છે અને જલ પીનારને મધુર રસ આલ્લાદ આપે છે, તેમ જ ભગવદ્યશ ગન્ધર્વગાન દ્વારા પણ આનંદ આપે છે જ. વળી ઠાકોરજીને પણ કીર્તન પ્રિય છે. ગન્ધર્વગાન દ્વારા તે જ સર્વતીર્થમય કૂપના જલ જેવું ભગવદ્ગુણથી પરિપૂર્ણ હોય. ભક્ત, અભક્ત અને સાધારણ પ્રકારના ગાયક ગન્ધર્વોમાંથી ભક્તમુખનું કીર્તન-શ્રવણ કરવાથી ભક્તિરસ પુષ્ટ થશે.

कुल्याः पौराणिकाः प्रोक्ताः- पारंपर्ययुता भुवि ।

ભૂમંડલમાં પરંપરાથી ચાલતા પુરાણ-વક્તાઓ નહેરના જલ જેવા છે.

બીજા પ્રકારના વક્તા કુલ્યાભ્યઃ સ્વાહા-પૌરાણિક કુલ્યા-પૌરાણિકો નહેરના જલ સમાન છે. નહેર એટલે ખેતરમાં પાણી આપવા માટે રચેલી નાની નદીઓ. નદી ઈશ્વર રચિત છે. તેમાંથી જ તે જ જળ લઈ નહેર દ્વારા ખેતરમાં લેવાય છે. નહેરથી જ લીલાલહેર થાય છે. નદી અમુક જ સ્થળે વહે છે, જ્યારે નહેરો દ્વારા જ્યાં જલ લઈ જવાની જરૂર લાગે ત્યાં લઈ જવાય છે.

પૌરાણિક નહેરના જલ જેવા સર્વોપકારક છે. સમાજના જીવનક્ષેત્રમાં હરિરસને કથાઓ દ્વારા લાવી ભક્તિથી આર્દ્ર, રસથી આપ્લાવિત, આનંદથી પ્રફુલ્લિત, સંસ્કારથી વિકસિત બનાવે છે. ગન્ધર્વો ઉપરના લોકમાંથી સંગીત

વરસાવે છે અને પૌરાણિક વક્તા ભૂમંડલ પર ભક્તિરસ વહાવે છે.

ભુવિ પારંપર્યયુતાઃ- પૌરાણિક બે પ્રકારના છે - એક જ્ઞાન મેળવી પ્રવચનકાર થયા, એક કુલપરંપરાથી જ્ઞાન લાવ્યા. તેમાં પરંપરાથી જ્ઞાન લાવનાર ગ્રંથમાં દર્શાવેલ પદાર્થો સિવાયના પણ પદાર્થોની જાણકારી ધરાવે છે. આ પુરાણ શ્રવણનો લાભ પૃથ્વીમાં જ મળે છે.

क्षेत्रप्रविष्टास्ते चापि-संसारोत्पत्तिहेतवः ।।३।।

અને વળી જે ખેતરમાં પ્રવેશેલ નીકના જલ જેવા છે, તે વક્તાઓ સંસારની ઉત્પત્તિના કારણરૂપ છે.

ત્રીજા પ્રકારના વક્તા વિકર્યાભ્યઃ સ્વાહા - ખેતરમાં રહેલા નાની નીકના જલ જેવા છે. નદીમાંથી નહેરોમાં જલ આવે છે. નહેરોમાંથી નીકોમાં-ક્યારીઓમાં જલ આવે, ક્યારીઓમાંથી ખેતરમાં જલ આવે, આમાં અન્ન ઉત્પન્ન થાય છે.

આજીવિકા માટે પુરાણની કથા કરનાર જે વક્તા હોય છે, તેમને 'ક્ષેત્ર-પ્રવિષ્ટા' નામથી ઓળખાવ્યા છે. જેમને પુરાણાદિનું પ્રવચન કરતાં યદચ્છાથી જે ભેટ દક્ષિણા સ્વરૂપે મળે છે, તેનાથી ક્ષેત્ર શરીર એટલે કુટુંબનું પ્રસન્નતાથી પોષણ કરે છે, તે સાત્ત્વિક પુરાણવક્તા મનાય છે. ત્યાં તેમની આજીવિકાનું લક્ષ્યબિંદુ નથી કારણ કે પુરાણ-વક્તાનું અને પુરાણનું અર્ચન શાસ્ત્રમાં બતાવ્યું છે. પુરાણના અધિષ્ઠાતા દેવ હોય છે. તેનું અર્ચન અને વક્તાનું ગુરુરૂપે અર્ચન એ કથાશ્રવણનાં અંગ છે. તેનો લોપ કરવાથી વિધિલોપનો દોષ લાગે છે. તેથી યદચ્છાથી પ્રાપ્ત થતી ભેટનો સ્વીકાર કરનારને પુરાણજીવી નથી ગણ્યો. પરંતુ નોકરી તરીકે કે અમુક રકમ નક્કી કરીને કથા કરવી એ દોષિત માની છે. તાત્પર્ય કેવલ ધનપ્રધાન થઈ કથા કહેનાર કરતાં ધર્મપ્રધાન થઈ કથા કરે, તેની પાસેથી સાંભળતાં ભાવપુષ્ટિ થાય છે.

વિવિધં કીર્યન્તે યેન જલમમાં વિકર :- ખેતરમાં જુદી જુદી જગ્યાએ પાણી જેનાથી લઈ જવાય તે નીકોનું નામ વિકર, વિકરમાં રહેલાં પાણી તે વિકર્ય કહેવાય.

वेश्यादिसहिता मत्ता-गायका गर्तसंज्ञिताः ।।४।।

ગાયિકા વગેરેને સાથે રાખી, ઉન્મત્ત થઈ, ગાન કરનાર ખાડાના પાણી જેવા ગતસંજ્ઞક ગાયક કહ્યા છે.

ચોથા પ્રકારના વક્તા 'गायकः गर्तसंज्ञिताः' अवटयाभ्यः स्वाहा-' આ પદથી શ્રુતિ ચોથા પ્રકારના ગાન્ધર્વ વક્તાનો પરિચય આપે છે. સંગીતમાં ગાયિકાઓનો તેમ જ પુષ્કળ વાદકોને સાથે રાખી તેમ જ વિજયા-ભાંગ વગેરે પીને મસ્ત થઈને ગાનારાઓથી ભાવપુષ્ટિ ન થાય. કદાચ શ્રોતા કુસંગી થઈ જાય તેવા ગાયકોને 'ગર્તસંજ્ઞ:' એટલે ખાબોચિયાના જલ જેવા ગણ્યા છે. જો તેઓ મત્ત ન હોય અને ગાયિકા સંગમાં ન હોય તો તેમના દ્વારા થતું શ્રવણ ઉચિત ગણ્યું છે. બાકી આવા આસક્ત ગાયકો પાસેથી ગાયન ન સાંભળવું એ જ ઉચિત છે.

जलार्थमेव गर्तास्तु-नीचा गानोपजीविनः ।।

ગાયનથી આજીવિકા ચલાવનારા, નીચ વક્તાઓ તો ગંદું પાણી ભરી રાખવા માટે રચેલા ખાડા જેવા જ છે.

પાંચમા પ્રકારના વક્તા - 'ખન્યાભ્યઃ સ્વાહા' આ પદથી શ્રુતિ નીચાઃ ગર્તા': - પાંચમા પ્રકારના ગાયકોને નીચ ગર્ત શબ્દથી સમજાવે છે. કેટલીક વખત રસોડા વગેરેનાં પાણી રસ્તામાં ન ફેલાય માટે એક ખાડો કરીને ભરી રાખવામાં આવે છે, તે જલ ઉપયોગમાં ન લેવાય. તે જ પ્રકારે તે જે જાતિથી અને ચારિત્રથી હીન છે. ઉપરના પણ દોષવાળા છે અને કેવલ ધંધાર્થી છે, તેઓની પાસે સાંભળવામાં રસ, ભાવ, જ્ઞાન કાંઈ નહીં મળે. તેથી તેમને 'ખન્ય' કહ્યા છે. ખોદીને બનાવેલા નાના ખાડાને ખન્ય કહેવામાં આવે છે.

ह्रदास्तु पंडिताः प्रोक्ता- भगवच्छास्त्रतत्पराः ।।५।।

જેઓ ભગવત્‌શાસ્ત્રપરાયણ છે, તે પંડિતોને તો જલના ધરા સમાન માન્યા છે.

છઠ્ઠા પ્રકારના વક્તા - હ્રદ્યાભ્યઃ સ્વાહા - આ શ્રુતિ હ્રદા - છઠ્ઠા પ્રકારના વક્તાઓને શીતલ ધરા જેવા ગણ્યા છે. અગાધ જલાશયને હ્રદ-ધરો કહેલો છે. ધરાના જલમાં ગંભીરતા, અગાધતા, શીતલતા, નિર્મલતા અને મધુરતા હોય, તે જ પ્રકારે જે ભક્તિનિરૂપણ કરનારા શ્રીમદ્ ભાગવત્, રામાયણ, પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં તરબોળ છે, તે પંડિતો અગાધ, અર્થગંભીર, વિશાલ, નિર્મલ, ભાવમધુર

અને વાણીશીતલ હોય છે. આ વાક્યમાં તુ અવ્યય છે. પૂર્વના પાંચ પ્રકારના વક્તા કરતાં આમને તેમનાથી જુદા અને ઉત્તમ બતાવવા માટે છે.

सन्देहवारकास्तत्र सूदा गम्भीरमानसः ।।

તે પંડિતોમાં પણ જેઓ સન્દેહનું નિવારણ કરનારા ગંભીર મનવાળા છે, તેઓને વાવના જલ સમાન ગણ્યા છે.

સાતમા પ્રકારના વક્તા - 'સુદ્યાભ્યઃ સ્વાહા' - શ્રુતિ આ પદથી સંદેહવારકાઃ સુદાઃ સાતમા પ્રકારના વક્તાઓને સૂદા તરીકે સુષ્ઠુ ઉદકં યેષાં સુદાઃ સ્વાદિષ્ટ જલવાળા 'સૂદ' શબ્દથી ઓળખાવ્યા છે.

પૂર્વ વાક્યમાં જે પંડિતોને કહ્યા તે બે પ્રકારના છે. એકને હ્રદાઃ અને બીજાને સૂદાઃ એવાં વિશેષણો આપ્યાં. તેમાં બીજા પ્રકારને 'સૂદાઃ' તરીકે અહીં વર્ણવે છે. આ પંડિતો સદેહનું નિવારણ કરવાની બુદ્ધિ ધરાવે છે. વળી વિપુલ જ્ઞાનભંડારમાંથી પચે અને રુચે તેટલું આપી ભાવપુષ્ટિ કરે છે. તેવા પાસેથી સાંભળવું જ લાભકારક છે. આ પૂર્ણ જ્ઞાનીઓ માટે છે.

सरः कमलसंपूर्णाः - प्रेमयुक्तास्तथा बुधाः ।।६।।

તેમ જ પ્રેમપૂર્ણ જે બુધજનો છે, તે કમલથી પરિપૂર્ણ સરોવર જેવા છે.

આઠમા પ્રકારના વક્તા - सरस्याभ्यः स्वाहा - શ્રુતિ આ પદથી સરઃ કમલસંપૂર્ણા બુધાઃ આઠમા પ્રકારના વક્તાઓને 'सरःकमलसंपूर्णाः' કમલથી પરિપૂર્ણ સરોવર સરખા વર્ણવે છે. કમલવાળા સરોવરને નિહાળી હૃદયને આહ્‌લાદ થાય છે, નેત્રને સુખ થાય છે, ચિત્તને સુરભિ ગંધથી પ્રમોદ થાય છે. જલદર્શનથી મન પ્રસન્ન થાય છે. તે જ રીતે પ્રેમપરિપૂર્ણ જે બુધજન વક્તાઓ છે, તેઓને કમલપૂર્ણ સરોવર તુલ્ય કહ્યા છે. તેમાં જે સરોવર એ કર્મ છે; કમલ છે એ સ્નેહલક્ષણા ભક્તિ છે અને આપઃ જલ છે તે રસસ્વરૂપ છે. તેથી તેઓ, જ્ઞાન-પ્રેમપૂર્ણ વક્તાઓ છે. તેઓનાં વચનામૃતો પુષ્ટિ ભક્તિની પુષ્ટિ કરે છે.

प्रेमयुक्ता अल्पश्रुताः - वेशवन्ताः - वेशन्ताः परिकीर्तिताः ।।

જેઓ પ્રેમપૂર્ણ છે, પરંતુ શાસ્ત્રના અલ્પ જ્ઞાનવાળા છે, તેઓને નાના જલાશય સમાન કહ્યા છે.

નવમા પ્રકારના વક્તા - વેશન્તીભ્ય: સ્વાહા: શ્રુતિએ આ પદથી વેશન્તા: પરિકીર્તિતા: - નવમા પ્રકારના વક્તાઓને નાના જલાશય જેવા ગણાવે છે. નાના જલાશયથી મોટા સરોવર સમાન ગુણો હોય છે; પરંતુ ઓછા પ્રમાણમાં હોય છે. તેથી આવા વક્તાઓને વેશન્તા: એટલે અલ્પ સરોવર તુલ્ય ગણ્યા છે. તેઓમાં પણ આદર રાખીને સાંભળવું. તેઓથી ભક્તિપુષ્ટિ થશે.

कर्मशुद्धाः पल्वलानि- तथाऽल्पश्रुतभक्तयः ।।७।।

જેઓ કર્મથી શુદ્ધ છે તેમ જ અલ્પ જ્ઞાન અને અલ્પ પ્રમાણમાં ભક્તિવાળા છે. તેઓ નાનાં તળાવ તુલ્ય છે.

દશમા પ્રકારના વક્તા - પલ્વલાભ્ય: સ્વાહા - શ્રુતિએ આ પદથી કર્મ-શુદ્ધા: પલ્વલાનિ - દશમા પ્રકારના વક્તાઓને પલ્વલ-પાણીના તળાવની ઉપમા આપી છે. નાનાં પાણીનાં તળાવ ચોમાસામાં ભરાય, વળી ઉનાળામાં સુકાય. લગભગ જલ સ્વચ્છ હોય પરંતુ પશુઓ જલ પીવા પ્રવેશે ત્યારે મલિન માલૂમ પડે તેમ કર્મશુદ્ધા: એટલે કર્મ કરી તેનું ફલ ભગવચ્ચરણે સમર્પે અથવા કર્મ દ્વારા ચિત્તની શુદ્ધિ કરનારા વક્તાઓ તળાવના જલ જેવા છે. તેમની પાસે જ્ઞાનનો અંશ અને ભક્તિનો અંશ અલ્પ છે. તેથી તેમને ફલાસક્તિ કલુષિત કરે ખરી. પરંતુ નાના તળાવમાં સ્નાનાદિ વ્યવહાર થાય છે જ તેમ આવા વક્તાઓ પાસેથી શ્રવણ કરવાથી લાભ તો થશે જ. વેશન્ત અને પલ્વલ બંનેનો અર્થ લગભગ તળાવ જ થાય છે. પરંતુ કમળવાળાં તળાવ 'વેશન્ત' છે, એવું સૂચન 'પ્રેમયુક્તા:' વિશેષણથી કર્યું છે અને કમલ વિનાનાં તળાવ 'પલ્લવ' છે, તેવું સૂચન 'કર્મશુદ્ધ:' પદથી થાય છે.

योगध्यानादिसंयुक्ता - गुणा वर्ष्याः प्रकीर्तिताः ।

યોગ અને ધ્યાન-ધારણાદિથી જે વક્તા સંપન્ન હોય, તેમના ભાવ વરસાદના જલ સમાન કહેવાય છે.

અગિયારમા પ્રકારના વક્તા - વર્ષાભ્ય: સ્વાહા - શ્રુતિ આ પદથી ગુણા: વર્ષ્યા: પ્રકીર્તિતા: - આ અગિયારમા પ્રકારના વક્તાઓને વૃષ્ટિના જલના ગુણો સાથે સરખાવે છે. વૃષ્ટિ ઉપરના ભાગમાં રહેલ વાદળોમાંથી આવે છે. તે વૃષ્ટિ જો તે ઉત્તમ તીર્થ જલાશયોમાં સરોવર વગેરેમાં પડે તો તેને તરત જ ભરી દે છે;

પરંતુ કેટલાંક સ્થળોમાં વ્યર્થ જાય છે, કેટલાંક સ્થાનોમાં વૃષ્ટિ કરતાં જ નથી, તેમ યોગ, ધ્યાન, ધારણાયુક્ત યોગીઓ વૃષ્ટિના જલના જેવા ગુણોવાળા છે. તેઓ અમુક કક્ષાના અધિકારીઓમાં ઉપકારક બને છે. જેઓ યોગ વગેરેની ક્રિયામાં રસ ધરાવે છે. વળી, વૃષ્ટિ કોઈક વાર નથી થતી, ભલે ખેતી સુકાય. તેમ જો યોગી સમાધિ દશામાં આવી જાય, તો તે સ્થિતિમાં શ્રવણ ન પણ મળે, યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ, ધ્યાન એટલે પ્રયત્નોવાળો ચિત્તનો વ્યાપાર. ધારણા એટલે સર્વાંગનું બુદ્ધિમાં ધારણ - આ કક્ષાના વક્તાઓ પાસેથી સાંભળી શકાય છે.

तपोज्ञानादिभावेन - स्वेदजास्तु प्रकीर्तिताः ।।८।।

કેવલ તપ, જ્ઞાન આદિ ભાવવાળા વક્તાઓને તો પસીનાના પાણી સમાન કહેલા છે.

બારમા પ્રકારના વક્તા - 'અવર્ષાભ્ય: સ્વાહા' - શ્રુતિ આ પદથી સ્વેદજા: - બારમા પ્રકારના વક્તાઓને પસીનાના જલ સમાન માન્યા છે. શ્રમથી કે કામ પસીનો થાય છે ત્યારે અલ્પાંશમાં જલ જોવા મળે છે. તેમ જ પંચાગ્નિ તપ કરનારા અને કેવલ જ્ઞાન ચિંતન કરનારાઓ પાસેથી ભગવદ્ગુણાનુવાદ ક્વચિત્ જ મળે. તેમને તપશ્ચર્યામાં રસ છે,

તેથી તે માર્ગે જ અનુયાયીને દોરે, અનુયાયી તે માર્ગમાં જાય, પરંતુ શરીર કષ્ટસાધ્ય તપ ન કરી શકે અને નીરસ બની જાય.

अलौकिकेन ज्ञानेन- ये तु प्रोक्ता हरेर्गुणाः ।
कदाचित्काः शब्दगम्याः - पतच्छब्दाः प्रकीर्तिताः ।।९।।

જે ગાયકો અલૌકિક વેદના જ્ઞાન વડે શ્રીહરિના ગુણો ગાય છે, તે વક્તાઓ તો કોકવાર થનાર અને શબ્દથી સમજાતા પર્વતના શિખર ઉપરથી પડતા પાણીના ઝરણા જેવા ગણાય છે.

તેરમા પ્રકારના વક્તા હ્નદિનીભ્ય: સ્વાહા - શ્રુતિ આ પદથી પતચ્છબ્દા: - પ્રકીર્તિતા: - તેરમા પ્રકારના ગાયકોને પર્વતના શિખરેથી પડતા જલ ઝરણા જેવા ગણ્યા છે. પર્વતમાં ઝરણાં સદાય દેખાય એવું નથી. અકાલે પણ દેખાય. યોગ્ય કાલે પણ દેખાય, પરંતુ તે જલ નિર્મળ, શીતલ, મધુર અને સુપેય હોય છે, તે જ પ્રકારે જે વક્તાઓ ભગવદ્નુગ્રહથી જ્ઞાન પામ્યા છે. મહાપુરુષોની કૃપાથી જ્ઞાન પામ્યા

છે, તેઓનું જ્ઞાન અલૌકિક છે. તેઓએ સાક્ષાત્કાર કર્યો છે, તેમની પાસેથી સાંભળવાનું મળે તે અવશ્ય સાંભળવું. સાંભળનારનું હૃદય તેના દ્વારા નિર્મલ અને પ્રેમાળ બને છે. પર્વતનાં ઝરણાં શબ્દથી જણાય છે અને તે દિશામાં જવાથી ત્યાં જળ મેળવાય છે તેમ આવા વક્તાઓને સમજવા શ્રુતિનું જ્ઞાન જોઈએ, પરંતુ આ ભૂમિકાના વક્તાઓને અવશ્ય સાંભળવા.

देवाद्युपासनोद्भूताः - पृष्वा भूमेरिवोद्गताः ।।

દેવાદિની ઉપાસનાથી બનેલ વક્તાઓ પૃથ્વીમાંથી ઉત્પન્ન થનાર ઝાકળના જલ જેવા છે.

ચૌદમા પ્રકારના વક્તા - 'પૃષ્વાભ્યઃ સ્વાહા' શ્રુતિનું કહેવું છે કે, દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ પૃષ્વાઃ - ચૌદમા પ્રકારના વક્તાઓ ઝાકળના જલ જેવા છે. ઝાકળનાં જળ જમીનમાંથી નથી ઉત્પન્ન થતાં, છતાં જમીનમાંથી જન્મેલાં છે. તે પ્રકારે જે ઉપાસક વક્તાઓ છે, તેમનામાં સ્વતઃ જ્ઞાન નથી હોતું પરંતુ ઉપાસના કરે છે તેથી તેમનો ભગવદ્ગુણોમાં કે ઉપાસ્ય દેવમાં સહજ પ્રેમ નથી હોતો, પરંતુ સહેતુક એટલે સારા વક્તા થવાના આશયથી પ્રેમ હોય છે.

साधनादिप्रकारेण - नवधा भक्तिमार्गतः ।।१०।।

प्रेमपूर्त्या स्फुरद्धर्माः - स्यन्दमानाः प्रकीर्तिताः ।।

સાધનાદિની રીતથી, નવ પ્રકારની ભક્તિથી, પ્રેમથી પરિપૂર્ણ થતાં, જેમનામાં ભગવદ્ધર્મો સ્ફુરે છે, તે વક્તાઓ પર્વતમાંથી નીકળતા વહેતા ઝરણાના જલ જેવા છે.

પંદરમા પ્રકારના વક્તા - સ્યન્દમાનાય સ્વાહા - શ્રુતિ આ પદથી સ્યન્દમાનાઃ પ્રકીર્તિતાઃ - આ પંદરમા પ્રકારના વક્તાઓ સતત વહેતા ઝરણા જેવા કહેવાય છે. પર્વતમાંથી અખંડ ઝરણાં વહેતાં જોવા મળે છે, જે ઝરણાં અખંડ હોય છે, તેમાં જલ સર્વથા શુદ્ધ, શીતલ, માધુર્યાદિ ધર્મવાળાં હોય છે. તે જ પ્રકારે જે સ્યન્દમાન વક્તાઓ છે, તે સર્વથા શ્રોતત્વ છે. તેઓની પાસે વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે અગ્નિહોત્ર વગેરે સાધનો છે; જે સાધનોથી તેમની ચિત્તવૃત્તિ પવિત્ર બની છે. વળી તેમની પાસે નવધા ભક્તિ છે. જે ભક્તિ આરંભમાં સાધનરૂપ છે. પછીથી તે પ્રેમથી ફલરૂપા બને છે, તેમના હૃદયમાં ભગવદ્ધર્મોની લીલાઓનું સ્ફુરણ થાય છે.

તેથી તેમને પર્વત ઉપરના માનસ સરોવર જેવાં જલાશયોમાંથી જન્મેલાં શીતલ જલ ઝરણાં જેવા જણાવ્યા છે. તેમનો અવશ્ય સંગ કરવો. તેઓ ના કહે તો પણ તેમના સં-સર્ગમાં આવી તેમની પાસેથી હરિયશસુધા અવશ્ય પીવી.

यादृशास्तादृशाः प्रोक्ता-वृद्धिक्षयविवर्जिताः ।।११।।

स्थावरास्ते समाख्याता- मर्यादैकप्रतिष्ठिताः ।।

આગળના શ્લોકમાં કહ્યા છે તેવા જ સાધનનિષ્ઠ વળી પ્રભુપ્રેમમાં વધારાઘટાડા વિનાના સ્થિર-ભાવવાળા છે, તે કેવલ મર્યાદા ભાવમાં રહેલા વક્તાઓ સ્થિર જલાશયના જેવા કહેવાય છે.

સોળમા પ્રકારના વક્તા સ્થાવરાભ્યઃ સ્વાહા-શ્રુતિદેવીએ આ પદથી સ્થાવરાસ્તે સમાખ્યાતાઃ - સોળમા પ્રકારના વક્તાઓને જલ ભરેલા જલાશય જેવા જણાવ્યા છે. આ જલાશયો અગાધ હોય છે, તેમનામાં વપરાશ થવા છતાં વધઘટ થતી નથી. જેઓ જલાશય ઉપર જાય તેને લાભ મળે. તે જ પ્રમાણે જેઓ સાધન-ભક્તિવાળા છે, ભગવત્પ્રેમવાળા છે, પરંતુ ભગવદ્ભાવમાં જેમનામાં વધઘટ નથી થઈ તે સ્થિર ભાવવાળા વક્તા જણાય છે. મર્યાદા માર્ગમાં તેમને વધુ રસ છે, ફલ તરફ તેમની રુચિ છે. તેમનો સંપર્ક કરવો. પરંતુ સ્થાવર જલાશય જેવા હોવાથી સર્વને લાભ મળતો નથી જ્યારે ઉપરના શ્લોકમાં દર્શાવેલા વહેતાં ઝરણાંમાંથી બધાને લાભ મળે છે.

अनेकजन्मसंसिद्धा - जन्मप्रभृति सर्वदा ।।१२।।

संगादिगुणदोषाभ्यां - वृद्धिक्षययुता भुवि ।

निरन्तरोदगमयुता- नद्यस्ते परिकीर्तिताः ।।१३।।

જેઓ અનેક જન્મથી સુયોગ્ય સિદ્ધ પુરુષો છે, પરંતુ જન્મથી આરંભીને સર્વદા પૃથ્વીમાં સત્સંગ અને દુઃસંગના ગુણદોષોથી ઈશ્વરમાં વધતાઘટતા પ્રેમવાળા છે, તે નિરંતર જન્મ લેનારા પ્રવાહવાળી નદીના જલ સમાન છે.

સત્તરમા પ્રકારના વક્તા - નાદેયીભ્યઃ સ્વાહા - શ્રુતિએ આ પદથી નદ્યસ્તે પરિકીર્તિતાઃ - આ સત્તરમા પ્રકારના વક્તાઓને નિરંતર વહેતી નદીના સમાન માન્યા છે. નદી પરંપરાથી સિદ્ધ છે, એનું નવનિર્માણ નથી. તેના ઊગમથી લઈ સંગમ પર્યંત માર્ગમાં સ્વચ્છ કે અસ્વચ્છ જલનો તેને સંસર્ગ છે. વળી વધઘટ પણ

તેનામાં છે. ઉપરાંત સતત વહે છે. તે જ પ્રમાણે સત્તરમા પ્રકારના વક્તાઓ સરિતા સમાન છે. તેમની જન્માન્તરોની સાધનાબળથી મેળવેલી સિદ્ધિઓ છે; તેથી તપોબળ અને મનોબળવાળા છે. પરંતુ સમાજના સંપર્કમાં આવતાં સંગની અસર થાય છે; ક્વચિત્ દોષો પણ કરે છે, પરંતુ તે સાંસર્ગિક છે. સ્વાભાવિક રીતે તેમનાં મનઃસલિલ શીતળ અને પ્રસન્ન બનીને જ વહે છે. અવસર મળતાં સંગ કરી તેમનામાંથી ભાવપુષ્ટિ કરતો યશ પી લેવો.

एतादृशाः स्वतन्त्राश्चेत् - सिन्धवः परिकीर्तिताः ।

ઉપર કહેલા સત્તરમા ભાવવાળા વક્તાઓ જો મનની સર્વ ઉપાધિઓથી મુક્ત-સ્વતંત્ર હોય તો તે સાગરમાં મળતી મોટી નદીના સમાન કહેવાય છે.

અઢારમા પ્રકારના વક્તા - સૈન્ધવીભ્યઃ સ્વાહા - શ્રુતિદેવીએ, સિન્ધવઃ પરિકીર્તિતાઃ આ અઢારમા પ્રકારના વક્તાઓને મહાનદીઓની ઉપમા આપી છે. આ નદીઓ ઘણી જ મોટી હોય છે. તેમનામાં વૃદ્ધિનો સંગ ન થાય તો પણ પુષ્કળ જલ હોય છે. તેઓ સાગરને મળે છે.

તે પ્રકારે મહાનદી જેવા વક્તાઓમાં શ્રવણકીર્તન આદિ સાધનોને અવસર ન હોય તેમ નહીં; અવશ્ય કીર્તન, શ્રવણ સંસર્ગવાળા હોય છે અને તેઓ દયાનિધિ ભગવાનને જ મળે છે, તેમનો પ્રસંગ કરવો.

पूर्णा भगवदीया ये - शेषव्यासाग्निमारुता : ।।१४।।

जडनारदमैत्राद्याः ते समुद्राः प्रकीर्तिताः ।।

જેઓ પૂર્ણ ભગવદીયો છે જેમ કે શેષ, વ્યાસજી, અગ્નિ, હનુમાનજી તેમ જ જડભરત, નારદ, મૈત્રેય વગેરે મહાનુભાવો છે, તેઓ સમુદ્રના જલ સમાન છે.

ઓગણીસમા પ્રકારના વક્તા - સમુદ્રીયાભ્યઃ સ્વાહા - શ્રુતિદેવીએ સમુદ્રાઃ પરિકીર્તિતાઃ આ ઓગણીસમા પ્રકારના વક્તાઓ સમુદ્ર સમાન છે. સદા પ્રસન્ન, પૂર્ણ ગંભીર, રત્નભરપૂર, શીતલ અને શાંત હોય છે. તેમ જ આવા મહાર્ણવ સમા મહાનુભાવ વક્તાઓ હૃદયથી પ્રસન્ન, ભક્તિજ્ઞાનથી પૂર્ણ, અર્થથી ગંભીર, શાસ્ત્રરત્નોથી ભરપૂર, સંસર્ગથી શીતલ અને સ્વભાવથી શાંત હોય છે. શેષ ભગવાનની શય્યા બની સેવા કરી સુખ દેનાર સેવાપરાયણ છે. વ્યાસ ભગવાન જ્ઞાનાવતાર અને ગુણનિરૂપણનિરત છે; વળી અગ્નિદેવ અગ્નિપુરાણના વક્તા છે,

વળી અગ્નિ એટલે મહાદેવજી છે, વળી, શ્રી મહાપ્રભુજી છે, તેઓ મર્યાદા - પુષ્ટિ ઉભય માર્ગના ઉપદેશકો છે. મારુતિ એટલે હનુમાનજી શ્રી રઘુનાથજીના ગુણ ગાય છે. મરુત વાયુદેવ છે. જેઓ વાયુપુરાણના વક્તા છે. જડ-શ્રી ભરતજી જેમણે રહુગણને હરિરસ પાયો છે, તેઓ ભગવદેકમનસ્ક છે. નારદજી - નિરંતર ભગવદ્‌ગુણ ગાનાર અને ભગવાનને આનંદ આપનાર છે. મૈત્રેય-પરાશરના શિષ્ય અને વિદુરજીને હરિલીલામૃત પાનાર છે, આદિ-અનેક ઉત્તમ વક્તાઓ સમજવા. આવા વક્તાઓના મુખથી શ્રવણ કરવું ઘણું જ ઉત્તમ ગણ્યું છે.

लोकवेदगुणैर्मिश्र - भावनैके हरेर्गुणान् ।

वर्णयन्ति समुद्रास्ते - क्षाराद्याःषट् प्रकीर्तिताः ।।

કેટલાક લૌકિક ભાવથી મિશ્ર, કેટલાએક વૈદિક ભાવથી મિશ્ર, કેટલાક ભગવદ્‌ગુણ ભાવથી મિશ્ર, શ્રીહરિના ગુણોનું વર્ણન કરે છે. તેઓ ક્ષારાદિ છ પ્રકારના સમુદ્ર સમાન કહેવાય છે.

આ બે શ્લોકોમાં સમુદ્રની તુલના કરતા ભાવોનું વર્ણન છે. જેમ સમુદ્રજલના સાત પ્રકારના સ્વાદ છે તે પ્રકારે 'સમુદ્ર' સંજ્ઞાવાળા વક્તાઓના કીર્તનના પણ સાત પ્રકારના ભાવો છે તેનું નિરૂપણ કરે છે. આ બે શ્લોકમાં છ પ્રકારના સમુદ્રોના ગુણોનું વર્ણન છે અને પછીના શ્લોકમાં સાતમા સમુદ્રના ગુણની તુલના છે. (૧) ક્ષાર સમુદ્ર (૨) દધિમંડોદ, (૩) સુરોદ, (૪) ક્ષીર, (૫) ઘૃતોદ, (૬) ઈક્ષુરસોદ - આ છ સાગરો છે. તેનો ક્રમશઃ વિચાર કરીએ.

૧. ક્ષારોદ તુલ્ય વક્તા - શ્રી રામ અને શ્રી કૃષ્ણ ભગવાનને આદર્શ માનવ, આદર્શ નૃપતિ, સમર્થ નીતિપુરુષ, સમર્થ વૈજ્ઞાનિક રૂપે વર્ણવી મનુષ્ય તરીકે સમજાવનાર ક્ષાર સાગર જેવા ભાવવાળા વક્તાઓ છે. ખારા પાણીથી તૃપ્તિ કે તૃષાનિવૃત્તિ નહીં થાય, તેમ આ વક્તાથી ભગવદ્‌ભાવતૃપ્તિ નહીં થાય. માત્ર આદર પેદા થશે.

૨. દધિસાગર તુલ્ય વક્તા - ભગવાન વરાહાદિના અવતારને કૃષ્ણાવતાર ન માનતાં માત્ર પૃથ્વીના ઉદ્ધારકર્તા તરીકેના ભાવથી વર્ણવનારા દધિસાગરના સ્વભાવ જેવા છે. દહીંથી જેમ પુષ્ટિ ન થાય તેમ આવા ઉદ્ધારકર્તા તરીકેના ભાવથી ભક્તિની પુષ્ટિ ન થાય.

૩. સુરાસાગર તુલ્ય વક્તા - માયાના ગુણો વિના સૃષ્ટિ ન થઈ શકે, એવું સમજીને જે માયાના ગુણોનું નિરૂપણ કરે છે, તેમના ભાવ સુરાસાગર સમાન છે. તેના પાનથી માનવ મદઘેલો બની સ્વરૂપના ભાન વિનાનો થાય છે તેમ માયાના મહત્ત્વને સમજનારને ભગવદ્‌ગુણોનો આનંદ મળતો નથી.

૪. ક્ષીરસાગર સમાન વક્તા - ભગવાન સમર્થ અને સર્વેશ્વર છે એવું સમજી ભગવદ્‌ગુણ ગાનારાઓ ક્ષીરસાગર જેવા ભાવવાળા છે. ક્ષીરસાગરના જલની માફક તેવા વક્તાઓનું કીર્તન મધુર, સ્વાદિષ્ટ, ભાવપોષક બનશે.

૫. ઘૃતસાગર તુલ્ય વક્તા - ભગવાન ષડૈશ્વર્યસંપન્ન છે. પોતાના ભક્તોને વીર્યસંપન્ન બનાવે છે, એવા ભાવથી કીર્તન કરનારા ઘીના સાગર જેવા છે. તેમના શ્રવણથી બલપુષ્ટિ થશે.

૬. ઈક્ષુ-(શેરડી)ના સાગર સમાન વક્તા - ભગવાન લક્ષ્મીપતિ છે. સેવાથી ભક્તિ-મુક્તિ ઉભય મળે છે. એવું વર્ણન કરનાર વક્તાઓ ઈક્ષુસાગર જેવા છે. તેમના શ્રવણથી અંતઃતાપ નિવૃત્ત થાય છે.

गुणातीततया शुद्धान्-सच्चिदानन्दरूपिणः ।।१६।।

सर्वानेव गुणान् विष्णोर्-वर्णयन्ति विचक्षणाः ।।

तेऽमृतोदाः समाख्याता-स्तद्वाक्पानं सुदुर्लभम् ।।१७।।

ભગવાનને ગુણાતીત તરીકે સમજીને, શુદ્ધ, સત્-ચિત્ આનંદરૂપ ભગવાનના બધા જ ગુણોને જે વક્તાઓ વર્ણવે છે, તે વક્તાઓ અમૃતના સમુદ્ર સમાન કહેવાય છે. તેમનાં વચનામૃતનું પાન અત્યંત દુર્લભ છે.

આ શ્લોકોમાં અમૃતના મહાસાગર સમાન ભાવવાળા વક્તાઓનું નિરૂપણ કર્યું છે. અમૃતનું પાન કરનારને પરમાનંદ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે ભગવાનને તે વક્તાઓ પ્રકૃતિના ગુણોથી પર સમજે છે. વળી અલૌકિક એવા સત્-ચિત્-આનંદ નામના ભગવાનના વિશુદ્ધ ગુણો છે. ભગવાનના ભક્તોને પરમાનંદનું પ્રદાન કરવા માટે અલૌકિક લીલાઓ આચરે છે. ભગવાન પુરુષોત્તમ છે. ભગવાન, ભગવાનનો પરિવાર અને ભગવાનની સામગ્રી સર્વ અલૌકિક અને આનંદમય છે. શ્રી ગિરિરાજધરણ, ગોચારણ, મૃત્સ્નાભક્ષણ, રાસરમણ, વેણુવાદન, વસ્ત્રાપહરણ વગેરે લીલાઓના રહસ્યનું વર્ણન કરી લીલાઓનું ગાન

કરનાર વક્તાઓના મુખકમલમાંથી કથાસુધાપાન કરવું દુર્લભ અને દિવ્ય છે. તે વક્તા અમૃતના મહાસાગર સમાન છે.

तादृशानां क्वचिद् वाक्यं-दूतानामिव वर्णितम् ।

अजामिलाकर्णनवद् - बिन्दुपानं प्रकीर्तितम् ।।१८।।

ઉપર કહેલા ઉત્તમ ભગવદીયોનાં વાક્ય ક્વચિત્ સાંભળવા મળે છે. તે વાક્યો અમૃતબિંદુના પાન સમાન ગણ્યાં છે.

ઉપરના શ્લોકમાં જે અમૃતસમુદ્ર વચનામૃતનાં વર્ણન કર્યાં તેવાં વાક્યો કોઈ વખત પરીક્ષિત અને શુકદેવજી જેવા ઉત્તમ કક્ષાના અધિકારીઓ મળે ત્યારે જ સાંભળવાની તક મળે છે. તેવાં વાક્યો ભગવાનના અંતરંગ પાર્ષદોનાં વાક્યો જેવાં પ્રમાણિત ગણ્યાં છે. ભગવત્‌પાર્ષદો જે નિત્ય ભગવદ્દર્શન કરતા હોય, ગુણલીલાના જ્ઞાતા હોય, તેમનું વર્ણન સત્યથી પૂર્ણ હોય છે.

શુકદેવ તુલ્ય પરમ ભગવદીયોનું વચનામૃત સાક્ષાત્કારમાંથી જ આવે છે. અજામિલને તે વચનો સાંભળવા માટે કેવલ હરિકૃપાથી મળ્યાં હતાં. તે વાક્યો અમૃતબિંદુના પાન જેવા દુર્લભ અને અણમોલ હોય છે, તેનું પાન અવશ્ય કરવું.

रागज्ञानादिभावानां -सर्वथा नाशनं यदा ।

तदा लेहनमित्युक्तं -स्वानन्दोद्गमकारणम् ।।१९।।

જ્યારે અમૃતસમુદ્ર તુલ્ય વક્તાનાં વાક્યોના શ્રવણથી રાગ, અજ્ઞાન, આસક્તિ, દ્વેષ વગેરે ભાવોનો બધી રીતે નાશ થાય છે, ત્યારે પોતાના આનંદમાં ઉદ્‌ગમના કારણરૂપ જે પ્રભુકીર્તન થાય, એ જ સ્વાદપ્રાપ્તિ છે, એમ કહ્યું છે.

આ ઓગણીસમા શ્લોકમાં ઓગણીસમા પ્રકારના સમુદ્ર તુલ્ય વક્તાના પ્રકરણનો ઉપસંહાર કરે છે. અમૃતસમુદ્ર જેવા વક્તાના વ્યાખ્યાનના શ્રવણથી રાગ, અજ્ઞાન, આસક્તિ વગેરેનો સર્વથા નાશ થાય છે. નારદજીનાં વચનામૃત શ્રવણથી પ્રાચીન બર્હિષ રાજાની રાગનિવૃત્તિ થઈ, ભરતજીના વાક્યથી રહૂગણની અજ્ઞાનનિવૃત્તિ થઈ. શ્રી મૈત્રેય મુનિના વાક્યથી વિદુરજીની આસક્તિનિવૃત્તિ થઈ. આવાં અમૃતબિંદુઓનાં પાન કરીએ, તે જ ક્ષણે સર્વદોષનિવૃત્તિ અને પરમાનંદપ્રાપ્તિ થાય છે. તે જ આ વાક્યોની સ્વાદપ્રાપ્તિ છે. જીવમાંથી જે આનંદ લુપ્ત થયો છે, તે પુનઃ પ્રકટ થાય છે. ભગવાનમાં પ્રેમ આસક્તિ અને વ્યસન સિદ્ધ

થાય છે. આમ ભગવત્સેવામાં વ્યસન સિદ્ધ થવું, તે જ ભક્તિનું પરમ ફલ છે.

उद्धृतोदकवत्सर्वे-पतितोदकवत्तथा ।

उक्तातिरिक्तवाक्यानि-फलं चापि तथा ततः ।।२०।।

ઉપર વર્ણવેલા વક્તાઓથી જુદા અન્ય વક્તાઓનાં વાક્યો, તેમ જ અન્ય સર્વ વક્તાઓ, ગંગાદિ જલમાંથી ઘડામાં લાવેલ જલ જેવા તેમ જ ભૂમિ ઉપર પડેલ જલ જેવા કાર્યસાધક છે અને તે વાક્યોના શ્રવણથી ફલ પણ તેટલા જ પ્રમાણમાં થાય છે.

વીસમા પ્રકારના વક્તા-સર્વાભ્યઃ સ્વાહા-સર્વે ઉદ્ધતોદકવત્ શ્લોકમાં વીસ પ્રકારના વક્તાઓનું નિરૂપણ છે. શ્રુતિમાં સર્વાભ્યઃનો અર્થ કરેલ છે પૂર્વમાં કહેલ ઓગણીસ પ્રકાર વિનાના અન્ય અવિશિષ્ટ રહ્યા તે વીસમા પ્રકારના સમજવા. આ આશયને સ્પષ્ટ કરનાર 'સર્વે' શબ્દ આ શ્લોકમાં લીધેલો છે. ઓગણીસ પ્રકારના વક્તાઓ ઉપર કહ્યા, તે વિનાના અન્ય જે વક્તાઓ છે તે સર્વનો વીસમા પ્રકારમાં સમાવેશ કરવો. તે વક્તાઓ અને તેમનાં વાક્યો 'ઉદ્ધતોદકવત્-' ગંગાદિ તીર્થમાંથી લાવેલ જલ જેવાં અથવા કૂપતલાવમાંથી લાવેલ જલ જેવાં ઉપકારક બનશે. જેવું જલ અને જેવું પાત્ર તેવું ફલ આપશે, 'પતિતોદકવત્' તેમ જ તે વાક્યો જે જમીન પર પડશે અને જેવું જલ પડશે તે પ્રમાણમાં જ કાર્યસાધક બનશે. વરસતું જલ નિર્મલ અને શુદ્ધ છે; પરંતુ તેને મધ્યમાં જ લઈ લેતાં કર્મમાં ઉપયોગી નહીં થાય. જો તે ભૂમિ ઉપર આવે અને પછી લેવાય તો જ કર્મોપયોગી ગણાય. તાત્પર્ય કે જેવા વક્તા, જેવો ભાવ તેવું ફલ અને તેટલું ફલ પ્રાપ્ત થાય.

इति जीवेन्द्रियगता-नानाभावं गता भुवि ।

रूपतः फलतश्चैव- गुणा विष्णोर्निरूपिताः ।।२१।।

આ પ્રકારે જીવ અને ઇન્દ્રિયોમાં રહેલા અને પાત્રમાં આવી જુદા જુદા ભાવને પામેલા ભગવાનના ગુણો સ્વરૂપથી અને ફલથી વર્ણવ્યા છે.

ઉપસંહારનો આ શ્લોક છે. શ્લોકનું ધ્યેય એવું છે કે ભગવદ્‌ગુણાનુવાદ સાંભળવા મળે, પણ ક્યાંથી અને કેવા ભાવના સાંભળવા ? તે માટે ઉપરના વીસ શ્લોકમાં વીસ પ્રકારના ભાવો, ગુણો અને ભેદો વર્ણવ્યા છે. ભગવદ્‌ગુણમાધુરી તો

સદા એક જ રસ જ છે; પરંતુ તે જેવા દેહ, મન, બુદ્ધિ, ઇન્દ્રિયોવાળામાં આવે, તેવી તે વિભિન્ન લાગે. શુકદેવજી જેવાં સર્વોત્કૃષ્ટ દેહ, મન, બુદ્ધિ, ઇન્દ્રિય મહાપુરુષમાં રહેલી ભક્તિની પુષ્ટિ અને વૃદ્ધિ કરે છે.

* * *

અધિકાર ભેદ

શાસ્ત્રના ત્રણ ભેદ છે : સ્વરૂપજ્ઞાન, અર્થજ્ઞાન અને અભિપ્રાયજ્ઞાન. અધિકાર અનુસાર આ ત્રણે જ્ઞાન પ્રકટે છે.

જે શાસ્ત્રનું નિરૂપણ કરવું છે તેનું સ્વરૂપજ્ઞાન થવું ખૂબ જરૂરી છે. શ્રી ભાગવતજી સાક્ષાત્ કૃષ્ણ સ્વરૂપ છે. તે પ્રતીતિ થવી તે સ્વરૂપજ્ઞાન. શ્રી ભાગવતજીના શબ્દ, શબ્દાર્થ વિ.ને જાણવા તે અર્થજ્ઞાન તેમજ શ્રી વ્યાસજી ક્યારે શો અભિપ્રાય છે તે બધાનું જ્ઞાન અધિકારથી થાય છે.

શ્રી ભાગવતજીના વક્તાશ્રોતા ત્રિપુટી પ્રમાણે અધિકાર ભેદ ત્રણ છે : હીન અધિકાર, મધ્યમ અધિકાર અને ઉત્તમ અધિકાર.

(૧) હીન અધિકાર :

શ્રોતા શૌનકાદિ ઋષિઓ અને વક્તા શ્રી સુતજી છે. શૌનકનો હીન અધિકાર એટલા માટે કે ભાગવત શ્રવણમાં તેનું શ્રવણ મુખ્ય ન હતું. મુખ્ય પ્રસંગ તો યજ્ઞ હતો. તેણે યજ્ઞના અંગ રૂપે કથા સાંભળી તે ઠીક નથી. શૌનક ઘણા શિષ્યો કરતા (બહુ શિષ્યો કરવા એ પણ વિરક્તિનો અભાવ અથવા શિથિલતા સૂચવે છે.). વળી વક્તા શ્રી સુતજી કરતાં પોતે જાતિની દૃષ્ટિએ ઉત્તમ છે એમ માનતા, માટે હીન અધિકાર છે. (શૌનક બ્રાહ્મણ હતા અને સૂત વિલોમ જાતિના કહેવાતા. પિતા ક્ષત્રિય હતા અને માતા બ્રાહ્મણી હતી.) માટે હું વક્તા કરતાં ઉચ્ચ જાતિનો છું એવું ભાન પણ હીન અધિકારી બનાવે છે.

હીન અધિકાર હોવા છતાં શૌનકનું કથાશ્રવણ વ્યર્થ ગયું નથી. સંસારથી વૈરાગ્ય વિ. ફળો એમને ન મળ્યાં પરંતુ શાસ્ત્રનું દૃઢ જ્ઞાન થવાથી, ભગવત્પ્રાપ્તિ માટે સાધનરૂપ ભક્તિ સાંપડી છે. કર્મ દ્વારા પણ એમને મુક્તિ તો મળશે જ.

સુતજી હીન અધિકારી વક્તા એટલા માટે કે એમના અંતઃકરણમાં પણ

વૈરાગ્ય ન હતો. તેમના ગુરુ તો મહાન હતા. તેમણે શ્રી શુકદેવજી પાસેથી શ્રી ભાગવતજીનું શ્રવણ કરેલું પરંતુ કથા એમની આજીવિકા હોવાથી, શુકમુખેથી કથા શ્રવણ કરતાં પરીક્ષિતને જેવું ફળ મળ્યું તેવું સૂતજીને ન મળ્યું. (જોકે જ્યારે તેમણે શૌનકાદિને ભાગવત સંભળાવ્યું ત્યારે કાંઈ ભેટદક્ષિણા લીધી ન હતી.) શ્રી ભાગવત ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. જે ધન સ્વીકારે તેને ધન જ ફલરૂપ થાય છે. તેમને શ્રી ભાગવતજીનું શબ્દજ્ઞાન હતું.

(૨) મધ્યમ અધિકાર :

મધ્યમ અધિકારી શ્રોતા શ્રી વ્યાસજી છે. તેમનો મધ્યમ અધિકાર એટલા માટે કે તે પણ વિરક્ત ન હતા. હીન અધિકાર થવા માટે જે જે કારણો શૌનકમાં હતાં તે વ્યાસજીમાં પણ હતાં. પરંતુ બે ગુણો એમનામાં વિશેષ હતા. એક તો એ તર્ક વડે આપમેળે જ્ઞાન પ્રાપ્ત કરી શકતા હતા અને બીજું એ ભગવાનના ૨૪ અવતારોમાંના એક અવતાર હતા. શ્રી વ્યાસજી ભગવાનની જ્ઞાનકલાનો અવતાર છે. ભગવદ્ અવતાર હોવા છતાં એમનો ઉત્તમ અધિકાર એ કારણે નથી કે તેઓ માનતા કે ભગવાનની પ્રાપ્તિ માટે અનેક સાધનો છે. શ્રી નારદજીના ઉપદેશથી ય એમની આ માન્યતા ન ગઈ માટે તે મધ્યમ શ્રોતા છે.

શ્રી નારદ મધ્યમાધિકારી વક્તા છે. તેમણે તો શ્રી બ્રહ્માજીની પાસેથી ભાગવત સાંભળેલું તો પછી તે મધ્યમ વક્તા કેમ ? કારણ કે નારદ બ્રહ્મર્ષિ હતા. દેવોના અધિકારી હોવાથી અનેક પ્રવૃત્તિમાં ઓતપ્રોત હતા. અત્યંત પ્રવૃત્તિમય જીવન હોવાથી તેમનામાં દૃઢ વૈરાગ્ય ન હતો.

સૂતજીને માત્ર શબ્દજ્ઞાન હતું જ્યારે નારદને અર્થજ્ઞાન પણ હતું, માટે જ્ઞાન તો એમનામાં પૂર્ણ હતુ પરંતુ વૈરાગ્ય પૂર્ણ ન હોવાથી તેમનો મધ્યમ અધિકાર મનાયો છે.

(૩) ઉત્તમ અધિકાર :

ઉત્તમ અધિકારી શ્રોતા પરીક્ષિત રાજા છે. એમને શૌનક વિ.ની જેમ કર્મમાં આસક્તિ ન હતી. હું વક્તા (શુકદેવજી) કરતાં ઉત્તમ છું એવું અભિમાન પણ ન હતું. તદુપરાંત વિપ્રશાપના કારણે તેમને વૈરાગ્ય પણ થયેલો માટે તો તે રાજ્ય છોડીને ગંગાતટે ચાલ્યા ગયા હતા. આમ કર્મમાં આસક્તિ ન હોવાથી, અહંકાર ન

હોવાથી અને તીવ્ર વૈરાગ્ય હોવાથી તેમનો ઉત્તમ અધિકાર મનાયો. આ જ કારણે શ્રી શુકદેવજીએ તેમને મુખ્ય શ્રોતા બનાવીને શ્રી ભાગવત કહ્યું. રાજાને પણ સંદેશ રહિત શ્રવણ કરવાથી શ્રવણનું ઉત્તમ ફલ થયું.

ઉત્તમ અધિકારી વક્તા શ્રી શુકદેવજી છે. તેમને વૈરાગ્ય સહિત જ્ઞાન હતું. ભગવાનનો પોતાનામાં આવેશ થાય માટે વક્તાને વૈરાગ્યની જરૂરિયાત છે. જો વિરક્તિ ન હોય તો એકલા જ્ઞાનથી મૂઢ થઈ જવાય. હૃદયમાં પ્રમાણ (જ્ઞાન) બિરાજે એ કરતાં પ્રમેય (સાક્ષાત્ પ્રભુ) બિરાજે એ વધુ સારું કેમ કે પ્રમાણ કરતાં પ્રમેયનું બળ અધિક છે.

શ્રી મહાપુરુષજી કર્મ, જ્ઞાન અને વૈરાગ્યમાં વૈરાગ્યને વધુ મહત્ત્વ આપે છે. શ્રીહરિના અવતાર હોવા છતાં વ્યાસનો અધિકાર ઉત્તમ માન્યો નથી. પરીક્ષિત માનવી હતો પણ વિરક્ત હતો માટે તેનો ઉત્તમ અધિકાર; જ્યારે નારદજીનો, દેવકોટીના ઋષિ-દેવર્ષિ છે છતાં, દૃઢ વૈરાગ્ય ન હોવાથી તેમનો મધ્યમ અધિકાર માન્યો.

પરીક્ષિત પણ રાજ્યાસને બિરાજમાન હતા ત્યાં સુધી શ્રી શુકદેવજી તેમને શ્રી ભાગવતશ્રવણના અધિકારી માનતા નથી. જ્યારે સર્વસ્વનો ત્યાગ કરીને ગંગા કિનારે આવી બિરાજ્યા ત્યારે વિના નિમંત્રણે શ્રી શુકદેવજી પધાર્યા અને રાજાને શ્રી ભાગવતજીનો ઉપદેશ કર્યો.

માટે, કથાનું ઉત્તમ ફલ પ્રાપ્ત કરવા માટે વક્તા તેમજ શ્રોતા, ઉભયને માટે વૈરાગ્ય અતિમહત્ત્વનું કારણ છે એ સતત સ્મરણમાં રાખવા જેવું છે.

કથાકાર શિવજીનો કથાબોધ

કથાકાર વિદ્વાન હોય તો ય એણે શ્રોતા બનીને કથાનું શ્રવણ કરવું. **रामकथा मुनिबर्ज बखानी । सुनी महेस परम सुख मानी ।।** શિવજી ઈશ્વર છે, સર્વજ્ઞ છે. સ્વયં કથાકાર છે છતાં અગત્સ્ય પાસે કથાશ્રવણ કરવા ગયા છે. (ઋષિને બોલાવ્યા નથી, સ્વયં ઋષિ પાસે પધાર્યા છે.)

ઇષ્ટની કથા શ્રવણ કરીને પ્રસન્ન થવું. 'પરમ સુખ માની' તેને ધ્યાન, સમાધિસુખ કરતાં ય વધુ સુખ રામકથામાં મળ્યું.

ઇષ્ટનાં દર્શન માટે ઉત્સુક રહેવું **केहि बिधि दरसनु होइ ?** પ્રભુને પરિશ્રમ ન પડે. એમની અવતારલીલામાં વિક્ષેપ પણ ન પડે અને એમનાં દર્શન થાય માટે શું કરું એનો ખળભળાટ એમના મનમાં હતો.

પોતાના ઉપદેશની કોઈના પર અસર ન થાય તો દુ:ખી ન થવું.

होइहि सोई जो राम रचि राखा । को करि तर्क बढावै साखा ।। તર્કવિતર્ક કરવાના છોડીને હરિનામનો જાપ કરવો.

कहि कथा सुंदर सुख हेतु અપરાધીને પશ્ચાત્તાપ થતો હોય, ને શોકમગ્ન હોય તો તેને કાંઈપણ ન કહેતાં, ઠપકો ન આપતાં, તેને સુખ આપવા સુંદર કથાઓ કહેવી. બળેલાને વધુ ન બાળવો.

જ્યાં સિદ્ધજનો, તપસ્વીઓ, યોગીઓ, દેવો, કિન્નરો અને મુનિઓના સમૂહ વસે છે એવા સ્થાનમાં રહેવું.

स्वयं दासास्तपस्विनः પોતાની સેવા પોતે જ કરી લેવી. શિવજી પોતાનું વ્યાઘ્રચર્મ પોતે જ બિછાવીને બિરાજ્યા.

કથા માટે આર્તઅધિકારી મળે, પ્રાર્થના કરે, તો કથા અવશ્ય વર્ણન કરવી.

ભગવત્કથા અંગે પ્રશ્ન કરાય તો **छल विहीन सुनि सिव मन भाइ** બહુ રાજી થવું અને **हरषित बरनै लीन्ह** હર્ષપૂર્વક લીલાવર્ણન કરવું.

मंगलभवन अमंगलहारी । द्रवउ सो दसरथ अजिर बिहारी ।।

પ્રભુની કૃપાની અભિલાષા રાખતાં, મંગલાચરણ કરીને કથાનો આરંભ કરવો. વક્તાએ ઇષ્ટનાં નામ, રૂપ, લીલા અને ધામ આ ચારેયનું સ્મરણ કરીને મંગલાચરણપૂર્વક કથારંભ કરવો.

करि प्रनाम रामहि त्रिपुरारि કેવળ ઇષ્ટનું સ્મરણ જ નહીં પરંતુ તેમને વંદન કરીને, મન, વચન અને કર્મથી વંદન કરીને આરંભ કરવો.

વક્તા પોતે કથા સંભળાવીને શ્રોતા પર કૃપા કરે છે એમ ન માનતાં શ્રોતાએ કથા માટે પ્રશ્ન કરીને ગુણગાનનો અવસર આપ્યો એમ માનવું

धन्य धन्य गिरिराज कुमारी । तुम्ह समान नहिं कोउ उपकारी ।।
पूँछेहु रघुपति कथा प्रसंगा । सकल लोक जग पावनि गंगा ।।

સંશયથી પ્રશ્ન કરવાને બદલે જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે. શ્રોતા અધિકારી છે એમ જાણતાં જ પ્રસન્ન થવું.

શ્રોતાનો ઉત્સાહ વધારવો. તેના ઉપર ભગવાનની કૃપા છે જ એમ પ્રતીત કરાવવું.

रामकृपा तें पारवति सपनेहु तव मन माहिं ।
सोक मोह संदेह भ्रम मम बिचार कछु नाहिं ।।

મારા માનવા પ્રમાણે, પ્રભુકૃપાથી તમારા ચિત્તમાં શોક, મોહ, સંદેહ કે ભ્રમ જેવા કોઈ વિકાર છે જ નહીં.

આરંભમાં શ્રોતાનું અને એના પ્રશ્નનું સન્માન કરવું જોઈએ.

કથાપ્રસંગો આરંભ કરતાં પહેલાં, લીલાવર્ણન શરૂ કરતાં પહેલાં કથાનું માહાત્મ્ય પ્રકટ કરવું જોઈએ. જેથી આગળ જતાં શ્રોતાને સંદેહ અથવા આદરના અભાવ જેવા દોષો નડી ન શકે.

પોતે અવર્ણનીય તત્ત્વનું વર્ણન કહેવા, શ્રવણ કરવા બેઠા છીએ તેનો ઉલ્લેખ કરવો જોઈએ.

શ્રોતાનું ચિત્ત બરાબર તન્મય થાય પછી, પ્રશ્નમાં જો અવિવેક કે અજુગતું હોય તો સ્નેહપૂર્વક ધ્યાન દોરવું. **एक बात नहिं मोहि सोहानी । जदपि मोह बस कहेउ भवानी ।।** જો કે તમે કહ્યું છે તે અજ્ઞાનવશાત્ કહ્યું છે પરંતુ તે મને ગમ્યું નહીં.

શ્રોતાની અજ્ઞાન, અન્યથા જ્ઞાનને, સંદેહાદિને દૂર કરવા. સંદેહાદિના કટુફલોનું ભાન કરાવવું.

પ્રભુના માહાત્મ્યનું નિવારણ પ્રથમ કરવું(એ પાયો છે માટે તે પ્રથમ આવશ્યક છે.). પછી અવતારલીલાનું ગાન કરવું.

વક્તા વિવેક

एसी बानी बोलिये

વક્તાએ શાસ્ત્રો, પુરાણોનું નિરૂપણ માનવમાત્રના જીવનમાં ઉપયોગી થાય

એ રીતે કરવું જોઈએ. ગીતા, રામાયણ, ભાગવત જેવાં શાસ્ત્રો માનવજીવનને અત્યંત ઉપયોગી થઈ શકે એમ છે. વક્તાએ પોતાનાં જ્ઞાન, અભ્યાસ વિ.નો ઉપયોગ આ દૃષ્ટિએ કરવાનો છે. વિદ્યા અધિકારી અને અનધિકારી બંનેમાં જુદી જુદી રીતે સ્થિર થાય છે. અધિકારીના હૃદયમાં વિદ્યા જલરૂપે વસે છે અને અનધિકારીના હૃદયમાં તે અગ્નિરૂપે વસે છે.

વિદ્યા જ્યારે જલરૂપ થાય ત્યારે બધું જ શીતલ થાય છે. માનવીના અંતઃચક્ષુ ખૂલે છે, બધી વસ્તુનું જ્ઞાન થાય છે, જ્ઞાન આવતાં જ સત્પુરુષનું હૃદય જલવત્ શીતલ થઈ જાય છે. તે પોતાના જ્ઞાનનો ઉપયોગ પણ બીજાઓના સંતપ્ત હૃદયને શીતલ કરવા વાપરે છે. પરંતુ અનધિકારી, અસત્પુરુષ હોય, ઓછું પાત્ર હોય અને વિદ્યા ભણે તો તે વિદ્યા તેને અગ્નિરૂપ થાય છે. એક તો એ જીવ સ્વયં કામ, ક્રોધ, મત્સર જેવા દોષોથી યુક્ત હોય અને એમાંય વિદ્યા આવે એટલે મદ ચડે. કોઈને પોતાની સમાન ન ગણે. રાતદિવસ અહંકારરૂપી અગ્નિમાં બળ્યા કરે અને પોતાની વાણીથી, વર્તનથી બીજાઓને બાળ્યા કરે.

ऐसी बानी बोलिये मन का आपा खोय ।
औरन को सीतल करे और आपहि सीतल होय ।।

સંત કબીર કહે છે કે, વાણી એવી બોલવી કે, વક્તવ્યમાં વક્તાનો અહંકાર ડોકાતો ન હોય, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહેજે અહંકારનો છાંટો ય ન આવી જાય. વળી એવું બોલવું જોઈએ કે કહેનારનું હૃદય પણ ઠરે અને તેને સાંભળનારનું હૃદય ઠરે.

ભગવત્શાસ્ત્રો માનવીના શોક, મોહને નિવૃત્ત કરનારા છે. એ શાસ્ત્રોનું નિરૂપણ પણ એવી જ રીતે થવું જોઈએ કે શ્રોતાઓના હૃદયમાં રહેલા સંતાપની નિવૃત્તિ થઈ જાય. સાધુ સમાગમનું ફલ એ જ ફલ હોય કે બળબળતા હૃદયને પરમ શીતલતા પ્રાપ્ત થાય.

શ્રી ગંગાજી હરે પાપને, શશિ તાપ હરે ગયે શર્ણ;
દારિદ્ર ટાળે સુરતરુ, મળી ત્રણ કરે ત્રણ હર્ણ;
હરણ કરે ત્રણે તત્કાળ, મળતામાં હરિજન દયાળ.
જ્ઞાને તાપ હણે દર્શને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ.

'ગંગા પાપં શશી તાપં' શ્લોકનો ભક્તકવિ દયારામે સુંદર ભાવાનુવાદ કર્યો

છે. ગંગાજીમાં પાપ હરવાની શક્તિ છે, ચંદ્રમા તાપ હરે છે અને કલ્પવૃક્ષ માનવીની દરિદ્રતાને દૂર કરી દે છે. પરંતુ ગંગા, ચંદ્રમા અને કલ્પવૃક્ષમાં આ એક એક દુઃખને હરવાની જ શક્તિ છે જ્યારે સાધુસમાગમ, સત્સંગ તો એટલો બધો સમર્થ છે કે તે પાપ, તાપ અને દરિદ્રતા ત્રણેનો નાશ કરે છે. સંતદર્શનથી પાપનિવૃત્તિ થાય છે, સંતના ઉપદેશથી સંતાપ ટળે છે અને સંતોષનું વરદાન દઈને સંતો સંસારીઓની દરિદ્રતા પણ દૂર કરી દે છે.

૨ અર્થસંગતિ

કોઈ પણ શાસ્ત્રના, પુરાણના કે ગ્રંથના નિરૂપણ સમયે, તેનાં વાક્યો, ઉક્તિઓ અને મહત્ત્વનાં વિધાનો સાવધાનપણે રજૂ કરવાં જોઈએ. આવી સાવધાની ન રાખવામાં આવે તો તે ગ્રંથ અને ગ્રંથકારને અન્યાય થઈ શકે છે અને શ્રોતાઓ/વાચકોને ગેરસમજ પણ થઈ શકે છે. ગ્રંથમાં રહેલા પ્રત્યેક વાક્ય કે વાક્યાંશમાં સર્જકનો અભિપ્રાય હોતો નથી. ક્યારેક તો સર્જક માત્ર પ્રસ્તુતકર્તા જ હોય છે.

ઉદાહરણ તરીકે, માનસની આ પ્રસિદ્ધ ચોપાઈ **'ढोल गँवार सूद्र पसु-नारी । ये सब ताडन के अधिकारी ।।'** ગોસ્વામીજીનો અભિપ્રાય નથી અને ન જ હોઈ શકે. જે મહાત્માની ચેતના **'सियराममय सब जग जानी । करउ प्रनाम जोरि जुग पानी ।।'** આખા વિશ્વને બ્રહ્મમય માનીને વંદન કરવા જેટલી ઉન્નત હોય, એ સ્ત્રીને અને ઢોલને એક જ કક્ષામાં મૂકવાની અને બંને તાડનના અધિકારી હોવાની ક્ષુદ્રતા વિચારી ય ન શકે. 'રામાયણમાં કહ્યું છે કે....' એમ કહીને કોઈ આ ચોપાઈને શ્રી તુલસીદાસજીના અભિપ્રાય તરીકે પ્રસ્તુત કરશે તો એ માનસ જેવા મહાન શાસ્ત્રને, એના સર્જનને તેમજ વિશ્વની સમગ્ર નારીજાતિને અન્યાયકર્તા થશે.

શાસ્ત્રોમાં ઘણાં વાક્યો પ્રાસંગિક સંદર્ભ પૂરતાં જ મહત્ત્વનાં હોય છે. ઘણાં વાક્યો પૂર્વપક્ષની રજૂઆત કરતાં હોય છે તેમજ ઘણાં વાક્યો રસનિષ્પત્તિની દૃષ્ટિએ મહત્ત્વનાં હોય છે. ગ્રંથનાં બધાં જ વાક્યો બધી જ રીતે પ્રમાણ નથી હોતાં એ સમજવું જોઈએ. જેમ કે, ગીતાજીમાં દુર્યોધનના ઉદ્‌ગારો ય છે, ધૃતરાષ્ટ્ર અને સંજયની વાણી પણ છે અને પૂર્વપક્ષરૂપે અર્જુન પણ ઘણું બોલ્યો છે. પરંતુ એ બધું પ્રાસંગિક છે, ઔપચારિક છે, પ્રમાણ તો શ્રી કૃષ્ણની વાણી છે. ગીતાકાર તો શ્રી કૃષ્ણને પ્રસ્તુત કરવા માગે છે.

શ્રી ભાગવત પર સુબોધની ટીકા કરતાં શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે કે,

शास्त्रे स्कंधे प्रकरणेऽध्याये वाक्ये पदेऽक्षरे ।
एकार्थ सप्तधा जानन्नविरोधेन मुच्यते ।।

શાસ્ત્રો-પુરાણોના અર્થનિરૂપણ સમયે સૌએ એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે તે સંપૂર્ણ શાસ્ત્રને સુસંગત હોય. શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ, અધ્યાય, વાક્ય, પદ (શબ્દ) અને અક્ષર - આ સાતેયમાં વિરોધાભાસ ન કરે, સાતેયને સંમત અને સુસંગત હોય એવો અર્થ કરે તો તે જ મુક્ત થાય છે. અને આ સાતેયનો સ્વતંત્ર રીતે અર્થ કરવામાં આવે તો બહુ મોટો ગૂંચવાડો થાય. ગ્રંથકાર શું કહેવા માગે છે તે કોઈ સમજી નહીં શકે, કશું ય સમજી નહીં શકે. જેમ આપણા શરીરનાં અંગો ભલે જુદું જુદું કામ કરતાં હોય પરંતુ એ બધાંનો આપણી કાયા સાથે સુમેળ હોવો જરૂરી છે. આપણી જીવનચેતના સાથે એ બધાં જ સુસંગત હોય તો જ કોઈ કાર્ય થઈ શકે.

કથા કરતાં વક્તાએ આવા ખંડ નિરૂપણોથી સાવધાન રહેવું જોઈએ. ખાસ કરીને એવાં વિધાનોથી કે જેના વડે ગ્રંથ અને ગ્રંથકારને અન્યાય થાય.

૩. તાત્પર્ય નિર્ણય

उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वता फलम् ।
अर्थवादोपपत्ती च लिंगं तात्पर्य निर्णये ।।

વક્તા જ્યારે ગીતા, રામાયણ, ભાગવત, શિવપુરાણ, મહાભારત કે કોઈ પણ પુરાણ શાસ્ત્ર પર બોલે ત્યારે તેણે તેનો ઉપક્રમાદિ સાત પાસાંઓનો વિચાર કરીને તેના દ્વારા શું પ્રતિપાદન થાય છે તે નિર્ણય પહેલાં કરી લેવા જોઈએ અને પછી જ પોતાના વિચારો, અર્થઘટનો પ્રસ્તુત કરવાં જોઈએ.

ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ અને ઉપપત્તિ આ સાત મુદ્દાઓ વિશે વધુ જાણીએ.

(૧) ઉપક્રમ :- ગ્રંથનો પ્રારંભ કઈ રીતે થાય છે ? તેના દ્વારા શું સૂચિત થાય છે. પ્રારંભના પ્રથમ અક્ષર સુધ્ધાંનો વિચાર વિવેચકોએ કરેલ છે. ગ્રંથ પ્રારંભની શૈલીમાં કોઈ વિલક્ષણતા છે કે કેમ ? મૂળ વિષયને આરંભમાં જ રજૂ કરી દેવામાં આવેલ છે કે કેમ ? આ બધાં પાસાં વિચારવાં. મંગલાચરણથી જો મંગલ પ્રારંભ થતો હોય તો તે પણ ધ્યાન દેવા યોગ્ય છે.

(૨) ઉપસંહાર :- ગ્રંથકાર કઈ રીતે ગ્રંથનું સમાપન કરે છે. છેલ્લે છેલ્લે ગ્રંથકાર કઈ વાત મૂકી જાય છે તે પણ મહત્ત્વનું છે. વિષયનું સમાપન કરવું એ પણ કલા છે, એની પણ ખાસ શૈલી છે તેની નોંધ લેવી જોઈએ. સાધારણત: આરંભ અને અંત મંગલનિર્દેશનથી ભગવત્સ્મરણથી અથવા વંદન ઇત્યાદિથી થાય છે.

(૩) અભ્યાસ :- ગ્રંથમાં જે વાત વારંવાર કહેવાતી હોય તેને અભ્યાસ કહે છે. ગ્રંથકાર કે વક્તા જે સિદ્ધાંત સિદ્ધ કરવા માગે છે અથવા જે વાચક/શ્રોતાના ચિત્તમાં દૃઢ રીતે સ્થાપિત કરવા માગે છે તે વાત પોતાના દ્વારા, ઉપદેશાત્મક રીતે, આદેશાત્મક રીતે, દૃષ્ટાંત દ્વારા વારંવાર રજૂ કરે છે. જેમ કે ગીતાજીમાં અનાસક્તિપૂર્વક કર્તવ્યપાલનની વારંવાર રજૂઆત કરવામાં આવી છે. ગ્રંથનો મૂળ હેતુ અભ્યાસના રૂપમાં રજૂ થાય છે માટે તેની વિશેષ નોંધ લેવાવી જોઈએ.

(૪) અપૂર્વતા :- મહાન સર્જકો પોતાની કૃતિમાં પ્રાય: કોઈ નવીન વાત પ્રસ્તુત કરતા હોય છે. આ વાતને અપૂર્વતા કહે છે. અન્ય ગ્રંથો સમાંતર ગ્રંથો સાથે તુલનાત્મક અધ્યયન કરીને આ અપૂર્વતાને સમજવી જોઈએ. જેમ કે વાલ્મીકિ રામાયણ અને રામચરિતમાનસના સ્વરૂપમાં કઈ બાબત નવીન છે. શા માટે છે વિ. આ અપૂર્વતાનો અભ્યાસ ખાસ કરીને ગ્રંથકારના વલણ અને મૌલિક દર્શન પર ઘણો પ્રકાશ પાડે છે.

(૫) ફલ :- ગ્રંથકાર દ્વારા સૂચિત સાધન-સાધનાનું શું ફલ હોઈ શકે, આ ગ્રંથ, શાસ્ત્રના પઠન, પાઠન, શ્રવણકીર્તનથી શી ફલનિષ્પત્તિ છે તે પણ સ્પષ્ટ થવું જોઈએ. અર્થ કે કામરૂપ ફલ, મોક્ષરૂપ ફલ, ભક્તિરૂપ ફલ જેવા ભેદથી ગ્રંથનું અવલોકન થવું જોઈએ. સફળતા-નિષ્ફળતાનાં કારણો ય સ્પષ્ટ કરવાં જોઈએ. જે ગીતાજીના શ્રવણથી અર્જુનનો વ્યામોહ વિષાદ દૂર થયા છે પણ તેનું જ શ્રવણ ધૃતરાષ્ટ્રે કર્યું હોવા છતાં તેનો મોહ નષ્ટ થયો નથી !

(૬) અર્થવાદ :- ગ્રંથકાર ઋષિ કે આચાર્ય કોઈ નામ, મંત્ર, તીર્થ, કર્મ દ્વારા ભગવાનના ખાસ સ્વરૂપની અત્યંત પ્રશંસા કરે છે. તે બાબત પણ ગૌણ નથી. વક્તવ્ય સમયે એનું ભારપૂર્વક નિરૂપણ થવું જોઈએ. વક્તાએ શ્રોતાઓને પણ આ બાબતની ગ્રંથકારે વારંવાર, ભારપૂર્વક પ્રશંસા કરેલ છે તે જણાવવું જોઈએ. જે વાત પર સર્જકે ભાર મૂક્યો હોય તેને ગૌણ બનાવી દેવી ઉચિત નથી.

અર્થવાદના વિષયમાં એક સ્પષ્ટતા કરી દેવી અત્યંત આવશ્યક છે કે રામાયણ ભાગવતાદિ શાસ્ત્રોમાં ભગવન્નામ, તીર્થ, ભગવાનની કૃપાલુતા વિ.નાં નિરૂપણમાં સર્જકે અતિશયોક્તિ વાપરી છે, વધારે પડતાં વખાણ કરી નાખ્યાં છે એમ માનવું યોગ્ય નથી.

જેમ કે, નામમહિમાના વિષયમાં પુત્રને બોલાવવાના નિમિત્તે અજામિલે નારાયણ નામ લીધું અને તે પાપમુક્ત થઈ ગયો. વાલ્મીકિ રામને બદલે મરાનો જાપ કરતાં નિષ્પાપ થઈ ગયા. જાણે-અજાણે, ભાવે-કુભાવે, આળસમાં, પડતાં આખડતાં, માંદગીમાં, ગાન આલાપમાં, ઉપહાસમાં ય ભગવન્નામ લેવાય છે તો ય તે સમસ્ત પાપપુંજનો નાશ કરી દે છે. કોઈ જાણીને અમૃત પીવે કે કોઈ અજાણતાં અમૃત પીવે પરંતુ અમૃત તો એનું કામ કરે જ છે તેમ ભગવાનનું નામ ગમે તે પ્રકારે લેવાય, મનુષ્યને ફળદાયી થાય જ છે.

તૃષા શાંત કરવાના હેતુથી ય કોઈ યમુનાપાન કરે, પાનના માહાત્મ્યને ન જાણતો હોય તેવો જીવ પણ જો ગંગાપાન કરે તો ય તે નિષ્પાપ થઈ જાય છે. આવા માહાત્મ્ય નિરૂપક વર્ણનોને કેવળ અતિશયોક્તિ ન માનતાં, તેના માહાત્મ્ય નિરૂપણ વડે ભાવિકોની શ્રદ્ધાને સુદૃઢ કરવી જોઈએ.

(૭) ઉપપત્તિ :- ગ્રંથકારે ગ્રંથમાં જે અનેક વાતો કરી હોય, અનેક દૃષ્ટાંત આપ્યાં હોય છે તેમાં વિલક્ષણતા હોઈ શકે છે, પરંતુ વિસંગતિ હોતી નથી. કોઈ પણ શાસ્ત્ર અર્થહીન કે પ્રયોજનહીન હોતું નથી. ગ્રંથકાર અથવા કથાકાર મહાપરિશ્રમ કરીને કોઈ વસ્તુ, કોઈક રસ કે કોઈક તત્ત્વનું ઉત્પાદન કરવા માંગે છે. સંપૂર્ણ ગ્રંથમાં એ તસુમાત્ર પણ એ બાબતથી દૂર નહીં જાય અથવા વિપરીત કહેશે નહીં.

ત્રીજું લક્ષણ અભ્યાસ જો 'ગતિ' છે તો આ સાતમું લક્ષણ ઉપપત્તિ-ઉપપાદન એ 'લક્ષ્ય' છે. કુશળ વક્તા કે વાચક આ લક્ષ્યથી દૂર ભટકે જ નહીં. આ લક્ષ્ય સુધી પહોંચવામાં અને શ્રોતા વિ.ને પહોંચાડવામાં જ ગ્રંથકાર કે વક્તાની શ્રમસિદ્ધિ છે. જ્યારે અર્જુન સ્વેચ્છાથી, સંપૂર્ણ સંમતિપૂર્વક કહે, 'કરિષ્યે વચનં તવ' ત્યારે ગીતોપદેશ એના લક્ષ્યે પહોંચ્યો ગણાશે. કુશળ સર્જક સરળતાથી અકૃત્રિમ રીતે, રસને ખંડિત કર્યા વિના, તર્કથી ય વિસંગત નહીં એ રીતે મનોવૈજ્ઞાનિક રીતે પોતાના મતનું પ્રતિપાદન કરશે, તેમ જ તે પ્રતિપાદનને ગ્રંથનું પાત્ર જ નહીં પરંતુ

વાચકો કે શ્રોતાઓ પણ પ્રેમથી સ્વીકારશે. આ ઉપપત્તિ એ સર્જકની સફળતા છે, એ જ ગ્રંથનો આત્મા છે અને એ જ શ્રોતા વિ.ની ઉપલબ્ધિ છે.

ગ્રંથના અંતે શ્રોતા કે વાચક જે પામે છે તે આ ઉપપત્તિ છે. ગ્રંથકાર તરફથી મળતી આ પ્રસાદી છે. વ્યક્તિ માટે કે સમાજને માટે આ ગ્રંથ ઉપયોગી છે કે નહીં અને જો ઉપયોગી છે તો કેટલો ઉપયોગી છે એનો નિર્ણય ઉપપત્તિ દ્વારા જ થશે.

આ સાતેય પાસાં વિચારીને વિષયની રજૂઆત થાય તો કથન, નિરૂપણ ખૂબ જ ઉપયોગી નીવડે.

૪. નિત્ય સ્વાધ્યાય

इतिहासपुराणाभ्यां वेदं समुपवृंहयेत् ।

विभेत्यल्पश्रुताद् वेदो मामयं प्रहरिष्यति ।। (મહાભારત, આદિપર્વ)

અલ્પજ્ઞાનીથી, અનભ્યાસીથી વેદ ડરે છે ક્યાંક આ મને પ્રહાર તો નહીં કરે ને ? મને ઠગશે તો નહીં ને ? માટે વેદના સમ્યક્જ્ઞાન માટે અભ્યાસશીલ થવું જોઈએ.

શાસ્ત્રતત્ત્વ આમેય નિગૂઢ છે. નિત્ય સ્વાધ્યાય અને ગુરુકૃપા વિના એ સરળતાથી સમજાય એવું નથી. **तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।** શ્રી ગીતાજીએ જ્ઞાનપ્રાપ્તિ માટે સદ્‌ગુરુ પાસે જઈને પ્રણામ દ્વારા, જિજ્ઞાસાપૂર્વકના પ્રશ્ન દ્વારા અને શ્રી સદ્‌ગુરુની સેવા દ્વારા તેમની પ્રસન્નતા મેળવી અને ત્યાર બાદ **उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्वदर्शिनः ।** પ્રસન્ન થયેલા તે જ્ઞાની, તત્ત્વદર્શી પુરુષો તને જ્ઞાનનો ઉપદેશ કરશે. આ સિદ્ધાંત જેમ જ્ઞાની મહાત્માઓને માટે કહેવાયો એમ દિવ્ય શાસ્ત્રો માટે પણ કહેવાયો. આ દિવ્ય શાસ્ત્રોને પણ પ્રસન્ન કરવા માટે તેમની પ્રણિપાત પરિપ્રશ્નપૂર્વક પરિચર્યા કરવી જોઈએ.

શાસ્ત્રને પ્રણિપાતનો અર્થ છે તેમાં જે જ્ઞાન છે, પ્રકાશપુંજ છે તે પરમાત્માનું સ્વરૂપ છે તે સર્વથા વંદનીય છે. આ જગતમાં જ્ઞાનથી વધારે પવિત્ર કોઈ વસ્તુ છે જ નહીં. આ શાસ્ત્રોમાં પરમાત્માનો આત્મા પ્રત્યેનો પરમ પ્રેમમય સંદેશ છે. તે સર્વથા વંદનીય જ હોય. આ શાસ્ત્રો ન હોત, ગીતા, ભાગવત, રામાયણ કે વેદો ન હોત તો પરમાત્મા શું કહેવા માંગે છે એ સમજવું જીવને ઘણું કઠિન થઈ પડત.

પરિપ્રશ્ન દ્વારા આ શાસ્ત્રો પોતાના હાર્દની ખુલ્લું કરે છે. જે **पृच्छामि त्वां धर्मसंमूढचेता** : વિનમ્રતાપૂર્વક પ્રશ્ન કરે છે તે ઉત્તર પામે જ છે. માર્ગ સુઝાડવા માટે તો આ શાસ્ત્રો છે.

શાસ્ત્રોને પ્રસન્ન કરવા માટે તેની સેવા કરવી જોઈએ. ચંદનનું તિલક અને પુષ્પની માળા વડે જ તેની સેવા થાય એમ નહીં, એ તો શાસ્ત્રના આધિભૌતિક સ્વરૂપની સેવાપૂજા છે. આધ્યાત્મિક સ્વરૂપની સેવા, પરિચર્યા તો તેના નિત્ય સ્વાધ્યાયથી થાય છે. તૈત્તિરીય ઉપનિષદના આચાર્ય કહે છે. **स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम्** સ્વાધ્યાય (જ્ઞાનપ્રાપ્તિ) અને પ્રવચન (જ્ઞાનપ્રદાન) આ બે મુખ્ય આચાર્યધર્મ છે. આ ધર્મની કદી અવહેલના કે પ્રમાદપૂર્વકનો ત્યાગ ન થવાં જોઈએ. ગીતાજીનો આદરપૂર્વક નિત્ય પાઠ કરવો, વાંચન, અભ્યાસ અને તત્ત્વાવગાહન કરવું એ એની મોટી પૂજા છે. જીવનમાં તેને ચરિતાર્થ કરવાનો સન્નિષ્ઠ પ્રયાસ એ તેની પરમ આરાધના છે. શ્રી કૃષ્ણ, શ્રી વ્યાસ, સ્વયં ગીતા પણ તે વડે જેટલા પ્રસન્ન થયાં તેટલા અન્ય પ્રકારે નહીં થાય.

નિયમિત સ્વાધ્યાયી વયમાં બાળક હોય તો ય પૂજનીય બને છે. નાનકડો કુમાર હોય તોય ગુરુપદ પામે છે.

મહાભારતમાં કથા છે કે દધીચિ ઋષિના સારસ્વત નામના યુવાન પુત્રે નિયમિત સ્વાધ્યાય કરીને વેદ જાળવી રાખવાની સેવા કરી હતી. બન્યું એવું કે બાર વર્ષ સુધી અનાવૃષ્ટિ રહી. ઋષિઓ સ્થળાંતર કરીને બીજે ચાલ્યા ગયા અને આ સંકટ તેમજ આજીવિકાની સમસ્યાના કારણે એમનો નિત્ય સ્વાધ્યાય છૂટી ગયો. વેદ વિસરાઈ ગયા. પરંતુ આ દધીચિપુત્ર સારસ્વતે વેદોનો નિયમિત સ્વાધ્યાય કરીને તેમને જાળવી રાખ્યા હતા. સારો સમય આવતાં પેલા ઋષિઓ પાછા આવ્યા અને એમણે સારસ્વતને વેદોનું અધ્યાપન કરાવવા વિનંતી કરી. સરસ્વતીની આજ્ઞાથી આ સાઠ હજાર ઋષિઓએ વિધિપૂર્વક એની દીક્ષા લીધી, શિષ્ય થયા અને વેદ ભણ્યા.

તૈત્તિરીયના ઋષિએ સ્વાધ્યાય અને પ્રવચનનો સમાસ કર્યો છે. સ્વાધ્યાયનું ઉત્તરાંગ પ્રવચન છે અને પ્રવચનનું પૂર્વાંગ સ્વાધ્યાય છે. સ્વાધ્યાય અને પ્રવચન વિદ્યાદેવી યોગક્ષેમ છે. **साक्षात् परंपरया वा भगवन्मुखोक्तं गुरूमुखाच्छूतं (अनु)**

पश्चात् वर्णयितुमर्हसि । पठितस्य हि अनुवचनमावश्यकं मंत्रादावपि (સુબોધિની) ભગવદ્ વાક્યો વિના (યોગ વિ. ઉપાયો કરવામાં આવે તો પણ) ભગવદીય પદાર્થ જાણવો દુષ્કર છે. માટે કાં તો સાક્ષાત્ અથવા પરંપરાથી (ભગવાનના સ્વમુખેથી કહેવાયેલા અથવા સદ્‌ગુરુના મુખકમલમાંથી પ્રકટેલા) સાંભળેલા વિષયનું વર્ણન થાય છે. પ્રથમ શ્રવણ છે પછી વર્ણન છે. જે સાંભળ્યુ છે, જે કાંઈ અધ્યયન કર્યું છે, તેનું બીજાની સામે 'અનુકથન' આવશ્યક છે.

સ્વાધ્યાયમાં વિદ્યાનો યોગ છે તો પ્રવચનમાં વિદ્યાનું ક્ષેમ છે. વક્તાએ આ બંને સાધનામાં અપ્રમત્ત રહેવું જોઈએ.

૫. વિનમ્રતા

વિનમ્રતા એ ભગવત્કથાના વક્તા માટે અતિઆવશ્યક ગુણ છે. આજ સુધીના સર્વ વક્તા જાણે છે કે તેઓ તો માધ્યમ છે, તેમના દ્વારા પ્રભુ જ નિજ લીલા, નિજ માહિમાને ગાઈ રહ્યો છે. 'હરિ જંત્રી તું જંત્ર છે, ત્યમ વાજે, વજાડે જ્યમ । કાષ્ઠ પુતલી નૃત્ય કરે, સૂત્રધાર નચાવે જ્યમ ॥ વક્તા પ્રભુએ વરણ કરેલું વાદ્ય છે. વક્તાનું એ ધનભાગ્ય છે કે પ્રભુએ એનું વરણ કર્યું છે. હજારો વાંસમાંથી બનાવે છે. તે જીવનું તે પરમ ભાગ્ય છે છતાં એણે એ સતત ધ્યાનમાં રાખવાનું છે કે વાદ્ય ત્યારે જ વાગે છે જ્યારે વાદક એને વગાડે છે.

ગોપીઓએ વાંસળીને પૂછ્યું, 'અલી ! તારામાં ખાસ કાંઈ આકર્ષકપણું, ખાસ કાંઈ વિશેષતા તો દેખાતી નથી. તો પછી પ્રભુ તને આટલો બધો સ્નેહ કેમ કરે છે ? તને સાથે ને સાથે જ કેમ રાખે છે? વેણુએ ઉત્તર આપ્યો. 'ખાલી છું માટે વા'લી છું !' આ ઉત્તર મર્મને સમજવા જેવો છે. વેણુએ કહ્યું કે, મારો કોઈ સૂર નથી, રાગ નથી. આલાપ નથી કે મારું સ્વયંનું કોઈ ગાન નથી. મારું કાંઈ જ નથી. મારો પ્રીતમ મને એના અધરોષ્ઠે લગાડે છે. મારા પર એની કોમલ કરાંગુલીઓ રમાડે છે અને એ જે સૂર, રાગ, આલાપ, તાન કે ગીત વગાડવા ચાહે છે તે મારા દ્વારા વાગી ઊઠે છે. હું તો સાવ ખાલી છું. તમો જે કાંઈ માણો છો તે તો શ્રી કૃષ્ણને શ્રી કૃષ્ણનું માણો છો. '

વ્યક્તિ પણ જ્યારે અહંશૂન્ય બનીને સમર્પિત થઈ જાય છે ત્યારે પ્રભુ જ એનામાં સ્વરિત, મુખરિત થવા લાગે છે. વક્તાએ વાહક બનવાનું છે, સર્જક નહીં.

વક્તાએ કોઈ જીવને કે જગદીશને પ્રભાવિત કરવા માટે વક્તવ્ય કરવાનું

નથી. આપણે કઈ વાણી વડે, ક્યા શબ્દ વડે પ્રભુને પ્રભાવિત કરી શકીશું ?

मधुस्फीता वाचः परममृतं निर्मितवत-

रत्तव ब्रह्मन् ! किं वागपि सुर गुरोर्विस्मयपदम् ।।

મધુ જેવી મધુર અને પરમ અમૃત સમી રસભર વેદવાણીને ઉત્પન્ન કરનારા પ્રભુ સ્વયં છે. સ્વયં બ્રહ્માજીની વાણી કે વાચસ્પતિની વાણી ય પ્રભુને પ્રભાવિત કરી શકનાર નથી તો અન્ય કોણ એવી વાણી પ્રકટ કરી શકવા સમર્થ છે જે સાંભળીને પ્રભુને વિસ્મય થાય !

ભગવાન નૃસિંહની સ્તુતિ કરતાં આરંભમાં જ પરમ ભક્ત, હરિદાસ શ્રી પ્રહ્લાદજી સ્વીકારે છે કે, પ્રભુ આપને વાણી વડે પ્રસન્ન કરવાની મારામાં શક્તિ નથી. જે વસ્તુ મોટાઓ માટે સંભવ નથી તે મારા માટે ક્યાંથી થાય ?

ब्रह्मादयः सुरगणा मुनयोऽथसिद्धाः

सत्वैक्तानमतयो वचसां प्रवाहैः ।

नाराधितुं पुरूगुणैरघुनापि पिप्रुः

किं तोष्टुमर्हति स मे हरिरूग्रजातेः ।।

હે નાથ ! બ્રહ્માદિ દેવગણો, મુનિજનો, સિદ્ધ પુરુષો પરમ સાત્ત્વિક મતિવાળા છે. આવા મહાનુભાવો જ્યારે અસ્ખલિત વાક્પ્રવાહથી આપની સ્તુતિ કરી રહ્યા હોય, આ ગુણગાન કરનારા સ્વયં પણ અનેક સદ્ગુણોથી સંપન્ન હોય, આમ છતાં તે હજી સુધી આપને રીઝવી શક્યા નથી (કેમ કે આપના ગુણો અનંત છે, અપાર છે અને શબ્દો અસમર્થ છે.) તો દુષ્ટ, ઉગ્ર જાતિમાં જન્મેલો, સાત્ત્વિકતા અને સદ્ગુણોથી રહિત એવો હું આપને ક્યાંથી રીઝવી શકીશ ?

શ્રી તુલસીદાસજી વિનમ્રતાપૂર્વક સ્વીકાર કરે છે કે મહિમાસમુદ્ર દુસ્તર છે.

करन चहौं रघुपति गुन गाहा । लघु मति मोरि चरित अवगाहा ।।

હું ચાહું તો છું શ્રી રામકથા થાય પરંતુ મારી બુદ્ધિ અલ્પ છે અને શ્રી રામનું ચરિત્ર અગાધ છે. ઠીંગણો માનવી ઊંચા વૃક્ષની સૌથી ઊંચી ડાળી પર લટકતા ફલને લેવા માટે કૂદકા મારે ત્યારે તે પરિહાસને પાત્ર જ થાય છે એમ

લીલાસમુદ્રને પાર કરવા માટે અથવા એના ઊંડાણને માપવા માટે મારા પ્રયાસો ઉપહાસ પાત્ર જ થવાના છે.

મહાકવિ કાલીદાસે પણ ભગવાનના વંશનું ગુણગાન કરતાં કહ્યું હતું કે **मणौ व्रज समुत्कीर्णे सूत्रस्यैवास्ति मे गतिः** પૂર્વવર્તી મહાનુભાવોએ કરેલી રચનાઓના આધારે મારો કાંઈક પ્રવેશ આ વિષયમાં થઈ શકે છે, બાકી મારું સામર્થ્ય નથી. મણિઓમાં છેદ પાડી દેવાયો હોય પછી તો દોરો સરળતાથી અંદર પ્રવેશી શકે છે પરંતુ એ કાંઈ દોરાનું પરાક્રમ નથી.

ભગવાનનાં નામ, રૂપ, ગુણ, લીલા, ધામ આદિના મહિમામણિમાં શેષ સરસ્વતી, બ્રહ્મા, નારદ, વાલ્મીકિ, વ્યાસાદિ છેદ પાડી ગયા છે તો આપણી સૂત્ર જેવી મંદમતિ, લઘુમતિનો પ્રવેશ શક્ય થઈ શક્યો છે.

કથા દ્વારા જેને જેને સુખ સાંપડે છે, કલ્યાણ થાય છે તે સૌ વક્તાઓ તેમજ શ્રોતાઓ આ પૂર્વવર્તી મહાત્માઓના સદા ઋણી છે.

૬. અર્થનિરૂપણ

કોઈ પણ ગ્રંથ પર બોલતાં પહેલાં તેના ત્રણ પૂર્વ અંગોનો અભ્યાસ કરી લેવો જોઈએ. સામાન્યતઃ દરેક ધર્મગ્રંથના આરંભમાં આ ત્રણ પૂર્વાંગો ઓછેવત્તે અંશે હોય જ છે.

૧ : મંગલ ૨: પ્રતિજ્ઞા અને ૩ : અનુબંધ ચતુષ્ટય

(૧) મંગલાચરણ : નમસ્કારાત્મક તેમજ વસ્તુનિર્દેશાત્મક હોય છે. ગ્રંથની કે કથાની નિર્વિઘ્ને સમાપ્તિ થાય તેમજ વક્તાશ્રોતા સૌનું મંગલ થાય એ માટે પ્રારંભમાં મંગલાચરણ કરવાનું આવશ્યક છે. આમ તો, આરંભમાં, મધ્યમાં અને અંતમાં મંગલાચરણ કરવું આવશ્યક છે.

(૨) પ્રતિજ્ઞા : રચનાકાર ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરે છે અને પોતાનો ઉલ્લેખ પણ કરે છે.

(૩) ત્યાર પછી અનુબંધ ચતુષ્ટય પ્રસ્તુત કરે છે.

संवंधाधिकारी च विषयश्च प्रयोजनम् ।

विनानुवंधं ग्रन्थादौ मंगलं नैव शस्यते ।।

શ્રોતાઓને ગ્રંથનો પરિચય સાંપડે અને તેમને ગ્રંથમાં રુચિ જાગે માટે વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી એમ ચાર અનુબંધ પ્રસ્તુત થાય છે. વક્તાએ આ ચારેયનો અભ્યાસ કરીને તે શાસ્ત્ર પર બોલવું.

(૧) વિષય :

સમગ્ર ગ્રંથનો મૂળ વિષય શો છે તે જાણવું. જેમ કે ભક્તિસૂત્રોનો વિષય ભગવદ્‌ભક્તિ છે. યોગસૂત્રોનો વિષય યોગ છે. આ વિષય જાણીને નિરૂપણ કરનાર વિષયાંતર નહીં કરે અને વિષયાંતર થતાં સાવધાન થઈ જશે. વક્તા જે કોઈ દૃષ્ટાંત આપશે તે વિષય કેન્દ્રમાં રાખીને તેની પુષ્ટિ કરવા માટે જ આપશે.

(૨) પ્રયોજન :

ગ્રંથનું પ્રયોજન અને વિષયનું પ્રયોજન એમ બે ભાગ છે. ગ્રંથના પ્રયોજનને જાણવું મહત્ત્વનું છે. આ ગ્રંથ શા માટે રચાયો, રચનાકારનો ઉદ્દેશ્ય શો છે, ભક્તિ ? યશ ? જ્ઞાન ? મુક્તિ ?

વિષય પ્રયોજન તેનો મહિમા સમજાવે છે. જેમ કે ભક્તિ શા માટે ? તેનાથી શો લાભ તે સુકર છે કે દુષ્કર ? વિ. પ્રયોજન પ્રકટ નહીં થાય તો એ શાસ્ત્રમાં કોણ પ્રવૃત્ત થશે ?

(૩) સંબંધ :

પ્રયોજન અને ગ્રંથનો સંબંધ, વિષય અને ગ્રંથનો સંબંધ તથા પ્રયોજન અને વિષયોનો સંબંધ. શ્રોતાઓની પ્રવૃત્તિની સિદ્ધિ સંબંધથી થાય છે.

(૪) અધિકારી :

જેને માટે વિષય, પ્રયોજન અને ગ્રંથ નિરૂપણ કરે છે, જેની તેમાં પ્રીતિ છે એવા, જે આ ગ્રંથના શ્રવણ પઠન વિ.ની યોગ્યતા ધરાવે છે તે અધિકારી કહેવાય છે. આ બધા પાસાઓનો અભ્યાસ ગ્રંથનિરૂપણમાં સરળતા આપે છે.

૭. વક્તા અને વક્તત્વ:

વક્તાની પાસે જે જ્ઞાન, વિદ્યા અને ભાવો છે તેને શ્રોતાઓ સુધી પહોંચાડવા માટેનું સાધન વાણી છે. વક્તા અને શ્રોતા વચ્ચેનો સેતુ, માધ્યમ આ વાણી જ છે.

વક્તા વ્યાસ આસને બિરાજીને જ્યારે સ્વયં પરમાત્મા જ તેના કંઠથી પ્રવાહિત થવા લાગે છે પછી પ્રભુ બોલે છે. વક્તા તો નિમિત્તમાત્ર બની રહે છે.

ॐ शं नो मित्रः शं वरुणः । शं नो भवत्यर्यमा । शं न ईन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेय प्रत्यक्षं ब्रह्मासि । त्वमेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि । तन्मामवतु । तद्वक्तार मवतु । अवतु मां । अवतु वक्तारम् । ॐ शांतिः शांतिः शांतिः ।।

ભિન્ન ભિન્ન શક્તિઓના અધિષ્ઠાતા રૂપે પ્રભુકૃપા વરસાવે તો તેમના વિષે બોલી શકાય. સમસ્ત આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિ દૈવિક શક્તિઓ રૂપે તથા તેના અધિષ્ઠાતા દેવ મિત્ર, વરુણ વિ. દેવરૂપે સર્વાત્મા એવા પરમાત્મા છે એ અમારા સૌના કલ્યાણરૂપ થાય.

પ્રાણતત્ત્વ(વાયુતત્ત્વ)ના સંસાર વડે વાણી પ્રકટે છે માટે તેની સ્તુતિ પણ આવશ્યક છે. સાધકો પ્રાર્થના કરે છે કે 'હે પ્રાણ સ્વરૂપ ! તમે સર્વ પ્રાણીઓના જીવનરૂપ છો માટે તમે પ્રત્યક્ષ બ્રહ્મ છો. હું તમને કહીશ. તમારા વિષે કહીશ. તમે ઋત સ્વરૂપ છો. સર્વ પ્રાણીઓના કલ્યાણ માટેના જે નિયમો છે તે તમારું સ્વરૂપ તમે સત્ય છો. હે સત્ય સ્વરૂપ ! હું તમારા વિશે બોલીશ. સત્ય વિષે બોલી શકવાની મને શક્તિ આપો. જેઓ ઋત અને સત્ય સ્વરૂપ પરમાત્મા વિષે બોલનારા છે, વક્તા છે અને જેઓ તેના શ્રવણ કરનારા છે તે સૌની રક્ષા કરો.'

પરમાત્મા જ્યારે વક્તાના હૃદયમાં બિરાજીને બોલવા લાગે છે ત્યારે વર્ણ, સ્વર, માત્રા, બલ, સામ, સંતાન જેવા સર્વ ઉચ્ચારણોમાં પણ એ જ ઉચ્ચારિત થાય છે. અંતસ્થ: પરમાત્મામય વક્તા જે બોલે છે તે મંત્રાત્મક થઈ જાય છે. તેનાં ઉચ્ચારણોમાં વ્યંજનો અને સ્વરોના ઉચ્ચાર (વર્ણસ્વર:) હ્રસ્વ, દીર્ઘ અને પ્લુતના ઉચ્ચાર (માત્રાઓ) ઉચ્ચારણ ધ્વનિ માટે જે પ્રયાસ કરવો પડે છે તે પ્રયાસ (બલ) સ્પૃષ્ટ, ઇષત્ સ્પૃષ્ટ, વિવૃત, ઇષદ્ વિવૃત અને સંવૃત આ પાંચ આભ્યંતર પ્રયત્ન તેમજ વિવાર, સંવાર, શ્વાસ, નાદ, ઘોષ, અઘોષ, અલ્પપ્રાણ, મહાપ્રાણ, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત આ એકાદશ બાહ્ય પ્રયત્ન પણ પ્રભુથી જ સિદ્ધ થાય છે. વર્ણોનું સમવૃત્તિથી ઉચ્ચારણ (સામ) તેમજ સ્વર, વ્યંજન, વિસર્ગ કે અનુસ્વારથી અન્ય સ્વર, વ્યંજનાદિથી સંધિથી થતો નવો વર્ણ ઉચ્ચાર એ બધાં (સંતાન) પ્રભુ જ પ્રકટ કરે છે.

ભક્તિમય વક્તાનાં ઉચ્ચારણો, વક્તવ્યો સંહિતારૂપ છે કેમ કે અવિદ્યાનિવૃત્તિ, પાપનિવૃત્તિ જેવા કાર્યો જે વેદમંત્રો વડે થાય છે તે સમર્પિત વક્તાનાં ઉચ્ચારણો વડે પણ થાય છે.

ઉચ્ચાર, ભાષા અને જ્ઞાનની દૃષ્ટિએ સૌથી કઠિન સાધન વેદ છે.

दुष्टः शब्दः स्वरतो वर्णतो वा मिथ्या प्रयुक्तो न तमर्थमाह ।
स वाग्वज्रो यजमानं हिनस्ति, यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ।।

ભગવાન પતંજલિ મહાભાષ્યમાં કહે છે કે સ્વરની કે વર્ણની અશુદ્ધિથી દૂષિત શબ્દ, અકારણ પ્રયોજવામાં આવેલ શબ્દ અભીષ્ટ અર્થનો વાચક થઈ શકતો નથી. અણસમજમાં ઉચ્ચારિત થયેલો શબ્દ તો વાણીરૂપ વજ્ર બની જાય છે અને યજમાનને હાનિ પહોંચાડે છે. (ઉદાહરણ તરીકે શબ્દમાં સ્વરની અશુદ્ધિ આવી જતાં, ઇન્દ્રને મારવા ઉત્પન્ન કરાવેલો વૃત્રાસુર ઇન્દ્રના હાથે મર્યો.)

ભગવાનના ગુણગાન પુરાણકથા વિ. પ્રસંગોમાં વેદ જેટલી કઠિનતા તો નથી જ વક્તાને ઉચ્ચારણ શાસ્ત્ર, વ્યાકરણ અને કાવ્યશાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન ન હોય તોય પ્રભુ અભીષ્ટ ફળ આપે છે.

कबि न होउ नहिं बचन प्रबीन । सकल कला सब बिद्या हीन ।।

શ્રી તુલસી તો ભક્તિમાર્ગીય દીનતાના ભાવમાં કહી રહ્યા છે પરંતુ સાચે જ અગર કોઈ હરિગુણગાયક ન કવિ હોય ન વાક્યરચનામાં કુશળ હોય, સકલ કલા અને વિદ્યાઓથી હીન હોય, વિવિધ અક્ષરો, અર્થ, અલંકારો, અનેક પ્રકારની છંદરચનાઓ, ભાવ અને રસના અસંખ્ય ભેદનું તેને જ્ઞાન પણ ન હોય. તો પણ એની કથા કલિમલહરણી અને મંગલકરણથી થઈ જાય છે.

ભક્તિની પરિભાષામાં ઉચ્ચારણનો અર્થ થાય છે. ઉત્ + ચારણ આત્માનું ઉપર તરફ ચલાયમાન થવું. ઊર્ધ્વગામી થવું તે ઉચ્ચારણ. એટલે જ માત્રાભેદ કે સ્વરભેદ જેવી અલ્પ ભૂલોની વાત તો શું પરંતુ મંત્રમાં વિપરીતતા આવી જાય તો ય ભક્તિમાર્ગમાં અપરાધ થતો નથી. સૌ જાણે છે કે, **जान आदिकवि नाम प्रतापू । भयउ सुद्ध करि उलटा जापू ।।** રામને બદલે મરા મરાનો જાપ કરતાં કરતાં ય આદિ કવિ શ્રી વાલ્મીકિ પવિત્ર થઈ ગયા.

આમ, મંત્રોચ્ચારણ કરતાં ગુણગાન સરળ છે અને ગુણગાન કરતાં ય નામસંકીર્તન સરળ છે.

વાણીનો સૌથી મહાન ગુણ તો તેની અંદર પ્રકટ થતું ભગવન્નામ છે. ભગવાનનું નામ વાણીને પવિત્ર કરે છે. ભગવાનના ગુણગાન વાણીને કૃતાર્થ કરે છે. વાણીના બીજા બે મહત્ત્વના ગુણ છે સત્ય અને પ્રિય. મનુસ્મૃતિ કહે છે કે

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ।।

સત્ય બોલવું અને પ્રિય બોલવું. અપ્રિય સત્ય ન બોલવું તો પ્રિય અસત્ય પણ ન બોલવું. આ સનાતન ધર્મ છે. વાણીમાં સત્ય, જ્ઞાન, અને પ્રિયત્વ ગુણ આવતાં તે સચ્ચિદાનંદમયી બની જાય છે. **अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः** સદા પ્રિય લાગે એવું કહેનારા સુલભ છે પરંતુ ભલે અપ્રિય લાગે છતાં પથ્ય હોય એવું (પોતે અપ્રિય થઈ જશે એવું જોખમ ઉઠાવીને ય) કહેનારા વક્તા અને સાંભળવા તૈયાર એવા શ્રોતા દુર્લભ છે.

વક્તાનો પ્રયત્ન ભાવ પ્રભુને પ્રસન્ન કરે છે પ્રભુ તેની વાણીને દોષોથી મુક્ત અને ગુણોથી અલંકૃત કરે છે. સ્કંદપુરાણ અનુસાર વાણીના ૧૮ દોષો મનાયા છે. તે જોઈએ.

અપેતાર્થ : માણસ બોલે ખરો પણ તેને અર્થનું ભાન ન હોય.

અભિન્નાર્થ : અર્થભેદની સ્પષ્ટ પ્રતીતિ ન હોય.

અપ્રવૃત્ત : એવા શબ્દો બોલાય કે જે ભાગ્યે જ વપરાતા હોય.

અધિક : બિનજરૂરી બોલાતા શબ્દો એના વિના ય અર્થ સમજાય.

અશ્લક્ષ્ણ : અસ્પષ્ટ

સંદિગ્ધ : ભાષા સમજાય પણ શું આશય છે તે ન સમજાય.

પદાન્ત અક્ષરનું ગુરુ ઉચ્ચારણ : આપણા લોકોય ફેશનમાં રામને 'રામા' કહે છે !

પરાઙ્મુખ : વક્તા જે કહેવા ઇચ્છતો હોય એનાથી અવળો જ અર્થ નીકળે.

અનૃત : અસત્ય બોલવું. અર્ધસત્ય બોલવું.

અસંસ્કૃત : વ્યાકરણની દૃષ્ટિએ અશુદ્ધ બોલવું.

ત્રિવર્ગ વિરુદ્ધ : ધર્મ, અર્થ અને કામના શુદ્ધ સિદ્ધાંતથી વિપરીત બોલવું.

ન્યૂન : અર્થ સમજવામાં કષ્ટ પડે એટલું ઓછું બોલવું.

કષ્ટશબ્દ : ક્લિષ્ટ ઉચ્ચારણવાળા શબ્દો બોલવા.

અતિશબ્દ : અતિશયોક્તિપૂર્વક બોલવું.

વ્યુત્ક્રમાભિહ્ત : જેમાં ક્રમનું ઉલ્લંઘન ન થતું હોય.

સશેષ : વાક્ય તો પૂરું થાય પણ વાત અધૂરી રહેતી હોય.

અહેતુક : તર્કદૃષ્ટિએ યોગ્ય ન હોય. યુક્તિ સંગત ન હોય અને

નિષ્કારણ : જ્યાં બોલવાની જરૂર જ નથી, કોઈ કારણ નથી ત્યાં બોલવું.

કૃપાલુ પરમાત્મા વક્તાની વાણીને આ સર્વ દોષોથી મુક્ત કરે છે એટલું જ નહીં પરંતુ ઉત્તમ ગુણોથી અલંકૃત પણ કરે છે. વક્તાની વાણી અને ભાષામાં ઓજસ્વિતા, પ્રાસાદિકતા અને મધુરતા પ્રકટે છે.

માધુર્ય ગુણ : વાણીમાં મધુરતા, મીઠાશ પ્રકટે. શ્રોતાઓને પણ તે કર્ણમધુર લાગે. અંતઃકરણ આનંદથી દ્રવિત થાય. વક્તા અને શ્રોતાના અંતરની સર્વ કટુતા અને નીરસતા નષ્ટ થઈ જાય એવી વાણી પ્રકટે.

ઓજગુણ : નિરાશ, હતાશ, હતોત્સાહ બની ગયેલાઓના જીવનમાં આ વાણીગુણ ઉત્સાહ, પૌરુષ, સાહસ, વીરતા પ્રકટ કરે છે. માનવી તેની નિરાશાઓને ખંખેરી નાખે છે અને ઉત્સાહી બનીને જીવન જીવે છે. હરિકથાનો પ્રધાન રસ શાંત હોવા છતાં તેના પૂરક તરીકે વીર, રૌદ્ર રસો પણ આવશ્યક માન્યા છે.

પ્રસાદ ગુણ : વાણી, ભાષામાં સહજ, સરસ, કોમલ પદાવલીનો પ્રયોગ થાય. વક્તાની વાણીમાં સ્નિગ્ધતા પ્રકટે. શ્રવણ કરનારાઓને તે વાણીમાં પણ આપ્તતા લાગે.

વાણી વિષરૂપા પણ છે અને અમૃતરૂપા પણ છે. વક્તાના અંતરમાં બિરાજીને પ્રભુ વિશ્વને સદા પ્રેમામૃતનું પાન કરાવે છે.

૮. રૂપક નિરૂપણ

પોતાની વાત વધુ સારી રીતે સમજાવવાના ઘણા પ્રકારોમાંનો એક સફળ અને સરસ પ્રકાર 'રૂપક' અલંકારનો છે. આપણા બધા જ ધર્મ સાહિત્યમાં આ

રૂપકોનો પ્રયોગ થયો છે. શ્રી ભાગવતજીમાં જેમ પુરંજન આખ્યાન, ભવાટવી વર્ણન છે, માનસમાં સંતસમાજ પ્રયાગ તેમજ રામકથારૂપ માનસનું સુંદર નિરૂપણ છે, મહાભારતે પણ ઘણાં રૂપકોનો પ્રયોગ કર્યો છે.

રૂપકોનું નિરૂપણ ઘણીવાર એમ સમજાવવા માટે થાય છે કે બહાર સારાંનરસાં જે પાત્રો છે તે ગુણ-દોષરૂપે આપણી અંદર પણ છે, આ પાત્રો પાત્રો પણ છે અને પ્રતીકો પણ છે. જેમકે –

दुर्योधनो मन्युमयो महाद्रुमः
स्कंधः कर्णः शकुनिस्तस्य शाखाः ।
दुःशासनः पुष्पफले समृद्धे
मूलं राजा धृतराष्ट्रोऽमनीषी ।।

દુર્યોધનરૂપી એક મન્યુ (ક્રોધ અથવા શોક) રૂપી મહાવૃક્ષ છે. કર્ણ તેનું થડ છે, શકુનિ ડાળીઓ છે, દુઃશાસનરૂપી ફળફૂલથી તે સમૃદ્ધ છે અને વિવેકહીન, બુદ્ધિહીન ધૃતરાષ્ટ્ર તેનું મૂળ છે. તો વળી,

युधिष्ठिरो धर्ममयो महाद्रुमः
स्कंधोऽर्जुनो भीमसेनोऽस्य शाखाः ।
माद्रीसुतो पुष्पफले समृद्धे
मूलं कृष्णो ब्रह्मणाश्च ।।

યુધિષ્ઠિર એક ધર્મમય મહાવૃક્ષ છે. તેનું થડ અર્જુન છે, ભીમ ડાળીઓ છે, નકુલ સહદેવ રૂપી ફલફૂલથી તે સમૃદ્ધ છે અને શ્રી કૃષ્ણ, બ્રહ્મ (વેદ) અને બ્રહ્મવિદો-બ્રાહ્મણો તેનું મૂળ છે. (મહાભારત ૧-૧-૬૫, ૬૬)

શ્રી કૃષ્ણાવતાર સમજાવવામાં શ્રી કૃષ્ણ ઉપનિષદે રૂપકોનો ઉપયોગ કર્યો છે. જેમ કે વેદના તાત્પર્યરૂપ પરબ્રહ્મ શ્રી કૃષ્ણ છે. દેવકી બ્રહ્મવિદ્યા છે. વસુદેવજી વેદ છે. પરમાનંદ એ નંદ અને મુક્તિ એ યશોદા છે. ગોપીઓ અને ગાયો વેદની ઋચાઓ છે, દૂધદહીંની પ્રચુરતા એ ક્ષીરસાગર છે. બલરામ શેષનાગ છે, વિષ્ણુ શંખ છે, મહેશ ખડ્ગ છે, કાલિકા ગદા છે, સુદર્શન ચક્ર એ બ્રહ્મજ્ઞાન છે, કમલ જગતનું સર્જન છે. કંસ કલિ છે વિ.

પ્રભુના આધિદૈવિક સ્વરૂપની આધ્યાત્મિક પ્રતીતિ કરાવતાં આ રૂપકો ઘણાં ઉપયોગી છે. કથાકાર એનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને પોતાનું કાર્ય સરળ બનાવી શકે છે. પરંતુ એક સાવધાની અવશ્ય રાખવાની છે કે મૂળ તત્ત્વની ઐતિહાસિકતા કે પૌરાણિક વાસ્તવિકતાને આંચ ન આવે. 'दंभात्मकं बकं मारितवान्' શ્રી કૃષ્ણે દંભસ્વરૂપ બકાસુરને માર્યો એનો અર્થ માત્ર એટલો થતો નથી કે માનવીના હૃદયમાં રહેલ દંભનો નાશ કર્યો. એમણે વાસ્તવિક રીતે પણ બકાસુર નામના દૈત્યને માર્યો છે. કથાપ્રસંગોની અલૌકિકતાને (તે તર્કગમ્ય હોતી નથી જ, એટલા ખાતર) કેવળ રૂપકમાં ઘટાવવી એ તો અપરાધ છે. આપણે સર્વ-શક્તિમાન પરમાત્માના દિવ્ય ગુણ, કર્મનું ગાન કરી રહ્યા છીએ એ કદી ન ભુલાય.

૯. એકાક્ષર ઉપદેશ

કુશળ વક્તા જ્યાં સંક્ષેપની આવશ્યકતા છે ત્યાં સંક્ષેપ કરશે અને જ્યાં વિસ્તારની આવશ્યકતા છે ત્યાં વિસ્તાર કરશે. કુશળ વક્તાને કુશળ શ્રોતા મળી આવે તો ઘણીવાર થોડામાં ઘણું સમજાઈ જાય છે.

બૃહદારણ્યક ઉપનિષદ્‌માં આ પ્રસિદ્ધ કથા છે.

એકવાર દેવો, મનુષ્યો અને અસુરો શ્રી બ્રહ્માજીની પાસે બ્રહ્મચર્યપૂર્વક અધ્યયન કરવા ગયા. થોડા સમય બાદ એમણે ઉપદેશ (સમાવર્તન) ગ્રહણ કરવાની ઇચ્છા પ્રકટ કરી.

પ્રથમ દેવોએ પ્રાર્થના કરી, 'પ્રભુ અમને ઉપદેશ આપો.' તો બ્રહ્માજી બોલ્યા, 'દ.' પછી મનુષ્યોએ ઉપદેશની પ્રાર્થના કરી તો પણ બ્રહ્માજી બોલ્યા, 'દ.' અંતે અસુરોએ પ્રાર્થના કરી કે અમોને કાંઈક ઉપદેશ આપો તો ત્યારે પણ તે બોલ્યા, 'દ.' શિષ્યો વિચક્ષણ તો હતા જ. સમજી ગયા કે પ્રજાપતિ અમને અમારા જીવનમાં જે આવશ્યક છે તેનો ઉપદેશ આપી રહ્યા છે.

દેવોએ 'દ.'નો અર્થ કર્યો દમન. અમારે સ્વર્ગમાં ભોગ અતિશય છે. ભોગોનો આ અતિરેક અમને વિલાસી વિમુખ ન બાનવી દે માટે અમને દમનનો ઉપદેશ મળ્યો.

મનુષ્યોમાં સંગ્રહવૃત્તિ બહુ જોરદાર છે. જીવનભર એકઠું કર્યે જવાની

વૃત્તિમાંથી એ નવરો પડતો જ નથી. માટે તેમણે 'દ'નો અર્થ કર્યો દાન. બ્રહ્માજી અમોને કહી રહ્યા છે કે કેવળ સંગ્રહ-પરાયણ થવાને બદલે દાનવૃત્તિ કેળવો. (મનુષ્ય જાતિ રજોગુણ પ્રધાન છે અને રજોગુણમાં લોભ વિશેષ હોય છે.)

અસુરો તમોગુણ પ્રધાન છે. એમના સ્વભાવમાં ક્રૂરતા અને કઠોરતા સ્વાભાવિક રીતે હોય જ છે. એ સમજી ગયા કે 'દ' દ્વારા શ્રી બ્રહ્માજી અમોને દયાનો બોધ આપે છે. દયાળુ બનો.

કહેવાય છે કે આજે પણ વિશ્વને આ બોધ અપાઈ રહ્યો છે. મેઘગર્જનામાં આજે પણ આ 'દ....દ.....દ.....'નો ઘોષ શ્રી બ્રહ્માજીનો સનાતન ઉપદેશ છે.

જગતમાં જે અતિમિતાક્ષર ઉપદેશ અપાયા છે એમાંનો આ એક, એકાક્ષર ઉપદેશ સૂચવે છે કે તો શ્રોતાવક્તા વિવેકવાન હોય તો થોડામાં ઘણું આદાનપ્રદાન થઈ જાય છે.

૧૦. વક્તા : વિચારભૂમિકા

વક્તા ભગવાનનો કૃપાપાત્ર જીવ છે. પ્રભુએ એને વિચાર અને વાણી બંને આપ્યાં છે અને આ બે દ્વારા એ ઘણું કરી શકે છે. વિચાર અને વાણીનો ઉપયોગ ખંડનાત્મક રીતે પણ થઈ શકે છે અને મંડનાત્મક રીતે પણ થઈ શકે છે. પોતાની વાણી વડે પોતાના ઇષ્ટના ગુણગાન પણ કરી શકે છે અને ધારે તો અન્ય દેવની નિંદા કે અવહેલના પણ કરી શકે છે. પરંતુ એક પરિપક્વ વૈચારિક ભૂમિકા સિદ્ધ થયા બાદ તેને ખંડનમંડનમાં રસ ન જ હોય.

નિજ ઇષ્ટદેવના ગુણગાન કરવા જ જોઈએ. નિજ સાંપ્રદાયિક પરંપરાનું સ્નેહપૂર્વક પાલન કરવું જોઈએ, પોતાની ગુરુપરંપરાને સંનિષ્ઠ રહીને સેવવી જોઈએ. પરંતુ શાસ્ત્રોના આધારે આ બધાને વિવાદનો વિષય ન બનાવવો જોઈએ.

એક સ્વસ્થ વિચારક બીજાઓની ગૂંચવાયેલી મતિને સુલઝાવવાનો પ્રયાસ કરશે, તેઓને સ્પષ્ટ માર્ગદર્શન આપશે. પરંતુ તેઓને વધુ ગૂંચવવાનો પ્રયાસ નહીં કરે. સૌએ નિજ વૈયક્તિક જીવનમાં ભગવાનની ઉપાસના સંપ્રદાય પુરઃસર કરવી જોઈએ એ નિર્વિવાદ છે. પરંતુ કોઈનેય બીજી પરંપરાઓને હીન કે તુચ્છ બતાવવાનો અધિકાર નથી. માનવી ધારે તો જીવનની પ્રાયઃ બધી જ બાબતોને વિધેયાત્મક રીતે જોઈ શકે છે. શ્રી રામના કે શ્રી કૃષ્ણના ભક્તે શિવજીને પરમ

વૈષ્ણવ તરીકે, પોતાના જ આરાધ્યના એક મહાઆરાધકની દૃષ્ટિએ ન જોવા જોઈએ ? એમ જ શિવજીનો ભક્ત રામકૃષ્ણના વિરોધમાં શા માટે વિચારે ?

વક્તા પોતાના વક્તવ્યમાં ઇષ્ટદેવભક્તિ, ઉપાસનાભેદ અને સંપ્રદાયનિષ્ઠાને સ્વસ્થ તેમજ વિધેયાત્મકરૂપે પ્રસ્તુત કરે તો સમાજના બહુ મોટા વર્ગને માર્ગદર્શન મળી શકે છે.

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् જ્ઞાનીપુરુષે અજ્ઞાનીઓની બુદ્ધિમાં ભેદ ઊભો ન કરવો. એમને દ્વિધામાં ન નાખવા.

મહાપુરુષો અધિકાર અનુસાર ઉપદેશ કરે છે. જેમ વૈદ્ય રોગ પ્રમાણે દવા આપે છે તેમ શાસ્ત્રો અને સંતો અધિકાર વિચારીને ઉપદેશ કરે છે. શ્રી કૃષ્ણે પ્રવૃત્તિનો પણ ઉપદેશ આપ્યો છે અને નિવૃત્તિનો ઉપદેશ આપ્યો છે. અર્જુન સ્વધર્મમાંથી ચલાયમાન થવા માંગતો હતો. તેની દશા અને મનોદશા પ્રમાણે તેને પ્રવૃત્તિ જ અભીષ્ટ હતી. માટે પ્રભુએ તેને પરિણામનો વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી. અર્જુનનું ચિત્ત શુદ્ધ સાત્ત્વિકતાવાળું ન હતું. તેને નિવૃત્તિનો બોધ આપવામાં એનું કલ્યાણ ન હતું. પરંતુ શ્રી ઉદ્ધવજીને પ્રભુએ નિવૃત્તિ ધર્મનો ઉપદેશ આપ્યો. બધું છોડીને બદરિકાશ્રમ જવાની આજ્ઞા કરી. આનો અર્થ એ કે જે જેનો અધિકારી હોય તેને તે પ્રકારનો ઉપદેશ આપવો આવશ્યક છે. ઉપદેશનો મૂળ આશય વિવેકબુદ્ધિને જગાવવાનો છે. કેમ કે-

निवृत्तिरपि मूढस्य प्रवृत्तिरूपजायते ।
प्रवृत्तिरपि धीरस्य निवृत्तिफलदायिनी ।

અષ્ટાવક્ર ગીતાએ વ્યક્તિને મૂઢમાંથી ધીર બનાવવાનો આગ્રહ સેવ્યો છે. પ્રવૃત્તિ કે નિવૃત્તિ બહુ મહત્ત્વનાં નથી. મહત્ત્વની છે વિવેકબુદ્ધિ. જો માનવી મૂઢ હશે તો એની નિવૃત્તિ સાચી નિવૃત્તિ નહીં હોય અને પ્રજ્ઞાવાન મનુષ્યની પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ સમાયેલી હશે. એ કર્તા હશે તો ય એનું અકર્તાપણું કાયમ રહેવાનું જ.

શાસ્ત્રદોહન કરીને વક્તા વિવેકરૂપી દીપક પ્રકટાવવાનું કાર્ય કરે.

સિદ્ધાંતનું નિરૂપણ કરવામાં વક્તાએ ગૌરવ સાચવવાનું છે. પોતાના વક્તવ્યમાં સંદર્ભો પ્રસ્તુત કરવામાં પણ, પ્રતિપાદન કરવામાં પણ વ્યાસાસનના ગૌરવ અને ગાંભીર્યને જાળવવાનું છે.

પારંપરિક રીતે શાસ્ત્રોના અર્થઘટન કરતી વખતે સત્યમાં ભૂતકાળની ભૂલો પણ ન આવી જાય તેનો ખ્યાલ રાખવાનો છે અને સ્વતંત્ર રીતે અર્થઘટન કરવામાં સત્યના પ્રસ્તુતીકરણમાં વિકૃતિ તો આવી જતી નથી ને એ વિચારવું. વક્તા સત્યનો ઉપાસક છે, સત્યનો દાસ છે. એ સત્યને પોતાનું ગુલામ બનાવી ન શકે. ગૌરવપૂર્ણ સંદર્ભો વક્તવ્યને પણ ગૌરવ આપે છે.

સ્વતંત્ર નિરૂપણ કરવાના અતિઉત્સાહમાં વક્તાએ શાસ્ત્રવચનોને તોડી મરોડીને પોતાના અર્થઘટનને અનુકૂળ બનાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ. માથા પ્રમાણે ટોપી પહેરાય, કાંઈ ટોપી અનુસાર મસ્તક ન લવાય.

કથા અવશ્ય રસપૂર્ણ હોવી જોઈએ. નીરસ વક્તાથી તો વક્તા અને શ્રોતા સૌને પરિશ્રમ છે. પરંતુ રસનું ય ગૌરવ જળવાય. કથામંડપ એ પ્રભુનો દરબાર છે. પ્રભુના દરબારની અદબ સૌએ જાળવી જોઈએ. છીછરા વિષયો, કેવળ તુચ્છ મનોરંજન માટે મુકાતાં દૃષ્ટાંતોથી વક્તાએ દૂર રહેવું જોઈએ.

કથાને નીચલા સ્તરે પહોંચાડવી એના કરતાં નીરસ રહે તે સારું છે. શ્રોતાવર્ગને મુક્તિ આપવા માટે કથા છે, મનોરંજન આપવા માટે નહીં. વક્તાને શાસ્ત્રોનો અભ્યાસ નહીં હોય, હૃદયમાં ભાવભક્તિ નહીં હોય તો જ એ આવા ઉપાયો વિચારશે.

મને એક મહિલા કાર્યકર્તા બહેને કહ્યું હતું કે, ક્યારેક વક્તાઓ વ્યાસગાદી પરથી સ્ત્રીજાતિ માટે, કેવળ છીછરા મનોરંજન માટે, ઉપહાસ ભરેલા શબ્દો વાપરે છે કે દૃષ્ટાંતો આપે છે તો અમને ભારે દુઃખ થાય છે. વ્યાસાસને આરૂઢ વક્તાની વાણી એક ઋષિની વાણી હોય, એક આચાર્યની વાણી હોય, પ્રજ્ઞાવાન પુરુષોનું ભારોભાર શાણપણ ટપકતું હોય એવી પ્રૌઢ વાણીને સમાજ વેદતુલ્ય માનીને અંતરમાં સ્થાપે છે.

વક્તાના વક્તવ્યમાં મૌલિકતા હોવી જોઈએ. સૌને સૌની રીતે હરિગુણ ગાવાનો અધિકાર છે. સંતોએ પહેલાંથી જ આ વાત માની છે.

कहहिं सुनहिं बहुबिध सब संता

કથાના કથનમાં બહુવિધતાનું સૂચન મૌલિકતા સૂચવે છે.

વક્તા જે ગ્રંથ પર બોલે છે તે ગ્રંથ પર એને અપાર શ્રદ્ધા હોવી જોઈએ. નહિ

તો એની વાણીમાં ભક્તિનો રણકો આવશે નહીં. વક્તા કથાકાર કેવળ ગ્રંથના વાચક કે પાઠક નથી પરંતુ ઉપાસક પણ છે. એને એ શાસ્ત્ર પર અપાર શ્રદ્ધા અને સ્નેહ હોવાં જોઈએ.

जे श्रद्धा संबल रहित नहिं संतनकर साथ ।

तिन्ह कहुं मानस अगम अति जिन्हहि न प्रिय रघुनाथ ।।

જેની પાસે શ્રદ્ધારૂપી વાટખર્ચ નથી, સંતોનો સાથ નથી તેમ જ જેને શ્રી રામ પ્રિય નથી તેને માટે આ માનસ (શાસ્ત્ર) અગમ્ય જ છે.

વક્તા નિર્ભય થઈને પોતાના વિચારો સમાજ સામે પ્રકટ કરે. જે ભગવાનનો છે એને ભય શાનો ? સંત સમાજ ગુરુજનો વિના આ સમાજમાં એવું બીજું કોઈ નથી કે જે સત્યને નિર્ભય રીતે રજૂ કરી શકે.

ભગવચ્ચરિત્રોનું ગાન વક્તાએ હૃદયથી ગાવું જોઈએ, બુદ્ધિથી નહીં. કથાકાર સહેજ ઓછો જ્ઞાની હશે તો ચાલશે. પણ ભક્ત નહીં હોય તે નહીં ચાલે; તે પંડિત નહીં હોય તો વાંધો નહીં, પણ તે ભગવાનનો અને ભગવત્કથાનો પ્રેમી અવશ્ય હોય.

भकत्या भागवतं शास्त्रं न बुद्वया न च टीकया । ભાગવતશાસ્ત્રની સમજણ અને નિરૂપણ ભક્તિથી જ શક્ય છે. બુદ્ધિમત્તાથી કે ભાષ્યોથી નહીં.

કથાકાર સતત કૃપાનુસંધાન રાખે. એ વાતનું સતત સ્મરણ રાખે કે એ પરમકૃપાળુ પરમાત્માની અહૈતુકી કૃપાના કારણે વક્તા બની શક્યો છે. બાકી તો વક્તા દશ સહસ્ત્રેષુ હજારો મનુષ્યોમાંથી કોઈ જ વક્તા બની શકે છે. પ્રભુએ નિજગુણગાન કરવા માટે એનું વરણ કરીને એના ઉપર મહાઉપકાર કર્યો છે. આ વાતને વક્તા કદી ન ભૂલે.

૧૧. વક્તા : આચાર ભૂમિકા

વિચારપૂત આચાર વક્તાનું જીવનદર્શન છે.

ભગવાન શ્રી કૃષ્ણની દિનચર્યા જોઈને, ખાસ કરીને એમના સંધ્યાવંદન, જપ, દાન જેવા ધર્મકર્મો જોઈને શ્રી નારદજીને વિસ્મય થયું. તેમણે પ્રશ્ન કર્યો કે, 'પ્રભુ ! આપને આવું બધું શા માટે કરવું જોઈએ ?' પ્રભુએ તેમના સંશયનું સમાધાન કર્યું કે,

ब्रह्मान् धर्मस्य वक्ताहं कर्ता तदनुमोदिता ।

तच्छिक्षयँल्लोकमिममास्थितः पुत्र मा खिदः ।।

હે બ્રહ્મકુમાર ! હે બ્રહ્મન ! હું ધર્મનો વક્તા પણ છું. ધર્મનો કર્તા પણ છું અને ધર્મનું અનુમોદન કરનાર પણ છું. જગતને મારે ધર્મનો ઉપદેશ આપવાનો છે અને ઉપદેશ આચરણથી અપાય તો જ સફળ થાય. મારે વ્રત, યજ્ઞ, જપ વિ.ની કાંઈ જરૂર નથી. પરંતુ હું કરું તો સૌ કરશે માટે કરું છું.

આચાર્યો, સંતો, પરમહંસોની જેમ કથાકાર પણ ધર્મોપદેશક છે. તે ધર્મના વક્તા છે માટે પોતાનું જીવન જેટલું ધર્મમય બનાવશે તેટલું તેમનું પોતાનું અને સમાજનું કલ્યાણ થશે.

સનાતન વેદધર્મની આજ્ઞા અનુસાર માનવતાને સાચવીને, પ્રભુની પ્રસન્નતા માટે જીવનમાં ધર્માચરણ આવશ્યક છે. મહાત્મા ગાંધીજીએ લખ્યું છે કે, 'આ જગતનો પોતાનો અનુભવ છે કે અડધા નવટાંક જેટલા આચરણનું જે પરિણામ આવે છે તે મણમણનાં ભાષણોથી આવતું નથી.'

ધર્મનાં ચાર ચરણ સત્ય, તપ, દયા અને પવિત્રતા જીવનમાં ચરિતાર્થ થાય. વિચારોમાં, વાણીમાં અને વર્તનમાં સરળતા, નમ્રતા અને સ્વચ્છતા દૈવી ગુણ છે. શીલ, ચારિત્ર્ય અને પવિત્રતા અનિવાર્ય શરત છે.

વક્તાનું જીવન સાદું અને ઓછી જરૂરિયાતવાળું હોય. બહુશ્રુત તો હોય જ પરંતુ વિરક્તિમય જીવન જીવતા હોય, ભગવાનની ભક્તિ કરે અને કહે તેવા વક્તા શ્રીહરિને અતિપ્રિય છે.

વક્તાના વિચારોમાં ગહનતા હોય, વાણી અલ્પભાષિણી હોય છતાં સ્નેહાળ સત્યનિષ્ઠ હોય, વક્તા ગુરુ છે. તેના જીવનવ્યવહારમાં પણ ગૌરવનું હોવું આવશ્યક છે. એક નિરભિમાનિતાપૂર્વકની ગરિમા તેના વ્યક્તિત્વમાં અવતરી આવે છે.

યોગ્ય વેષભૂષા, સમયપાલન, સાત્ત્વિક આહારવિહાર જેવા સદ્‌ગુણો શાસ્ત્રજ્ઞાનીના જીવનમાં આવે જ.

વ્યક્તિઓના હૃદયમાં, સમાજમાં કથાકાર વક્તાનું ઘણું ઊંચું સ્થાન છે. બ્રહ્મલીન પ.પૂ. ડોંગરેજી, સંતશિરોમણી પ.પૂ. મોરારિબાપુ જંગમ ભાગવત

તીર્થરૂપ પ.પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી, પ.પૂ. શ્રી પાંડુરંગદાદા જેવા મહાત્માઓના જીવનમાં ઉપરોક્ત વક્તાની વિચારભૂમિકા તેમજ આચાર ભૂમિકાના આપણે સૌએ પ્રત્યક્ષ દર્શન કર્યાં છે. એ આપણા માટે પરમ પ્રેરક છે અને એ આપણું અહોભાગ્ય છે.

૨ : પ્રશ્નકર્તા

વક્તા પછી ભાગવત્કથાનું બીજું મહત્ત્વનું અંગ છે; પ્રશ્નકર્તા. શ્રોતા કરતાં પ્રશ્નકર્તાનું મહત્ત્વ વધારે છે. કથાનો લાભ ભલે અનેક શ્રોતાઓ લેતા હોય પરંતુ કથાનો સંવાદ તો વક્તા અને પ્રશ્નકર્તા વચ્ચે પ્રકટે છે. પ્રશ્નકર્તા વિવેકી હોય તો કથા સંબંધી વિવેકપૂર્ણ પ્રશ્નો ઉત્પન્ન થશે. પરંતુ અવિવેકી પ્રશ્નકર્તા કથામાં રસભંગ પણ કરી શકે અને કથાનો દોર પણ કંઈક અંશે એના હાથમાં હોવાથી વ્યર્થ પ્રશ્નો દ્વારા, બાલિશ પ્રશ્નો દ્વારા વક્તાશ્રોતાઓને કષ્ટ પણ આપી શકે. માટે, પ્રશ્નકર્તા વિવેકવાન હોવો જોઈએ.

પ્રશ્નકર્તાના અધિકાર અનુસાર પ્રશ્ન ૪ પ્રકારના હોય છે :

૧ : ઉત્તમ પ્રશ્ન : વિશુદ્ધ જિજ્ઞાસાથી જે પ્રશ્ન પુછાય તે ઉત્તમ પ્રશ્ન છે. પ્રશ્નકર્તા કપટરહિત ભાવે, વિનમ્રતાથી પ્રશ્ન કરે છે. પોતાના અજ્ઞાનને દૂર કરવા, ભ્રમ કે સંશયને નિવારણ માટે પ્રશ્ન કરે છે, એ પૂછવા ખાતર પુછાતો નથી પરંતુ પોતાના પ્રશ્નના ઉત્તરમાં જે બોધ અથવા આજ્ઞા મળે છે તેનું મનન કરીને જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરે છે. મોટા ભાગના શાસ્ત્રો કોઈ મહાન જિજ્ઞાસુના આવા પ્રશ્નોના ઉત્તરમાં જ પ્રકટ્યા છે. આનાં અર્જુન, શૌનકાદિ ઋષિઓ, પાર્વતીજી, ભરદ્વાજ વિ. અનેક પ્રમાણો છે.

૨ : મધ્યમ પ્રશ્ન : પ્રશ્નકર્તા વક્તા પર પોતાના વિદ્વાન હોવાની છાપ પાડવા પ્રશ્ન કરે છે. ઘણીવાર તો એને ઉત્તરની ય ખબર હોય છે પરંતુ એ ઘણું જાણે છે એમ સૂચવવા માટે જ પ્રશ્ન કરતો હોય છે.

૩ : નિકૃષ્ટ પ્રશ્ન : વક્તાના જ્ઞાનની પરીક્ષા કરવા માટે કરાયેલો પ્રશ્ન નિકૃષ્ટ પ્રશ્ન છે કેમ કે તેમાં જિજ્ઞાસા તો છે જ નહીં; સાથે સાથે વક્તા પ્રત્યે સન્માનનોય અભાવ છે. આ પ્રકારના પ્રશ્નો કરવા સંત અપરાધ છે.

૪ : અધમ પ્રશ્ન : આસુરી બુદ્ધિના માણસો કદાચિત્ સત્સંગમાં પહોંચી જાય

તો સત્સંગમાં વિક્ષેપ કરવા માટે, સૌની એકાગ્રતા તોડવા માટે, ઉપદ્રવ ઊભો કરવા માટે પ્રશ્ન કરે છે. આવા જીવોને કથાભંગરૂપી પાપ લાગે છે અને તેઓ નરકગામી થાય છે.

શુદ્ધ જિજ્ઞાસાથી પ્રશ્ન કરનાર ઉત્તમ પ્રશ્નકર્તા છે પરંતુ ભગવાનનાં ચરિત્રોનું રસપાન કરવાના આશયથી પ્રશ્ન કરાય તે તો ઉત્તમોત્તમ છે. વક્તાને આવા પ્રશ્નો સાંભળીને સુખ થાય છે, પરમ પ્રસન્નતા થાય છે. પ્રશ્નકર્તા ઉત્તમ અધિકારી છે એમ વિચારીને કથાસંબંધી પ્રશ્ન વક્તાને પ્રસન્ન કરી દે છે.

પરીક્ષિતે જ્યારે કૃષ્ણકથા સંબંધી પ્રશ્ન કર્યો ત્યારે શ્રી શુકદેવજીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. તેમણે વાણી વડે, અભિનંદન રૂપે પરીક્ષિતની પૂજા કરી છે !

प्रत्यर्च्य कृष्णचरितं कलिकल्मषघ्नं
व्याहर्तुमारभत भागवतप्रधानः ।।

તેમણે જોયું કે પરીક્ષિતના પ્રશ્નમાં કોઈ કપટ નથી. લીલાશ્રવણની ઉત્કટ ઇચ્છાથી એ ભાવ અને શ્રદ્ધાપૂર્વક પ્રશ્ન કરે છે. ભગવાન અને ભગવાનના ગુણો બંને પૂજ્ય છે. ભગવાનના ગુણોનો પ્રશ્નકર્તામાં શ્રવણેચ્છા રૂપે અને વક્તામાં કથા રૂપે આવેશ થાય છે. માટે તેઓ બંને પૂજનીય છે.

વળી, ઉત્તમ પ્રશ્નકર્તા અવતારલીલા સંબંધી પ્રશ્ન કરે છે ત્યારે વક્તાના હૃદયમાં તે તે લીલાઓનો આવિર્ભાવ થઈ જાય છે. જેમ કે-

हर हिय रामचरित सब आए । प्रेमपुलक लोचन जल छाए ।।

પાર્વતીજીએ પ્રશ્ન કરતાં જ શિવજીના હૃદયમાં સર્વ રામચરિત પ્રકટ થઈ ઊઠ્યા. જાણે એમના અંતઃકરણ પર સન્મુખ ઉપસ્થિત થઈ ઊઠ્યા. પ્રેમથી એ પુલકિત થઈ ઊઠ્યા. એમનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું.

ભગવાનની લીલાઓ સંબંધી પ્રશ્ન કરનાર વક્તાને સાચે જ પરમ સુખ આપે છે માટે, દરેક વક્તા પ્રશ્નકર્તાનો ઉપકાર માને છે. તે એટલા માટે કે સામાન્ય સ્થિતિમાં તો ચરિત્રો સ્મૃતિરૂપે વસે છે. પરંતુ પ્રશ્ન થતાં તેને વાણીરૂપે વહેવાનું નિમિત્ત સાંપડે છે. અંતઃસ્થિત કથા જ્યારે કંઠ દ્વારા બહાર વહેવા લાગે છે ત્યારે વક્તાને વધુ સુખ થાય છે. શ્રોતાના અભાવમાં લીલાઓ ભલે સ્મરણભક્તિ રૂપે

સેવાતી હોય પરંતુ અધિકારી શ્રોતાઓ મળતાં જ તે કીર્તનભક્તિનું રૂપ ધારણ કરે છે. આ દૃષ્ટિએ કીર્તનભક્તિ વધુ સુખકારી છે કેમ કે સ્મરણભક્તિમાં સ્મરણ કરનાર માત્રને જ સુખ મળે છે જ્યારે કીર્તનભક્તિ વક્તા, પ્રશ્નકર્તા અને શ્રોતા આ ત્રણે અંગોને સુખ આપે છે.

વળી, કથા તો સૌને પાવન કરે જ છે પરંતુ 'કથાપ્રશ્ન' પણ સૌને પાવન કરે છે. શ્રી શુકદેવજી સ્વયં કહે છે કે,

वासुदेवकथाप्रश्नः पुरूषाँस्त्रीन् पुनाति हि ।
वक्तारं पृच्छकं श्रोतॄँस्तत्पाद सलिलं यथा ।।

મુક્તિદાતા વાસુદેવ સંબંધી જે પદાર્થ હોય છે તે બધા પવિત્ર કરનારા હોય છે. જ્યારે કૃષ્ણકથા સંબંધી પ્રશ્ન કરવામાં આવે છે ત્યારે એ પ્રશ્ન વક્તા, પ્રશ્નકર્તા અને શ્રોતા આ ત્રણેને નિષ્પાપ બનાવી દે છે.

વક્તામાં એક ખામી છે. એ ભગવાનના ગુણોને જાણે છે છતાં એ મૌન છે. આ ખામી પણ પ્રશ્નકર્તાના પ્રશ્નને અવતારકથા સંબંધી પ્રશ્નને સાંભળીને નષ્ટ થઈ જાય છે. પ્રશ્ન વક્તાને પણ પાવન કરે છે. પ્રશ્ન મુખમાંથી નીકળે છે અને પ્રશ્નકર્તાનાં પાતકોનો નાશ કરી દે છે. જેમ ગંગાના બેમાંથી કોઈ પણ કિનારે કે મધ્યમાં સ્નાન કરવામાં આવે તો તે સમાન રીતે ફલ આપે છે. તેમ અહીં પ્રશ્ન સર્વને સમાન રીતે પાવન કરે છે.

શ્રોતા :

શ્રી મહાપ્રભુજીએ પંચપદ્યાનિ નામની આ નાનકડી રચનામાં ભગવત્કથાના શ્રોતાઓના અધિકાર ભેદ, કથા ભેદ બતાવ્યા છે તે જોઈએ.

શ્રી પંચપદ્યાનિ

श्रीकृष्णरसविक्षिप्त-मानसा रतिवर्जिताः ।
अनिर्वृता लोकवेदे-ते मुख्याः श्रवणोत्सुकाः ।।१।।

જેઓ શ્રી કૃષ્ણના ભજનનાનંદરૂપ રસમાં તરબોળ મનવાળા વિષયપ્રપંચમાં કીર્તિ વિનાના, તેમ જ લોકમાં અને વેદક્રિયામાં રસ વિનાના, ભગવત્કથા શ્રવણમાં ઉત્સાહવાળા છે, તેઓ ઉત્તમ શ્રોતાઓ છે.

આ શ્લોકમાં પુષ્ટિમાર્ગીય શ્રોતા અથવા સર્વોત્તમ શ્રોતાનાં ચાર વિશેષણો ગણાવ્યાં છે, જો તે ચારેચાર એક જ શ્રોતામાં હોય તો તેને ઉત્તમ કક્ષાનો માન્યો છે.

(૧) શ્રી કૃષ્ણ-રસ-વિક્ષિપ્ત-માનસા: શ્રી કૃષ્ણ ભગવાન સૌંદર્યનિધિ છે. તે ભગવાનના ભજનાનંદનો રસ જાગ્રત થતાં સ્વાર્થ કાર્યનું જરા પણ અનુસંધાન રહેતું નથી અને શ્રી કૃષ્ણના ભજનાનંદમાં તન્મય થઈ ગયેલા હોય છે.

(૨) રતિવર્જિતા : પ્રપંચ કાર્યોમાં તેમને રસ રહેતો નથી, અથવા અરતિવર્જિતા : ભગવચ્ચરિત્રશ્રવણમાં પુષ્કળ રતિ ધરાવનારા હોય છે. ભગવાનનું હૃદયમાં સ્ફુરણ થવા છતાં બહાર પ્રકટ ન થતાં ભગવાનની સાથે વાર્તાલાપ વગેરે રમણ રસ વિનાના એવો અર્થ 'રતિવર્જિતા'નો થાય છે.

(૩) લોકે વેદે અનિર્વૃતા: ભગવાનનું વચનામૃત શ્રવણ વગેરેની વાંછા છે તે મળતાં નથી તેથી તેમના મનમાં લોકકાર્યોમાં જરાય રસ નથી, તેમ જ તેમના મનમાં ફલાભિલાષાથી સકામ કાર્યો કરવામાં પણ જરાય રસ નથી.

(૪) શ્રવણોત્સુકા: સેવા વગેરે મળતાં નથી, ત્યારે ગોપીજનોની માફક ક્યારે ઉદ્ધવ મળશે ને ભગવલ્લીલાઓ સંભળાવશે ? એવી ઉત્કંઠાવાળા.

તાત્પર્ય-ભગવદ્વિયોગથી વિક્ષિપ્ત ચિત્તવાળા, પ્રત્યક્ષ ભગવદ્વાર્તાલાપ વગેરે રમણ વિનાના અને કેવલ ગુણાનુવાદ શ્રવણની અતિશય આતુરતા સેવનારા શ્રેષ્ઠ કક્ષાના શ્રોતાઓ છે.

विकिलन्नमनसो ये तु-भगवत्स्मृतिविह्वलाः ।
अथैकनिष्ठास्ते चापि- मध्यमाः श्रवणोत्सुकाः ।।२।।

અત્યંત આર્દ્ર મનવાળા, ભગવાનના સ્મરણથી દર્શનાતુર બનેલા મોક્ષાદિ પુરુષાર્થમાં નિષ્ઠાવાળા, જેઓ ભગવદ્ગુણગાન શ્રવણમાં ઉત્સાહ ધરાવે છે, તેઓ પણ મધ્યમ શ્રોતા છે.

આ શ્લોકમાં મધ્યમ કક્ષાના શ્રોતાઓનાં ચાર વિશેષણો છે :

(૧) વિકિલન્નમનસ: સ્વભાવથી જ આર્દ્ર મનવાળા છે. કથાશ્રવણ થતાં વધુ આર્દ્ર થઈ જાય છે. તેમની સાથે બેઠેલ હોય તેમના હૃદયને પણ દ્રવીભૂત બનાવે છે

(૨) ભગવત્સ્મૃતિવિહ્વલા: ભગવત્સ્મરણ થતાં ભગવદ્દર્શનની આતુરતા વધી જતાં સહજ વ્યાકુલ બની જાય છે.

(૩) અર્થૈકનિષ્ઠા: મોક્ષ પુરુષાર્થ સિદ્ધ કરવામાં મનવાળા છે તેથી તેઓ જ્ઞાન તરફ અભિરુચિવાળા છે. મુક્તિથી પર ભજનાનંદમાં તેમને રસ નથી.

(૪) શ્રવણોત્સુકા: શ્રવણની ઉત્કંઠા તેમને હોય છે.

આ ચાર પ્રકારના શ્રોતા મધ્યમ કક્ષાના છે.

निःसन्दिग्धं कृष्णतत्त्वं-सर्वभावेन ये विदुः ।
ते त्वावेशात्तु विकला- निरोधाद् वा न चान्यथा ।।३।।

पूर्णभावेन पूर्णार्थाः - कदचिन्न तु सर्वदा ।
अन्यासक्तास्तु ये केचिद् -अधमाः परिकीर्तिताः ।।४।।

જેઓ સંદેહરહિત શ્રી કૃષ્ણતત્ત્વને સર્વાત્મક ભાવથી જાણે છે, તેઓ તો ભગવદાવેશથી અથવા નિરોધ થવાથી વિહ્વલ થાય છે. તેમની ભગવત્સ્વરૂપના અનુભવથી વિહ્વલતા નથી હોતી. કોઈક વખત પૂર્ણ ભાવથી તેઓ ભગવદ્ભાવથી પૂર્ણ થાય છે, પરંતુ સર્વદા તેમ નથી. વળી જે કેટલાક તો અન્યાસક્ત પણ હોય છે, તેઓ ત્રીજી કથાના શ્રોતા કહેવાય છે.

આ બે શ્લોકમાં ત્રીજી શ્રેણીના શ્રોતાઓનું નિરૂપણ છે. બંને શ્લોકો મળીને ચાર વિશેષણો છે :

(૧) નિઃસંદિગ્ધમ્ - જેઓને ભગવાન ષડૈશ્વર્યસંપન્ન, પરમદયાળુ દીનબંધુ પતિતપાવન, જ્ઞાનભક્તિદાદા વગેરે ગુણસમ્પન્ન છે એવું માહાત્મ્ય જ્ઞાન સર્વાત્મભાવથી છે, તેઓને ભગવન્માહાત્મ્ય માટે જરાય સંદેહ નથી. પરંતુ જેઓને તે માહાત્મ્ય જ્ઞાન શ્રવણથી થયું છે તેઓને ભગવાનનો સાનુભાવ થયો નથી.

(૨) તે તુ આવેશાત્ -વળી ભગવદ્રસાવેશ તેમનામાં છે, તેનાથી વિફલતા પણ છે પરંતુ તે આવેશ રહે ત્યાં સુધી જ રહે છે. શ્રવણમાંથી નીકળી બહાર આવ્યા કે આવેશ ઊતરી જાય છે.

(૩) પૂર્ણભાવેન - પૂર્ણપુરુષ ભગવાનના ભાવથી તેઓ ભાવપૂર્ણ બની જાય

છે પરંતુ તેવી ભૂમિકા તેમની ક્વચિત્ હોય છે. ભગવદીયોના પ્રસંગમાં કે કીર્તન-શ્રવણાદિના અવસરમાં આવે ત્યારે જ હોય, કાયમ ન હોય.

(૪) અન્યાસક્તા : અન્યમાં આસક્તિ હોય અથવા સ્વર્ગાદિ સુખ, લોકસુખમાં કે લૌકિક વ્યક્તિઓમાં મન હોય છે. આવી યોગ્યતા ધરાવતા શ્રોતાઓની ત્રીજી શ્રેણી છે.

अनन्यमनसो मर्त्याः उत्तमाः श्रवणादिषु ।
देशकालद्रव्यकर्तु-मंत्रकर्मप्रकारतः ।। ५ ।।

દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મના પ્રકારથી શ્રવણાદિ નવધા ભક્તિમાં જે મનુષ્યો અનન્ય મનવાળા હોય છે, તેઓ ઉત્તમ ગણાય છે.

દેશ, કાલ, દ્રવ્ય, વસ્તુ કરનાર, મંત્ર અને કર્મ એ છ તરેહની રીતથી, શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિમાં જેઓ અનન્ય મનવાળા હોય છે અર્થાત્ જેઓનું મન બીજામાં હોતું નથી, તે ચોથા પ્રકારના શ્રોતાઓ છે. આ શ્રોતાઓને શ્રવણાદિક નવધા ભક્તિમાં ઉત્તમ અધિકારી ગણ્યા છે. ઉપર ચાર શ્લોકોમાં ગણાવ્યા તેવા ત્રણ પ્રકારના શ્રોતાઓ ન મળે તો આ ચોથા પ્રકારના શ્રોતાઓને મેળવીને તેઓની સાથે મળીને પણ હરિકીર્તન શ્રવણાદિ અવશ્ય કરવાં.

*

૩. શ્રોતા–

गुढौ तत्त्व न साधु दुरावहिं । आरत अधिकारी जहँ पावहिं ।।

શ્રોતા આર્ત અધિકારી હોવો જોઈએ. જો આર્ત અધિકારી મળે તો સાધુજનો ગૂઢમાં ગૂઢ તત્ત્વનેય પ્રકટ કરી દે છે. ભગવત્કથાનાં ગૂઢ રહસ્યો વાસ્તવમાં અનધિકારીને માટે, અવિશ્વાસુ વિ.ને માટે ગૂઢ છે. મહાત્માઓ આ તત્ત્વ અતિમૂલ્યવાન છે માટે (અતિમૂલ્યવાન આભૂષણની જેમ) તેને ગૂઢ રાખે છે. પરંતુ શ્રોતાના હૃદયમાં ભગવાન પ્રસંગો શ્રવણ કરવાની તેમજ તેનાં રહસ્યોને સમજવાની વ્યાકુળતા રહેતી દેખાય તો તે તેને તે અધિકારી સમજીને કહી દે છે.

શ્રી મહાપ્રભુજીનો પણ આગ્રહ છે કે ભગવત્કથા જ્યાં ત્યાં જેને તેને, તેનો અધિકાર વિચાર્યા વિના કહી ન દેવી જોઈએ. તત્ત્વદીપ નિબંધના પ્રકાશમાં કહેવાયું

છે કે, भागवत प्रसंगो न यथाकथंचित् यत्रकुत्रचित् कर्तव्यः किंतु महान्तश्चेद् बहवः शुद्धास्तीर्थनिरताः प्रार्थयेयुः तदैव प्रसंगः कर्तव्यः अन्यथा प्रसंगं न फलति ।। ભાગવત કથા જ્યાં ત્યાં ન કરતાં, શુદ્ધ તીર્થનો આશ્રય કરનારા ઘણા, મોટા પુરુષો જો તે માટે પ્રાર્થના કરે તો જ કરવો. પ્રથમ તેઓમાં શ્રી ભાગવત માટે આદર દૃઢ કરવો અને ત્યાર બાદ કથા કરવી. નહીં તો ફલની પ્રાપ્તિ થતી નથી.

પ્રવર અને અવર શ્રોતાઓ

સ્કંદ પુરાણીય ભાગવત માહાત્મ્યમાં 'પ્રવર' અને 'અવર' એવા બે પ્રકારના શ્રોતાઓનો ભેદ માનવામાં આવ્યો છે. તેઓના સ્વભાવ અનુસાર કેટલાંક પ્રતીકાત્મક નામો આપવામાં આવ્યાં છે.

પ્રવર એટલે ઉત્તમ શ્રોતા પ્રકારમાં 'ચાતક શ્રોતા'. જે શ્રોતા ચાતક પક્ષીની જેમ પૃથ્વી પરના સર્વ જલનો ત્યાગ કરીને કેવળ મેઘના જળનું પાન કરીને જીવન નિર્વાહ કરે છે તેમ જ્ઞાનવૈરાગ્યના વિષયોને બદલે આ શ્રોતાઓને અવતારલીલા રસ પીવો જ ગમે છે.

'હંસ શ્રોતા' વિવેકવાન શ્રોતા છે. નીરક્ષીરને પૃથક્ કરીને ક્ષીરપાન કરે તે હંસ. એમ અનેક શ્રોતત્વ રસોમાંથી કથાકારને પૃથક્ કરીને પીવે તે હંસ શ્રોતા છે.

'શુક શ્રોતા' પોપટની જેમ બધું શીખી લઈને, ઉત્તમમાં ઉત્તમ તત્ત્વને ગ્રહણ કરી લઈને પછી તે પુનઃ કથન કરે, શ્રવણ કરે, ગ્રહણ કરે અને પુનઃ ઉચ્ચારણ કરે એ પોપટનો ગુણ આ શ્રોતાઓમાં હોય છે. જેમ શ્રી શુકદેવજી વેદવ્યાસજીની પાસેથી શ્રી ભાગવતજીનું ભણ્યા, તેને હૃદયસ્થ કર્યું અને પછી ઋષિસમાજની વચ્ચે પરીક્ષિતને કહ્યું. આ પ્રકારે કથા સાંભળે, મનન કરે અને તેનું વારંવાર કીર્તન કરે તે શુકશ્રોતા છે.

'મીન શ્રોતા' જેમ માછલી જળમાં જ નિમગ્ન રહે, જળ જ એનું જગત અને જીવન એમ કથા જ સૃષ્ટિ છે અને પ્રાણ છે. તે શ્રોતા મીનશ્રોતા છે. મીનશ્રોતા શ્રવણરસિક છે. પરંતુ ઉપરના ત્રણની જેમ કીર્તનને બદલે મૌનપરાયણ રહે છે.

અવર શ્રોતા ભેદમાં શ્રોતાઓના કેટલાક દોષો ગણાવ્યા છે.

'વૃક' શ્રોતા પોતાના કઠોર અવાજથી અન્યને ત્રાસ આપે છે. કથારસ પાન કરવામાં તન્મય શ્રોતાઓને તે વિઘ્નકર્તા નીવડે છે.

'ભૂરૂંડ' એક પક્ષી છે. હિમાલયમાં વસતું પક્ષી. તે અન્યને બોધ આપશે પરંતુ સ્વયં આચરણ નહીં કરે, તેમ શ્રોતા કથાની સારી સારી વાતો બીજાને સંભળાવશે બીજાને ધર્મ અધર્મનો ઉપદેશ આપશે. પરંતુ પોતે નહીં કરે.

'વૃષ' વિવેકહીન શ્રોતા છે. ખેતરમાં બેઠેલો બળદ ગમાણમાં પડેલા ઘાસને મીઠી દ્રાક્ષને કે પીરસેલા કંસારને જરાય ભેદભાવ સમજ્યા વિના ખાય છે. તેને ખાવા માત્ર જોઈએ છે પછી તે ઉત્તમ હોય કે અધમ, એમ કથામાં વિવેકનો ઉપયોગ કર્યા વિના, જડતાપૂર્વક પરાયણ થાય તે વૃષ શ્રોતા.

'ઉષ્ટ્ર' બળદ તો કાંઈક સારો કે જે મળે તે ખાઈ લે છે પરંતુ ઊંટ તો લીલું ઘાસ મધુર ફળો હોવા છતાં કડવા લીમડાનાં પાન, બાવળનાં પાન જ ખાય. એમ ઉત્તમ સુલભ હોય છતાં તે ત્યજીને હીન વસ્તુ સ્વીકારે, કથામાંથી કુત્સિત અને હીન અર્થો તારવે એ ઉષ્ટ્ર શ્રોતા છે. સભામાં ગણગણાટ કરે તે ભ્રમર શ્રોતા અને જોરજોરથી ભૂંકે તે ખર શ્રોતા !

ફલમાં અવરોધ

અભક્ત વક્તા કે શ્રોતા

ભગવત્કથાની સફળતા માટે વક્તા-શ્રોતા ઉભયના અંતઃકરણમાં ભક્તિ-ઓછાવત્તા પ્રમાણમાં ય હોવી નિતાંત આવશ્યક છે. અવૈષ્ણવ, અભક્તના મુખેથી **કથાશ્રવણ કરવામાં આવે તો શ્રોતાઓને ભાગ્યે જ ફલ પ્રાપ્ત થાય અને વક્તા અભક્તોને-અનધિકારીઓને ઉત્તમોઉત્તમ કથા સંભળાવશે તોય કશો લાભ નહીં થાય.**

આમ તો ભગવન્નામમાં, કથામાં બધાનો અધિકાર છે. પ્રેતાત્મા સુધ્ધાંનો અધિકાર છે, જે કોઈ કહે, સાંભળે તે બધાનું કલ્યાણ થાય છે. અજામિલ જેવા ય ભગન્નામથી પવિત્ર થયા છે. છતાં જેમ છિદ્રવાળા પાત્રમાં ઉત્તમ રસ ભરવામાં આવે તો તે રસ વધુ સમય ટકતો નથી, તેમ અભક્ત આપેલ જ્ઞાન કે અભક્તને આપેલ જ્ઞાન હૃદયારૂઢ થતું નથી.

સાધકોએ જેની તેની સાથે વાણીવિલાસ કરવો ન જોઈએ. વાણી દ્વારા પણ મિલન થાય છે. બહિર્મુખ, નાસ્તિક કે અધમ પ્રકૃતિના મનુષ્યો સાથે વાદવિવાદમાં ન ઊતરતાં, 'મૌનં સર્વાર્થસાધકમ્' જેટલું શક્ય થાય તેટલું મૌન રાખવું, વિવાદથી વિખવાદ થાય. જેઓની સાથે સંવાદ સલાહ ભરેલો નથી. તેઓની સાથે વિવાદમાં તો ઊતરાય જ નહીં.

ઉપદેશનો પ્રભાવ ક્યારે ન પડે ?

કાશ્મીરમાં એક કેશવ ભટ્ટ નામના વિદ્વાન કથાકાર રહે. તેમના એક શિષ્ય માધવ ભટ્ટ હતા. શ્રી મહાપ્રભુજી સુબોધિની કથા કરતા ત્યારે તે શ્રવણ કરવા આ કેશવ ભટ્ટ અને તેમના શિષ્ય માધવ ભટ્ટ બંને આવતા. માધવ ભટ્ટ ખૂબ જ મન લગાડીને દાસભાવ હૃદયમાં રાખીને શ્રવણ કરતા. તેમને કથામાં અતિઆનંદ આવતો, તે કાયમને માટે શ્રી મહાપ્રભુજીના શરણમાં આવી ગયા.

ક્યારેક એક વૈષ્ણવે શ્રી મહાપ્રભુજીને પ્રશ્ન કર્યો કે, 'આપની કથામાં કેશવ ભટ્ટ અને માધવ ભટ્ટ બંને શ્રોતા બનીને આવતા હતા તો તેમાંથી માધવ ભટ્ટને લાભ થયો અને કેશવ ભટ્ટને લાભ કેમ ન થયો ?' ત્યારે શ્રી વલ્લભે ઉત્તર આપ્યો કે, 'કેશવ ભટ્ટે બરાબરીનો ખ્યાલ રાખીને કથા સાંભળી અને માધવ ભટ્ટે દાસભાવ, શિષ્યભાવ રાખીને, નમ્રતાથી, કોઈ પણ પૂર્વગ્રહ વિના કથા સાંભળી, માટે આ ફલભેદ થયો.'

જ્યારે શ્રોતા હું વક્તાની બરોબરિયો છું કે અમુક બાબતમાં ચઢિયાતો છું એમ વિચારીને શ્રવણ કરવા બેસે છે તો એ શ્રવણનું ઉત્તમ, દુર્લભ અને સાચું ફલ ગુમાવે છે. કરેલો સત્સંગ એળે તો જતો નથી પરંતુ જે ફળ મળવું જોઈએ એ ફળ એને નથી જ મળતું.

ઉપદેશનો પ્રભાવ કોને ન પડે ?

અર્થવાદની આશંકા :

પુરાણોમાં વર્ણવાયેલી કથાઓ દેવ, અસુર કે મનુષ્ય - સર્વ કોઈને માટે ઉપયોગી છે પરંતુ એ કથાઓ માત્ર શ્રોતાઓનું મનરંજન કરવા માટે કહેવાય છે એવું માનવાની ભૂલ ન કરવી જોઈએ. નારદપુરાણમાં સૂતજી ઋષિઓને આ અંગે ચેતવણી આપી રહેલા છે તે મનનીય છે.

पुराणेश्वर्थवादत्वं ये वदन्ति नराधमाः ।
तैरर्जितानि पुण्यानि क्षयं यान्ति द्विजोत्तमा : ।।

'હે દ્વિજવરો ! જે નરાધમ પુરાણોમાં અર્થવાદની શંકા કરે છે. તેના કરેલાં સમસ્ત પુણ્યકર્મો નષ્ટ થઈ જાય છે. (વેદ શાસ્ત્રો જે કરવાની આજ્ઞા કરે છે તે કરવામાં રુચિ, ઉત્સાહ ઉત્પન્ન કરનારાં વાક્યો, દૃષ્ટાંતોને અર્થવાદ કહે છે. ગ્રંથના મૂળ વિષયનું ગૌરવ, મહિમા દર્શાવવા લખાયું હોય તે અર્થવાદ છે. આ મહિમાનિરૂપણ માત્ર વાક્યો શ્રોતાઓને પ્રેરવા માટે અતિશયોક્તિરૂપે લખાયો છે

અથવા વધારે પડતી પ્રશંસા કરવામાં આવી છે એમ માનવું તે દોષ છે. આ દોષને અર્થવાદ કહે છે.) જે શ્રોતા કથાના પ્રસંગોને આવા અર્થવાદ માનશે તેને કથાશ્રવણનું ફળ પણ નહીં સાંપડે અને ઉપદેશનો કોઈ પ્રભાવ પણ નહીં પડે.

મનની આવશ્યકતા

જ્યારે પ્રેત એવા ધુંધુકારીને લેવા માટે વૈકુંઠથી વિમાન આવ્યું અને અન્ય મુનિજન શ્રોતાઓને માટે વિમાન ન આવ્યાં તેથી વિસ્મય પામીને ગોકર્ણ ભગવાનના દૂતોને પ્રશ્ન કર્યો કે, 'અમારા કથાસત્રમાં શ્રોતા તરીકે ઘણા વિશુદ્ધ અંતઃકરણવાળા મહાત્માઓ બિરાજમાન છે. એ બધાને માટે આવાં વિમાનો કેમ ન લાવ્યા ?' ભગવાનના પાર્ષદોએ કહ્યું, 'જ્યાં શ્રવણના પ્રકારોમાં ભેદ છે ત્યાં ફલનો પણ ભેદ છે. તમારા ભાઈ ધુંધુકારીએ જે પ્રકારે મનન કર્યું છે તેમ કોઈએ મનન કર્યું નથી.'

જે જ્ઞાન સ્થિર ન હોય તે જ્ઞાન નષ્ટ થઈ જાય છે. એકાગ્રતા વિના કરેલું શ્રવણ વ્યર્થ થાય છે.

જેને ગુરુવાક્યમાં વિશ્વાસ નથી. પોતાનામાં દીનતા નથી. મનની ચંચળતા જેવા દોષો પર વિજય અને ભગવત્કથામાં અવિચલ શ્રદ્ધા તન્મયતા ન હોય તો સત્સંગ ફલિત થતો નથી.

૯

કથા ભાવ

કથામાં શ્રદ્ધા

ભગવત્કથા દ્વારા ભગવત્પ્રાપ્તિ પણ થઈ શકે છે, ભક્તિ અને મુક્તિ જેવાં શ્રેષ્ઠ ફલ સંપાદન કરી શકાય છે. પરંતુ એ માટે વક્તા તેમજ શ્રોતાના હૃદયમાં ભગવાન માટે, ભગવાનના સર્વ શક્તિમાનપણા માટે તેમજ ભગવાનના કરુણામય, કૃપાલુ સ્વભાવ માટે શ્રદ્ધા હોવી જરૂરી છે. રામાયણ, ભાગવત, મહાભારત જેવા દિવ્ય શાસ્ત્રો ત્યારે જ ફલિત થાય છે જ્યારે વક્તા-શ્રોતા સૌને ભગવાનની, ભગવાનના સ્વભાવની તેમજ ભગવાનની લીલાઓની નિર્દોષતા માટે જરા ય સંશય ન હોય.

અસંભાવના-વિપરીતભાવના દોષ :

ભગવાનના અવતાર પ્રસંગો આવશે જેને પરમ શ્રદ્ધા વડે જ આત્મગત કરવા પડશે. જેનામાં શ્રદ્ધાદૌર્બલ્ય કે સંશયપણું હશે તેને ભગવાનની કૃતિમાં વ્યામોહ થશે. આવી વ્યક્તિને ભગવાનનાં કેટલાંય ચરિત્રોમાં અતિશયોક્તિ કે અસંભવિતપણું દેખાશે. સંસારિક નિયમો, પ્રકૃતિના સિદ્ધાંતોને પ્રભુ વશ નથી. માટે તો એ પ્રભુ (સ્વામી) કહેવાય છે. પ્રભુ પ્રકૃતિને વશ નથી પરંતુ પ્રકૃતિ પ્રભુને આધીન છે એમ સમજે તેને કોઈ મૂંઝવણ નહીં થાય.

ભગવાને અસંખ્યવાર પ્રકૃતિનું અતિક્રમણ કર્યું છે. સાધારણ બુદ્ધિએ વિચાર કરનારાને પ્રશ્નો જાગે છે કે, સ્ત્રી શિલા અને શિલા સ્ત્રી કેવી રીતે થઈ શકે ? પાણી પર પથ્થર કેવી રીતે તરી શકે ? એકીસાથે અનેકરૂપ ધારણ કરીને વિવિધ લીલાઓ કેવી રીતે થઈ શકે ? ચાર માસનો બાળક ભરેલું ગાડું કેવી રીતે ઉછાળી શકે ? સાત વર્ષનો બાળક ગોવર્ધન પર્વત કેવી રીતે ઉઠાવી શકે ? પાંચેક વર્ષનો બાળક કાલીય નાગને કેવી રીતે નાથી શકે ? બાળકના મુખમાં બ્રહ્માંડદર્શન કદી થઈ શકે ? આમ વિચારવું પણ મુશ્કેલ છે તો થઈ શકે કેવી રીતે ?

પરંતુ આપણે પાયાની જ વાત ભૂલી જઈએ છીએ માટે આવા અસંભાવના દોષ જન્મે છે. ભગવાનની લીલાઓનું શ્રવણ કરતાં આપણે સ્મરણ રાખવું જોઈએ કે એ કોઈ દેવ, માનવ કે અસુર, યક્ષ, કિન્નર કે પશુપક્ષીની વાત નથી. એ ભગવાનના પરબ્રહ્મનાં ચરિત્રો છે. સર્વના સર્જક સર્વશક્તિમાન સર્વેશ્વર પરમાત્માની અવતારલીલા છે. તે કર્તુ, અકર્તુ અને અન્યથાકર્તુ સમર્થ છે. જે પ્રભુ એક હોવા છતાં જૂજવે રૂપે અનંત ભાસે એમ અનંતરૂપોમાં પ્રકટી શકે એ 'બહુરૂપી' ન બની શકે ? જે સર્વરૂપી છે તે 'બહુરૂપી' પણ બની શકે છે. જેણે આખા વિશ્વને ધારણ કરેલ તે ગોવર્ધનને ધારણ કરે તો શું નવાઈ છે ? જલતત્ત્વ અને પૃથ્વીતત્ત્વનો સર્જક પણ એ છે અને સ્વયં પણ જલરૂપે અને પૃથ્વીરૂપે રહેલો છે. એ સ્વયં વૈશ્વાનર રૂપ છે માટે એ જલમાં પાષાણને તરાવી શકે છે, અગ્નિપાન પણ કરી શકે છે. એ સ્વયં મૃત્યુરૂપ અને અમૃતરૂપ છે, માટે એ ધારે તેને મારી ય શકે અને ધારે તેને રક્ષી ય શકે છે. ઉપરાંત તે મારક અને રક્ષકના કર્તૃત્વપણાથી પર પણ રહી શકે છે. સર્વકર્તા હોવા છતાં એ અકર્તા છે, માટે સર્વસમર્થ પ્રભુની લીલાઓમાં કોઈ શંકા ન કરવી.

અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્રથી જ્યારે ભગવાને પરીક્ષિતની રક્ષા કરી ત્યારે શૌનકાદિ મુનિઓના મુખ પર આશ્ચર્યનો ભાવ આવ્યો. શ્રી સૂતજીએ એમને સાવધાન કર્યા કે

मा मंरथा ह्येतदाश्चर्यं सर्वाश्चर्य मयेऽच्युते ।
य इदं मायया देव्या सृजत्यवति हन्त्यजः ।।

એટલે કે, ભગવાનના કોઈ પણ વિષયમાં તમારે આશ્ચર્ય ન પામવું. તે સર્વ સમર્થ છે માટે યત્ર યત્ર ધૂમસ્તત્ર તત્રાગ્નિ' એવા અટલ નિયમો પણ ભગવાનના વિષયમાં ચાલશે નહીં. દૃષ્ટાંત, વ્યાપ્તિ વિ. તાર્કિક સીમાઓથી પ્રભુ પર છે. ભગવાનને, તેમની લીલાઓને સમજવા માટે તર્કબુદ્ધિનો પ્રયોગ કદી કરશો પણ નહીં. કેમ કે,

अलौकिकास्तु ये भावा न तांस्तर्केण योजयेत् અલૌકિક પદાર્થોને તર્ક દ્વારા સમજવાનો પ્રયાસ ન કરવો જોઈએ. ભગવાન સર્વાશ્ચર્યમય છે. વિરુદ્ધ સર્વધર્મોના આશ્રયરૂપ તથા સંપૂર્ણ અલૌકિક તત્ત્વરૂપ ભગવાનમાં શું આશ્ચર્ય પામવું ? ભગવાનના સ્વરૂપમાં અને લીલાઓમાં અસંભાવના ન કરવાનું કારણ એ કે ભગવાન માટે કશું અસંભવ નથી.

માહાત્મ્ય અને માધુર્યનું મિલન !

ભગવાનની અવતારલીલાઓમાં વૈચિત્ર્ય અને વૈલક્ષણ્ય પ્રકટ થવાનાં કારણોમાં એક મહત્ત્વનું કારણ, તેમની લીલાઓનાં એકમેકથી વિલક્ષણ એવાં બે પાસાંઓ 'ઐશ્વર્ય' અને 'માધુર્ય' છે.

ભગવાનની લીલાઓમાં ભગવાનના જ્ઞાનપ્રધાન અને ભાવપ્રધાન એવા બંને પ્રકારના ભક્તો ગૂંચવાયા છે, મૂંઝાયા છે. જેઓએ માહાત્મ્ય જાણ્યું છે તેઓ લીલા માધુર્યમાં મૂંઝાયા છે અને જેઓએ 'માધુર્ય' માણ્યું છે તેમને એમનું માહાત્મ્ય માફક નથી આવ્યું. પ્રભુ સમર્થ લીલાનાયક છે. સમગ્ર સૃષ્ટિ તેનાં રંગમચ છે. સર્વ રસ એમનામાંથી પ્રકટ્યા છે માટે તે સાધારણપણું અને છતાં અસાધારણપણું ધરાવી શકે છે. સર્વ સમર્થ હોવા છતાં અસમર્થ જેવા દેખાવું, પૂર્ણ સ્વાધીન હોવા છતાં જાણે સ્વાધીન નથી એવી લીલા કરવી. અજન્માપણે જરાય બાધ ન આપે એવી રીતે જન્મ લેવો. બાળ હોવું છતાં શંખચક્રાદિ ધારી ચતુર્ભુજ હોવું. સર્વજ્ઞ હોવા છતાં વસિષ્ઠ, વિશ્વામિત્ર કે સાંદીપનિ પાસેથી વિદ્યા મેળવવા જવું. એ કંસના કારાગૃહને ભેદી શકે પણ યશોદાએ બાંધેલા બંધનમાંથી મુક્ત ન થઈ શકે. એ કાળના મુખમાં ચવાઈ ગયેલા ગુરુપુત્રને યમલોકમાંથી પાછો લાવી શકે પણ કાળયવન, જરાસંધની સાથે યુદ્ધમાં રણ છોડીને ભાગે. સીતાવિરહમાં પારાવાર રુદન કરે અને મુર્છિત લક્ષ્મણને આલિંગન આપીને વજ્ર પણ દ્રવી જાય એવો વિલાપ કરે. સુગ્રીવને સહાય કરે અને પાછા સુગ્રીવની સહાય લે ય ખરા !

જે કોઈ ભક્તો ભગવાનના માહાત્મ્યની પૂર્વભૂમિકા લઈને ભગવાનની પાસે ગયા અને ભગવાનની માધુર્ય લીલાનાં દર્શન થયાં ત્યારે મોહ પામ્યા છે, મૂંઝાયા છે.

गोप्याददे त्वयि कृतागसि दाम तावद्याते दृशाऽश्रुकलिलांजनसंभ्रमाक्षम् ।
वक्त्रं निनीय भवभावनया स्थितस्य सा मां विमोहयति भीरपि यद् बिभेति ।

એક દિવસ કુંતાજી શ્રી બાલકૃષ્ણ દર્શન માટે ગોકુલ ગયાં. તે દિવસની ભગવાનની લીલાનાં દર્શન કરીને ભારે મૂંઝાઈ ગયાં ! શ્રી બાલકૃષ્ણે પથ્થર વડે વલોણું ફોડી નાખ્યું હતું. માટે માતાએ એમને બાંધવા માટે હાથમાં દોરડું લીધું હતું. તે સમયે એમની જે દશા થઈ હતી તેનાં દર્શન કુંતાજીએ કર્યાં. તે દશા ભગવાનની સ્વાભાવિક દશા ન જ હતી કેમ કે, તેમનાં નેત્રોમાંથી અશ્રુ વહેતાં હતાં, કાજળ પીગળીને ગાલ પર રેલાઈ રહ્યું હતું. પ્રભુનાં નેત્રોમાં 'મા મને બાંધશે ?' એવો ભય

દેખાતો હતો. સૌને લાગતું હતું કે કૃષ્ણ ભયભીત છે. સૌને એમાં સ્વાભાવિક લાગ્યું કેમ કે એમને શ્રી કૃષ્ણનું માહાત્મ્યજ્ઞાન ન હતું પરંતુ કુંતાજી તો જાણતાં હતાં કે, મૃત્યુરૂપ ભય પણ ભગવાનથી ડરે છે. જે મૃત્યુને ડરાવે તે યશોદાથી ડરતો હતો ! જેના હૃદયમાં પ્રભુ બિરાજ્યા હોય તે જો સર્વથા નિર્ભય થઈ જતો હોય છે તો પછી ભગવાનને ભય શેનો હોય ?

રામચરિતમાનસના બાલકાંડમાં પણ આ પ્રકારનું દર્શન થાય છે. કેવળ માહાત્મ્યજ્ઞાનની પૂર્વભૂમિકા લઈ જે સતીએ શ્રી રામલીલાનાં દર્શન કર્યાં તો એ પણ મૂંઝાયાં છે. કથા એવી છે કે, એકવાર (ત્રેતાયુગ) સતી સહિત શ્રી શિવજી અગત્સ્ય ઋષિ પાસે ગયાં અને તેમની પાસેથી આનંદપૂર્વક સંપૂર્ણ રામકથાનું શ્રવણ કર્યું. શિવજીએ પણ તેમને અધિકારી જાણીને હરિભક્તિનો ઉપદેશ કર્યો. થોડા દિવસ આ પ્રમાણે સત્સંગ કરીને શિવજી દક્ષકુમારી સતીની સાથે પાછા ફર્યા, ત્યારે પૃથ્વીનો ભાર હરવા ફરવા માટે શ્રીહરિનો રઘુકુળમાં અવતાર થઈ ચૂકેલ હતો અને શ્રી રામ અયોધ્યાના રાજ્યને છોડીને દંડકવનમાં વિચરતા હતા. શિવજી વૈષ્ણવ શિરોમણી પણ છે માટે એમને પ્રભુનાં દર્શનની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. જ્યારે શિવજી દર્શન માટે આવ્યા ત્યારે શ્રી રામની વિરહલીલાનાં દર્શન થયાં.

बिरह बिकल नर इव रघुराई । खोजत बिपिन फिरत दोउ भाई ।।

શ્રી રામચંદ્ર પ્રાકૃત મનુષ્યની જેમ વિરહમાં વ્યાકુળ હતા. બંને ભાઈઓ સીતાજીને વનમાં વ્યાકુળ બની શોધતા હતા. પ્રભુચરિત્ર અત્યંત વિચિત્ર છે. પરમ સુજાન જ એને જાણી શકે છે. મંદમતિ અને વ્યામોહગ્રસ્ત જીવો તો એમની લીલામાં કાંઈક બીજું જ માની લે છે. પ્રભુની આ લીલાથી શિવજીને તો સંમોહ ન થયો પરંતુ સતીના હૃદયમાં તો ઊથલપાથલ થઈ ગઈ. શ્રી રામની આવી વ્યાકુળ દશા. પત્નીવિયોગનું દુઃખ અને વળી પાછા એમને પોતાના સ્વામી પ્રણામ કરે !

संकरू जगतबंद्य जगदीसा । सुर नर मुनि सब नावत सीसा ।।
तिन्ही नृपसुतहि कीन्ह परनामा । कहि सच्चिदानंद परधामा ।।

સતીને થયું કે, 'મારા સ્વામી શિવજી તો જગતપૂજ્ય અને જગદીશ્વર છે, દેવ, મનુષા અને મુનિજનો ય એમને વંદે છે, એવા એ એક રાજકુમારને પ્રણામ કરે છે ! અને વળી પાછા એમને 'સચ્ચિદાનંદ પરધામા' કહે છે !

જે બ્રહ્મ સર્વવ્યાપક, નિર્મળ, અજન્મા, ચેષ્ટા રહિત અને ભેદ રહિત છે, જેને

વેદો ય જાણવા સમર્થ નથી તે શું દેહ ધારણ કરીને મનુષ્ય થશે ?

खोजै सो कि अज्ञ इव नारी । ज्ञानधामा श्रीपति असुराही ।।

જ્ઞાનના ધામ, લક્ષ્મીજીના પતિ અને અસુરોના શત્રુ એવા એ ભગવાન શું અજ્ઞાનીઓની જેમ સ્ત્રીને શોધવા નીકળતા હશે ? વિષ્ણુ જ્ઞાનધામ છે જ્યારે આ તો અજ્ઞાની છે ! વિષ્ણુ તો લક્ષ્મીપતિ છે અને લક્ષ્મી એમનાથી દૂર જતી જ નથી; જ્યારે આ તો પત્નીને શોધવા નીકળ્યા છે ! અસુરો તો વિષ્ણુથી સદા ભયભીત રહે છે તો પછી એમની પત્નીનું હરણ કરવાનો તો વિચાર ય કેમ કરી શકે.

'સંભુ ગિરા પુનિ મૃષા ન હોઈ' સૌ જાણે છે કે શિવજી સર્વજ્ઞ છે, એમની વાણી કદી અસત્ય ન હોઈ શકે ! આમ સતીના મનમાં અપાર સંશય થયો.

ઉપરોક્ત દૃષ્ટાંતોથી વિપરીત, ભગવાનના માધુર્યનો, પુત્રભાવ, સખાભાવ કે કાંતભાવ જેવા ભાવનો અનુભવ કરનારાઓના ચિત્તમાં માહાત્મ્યજ્ઞાન પણ ઠસતું નથી. એમને ભગવાનની મહત્તામાં વિસંગતતા લાગે છે. ભાવોત્કર્ષાત્ જ્ઞાનાભાવ: અત્યંત સ્નેહમાં માહાત્મ્યજ્ઞાન વહી જાય છે. માહાત્મ્યનાં દર્શન થાય તો ય માહાત્મ્ય ઠસતું નથી. ભાવના પ્રબળ પ્રવાહમાં જ્ઞાન, બુદ્ધિ, તર્ક આ બધું ય તણાઈ જાય છે.

યશોદાને શ્રી બાલકૃષ્ણના મુખમાં બ્રહ્માંડ દર્શન થયું હોવા છતાં તેને એમના માટે 'બ્રહ્મભાવ' પ્રકટ્યો નથી. 'પુત્રભાવ' જ રહ્યો છે. શ્રી ગર્ગાચાર્યે તો 'નારાયણ સમો ગુણૈ:' આ બાળક નારાયણ સમાન છે એમ સ્પષ્ટ કહ્યું હતું. શ્રી કૃષ્ણના કેટલાય ઐશ્વર્ય બોધક પ્રસંગોનો સૌને પ્રત્યક્ષ અનુભવ થયેલ છે જેમ કે, સૌને માટે પ્રભુએ સાત દિવસ માટે ગોવર્ધનધારણલીલા કરી, કાલિયનાગનું દમન પણ સૌના દેખતાં જ કરેલ છે. આવા ઘણા પ્રસંગો હોવા છતાં માતાના હૃદયમાં ઐશ્વર્ય જ્ઞાન સ્થિર થયું નથી. દેવકીને પુત્રભાવ અને બ્રહ્મભાવ બંને અનુભાવાયા છે. યશોદાને બ્રહ્મભાવ, માહાત્મ્યજ્ઞાન કદી માફક આવ્યાં નથી.

વ્રજની વિરહિણી ગોપીઓએ ઉદ્ધવજીને ઉત્તર આપ્યો હતો કે, 'તારો નિર્ગુણ, નિરાકાર, અકર્તા, અભોક્તા, અજન્મા બ્રહ્મ જે હોય તે હોય. અમારો કૃષ્ણ તો સાકાર છે. તેનું પ્રાકટ્ય અમે ઊજવ્યું છે. જે અમારું માખણ ચોરી ચોરીને ખાઈ જતો હતો તે અભોક્તા શેનો વળી ? તે 'અપાણિપાદ' હોય તો અમારી ગાયોને

કોણ દોહતું હતું ? રોજ સવારે ગાયો ચરાવવા કોણ જતું હતું ? જ્ઞાનની વાતો છોડ, અમને કૃષ્ણના ગુણો, લીલાઓ સંભળાવ.'

વિપરીત ભાવના

ભગવાનમાં અસંભાવના દોષ કરતાં વધુ હાનિકારક તો વિપરીત ભાવનારૂપી દોષ છે. અસંભાવના દોષમાં ભગવાનની લીલામાં આ સંભવ નથી, બુદ્ધિગમ્ય નથી, એવો જ સંશય થાય છે જ્યારે વિપરીત ભાવનામાં તો ભગવાનની લીલામાં ધર્મ નીતિ અને મર્યાદાનું ઉલ્લંઘન થતું હોય, ધર્મ સંસ્થાપન માટે અવતરેલા ભગવાન જાણે ધર્મથી વિપરીત આચરણ કરતા હોય એવો સંશય થાય છે કે જે ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે એટલું જ નહીં પરંતુ એમાં તો જીવ પ્રભુનો અપરાધી બને છે. અસંભાવના થવી એ કંઈક અંશે ક્ષમ્ય અપરાધ છે (અપરાધ તો છે જ પણ ક્ષમ્ય અપરાધ છે.) વિપરીત ભાવના એ તો તદ્દન અક્ષમ્ય અપરાધ છે.

શિવચરિત્ર શ્રવણ કરતાં તેમના અમંગલ સ્મશાન નિવાસ, પ્રેતાદિ સાથે મૈત્રી વિ. ઘણી બાબતો વિપરીત ભાવનાનું કારણ બની શકે. શ્રી રામચરિત્રમાં વાલીવધ, ધોબીની નિંદાને કારણે સીતાજીનો ત્યાગ વિ.નું નિરૂપણ વક્તાએ અતિસાવધાન થઈને કરવું જોઈએ તેમ જ શ્રોતાઓએ પણ અતિ સાવધાન થઈને શ્રવણ કરવું જોઈએ. શ્રી કૃષ્ણલીલામાં ય વિપરીત ભાવનારૂપ સંશયને જગાડનારા ઘણા પ્રસંગો છે, માટી અને માખણ આરોગીને ભગવાનનો ઇન્કાર કરવો 'મૈયા, મોરી મૈં નહીં માખન ખાયો !'

ચીરહરણલીલા, રાસલીલા, રણછોડલીલા અને કુરુક્ષેત્રના યુદ્ધમાં પ્રપંચીઓ સામે ભગવાનની અનેક કૂટનીતિઓ જેવા પ્રસંગોનું નિરૂપણ કરતા પહેલાં વક્તાને ભગવાનમાં અગાધ શ્રદ્ધા- ભક્તિની જરૂર પડશે તેમ જ અનેક શાસ્ત્રોના અભ્યાસ અને સંયમિત, સ્વસ્થ શૈલીમાં અભિવ્યક્ત કરવાની સાવધાનીની આવશ્યકતા પડશે.

કથાપ્રેમ

ભગવાન કથાપ્રેમી છે.

ભગવાનની કથાનું શ્રવણ કરવામાં ભગવાનને ઘણું સુખ થાય છે. જ્યાં ભગવાનના ગુણગાન થતાં હોય છે ત્યાં ભગવાન અચૂક પધારે છે.

नाहं वसामि वैकुंठे योगिनां ह्रदये न च ।

मद्‌भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ।।

પ્રભુએ શ્રી નારદજીને કહ્યું છે કે હું વૈકુંઠમાં કાયમ તો બિરાજતો નથી. હોઉં પણ ખરો અને ન પણ હોઉં ! યોગીઓના હૃદયમાં પણ હોઉં કે ન હોઉં, પરંતુ મારા ભક્તો જ્યાં સ્નેહપૂર્ણ મારું ગુણગાન કરે છે, લીલાગાન કરી રહ્યા છે ત્યાં હું અચૂક હોઉં છું. 'બેસીને ગાય ત્યાં ઊભો ઊભો સાંભળું, ઊભો ઊભો ગાય ત્યાં નાચું રે.' મારો ભક્ત જો બેસીને ભગવત્‌કથા કરતો હોય તો હું ત્યાં ઊભો ઊભો શ્રવણ કરું છું. 'તત્ર તિષ્ઠામિ નારદ !' અને જો મારો ભક્ત ઊભો ઊભો ગાન કરે તો તો હું ઊભો ઊભો શ્રવણ કરું તો તો હું નર્તન કરવા લાગું છું !

ભગવાન કેવા કથાપ્રેમી છે !

કથાપ્રેમ દુર્લભ

સૌ કોઈની ભગવત્‌કથામાં રુચિ થવી સુલભ નથી. કેમ કે-

शुश्रूषो श्रद्धधानस्य वासुदेवकथारूचिः ।

स्यान्महत्सेवया विप्राः पुण्यतीर्थनिषेवणात् ।।

પવિત્ર તીર્થોનું સેવન કરવાથી. ભક્તોની સેવા કરવાથી અને એ ભગવદીયોના ધર્મોમાં શ્રદ્ધા રાખવાથી શ્રવણાર્થીઓને શ્રી વાસુદેવની કથામાં પ્રીતિ જન્મે છે. જીવની સમુન્નતિનો આ ક્રમ બતાવાયો છે. તીર્થાટન કરતાં કરતાં સંતસમાગમ અને સંત સેવાનો અવસર સુલભ થાય છે. સંતોના સંગમાં ભગવદ્ વાર્તા સહજ રીતે સાંપડે છે. સંતમુખેથી પ્રકટ થયેલી ભગવદ્‌વાર્તાને શ્રવણ કરતાં તેમાં રુચિ પ્રકટ્યા બાદ કથામાં અને સંતોમાં શ્રદ્ધા જન્મશે. શ્રદ્ધાથી શ્રવણ અને શ્રવણથી શ્રદ્ધા એમ ક્રમ ચાલતાં કથામાં નિત્ય પ્રીતિ રહેશે.

ચિત્ત જ્યારે શુદ્ધ સત્ત્વયુક્ત થાય છે ત્યારે તેનામાં ભગવાનનો આવિર્ભાવ થાય છે. આ આવિર્ભૂત ભગવાનની કથા શ્રવણ કરતાં ચિત્તમાં તત્કાલ પ્રસન્નતા જન્મે છે. આ પ્રસન્નતા અનુભવથી જીવની નિત્ય રુચિ રહે છે. જેને ભગવત્‌કથામાં પ્રીતિ નથી તેના મનની ગતિ ભગવાનમાં થવી ઘણી મુશ્કેલ છે. ભગવાનની અનેકવિધ કથાઓના શ્રવણથી ભગવાનમાં રતિ જાગે છે જેની ભગવાનમાં રતિ જાગે છે તેની જ તેમનામાં ગતિ થાય છે.

नैतन् मनस्तवकथासु विकुंठनाथ संप्रीयते दुरितदुष्टमसाधुतीव्रम् ।

ભક્ત પ્રહ્‌લાદે ભગવાનને પ્રાર્થના કરી કે, મારા મનની દુષ્ટતા અને અસાધુતા તો જુઓ ભગવન્ ! આપની કથામાં એને પ્રીતિ થતી નથી ! જો એને કથામાં પ્રીતિઆસક્તિ નહીં જાગે એની તમારા તરફ ગતિ કેવી રીતે થઈ શકશે.

જીવને જેટલી રુચિ સંસારવાર્તામાં હોય છે તેટલી ભગવદ્‌વાર્તામાં હોતી નથી. 'લોકવાર્તા રતા' હોવું એ 'ધુંધલીમતિ'ની ઓળખાણ છે. તામસી અને રાજસીમતિને ભગવાનની કથામાં સ્નેહ નહીં જ જાગે. સહજ અને સ્વાભાવિક રીતે એ મતિ કથામાં પ્રવેશ નહીં કરે. તમોગુણ અને રજોગુણ ચિત્તને મલ તથા વિક્ષેપયુક્ત બનાવે છે.

તામસી સ્વભાવનો જીવ કથામાં જવા માટે પ્રથમ તો આળસ કરશે અને કદાચ જવું ય પડે તો ત્યાં જઈને નિદ્રાધીન થઈ જશે. ઘણા ય શ્રોતાઓ એવા હોય છે જેમને ઘરે નિંદર ન આવતી હોય પણ કથા પ્રસંગે જઈને બેસે તો તરત ઝોકાં આવવા માંડશે.

રાજસી સ્વભાવનો જીવ કથામાં જઈને બેસશે તો તેને રજોગુણના વિક્ષેપનો સામનો કરવો પડશે. એ શરીરથી કથામાં બેઠો થશે પણ એનું મન ગમે ત્યાં ભટકતું હશે, કથામાં એને કંટાળો, બેચેની લાગશે. છેવટે તે બીજાઓ સાથે વાતો કરીને બીજાઓ માટે પણ વિક્ષેપરૂપ થશે.

જોકે આવા તામસી, રાજસી સ્વભાવના મનુષ્યોએ ગમે તેવા વિઘ્ન કે વિક્ષેપ નડતા હોય તો ય સત્સંગ ન છોડવો જોઈએ.

ભોગ કે ભજન ?

૮૪ વૈષ્ણવની વાર્તામાં આ કથાપ્રેમીનો પ્રસંગ નોંધપાત્ર મહત્ત્વ ધરાવે છે. પ્રયાગમાં એક દિનકર શેઠ નામના ક્ષત્રિય હતા. પાંચ વર્ષના થયા ત્યારથી જ કથાપ્રેમી. દસબાર વર્ષના થયા ત્યારે તો કથા સાંભળવા જાય અને કથાકારને ઘરની વસ્તુઓ દઈ આવે ! મા-બાપ અને ભાઈઓ એમને ચોર કહેતા. વિશ્વાસ ન રાખતાં.

દિનકર શેઠ કાયમ કથા-સત્સંગમાં પહોંચી જતા. રાત્રે સત્સંગ હોય તો ત્યાં જ સૂઈ રહેતા માતાપિતાનાં મૃત્યુ પછી તો ભાઈઓએ ઘર જ છોડાવી દીધું. હવે

દિનકર શેઠ કાયમ શ્રી મહાપ્રભુજી પાસે રહેતા. તેમને ભગવાનની સેવાપૂજામાં રસ ન હતો. પાઠજપ વિ.માં રુચિ ન હતી. શ્રી મહાપ્રભુજીની કથા સાંભળતાં એમના નેત્રમાંથી અશ્રુપ્રવાહ વહેતો, ભાવવિભોર થઈ જતા. એકવાર અડેલમા તે શ્રી યમુનાજીને કિનારે પોતાને માટે રસોઈ કરતા, લોટ બાંધીને ભાખરી શેકવા માટે છાણાં સળગાવ્યાં. તે જ સમયે તેમને જાણ થઈ કે શ્રી મહાપ્રભુજીએ પોથી ખોલીને કથાનો આરંભ કર્યો છે. દિનકર શેઠે કાચી ને કાચી ભાખરી ખાઈ લીધી અને ઉપર જળ પી લીધું અને તરત જ કથામાં પહોંચી ગયા.

પાછળથી આ વાત જાણતાં શ્રી મહાપ્રભુજીએ એમને ઠપકો આપ્યો કે, 'કાચી ભાખરી ખાઈને કેમ આવ્યા ?' દિનકર શેઠે સુંદર જવાબ આપ્યો કે, 'ભાખરી શેકીને ખાવા તો કાયમ મળશે પરંતુ આપનું વચનામૃત ક્યારે મળશે !' એમનો આ ઉત્તર મનનીય છે. ભોગ દુર્લભ વસ્તુ નથી, જીવ જે જે યોનિઓમાં જ્યાં જ્યાં જન્મ લે છે ત્યાં ત્યાં તેને તે તે પ્રમાણે ભોગ મળે જ છે. પશુ, પક્ષી, જીવજંતુ સૌ કોઈને તદનુરૂપ ભોગ મળી જ રહે છે. ભોગ સર્વસુલભ છે, ભજન અતિદુર્લભ છે. ભજન તો માનવશરીરમાં જ સુલભ છે અને સર્વ કોઈ માનવીને સુલભ નથી જ.

दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः ।
तत्रापि दुर्लभं मन्ये वैकुंठप्रियदर्शनम् ।।

કહેવાય છે કે ૮૪ લાખ શરીરોમાં પરિભ્રમણ કરતાં કરતાં આખરે જીવને માનવશરીર મળે છે. આ માનવશરીર ય પાછું કેટલું ટકશે એનો ભરોસો નથી. કાયા ક્ષણભંગુર છે. આ સ્થિતિમાં સર્વસુલભ એવા ભોગને માટે સમય ન બગાડતાં જેટલો થાય તેટલો સત્સંગ કરી લેવો જોઈએ.

દિનકર શેઠનો આવો કથાપ્રેમ જોઈને શ્રી મહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. તેમણે કહ્યું, 'આજ પછી રસોઈ કરીને મહાપ્રસાદ લઈને આવજો. જ્યારે તમે આવશો ત્યારે કથા કહીશ. તમારા આવ્યા વિના કથા નહીં કહું. આજથી કથાના મુખ્ય શ્રોતા તમે છો !'

વૈષ્ણવનું પરમ કર્તવ્ય : સેવા અને કથા

શ્રી વિઠ્ઠલનાથજી(ગુસાંઈજી)એ એક વાર કુંભનદાસજીને પ્રશ્ન કર્યો કે, 'કુંભનદાસજી! તમારે બેટા કેટલા ?' ત્યારે કુંભનદાસજીએ જવાબ આપ્યો,

'મહારાજ ! મારે બેટા તો દોઢ છે !' શ્રીગુસાંઈજીએ પૂછ્યું, 'અમે તો સાત બેટા છે, એમ સાંભળ્યું હતું અને તમે દોઢ બેટા કહો છો, આમ કેમ ?' ત્યારે કુંભનદાસે કહ્યું, 'મહારાજ ! એમ તો સાત બેટા છે, તેમાં પાંચ તો લૌકિકમાં, સંસારમાં આસક્ત છે, એ બેટા શેના ? એક નાનો બેટો ચતુર્ભુજદાસ છે કેમ કે તે પ્રભુની સેવા પણ કરે છે અને લીલાસંબંધી કીર્તનગાન પણ કરે છે અને કૃષ્ણદાસ અડધો બેટો છે કેમ કે તે શ્રીનાથજીની ગાયોની સેવા કરે છે, શ્રીજીનાં દર્શન પણ કરે છે પરંતુ લીલાનું ગાન નથી કરતો.' કુંભનદાસજીનાં આ વચન સાંભળીને શ્રી ગુસાંઈજીએ પ્રસન્ન થઈને કહ્યું કે, 'કુંભનદાસજી ! તમે સાચી જ વાત કહી જે ભગવદીય છે તે જ બેટા છે.'

આ પ્રસંગનો ભાવાર્થ એ કે, ભક્તિમાર્ગમાં, વૈષ્ણવના કર્તવ્યમાં ભગવાનની સેવા પણ આવશ્યક છે અને ભગવાનના ગુણગાન પણ એટલાં જ આવશ્યક છે. સેવા કરે પણ ગુણગાન ન કરે, ગુણગાન કરે પણ પ્રભુસેવા ન કરે તો વૈષ્ણવતા અધૂરી રહે છે.

૭

કથારસ

પ્રભુ પણ પિપાસુ

કથારસનું પાન કરવા માટે શિવજી અનેકવાર અગત્સ્ય ઋષિ પાસે જતા. શ્રી અગત્સ્ય વક્તા બનતા અને પત્ની સહિત શ્રી શિવજી શ્રોતા થતા, વળી અગત્સ્ય પ્રશ્ન કરતા અને શ્રી શિવજી ઉપદેશ કરતા.

સનકાદિ મુનિઓ, નારદ વિ. દેવર્ષિ પણ સત્સંગ કરવા, કરાવવા નિરંતર વિચરણશીલ રહે છે. શ્રોતા મળી જાય તો સ્વયં વક્તા બની જાય છે અને વક્તા મળી જાય તો વિનમ્ર ભાવે જિજ્ઞાસુ બનીને શ્રવણાનંદ મેળવે છે. ભજનાનંદી સત્સંગીઓનો આ નિયમ છે. કોઈ આપનાર મળે તો ગ્રાહક બની જાય છે અને ગ્રાહક મળે, અધિકારી શ્રોતા મળે તો દાતા ય બની જાય છે. શ્રી શુકદેવજીની કથામાં વેદવ્યાસજી પણ શ્રોતા છે ! જેણે કથા શીખવી એ ય શ્રોતા બનીને શ્રવણ કરે છે. શ્રી શુકદેવજીની કથામાં શ્રી સૂતજી શ્રોતા છે અને નૈમિષારણ્યે શૌનકાદિની સભામાં પોતે વક્તા પણ છે.

મહત્ત્વ તો એ વાતનું છે કે સત્સંગની અમૃતધારા વહે છે, ક્યાંથી વહે છે અને કોના તરફ વહે છે એ વાત પછીની છે. ક્યારેક તો અગત્સ્ય અને શિવજીની જેમ કથા ઉભયવાહી સરિતા ય બની જાય છે !

આવો જ એક ઉભયવાહી કથાક્રમ વૈકુંઠમાં ય નિત્ય ચાલે છે.

यदा विष्णुः स्वयं वक्ता लक्ष्मीश्च श्रवणे रता ।
तदा भागवतश्रावो मासेनैव पुनः पुनः ।।

यदा लक्ष्मी स्वयं वक्त्री विष्णुश्च श्रवणे रतः ।
मासद्वयं रसास्वादस्तदानीव सुशोभते ।।

ભગવાન વિષ્ણુ પ્રત્યેક માસના ક્રમથી નિરંતર ભગવતી લક્ષ્મીજી સાથે શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ કરતા રહે છે. અદ્ભુત વાત એ છે કે જ્યારે શ્રી વિષ્ણુ વક્તા બને છે અને શ્રી લક્ષ્મીજી ભાવપૂર્વક શ્રવણરત થાય છે ત્યારે પારાયણનો ક્રમ માસ પારાયણરૂપે થાય છે એટલે કે એક માસે પારાયણ સંપૂર્ણ થાય છે. પરંતુ જ્યારે શ્રી લક્ષ્મીદેવી વક્તા બનીને ભાગવતજીનું વ્યાખ્યાન કરે છે અને ભગવાન સ્વયં શ્રોતા બનીને શ્રવણ કરવામાં તન્મય થઈ જાય છે ત્યારે આ પારાયણ ક્રમ બે માસનો થઈ જાય છે ! (કારણ કે ભગવાન વિષ્ણુ સૃષ્ટિ પાલનકાર્યમાં વ્યસ્ત હોય છે માટે માસમાં પારાયણ કરી લે છે જ્યારે શ્રી લક્ષ્મીજી તો નિશ્ચિંત છે માટે તે વિસ્તારપૂર્વક પારાયણ કરે છે.)

મહામૃત સાગર

વેદસ્તુતિમાં વેદો 'કથામહામૃતસાગર'ની મહત્તા વર્ણવે છે.

दुरवगमात्मतत्वनिगमाय तवात्ततनो-
श्चरित महामृताब्धिपरिवर्तपरिश्रमणाः ।
न परिलषन्ति केचिदपवर्गमपीश्वर ते
चरणसरोजहंसकुलसंग विसृष्ट गृहाः ।।

પ્રભુએ સાકાર વિગ્રહ શા માટે સ્વીકાર્યો ? 'આત્મતત્ત્વ'નો નિજ પ્રભુતાનો બોધ કરાવવા માટે સાકાર વિગ્રહ સ્વીકાર્યો છે. જો પ્રભુ સાકાર-અવતાર થઈને વિવિધ રસાત્મક લીલાઓ ન કરે તો ભગવતત્ત્વને સમજવું બીજી રીતે તો ઘણું જ દુષ્કર થઈ જાય.

જ્યારે પ્રભુ અવતાર સ્વરૂપ ધારણ કરે છે તો તેની સાથે જ અનંત લીલાલહેરીઓથી, કૃતતરંગોથી લહેરાતો ચરિત્રમહામૃતસાગર પણ પ્રકટે છે. આ જ મહાસાગર, રસોદધિનું મનનરૂપી મંથન કરનારા ભક્તોને એ મંથન વડે અમૃતનું ય જે અમૃત સાંપડે છે તેની આગળ મોક્ષ તુચ્છ છે. આવા રસસાગરના મનનરૂપ મંથન કરનારા મહાત્માઓ, પ્રભુચરણકમલે વસતા રાજહંસોનો સંગ પણ મળી જાય તો એ સંગ પાસે મોક્ષ તુચ્છ છે. આવા મહાત્માઓના સંગ માટે જો મોક્ષની કામના ય છૂટી જાય તો પછી ઘર, પરિવાર વિ.નો આસક્તિ છૂટી જાય એમાં શું આશ્ચર્ય છે ?

હરિકથાને અમૃત ન કહેતાં 'મહાઅમૃતસાગર' કહીને વેદોએ કથાતત્ત્વનું ખૂબ જ ગૌરવ વધાર્યું છે.

ભગવત્કથા માટે, સત્સંગ માટે સત્સંગીઓના સંગ માટે જ્યારે કોઈ મોક્ષ સુધ્ધાંનો ત્યાગ કરે તો એનાથી એ સહજ રીતે જ સિદ્ધ થઈ જાય છે કે એ સુખ મોક્ષરૂપી પરમ સુખ પરમ પુરુષાર્થથી ય અધિક છે.

૧. તવ કથામૃતમ્ :

વ્રજવનિતાઓએ વિરહદશામાં, ગોપીગીતમાં ગાયું કે,

तव कथामृतं तप्तजीवनं, कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमंगलं श्रीमदाततं, भुवि गृणन्ति ते भूरिदा जनाः ।।

આપનું કથારૂપી અમૃત સંસારના તપ્ત જીવોનું જીવન છે. શબ્દોના, અર્થોના રસને જાણનારા કવિજનોએ તે અમૃતની સ્તુતિ કરેલી છે. આપનું કથામૃત પાપોનો નાશ કરનારું છે અને શ્રવણમાત્રથી સૌનું મંગલ કરનારું છે. તે શ્રીયુક્ત છે, સર્વવ્યાપી છે અને ઉદારજનોએ આ જગતમાં એનાં ગુણગાન ગાયાં છે.

પ્રભુએ ગોપિકાઓને કહ્યું કે, 'તમે ઉત્તમ ભક્તો લાગતા નથી. જો તમો ઉત્તમ ભક્તો હો તો મારા વિયોગમાં તમારા પ્રાણ ટકી કેમ રહ્યા છે ?' વ્રજાંગનાઓ બોલી, 'અમારા પ્રાણ અમારા પ્રયત્નથી ટકી નથી રહ્યા. અમારા પ્રાણ તો તમારા વિરહથી ક્યારનાય નીકળી ગયા હોત. પરંતુ તેમના નીકળી જવામાં તમારી કથા અવરોધરૂપ છે.'

'જેવું તમારું સામર્થ્ય છે એવું જ તમારી કથાનું સામર્થ્ય છે. આપની કથા પણ આપની જેમ ઐશ્વર્ય, વીર્ય વિ. છ ગુણોવાળી છે, મોક્ષદાયિની છે અને પરમાનંદદાયિની છે. માટે અમે તેને "અમૃત" કહીએ છીએ. કથા અમૃત સમાન એટલે સ્વર્ગના અમૃત સમાન નહીં પરંતુ આપના સમાન છે.' (અહીં અમૃતનો અર્થ ભગવદ્ રસરૂપ કર્યો છે.) આ અમૃતના પાનથી જીવ જન્મમરણના ચક્રમાંથી સદાને માટે મુક્ત થઈ જાય છે. મૃત્યુથી બચાવે છે માટે અમૃત, પરંતુ એથી વિશેષ તો એ કે જન્મમૃત્યુથી બચાવે છે માટે એ અમૃતરૂપા છે.

આપ ભગવાન છો તો કથા ભગવતી છે. આપની જેમ કથામાં પણ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા છ ધર્મો બિરાજે છે.

૨. તપ્ત જીવનમ્ :

આપનું કથારૂપ અમૃત સંસારના સંતપ્ત જીવોના તાપનો નાશ કરી દેનારું છે. અમૃતનો સ્વભાવ છે, તાપ હરવાનો; હરિકથામૃતના શ્રવણથી ઉત્પન્ન થતાં જ્ઞાન અને વૈરાગ્ય તાપનો, સંતાપનો, વિરહતાપનો નાશ કરી દે છે, જ્ઞાન અને વૈરાગ્ય કથા ભગવતીના સ્વધર્મો છે. માટે સેવન કરનારના આધિભૌતિક આધ્યાત્મિક કે આધિદૈવિક ભાવોનો તે નાશ કરી જ દેશે. કવિઓ શબ્દ અને અર્થના રસને જાણનારા હોય છે અને એમણે પણ આ જ રીતે આ અમૃતના ગુણ ગાયા છે.

૩. કલ્મષાપહમ્ :

કથામૃતમાં ત્રિવિધ તાપોનો નાશ કરવાની જેમ શક્તિ છે તેમ (કાયિક, વાચિક અને માનસિક) ત્રિવિધ પાપોનો નાશ કરવાની પણ શક્તિ છે. જે પોતાના કૃપાબળથી પાપોનો નાશ કરી શકે તે મહાબળવાન હોય. '**अहं, त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः**' એવી ઘોષણા સર્વસમર્થ જ કરી શકે. કથા પણ વીર્યવાન્ છે. જેમ ધર્મ પાપોનો નાશ કરવા સમર્થ છે તેમ કથા પણ ધર્મરૂપા હોવાથી પાપનાશ કરશે.

૪. શ્રવણ મંગલમ્ :

પાપોનો નાશ કરવા માટે ધર્મકર્મ કરવા જરૂરી છે. પાપોનાં પ્રાયશ્ચિત્ત કરવાં પડે છે. જ્યારે કથા તો શ્રવણમાત્રથી સૌનું મંગલ કરે છે. ઉપવાસ, ગોમૂત્રપાન જેવા કોઈ ક્લિષ્ટ ઉપાય કરવાને બદલે જરાય પરિશ્રમ આપ્યા વિના પાપોનો નાશ કરે છે અને ઊલટાનો આનંદ ઉત્પન્ન કરે છે. (પાપ નાશ કરવા માટેનું આ ક્લિષ્ટ નહીં પરંતુ રસમય સાધન છે.) આ કથાનો મહાન યશ છે. જે વસ્તુ અલ્પ પરિશ્રમે, આનંદસહિત અનિષ્ટનો નાશ કરી દે છે.

૫. શ્રીમત્ :

કથા લક્ષ્મીવતી છે. કથા વડે વક્તા અને શ્રોતા બંનેને શ્રી (સંપદા, શોભા, સૌંદર્ય જેવા ગુણો) સાંપડે છે. કથા તો લક્ષ્મી કરતાંય વિશેષ છે. કેમ કે શ્રી લક્ષ્મીજી પણ કથામાં સુખ પામે છે. સૌને સુખ આપનારી લક્ષ્મી કથામાં સુખ પામે છે તે કથાનો શ્રી ગુણ છે.

૬ : આતતમ્

કથામૃત સર્વત્ર વ્યાપ્ત હોવાથી સર્વત્ર સુલભ છે. ચૌદે ભુવનમાં કથા ગવાય છે. રાજ્યાદિ સુખો પરિચ્છિન્ન છે, સીમાવાળા છે. પરંતુ કથામૃતને કોઈ મર્યાદા, સીમા નથી. અસીમ હોવું ઈશ્વરીય ગુણ છે. માટે કથામાં ઐશ્વર્ય ધર્મ પણ છે.

હે હરિ ! કથામૃત આપના સમાન છે એમ જ નહીં આપના કરતાં વિશેષ પણ છે. ઘણીવાર આપ ઘાતક પણ બનો છો. જ્યારે કથા કદી ઘાતક ન થઈ શકે. આપ અમને આધીન નથી, સ્વતંત્ર છો. જ્યારે કથા અમને આધીન છે. આપ અવતાર લો છો ત્યારે પ્રકટ અને અન્યથા અપ્રકટ રહો છો. પરંતુ આપની કથાનું પ્રાકટ્ય થયા બાદ તે કદી તિરોહિત થતી નથી. માટે તે આપના કરતાંય વિશેષ છે.

આવી કથામૃતનું દાન કરનારા ભૂરિદાજનો છે. તે સૌથી મોટી સંપત્તિ આપનારા છે.

વળી કથા અમૃતરૂપા છે. અમૃત ઘનીભૂત નથી, પરંતુ દ્રવીભૂત પદાર્થ છે. જેમ બરફ ઘન સ્વરૂપ છે તેમ ભગવાન ઘન સ્વરૂપ છે. જેમ જલ પ્રવાહી છે તેમ કથા પ્રવાહી છે. અમૃત હોવાથી તેનું રૂપ દ્રવ્ય રૂપ છે. (અમૃત પ્રવાહી હોય છે. તેનું પાન કરાય છે.) આ શ્લોકમાં શ્રી ગોપીજનોએ ભગવાનની સ્તુતિ ન કરતાં ભગવત્કથાની સ્તુતિ કરીને કથાના રસરૂપ, ફલરૂપ મહિમાને ગાયો છે.

સમસ્ત વિશ્વ આ રસમાં નિમગ્ન રહે અને ભગવત્તા પામે, અમૃતત્વ (મોક્ષ) પામે અને પરમાનંદ પામે એ જ અભ્યર્થના.